અચલગચ્છ શણગાર

શ્રીમદ્ મહેન્દ્રસિંહસૂરિ વિરચિત

# મન્નહ જિણાણં આણં

## (ગૃહિ કૃત્યો)


લેખિકા

તપસ્વીરત્ન, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.

શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ના આજ્ઞાનુવર્તીની

શાસનપ્રભાવિકા પ.પૂ. જયલક્ષ્મીશ્રીજી મ.સા.ના સુશિષ્યા

સા. જયદર્શિતાશ્રીજી (M.sc.,Ph.D.)



પ્રકાશક

શ્રી શત્રુંજય એકેડમી

શ્રી પદ્મપ્રભસ્વામિ જિનાલય, સ્ટેશન રોડ,

ચાલીસગામ, જિ. જલગામ (મહારાષ્ટ્ર).

સૌજન્ય

શ્રીમાન ઝવેરચંદ વેલજી મોમાયાના સ્મરણાર્થે

શ્રીમતી જયાબેન ઝવેરચંદ મોમાયા

(સાંયરા) ચાલીસગામ

તપસ્વીરત્ન, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.

શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ના

સુવર્ણ વરસીતપ નિમિત્તે પ્રકાશિત

અચલગચ્છ શણગાર શ્રીમદ્ મહેન્દ્રસિંહસૂરિ વિરચિત

# મન્નહ જિણાણં આણં

(ગૃહિ કૃત્યો)

લેખિકા


તપસ્વીરત્નના આજ્ઞાનુવર્તીની

શાસનપ્રભાવિકા પ.પૂ. જયલક્ષ્મીશ્રીજી મ.સા.ના સુશિષ્યા

સા. જયદર્શિતાશ્રીજી (M.sc.,Ph.D.)


સંપાદિકા


તપસ્વીરત્નના આજ્ઞાનુવર્તીની

શાસનપ્રભાવિકા પ.પૂ. જયલક્ષ્મીશ્રીજી મ.સા.ના

પ્રશિષ્યા સા. હિમાંશુશ્રીજી



:: પ્રથમ આવૃત્તિ ::
વિ.સં.૨૦૭૩, ઈ.સ. ૨૦૧૭

:: નકલ ::
૧૦૦૦

પ્રાપ્તિસ્થાન

શ્રી શત્રુંજય એકેડમી
શ્રી પદ્મપ્રભસ્વામિ જિનાલય, સ્ટેશન રોડ,
ચાલીસગામ, જિ. જલગામ (મહારાષ્ટ્ર).

શ્રી દામજી ભીમજી કું.
સ્ટેશન રોડ, ચાલીસગામ,
જિ. જલગામ (મહારાષ્ટ્ર).

મુદ્રક

અશોક પ્રિન્ટરી, પાલીતાણા.
મો. ૯૨૨૮૨૮૫૪૮૮.

# અંતરના અનુગ્રહ દાતા



પ્રાતઃ સ્મરણીય, તપસ્વીરત્ન, અચલગચ્છાધિપતિ
પ. પૂ. આ. ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મહારાજા



## દિવ્ય કૃપા વર્ષા

આગમ અભ્યાસી...
સિદ્ધાચલ સ્નેહી...
નવકારમંત્રારાધિકા...
બા.બ્ર.પ.પૂ.

**મુક્તિશ્રીજી મ.સા.**

પલ-પલ સ્મરણીય...
શાસન પ્રભાવિકા
જ્ઞાનારાધના પ્રેરીકા...

**પ.પૂ. જયલક્ષ્મીશ્રીજી મ.સા.**





## મંગલમય પ્રેરણા

શાંત સ્વભાવી...
સૌમ્ય મૂર્તિ...

**પ.પૂ. ગુણલક્ષ્મીશ્રીજી મ.સા.**



In fond memory of our dear departed soul...Our loving Dadu...
Shah Javerchand Velji Momaya......
A person becomes eternal by his deeds...
And the best tribute we can give to a Loved one is to walk on his footsteps.....
Enliven his ambitions. ...
And continue on the sanskaar that he has imbibed in us..
And on this day we commemorate you with all this....
You are still the best source of inspiration for us.
And we still proceed on the path paved by you...
On this occassion we thank Respected Jai Darshitashri Marasaheb and
Respected Himanshushri Marasaheb...
for giving us the oppurtunity of printing the
fantastic book on the types of shravaks....
It is the best Shradhanjali that we can give to a shravaks like him...
Hope it will serve as an inspiration to many others....
With Regards ...Respect...And dedication. ....
Jayabai Javerchand Momaya
Dalesh Javerchand Momaya
Neelam Dalesh Momaya
Akshita Dalesh Momaya...



# આદરાંજલી

જિન શાસનના  સુશ્રાવક હતા...

શ્રી સંઘના મોભી હતા...

સમાજના સ્તંભ હતા...

દુ:ખીયાના બેલી હતા...

દાનવીર...  ધર્મવીર

કર્તવ્યનિષ્ઠ

## શ્રી ઝવેરચંદ વેલજી મોમાયાને

આદરાંજલી



# મન્નહ જિણાણં આણં

જિન શાસનના અનંત આકાશમાં...

અનેકાનેક મહાત્માઓ થઇ ગયા...

સર્વ મહાત્માઓએ જિન સિદ્ધાંતોને વિવિધરૂપે વિશ્વ સમક્ષ મુકવાનો સુંદર પ્રયાસ કર્યો... પોતાની જિનાજ્ઞામય કૃતિઓથી શાસનને સમૃદ્ધ કર્યું.

પોતાની કૃતિઓથી શાસનમાં અમર બનેલા સૂરીશ્વરોમાં એક નામ છે પૂજ્યપાદ મહેન્દ્રસિંહસૂરિ.

અચલગચ્છ શિરતાજ પૂ. મહેન્દ્રસિંહસૂરિએ અષ્ટોતરી તીર્થમાલાની એકસો અગિયાર પ્રાકૃત ગાથાઓમાં સુંદર રચના કરી છે. જે અચલગચ્છમાં આઠમ - ચૌદસ - પુનમ અને અમાસના પ્રતિક્રમણમાં બોલવામાં આવે છે. આ તીર્થમાલાના વૃત્તિની પણ એમણે રચના કરી છે.

જિનશાસનના બાર વિવિધ વિષયોને સ્પર્શતા બાર દ્વારો સહિત **'વિચાર-સપ્તતિકા'** નામના પ્રાકૃત ગ્રંથની પણ એમણે સુંદર રચના કરી છે. જેના ઉપર તપાગચ્છિય મહાત્માએ વૃત્તિ રચી જે એની ઉપયોગીતાને સિદ્ધ કરે છે. આ બાર દ્વારોમાં એક દ્વાર છે **'ગૃહિ કૃત્યો'** એટલે જ ગૃહસ્થના કર્તવ્યો જે **'મન્નહ જિણાણં આણં'** ના નામે પ્રસિદ્ધ છે. જેમાં ગૃહસ્થ જીવનમાં આદરવા યોગ્ય સાડત્રીસ કર્તવ્યોનો સમાવેશ થાય છે.


આ કૃતિના મહત્વને જાણીને જ અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા. એનો ગુજરાતી ગદ્યમય અનુવાદ કર્યો છે.

આવી સહુને ગૃહસ્થ જીવનની સાચી પ્રસન્નતાને માણવા અને જીવનની પવિત્રતાને જાળવવા સાદ કરતી કૃતિના આધારે અલ્પ ક્ષયોપશમે આપ સહુને એનો પરિચય કરાવવાનો પ્રયાસ કર્યો છે. આ પ્રયાસમાં કર્તાના આશયને યોગ્ય લખાણ કરવામાં ક્યાંય કોઇ કમી કે ક્ષતિ રહિ ગઇ હોય તો એ માટે ત્રિવિધે ત્રિવિધે ક્ષમા યાચના ચાહું છું.

તપસ્વી સમ્રાટ, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ના સુવર્ણ વરસીતપ મહોત્સવ પ્રસંગે **૨૭ માં પુષ્પ**નું પ્રકાશન કરતાં અપૂર્વ આનંદને અનુભવીએ છીએ.

આ ગ્રંથનું સુંદરમાં સુંદર અને આકર્ષક પ્રકાશન થાય એવી **સુશ્રાવક દલેશભાઇ ઝવેરચંદ મોમાયા (સાંચરા) ચાલીસગામ**ની પ્રબળ ભાવનાની હાર્દિક અનુમોદના કરીએ છીએ.





# આજ્ઞા ભાવે અર્પણ

આજ્ઞાનું જયાં અમૃત છે...

આજ્ઞા પ્રત્યે જયાં પ્રેમ છે...

આજ્ઞાની જયાં આરાધના છે...

આજ્ઞાની પ્રત્યે જયાં વફાદારી છે...

આજ્ઞાનું જયાં અણીશુદ્ધ પાલન છે...

એવા

જિનાજ્ઞા આરાધક

સુવર્ણ ૫૦ વરસીતપારાધક

અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.

## શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ના

હસ્તકમળમાં

આજ્ઞા ભાવે અર્પણ.

સા. જયદર્શિતાશ્રીજી.

# ભાગ-૧

मन्नह जिणाणं आणं[१],

मिच्छं परिहरह[२] धरह सम्मत्तं[३] ।

छव्विह आवसयंमि अ,

उज्जुत्तो होइ पइदिअहं[४] ॥६७॥१॥

૧. જિનેશ્વરની આજ્ઞા માનવી

૨. મિથ્યાત્વનો ત્યાગ કરવો.

૩. સમ્યક્ત્વને ધારણ કરવું.

૪. છ પ્રકારના આવશ્યકમાં પ્રતિદિન ઉદ્યમવંત થવું.

૧

# જિનાજ્ઞા સ્વીકાર

મહાભયંકર માર્ગ હતો... સર્વત્ર સુનકાર હતો...

ક્યાંય કોઇ માનવી દેખાતો ન હતો... ન કોઇ પશુ... ન કોઇ પંખી...

બધા ના...ના... કહી રહ્યા હતા. પરંતુ પ્રભુ મહાવીરના પગલા એ ભયાનક ધરતીને પણ પાવન કરવા લાગ્યા... પ્રભુ એક જગ્યાએ આવી કાયોત્સર્ગ ધ્યાનમાં સ્થિર બન્યા. ત્યાં કાળો... ફુંફાડા મારતો... દૃષ્ટિ વિષ સર્પ દોડતો આવ્યો... ઘણા સમય પછી માનવીના દર્શન થયા હતા. એણે પ્રભુ ચરણે ડંખ માર્યો... પ્રભુ ધ્યાનમાં અડગ રહ્યા. બીજો ડંખ માર્યો... પ્રભુ ઉપર કોઇ અસર ન થઇ. ક્રોધમાં પાગલ ચંડકૌશિકે ત્રીજો ડંખ માર્યો... પ્રભુના પગમાંથી દુધની ધારા નિકળી. મુખમાંથી શબ્દો સરી પડ્યા. **બુઝ...બુઝ...ચંડકૌશિક બુઝ.**

અને આ શબ્દો સાંભળતા ચંડકૌશિક સ્થિર અને સ્તબ્ધ બની ગયો. પગમાંથી વહેતી દુધની ધારાએ એને વિચાર કરતો કરી દીધો. પ્રભુના વચનોથી જાતિસ્મરણ જ્ઞાન પામી... પ્રભુ વચન તરફ સન્માનવાળો બન્યો... પ્રભુ આજ્ઞાનો જાણે **'તહત્તિ'** કહીને સ્વીકાર કરતો હોય તેમ ચંડકૌશિકે પ્રભુને ત્રણ પ્રદક્ષિણા આપી પ્રભુને વંદના કરી પ્રભુ પાસે અણસણનો સ્વીકાર કર્યો... આયુષ્ય પૂર્ણ કરી આઠમા દેવલોકમાં દેવ થયો.

દૃષ્ટિવિષ સર્પને આઠમો દેવલોક કોણે આપ્યો ?

પ્રભુ મહાવીરને ત્રણ-ત્રણ વાર ડંખ મારનાર ચંડકૌશિકને આઠમો દેવલોક કોણે અપાવ્યો?

**સ્વીકારવું જ પડશે જિનાજ્ઞાને તહત્તિ કરવાથી... જિનાજ્ઞાનો સ્વીકાર કરી પોતાના કષાયોને - ક્રોધને શાંત કરવાથી જ** ચંડકૌશિકની સદ્ગતિ થઇ હતી.

સમરાંગણને સમતાંગણ બનાવી...

ભાઇના માથે ઉગામેલી મુઠી પોતાના માથે ફેરવી પંચમુષ્ઠી લોચ કરી... રાજપાટ ત્યાગીને ઋષભદેવ પુત્ર બાહુબલી ચાલી નીકળ્યા.

પરંતુ માન કષાયે ઘેરી લીધા. પ્રભુ પાસે જઇશ તો ઉમરમાં નાના પરંતુ સંયમ પર્યાયમાં મોટા

બંધુઓને મારે નમવું પડશે. કેવળજ્ઞાન મેળવી પછી જાઉં તો વંદન ન કરવા પડે.

બાહુબલી ત્યાં જ વનમાં કેવળજ્ઞાન મેળવવા કાયોત્સર્ગમાં સ્થિર બન્યા. બે દિવસ... પાંચ દિવસ... દસ દિવસ... વીસ દિવસ... મહીનો... બે મહિના... ચાર મહિના... છ મહિના... આઠ મહિના... દસ મહિના... બાર મહિના... બાર મહિનાનો સમય વીતી ગયો. અજબ-ગજબની સ્થિરતા હતી. ચારે બાજુ વેલડીઓ વિંટાણી... પંખીઓએ માળા બનાવ્યા... સ્થિરતાનો અંત ન આવ્યો પરંતુ કેવળજ્ઞાન ન થયું.

અને એક દિવસ પ્રભુ ઋષભદેવનો સંદેશ લઇને બાહુબલીની બે બહેનો આવી. ભાઇ મુનિ તો ના દેખાયા પરંતુ પ્રભુ સંદેશો ભાઇમુનિ સાંભળે તેમ કહ્યો.

**વીરા ! મોરા ગજ થકી ઉતરો, ગજ ચઢે કેવલ ન હોય રે...**

પ્રભુ સંદેશો મળતાં જ વિચારવા લાગ્યા પ્રભુના સાધ્વીજી ખોટું બોલે નહિં... અને હું હાથી ઉપર બેઠો નથી. ચિંતનની ધારામાં આગળ વધ્યા.

હા... હા... હવે સમજાયું... હું માનરૂપી હાથી ઉપર બેઠો છું. જો માન રૂપી હાથીથી ઉતરૂં તો કેવળજ્ઞાન થાય.

પ્રભુ આજ્ઞાનો **'તહત્તિ'** કરી સ્વકાર કર્યો.

લઘુ બંધુઓને વંદન કરવા માન જીતી પગ ઉપાડ્યો...

પગ ઉપડતાં જ કેવળજ્ઞાન પ્રગટ્યું.

બાહુબલીને બાર મહિનાના કાયોત્સર્ગમાં કેવળજ્ઞાન ન મળ્યું...

પરંતુ પગ ઉપાડતાં કેવળજ્ઞાન થયું એનું રહસ્ય શું હોઇ શકે ?

સ્વીકારવું જ પડશે એનું રહસ્ય એક જ છે - **જિનાજ્ઞા સ્વીકાર.**

* * * * * * * * * *

અનંત અનંત તીર્થંકરો થઇ ગયા છે... વીસ વીસ તીર્થંકરો વર્તમાનમાં મહાવિદેહ ક્ષેત્રમાં વિચરી રહ્યા છે... ભવિષ્યકાળમાં અનંત તીર્થંકરો થવાના છે. બધા જ તીર્થંકરોની આજ્ઞા સમાન છે. જિનાજ્ઞાથી ભરપૂર જિનાગમોનો ખજાનો આપણી પાસે છે. જિનવાણી પામવાનું પુણ્ય આપણું આજે પણ પ્રબળ છે. પછી પ્રમાદ શા માટે ?

જિનાગમ અને જિનવાણીમાં છૂપાયેલી જિનાજ્ઞાને ઓળખવાની છે... જાણવાની છે... જીવનમાં આચરવાની અને આદરવાની છે. જેમને જેમને પણ આ તક મળી અને એ તકને જેમણે ઝડપી લીધી એ તિર્યંચો પણ તરી ગયા. ચોર-લુંટારા અને હત્યારા પણ તરી ગયા. તો આપણને તરતાં શી વાર લાગવાની છે ? આપણે એમાં શા માટે પ્રમાદ આચરવાનો છે. આવો ! જીવનને સફળ બનાવનાર જિનવાણી અને જિનાજ્ઞાના મહત્વને સમજવા પ્રયાસ કરીએ.

અનાદિ કાળથી અનંત ભવસાગરમાં ભટકતા... લથડતા આ જીવને તારનાર કોણ?

આ પ્રશ્ન મહાવિદ્વાનોની સભામાં ચર્ચાઇ રહ્યો હતો. બધાના જુદા જુદા જવાબ આવી રહ્યા હતા. કોઇ કહે છે જીવને તારનાર ભક્તિ છે... કોઇ કહે છે જીવને તારનાર તપ છે.... કોઇ કહે છે જીવને તારનાર ધ્યાન છે... કોઇ કહે છે જીવને તારનાર જપ છે... કોઇ કહે છે જીવને તારનાર ક્રિયાકાંડ છે... ઘણી ચર્ચા થઇ પણ અંતિમ નિર્ણય ન થઇ શક્યો. અંતે સહુ ગુરુ ભગવંત પાસે ગયા. જ્ઞાની ગુરૂભગવંતને વિધિપૂર્વક વંદના કરી વિનયપૂર્વક શંકા વ્યક્ત કરી.

શંકાનું સમાધાન કરતા ગુરુભગવંતે કહ્યું – ‘‘હે પુણ્યવંત પુરુષો ! તરવાના માર્ગ અનેક છે કોઇ પણ માર્ગનો સાચો સાધક સિદ્ધિ જરૂર મેળવે છે. પરંતુ તરવાના માર્ગ કરતાં તરવાના માર્ગે ચઢાવનાર મહાન છે. તરવાના માર્ગે ચઢાવનાર અદ્ભૂત તત્વ છે જિનવાણી એટલે જ જિનાજ્ઞા. જિનવાણીથી અનેક તર્યા છે... અનેક તરી રહ્યા છે... અને એ જ જિનવાણીના આધારે ભવિષ્યમાં અનેક જીવો તરવાના છે.

શ્રી નંદિષેણસૂરિ અજીત-શાંતિ સ્તવમાં જણાવે છે –

जई इच्छह परमपयं, अहवा कित्तिं सुवित्थडं भुवणे ।

ता तिअलोगुद्धरणे, जिणवयणे आयरं कुणह ।।

હે ભવ્ય પ્રાણીઓ ! જો તમે પરમપદની એટલે જ મોક્ષની અથવા જગત વિસ્તરીત કિર્તિની ઈચ્છા રાખતા હો તો ત્રણ લોકનો ઉદ્ધાર કરનાર જિનવચનમાં આદર-સન્માન કરો.

ત્રણ લોકનો ઉદ્ધાર કરનાર જિન વચન જેને પણ મળ્યું... જેણે પણ એને સત્કાર્યું... સ્વીકાર્યુ એનો બેડો પાર થઇ ગયો.

જિન વચનના સન્માન – સત્કાર અને સ્વીકારથી દૃષ્ટિવિષ ચંડકૌશિક સર્પ તરી ગયો.

જંબૂકુમારના મુખે જિનવાણી સાંભળીને પ્રભવાદિ પાંચસો ચોર તરી ગયા.

કેવી અદ્ભૂત છે જિનવાણી.

પરમાત્માની વાણી સાંભળી કેટલાય જીવો એને પોતાની બુદ્ધિદ્વારા સતત વલોવે છે... ચિંતન-મનન કરે છે અને એના સાચા રહસ્યને પામવા ઉદ્યમશીલ બને છે.

ગજસુકુમાલ ! કૃષ્ણ મહારાજાના નાના ભાઇ...

દેવકીદેવીના લાડીલા નંદન...

નેમનાથ ભગવંતની એક દેશના સાંભળે છે અને કાનમાં એ જ દેશનાનો નાદ ગુંજી રહ્યો છે. અંતરમાં ઉતરેલી આ દેશના મોહના અંધકારનો નાશ કરે છે. અજ્ઞાન દૂર થાય છે. જ્ઞાનનો પ્રકાશ ફેલાય છે. જીવનના વણ ઉકેલ્યા રહસ્યો ઉકેલી જાય છે. સત્ય સમજાય છે. જીવ વૈરાગ્યના ઝુલે ઝુલવા માંડે છે.

પ્રભુ નેમનાથ ભગવંતની વાણી સાંભળી જે હાલત ગજસુકુમાલની થઇ તેવી જ હાલત સુધર્માસ્વામીની દેશના સાંભળી જંબુકુમારની થઇ.

વાણી જીવને વૈરાગ્ય તરફ લઇ જાય છે.

બન્નેને મહેલોનું સુખસામગ્રી ભરપૂર જીવન આકરૂં લાગે છે. બન્ને માતા-પિતાને સમજાવી સંયમ લેવા તલસી રહ્યા છે.

પ્રભુ દર્શન દુર્લભ છે. પણ પ્રભુ વચન-વાણી એથી દુર્લભ છે... પ્રભુ વાણી દુર્લભ છે પણ એનું સાંભળવું એથીય દુર્લભ છે. આપણા આત્માએ અનાદિ કાળથી સંસારમાં પરમાત્માની વાણી જ નહિં સાંભળી હોય ? કેવા કેવા અપૂર્વ પુણ્યના ઉદયે જિનવાણી સાંભળવા મળે છે. નરકના ભવમાં તો જિનવાણી સાંભળવાની કોઇ તક જ મળતી નથી... તિર્યંચના ભવમાં કદાચ અતિ પુણ્યોદયે જિનવાણી સાંભળવા મળી જાય પણ તિર્યંચગતિમાં જિનવાણીના સૂક્ષ્મ રહસ્યોને સમજવાની શક્તિ નથી હોતી, દેવગતિમાં જિનવાણી સાંભળવા મળી જાય છે... જિનવાણીના સૂક્ષ્મ રહસ્યોને સમજવાની શક્તિ પણ પ્રાપ્ત થાય છે પણ ત્યાં એ જિનવાણી ને સ્વીકારવાની... જીવનમાં આચરવાની તાકાત નથી હોતી. જિનવાણી સાંભળી વૈરાગ્ય આવી શકે પણ એ વૈરાગ્ય દેવગતિના જીવને વિરતી ન અપાવી શકે. એક માનવભવ જ એવો છે જ્યાં જિનવાણી સાંભળવાય મળે... સમજવાય મળે અને સ્વીકારવાની પણ તક મળે. આજ તો મહાનતા છે માનવભવની.

પરમાત્મા નેમનાથની વાણી સાંભળી વૈરાગ્યના ઝૂલે ઝૂલતા ગજસુકુમાલને એક જ રઢ લાગી છે. સંસાર ક્યારે છુટે ? સંયમ ક્યારે મળે ? સિદ્ધિ ક્યારે વરે ? વાણીથી વૈરાગ્ય જાગ્યો. વૈરાગ્ય વિરતિભણી દોરવા લાગ્યો. સંસારના બંધનોને તોડી

નાખવા એ સજ્જ બન્યો. માતાદિ મોહના બંધનોમાં જકડાયેલા છે તેઓ ગજસુકુમાલને સમજાવવાં... સંસારમાં અટકાવવા પ્રયત્ન કરે છે પણ જાગેલો જીવ અટકે ખરો ? વડિલ બંધુ શ્રીકૃષ્ણ મહારાજા વિચાર કરે છે ગજસુકુમાલને સંસારમાં જકડી રાખવા સત્તાના સિંહાસને બિરાજમાન કરૂં. કદાચ બંધુ અટકી જશે. હા, જેનો વૈરાગ્ય કાચો હોય એ એવા પ્રલોભનોમાં અટવાઇ જાય ખરો. પણ આ હતા ગજસુકુમાલ, જેમના રગેરગમાં... લોહીના એક એક બિંદુમાં વૈરાગ્ય વિસ્તરેલો છે. શ્રી કૃષ્ણ મહારાજાએ લઘુબંધુને રાજ-સિંહાસન ઉપર બેસાડ્યા અને હાથ જોડીને આજ્ઞા માંગી. ‘‘અમને આજ્ઞા આપો અમે આપની શું શું સેવા કરીએ ?’’

રાજગાદિ શોભાવતા ગજસુકુમાલે શું આજ્ઞા ફરમાવી ? જાણો છો ? ગજસુકુમાલ બોલ્યા -

**‘‘સોનૈયાની થેલી કાઢી, ભંડારી બોલાવો રે;**
**ઓઘો પાત્રો લાવો તમે, દીક્ષા આપો ભાઈ રે.’’**

ગજસુકુમાલ નથી બોલતા આ તો એમનો વૈરાગ્ય બોલે છે. જેમ ગજસુકુમાલ વિરતિની વાટે વિહર્યા તેમજ સુધર્માસ્વામીની દેશના સાંભળી વૈરાગ્યભીના હૃદયવાળા જંબુકુમાર માતા-પિતાની ઈચ્છા પૂર્ણ કરવા આઠ-આઠ કન્યાઓ સાથે પરણ્યા પણ એમના વૈરાગ્યનો રંગ એમણે આઠ-આઠ સ્ત્રીઓને લગાડ્યો... ચોરી કરવા આવેલા પ્રભવ સહિત પાંચસો ચોરોને લગાડ્યો. બધા સંયમ પંથે સંચર્યા.

સાચા વૈરાગ્યને કંચન કે કામિની કોઇ અટકાવી નથી શકતા. વીરવાણીથી જન્મેલા વૈરાગ્યના ચોલ મજીઠ રંગને ક્યારેય કંચન-કામીનીનો રંગ કે સંગ સ્પર્શી શકતો નથી. વૈરાગ્યનો આ રંગ ક્યારેય ઝાંખો પડતો નથી. આ વૈરાગ્ય વિરતિમાં પરિણમે છે. વિરતિમાં ક્ષણ ક્ષણ ચઢતા પરિણામ જીવને વીતરાગતા તરફ આગેકૂચ કરાવે છે.

કેવી હશે ગજસુકુમાલની સાધના કે વિરતિ પામીને એ જ રાતે વીતરાગતા પ્રગટાવી. અંતગડ કેવળી બની સિદ્ધશીલાએ પહોંચી ગયા.



જંબુકુમાર સર્વવિરતિ પામી સાધના માર્ગે સાવધાન બન્યા. કઠીણ કર્મોનો કચરો કાઢી... કાયાની માયા વિસારી કેવળી બન્યા. વીતરાગતાની સિદ્ધિ મેળવી અનેકોને એ પંથના પથિક બનાવી સિદ્ધશીલાએ પહોંચ્યા.

''બંધુઓ ! માર્ગ ગમે તે હોય પણ સાધકની સિદ્ધિની યાત્રાનાં ક્રમમાં ક્યાંય ફરક નથી. ગમે તે માર્ગ હોય પણ વાણી-વૈરાગ્ય-વિરતિ અને વીતરાગતાનો ક્રમ પલટાતો નથી. બદલાતો નથી. સિદ્ધિની સાધનાયાત્રાનો જિનવાણીથી પ્રારંભ થાય છે અને વૈરાગ્ય-વિરતિના મહેલમાંથી પસાર થઇ વીતરાગતામાં વિરામ પામે છે.''

આપણને મળેલા આ મોંઘેરા માનવભવની ત્રણ અવસ્થાઓ છે - (૧) જન્મ (૨) જીવન અને (૩) મૃત્યુ. પહેલી અને છેલ્લી અવસ્થા ઉપર આપણો કોઇ અધિકાર નથી. જન્મ ક્યાં લેવો ? ક્યારે લેવો ? જન્મ કેવી રીતે લેવો ? કોઇ બાજી આપણા હાથમાં નથી. મૃત્યુ ક્યારે આવશે ? મૃત્યુ કેવી રીતે આવશે ? મૃત્યુ ક્યાં આવશે ? આપણે કાંઇ જાણતાં નથી. જન્મ અને મૃત્યુ ઉપર આપણું કોઇ જોર-સત્તા કામ આવતી નથી. પણ આપણા માનવભવની વચ્ચેની અવસ્થા ''જીવન'' ઉપર આપણો અધિકાર છે. જીવન કેવી રીતે જીવવું ? જીવનને કેવું બનાવવું એ આપણા હાથની વાત છે. ટુંકમાં કહીએ તો જન્મ અને મરણ કર્માધીન છે જ્યારે જીવન પુરૂષાર્થને આધીન છે.

મળેલા મહામોંઘેરા જીવનને સંભાળવાનો, સાચવવાનો કે શણગારવાનો પુરૂષાર્થ જીવનમાં કરીએ છીએ કે મહામોંઘેરા માનવ જીવનને પામી એને વેડફી રહ્યા છીએ ? મહાપુરૂષો મળેલા જીવનની એક એક પળ સત્કાર્યમાં જોડે છે.. સત્સંગમાં વીતાવે છે. એમાંથી જ સુંદર જીવનનું સર્જન થાય છે.

આપણને સુંદર જીવનના સ્વામી બનવું હશે તો પુરૂષાર્થ આદરવો પડશે. જીવનને ઉંચે લઇ જવા જિનવાણીના પાણીથી આપણા અંતરમાં રહેલા વૈરાગ્યના બીજનું સિંચન કરવું પડશે. વૈરાગ્યના બીજમાંથી વિરાટ વિરતિના વૃક્ષનું નિર્માણ થશે. વ્રત, નિયમ, પચ્ચક્ખાણના પુષ્પો ખીલશે અને અંતે વીતરાગતાના ફળોની પ્રાપ્તિ થશે. જીવન ધન્ય ધન્ય બની જશે.

# ૨ મિથ્યાત્વ ત્યાગ

અનાદિ કાળથી સંસાર સાગરમાં આપણે ચારગતિ અને ચોર્યાસી લાખ જીવાયોનિમાં પરિભ્રમણ કરતાં રહ્યા છીએ.

ક્યારેક દેવ બન્યા... ક્યારેક દાનવ બન્યા...

ક્યારેક નરકમાં ગયા... ક્યારેક નિગોદમાં ગયા...

ક્યારેક પશુયોનિમાં ગયા... ક્યારેક પક્ષી થયા...

ક્યારેક એકેન્દ્રિય બન્યા... ક્યારેક વિકલેન્દ્રિય બન્યા...

પુણ્યના ઢગલાને ઢગલા થયા ત્યારે આ જીવને માનવનો ભવ અને જિનશાસન મળ્યું પરંતુ જ્યાં સુધી મિથ્યાત્વ છે... મિથ્યાદર્શન છે ત્યાં સુધી બધું જ નિષ્ફળ છે.

મનમાં પ્રશ્ન સાહજીક છે કે જીવનમાં પામેલા અને કરેલા સર્વ ધર્મ અને આરાધનાને નિષ્ફળ બનાવનાર આ મિથ્યાત્વ છે શું ? તેને જવાબ આપતાં કહે છે –

મિથ્યાત્વ મહારોગ છે... મિથ્યાત્વ મહાઅંધકાર છે...

મિથ્યાત્વ મહાશત્રુ છે... મિથ્યાત્વ મહાવિષ છે...

રોગ, અંધકાર અને વિષ-ભવમાં એક જ વખત દુઃખ, વેદના, પીડા આપે છે. પરંતુ મિથ્યાત્વ હજારો નહીં લાખો ભવો સુધી દુઃખ, વેદના, પીડા આપે છે.

**अदेवे देवबुद्धिर्या, गुरुधीरगुरौ च या ।**

**अधर्मे धर्मबुद्धिश्च, मिथ्यात्वं तद् विपर्ययात् ।।**

બુદ્ધિના વિપર્યયાસથી અદેવમાં દેવબુદ્ધિ... અગુરુમાં ગુરુબુદ્ધિ... અને અધર્મમાં ધર્મબુદ્ધિ તે મિથ્યાત્વ છે.

મનુષ્યાદિ જીવ મદિરાના ઉન્માદથી... નશાથી, હિત-અહિત કશું જ જાણતા નથી. તેવી જ રીતે નષ્ટ થયું છે જ્ઞાનરૂપી ચિત્ત જેમનું એવા તથા મિથ્યાત્વથી મોહિત થયેલા જીવ ધર્મ-અધર્મને જાણતાં નથી.

જન્મથી અંધ વ્યક્તિ વસ્તુના સારા-ખરાબપણાને જાણતો નથી અથવા અંધકાર ભરેલી કોટડીમાં રહેલા વસ્તુને જેમ વ્યક્તિ જાણી શકતી નથી; તેવી રીતે મિથ્યાત્વથી મોહિત થયેલો જીવ ધર્માધર્મને જાણતો નથી.

આવા જીવોની પાસે દેહ દૃષ્ટિ જ હોય છે. દેહને જ સર્વસ્વ માને છે. દેહના સુખ માટે જ

બધા પ્રયત્નો હોય છે. ભૌતિક સુખોની લાલસા જીવને સંસારમાં ભટકાવે છે. દેહાધ્યાસ આત્મ તત્વને સમજવા ન દે... આત્માના સ્વરૂપને જાણવા ન દે. આત્મા તરફનો ઉપેક્ષા ભાવ હોય છે તો સંસાર તરફનું આકર્ષણ મજબૂત હોય છે. આપણે આવા અનંતા ભવ કરી આવ્યા પરંતુ આપણી મિથ્યાદૃષ્ટિ ન ટળવાથી જગતમાં ભટકતી આપણી દૃષ્ટિ જીવ તરફ અને જાત તરફ ન વળી. જ્યાં સુધી બહારમાં ભટકતી આપણી દૃષ્ટિ આત્મા તરફ ન વળે... બહિરાત્મ ભાવમાંથી અંતરાત્મ દશા તરફ ન પહોંચે ત્યાં સુધી મિથ્યાત્વદૃષ્ટિ કેમ ટળે ?.. મોહ મંદ કેમ બને ? મોહ વિજેતા બનવાનું સદ્ભાગ્ય ક્યાંથી સાંપડે ?

આંખ ન હોય તે આંધળો કહેવાય... પણ એ એકજ આંધળાનો પ્રકાર નથી... અંધ પણ અનેક પ્રકારના હોય... કોઇ કામાંધ પણ હોય.. કોઇ ક્રોધાંધ પણ હોય... કોઇ મોહાંધ પણ હોય...

લંકાપતિ રાવણના દરબારમાં રામનો દૂત આવ્યો...

રામના દૂતને જોઇ રાવણ વિચારમાં પડ્યો. દૂતનું અહિં આવવાનું પ્રયોજન શું હશે ? સમજ ન પડતાં એણે પૂછી લીધું... તમે અહિં કેમ આવ્યા છો ?

દૂતે જવાબ આપતા કહ્યું – ''આમ તો હું સીતા માતાજીને મળવા આવ્યો છું... પણ હનુમાને મને કહ્યું ત્યાં સુધી જઇને જો તમે દુનિયાની એક અજાયબી જોયા વગર આવશો તો આખી જિંદગી પસ્તાશો... એટલે અજાયબી જોવા અહિં આવ્યો છું.''

રાવણ વધારે ગુંચવાયા... દુનિયાની અજાયબી અને મારા દરબારમાં ? એને સમજણ ન પડી, એટલે વાતને સ્પષ્ટ કરતાં રામના દુતે કહ્યું – ''હનુમાને મને કહ્યું તેં **આંખ વિનાના આંધળા ઘણા જોયા હશે... પણ વીશ આંખવાળો આંધળો નહિં જોયો હોય... એ એક દુનિયાની અજાયબી છે અને તે છે લંકાપતિ રાવણ !''**

હા ! હનુમાને રાવણને વીશ આંખવાળો આંધળો કહ્યો કારણ કે કામાંધ હતો... રાગાંધ હતો...

આંખ ન હોવાથી દુનિયાની ભૌતિક વસ્તુઓ ન જોઇ શકવી એ ખાસ નુકસાન કરનારૂં નથી... પણ આંખ હોવા છતાં... જોવા છતાં જયારે એના અર્થને ન સમજી શકે... સારાસારનો વિવેક ન કરી શકે... ત્યારે આંધળા કરતા અવળી સમજણના કારણે જીવની અકલ્પનીય નુકસાન થાય છે...

**આંખ હોવા છતાં લંકાપતિ થાપ ખાઇ ગયા...**

આંખ હોવા છતાં જમાલી માર્ગ ભૂલી ગયા...

આંખ હોવા છતાં નંદિષેણ અવળે માર્ગે ચઢી ગયા...

ચર્મ ચક્ષુ હોય પણ સમ્યગ્ દર્શનનો અભાવ હોય ત્યારે જીવ અવળી સમજણનો ભોગ બને છે. ઝેરને ઝેર ન જાણે તો વાંધો નહીં પણ જીવ જ્યારે ઝેર ને અમૃત માની ગટગટાવવા માંડે છે ત્યારે અનર્થની પરંપરા સર્જાય છે...

સ્વીકારવા જેવી વસ્તુઓને ત્યાજ્ય ગણી એને છોડવા માંડે છે... છોડવા જેવી વસ્તુને સાર માની અપનાવવા લાગે છે... આ અંધાપો ઘણો ભયંકર છે... એટલે જ તો મહોપાધ્યાય યશોવિજયજી મહારાજ કહે છે –

**જાતિ અંધનો રે દોષ ન આકરો, જે નવિ દેખે રે અર્થ**

**મિથ્યા દૃષ્ટિ રે તેહથી આકરો, માને અર્થ અનર્થ... શ્રી સીમંધર...**

સામે પડેલો પત્થર ન દેખાય તો ચાલે પણ પત્થરને રત્ન અને રત્નને પત્થર માને તો તે ન ચલાવી શકાય, કારણ એનાથી ઘણા અનર્થ થાય છે. આજ દિવસ સુધીનું આપણું ભવભ્રમણ પણ એ જ કારણથી... અવળી માન્યતાનું પરિણામ છે એટલે જ તો આનંદઘનજી મહારાજ કહે છે...

**ચર્મનયન કરી મારગ જોવતા, ભુલ્યો સયલ સંસાર;**

**જેણે નયને કરી મારગ જોઈએ, નયન તે દિવ્ય વિચાર.**

ચર્મ ચક્ષુનો સ્વામિ સામે રહેલા માર્ગને જોઇ શકે પણ દિવ્ય નયન ન હોવાથી... મિથ્યા દૃષ્ટિ હોવાથી એ સંસારના માર્ગને મોક્ષનો... સુખનો માર્ગ માની એના ઉપર ચાલતો થાય... મુક્તિના માર્ગને દુઃખનો માર્ગ જાણી એનો ત્યાગ કરી દે પરીણામે એના લમણે દુઃખ દુઃખ અને દુઃખ જ ઝીંકાય.

આપણા જીવનના સમસ્ત દુઃખોનું મૂળ મિથ્યાદૃષ્ટિ અને અવળી માન્યતા છે... આપણા જીવનના આ દુઃખોને દૂર કરી સાચા સુખને પામવું હશે તો આપણને મિથ્યાદૃષ્ટિને દૂર હટાવી સાચા માર્ગે ચઢાવનાર સમ્યગ્દૃષ્ટિને પ્રાપ્ત કરવી પડશે... મિથ્યાદૃષ્ટિ સાધકના જીવનમાં કેવી રીતે ઝેર પસરાવે છે તે સમજાવતાં કહે છે –

**આપ પ્રશંસે રે પરગુણ ઓળવે, ન ધરે ગુણનો રે લેશ,**

**તે જિનવાણી રે નવિ શ્રવણે સુણે, દીએ મિથ્યા ઉપદેશ... શ્રી સીમંધર...**

કમળો થયેલી વ્યક્તિને ધોળું પણ પીળું દેખાય... ડાયાબીટીસનાં દર્દીને કડવો લીંબડો

પણ કડવો ન લાગે... લાલ કાંચના ચશ્મા વાળાને બધે જ લાલ દેખાય... તેમ મિથ્યા દૃષ્ટિ જીવને પોતાનામાં ગુણ ન હોય છતાં ઘણા ગુણ દેખાય... એની એ પ્રશંસા કરવા લાગે... બીજા જીવોમાં અનેક ગુણ હોય છતાં એને એ ન દેખાય... એની એ પ્રશંસા ન કરે... એને જિણવાણી ન ગમે... પ્રભુની વાણી સાંભળવી તો ન ગમે પણ બોલવી પણ ન ગમે... એટલે એની વાણીમાં મિથ્યા ઉપદેશ જ હોય. વિશ્વના જીવોનું રંજન કરવા જ પ્રવચન કરે એનાથી પણ પોતાની પ્રશંસા સાંભળવાની જ અભિલાષા હોય... **અનેક ધાર્મિક અનુષ્ઠાન કર્યા, કરાવ્યા છતાં એના દ્વારા કર્મનિર્જરા કે મોક્ષની કામના નહીં પણ નામનાની જ કામના હોય...** આવા જીવો દંભ સેવતા થઇ જાય... આવા જીવો બહારથી સાધુના વેશમાં હોય તો પણ અંતર શેતાન જેવી વાસનાઓથી ખદબદતું હોય છે, વિરલ રત્નાકરસૂરિ જેવા જ ભૂલ સુધારી શકે... ખોટા માર્ગથી સાચા માર્ગે ચઢી શકે... રત્નાકરસૂરિ પોતાની જ નહીં પણ પંચમકાળના બહુસંખ્ય સાધુ સમાજની પરિસ્થિતિ સ્પષ્ટ કરતાં કહે છે -

**ઠગવા વિભુ આ વિશ્વને, વૈરાગ્યનો રંગો ધર્યા,**
**ને ધર્મના ઉપદેશ રંજન, લોકને કરવા કર્યા.**
**વિદ્યા ભણ્યો હું વાદ માટે, કેટલી કથની કહું,**
**સાધુ થઇને બહારથી, દાંભિક અંદરથી રહું.**

સાધુ જ નહિં આજે સમાજનો શ્રાવકવર્ગ પણ દાંભિક બન્યો છે... એટલે જ દાંભિક સાધુઓને પોશી રહ્યો છે... અન્યોન્ય પોતાનો સ્વાર્થ સાધવામાં પડ્યા છે... મિથ્યા દૃષ્ટિના કારણે નથી પાપનો ડર... નથી દુઃખનો ભય... નથી દુર્ગતિની ચિંતા... આ લોકની યશોગાથામાં ખોવાયેલી મિથ્યાદૃષ્ટિ એને પાપના માર્ગે ચાલવા મજબૂર બનાવે છે...

સાવધાન! સાધક તારા જીવનનું અવલોકન કર... વીર પ્રભુ શાસનનો ભાર તારા ખભે મુકી ગયા છે, એને સારી રીતે ચલાવવા, પણ પુત્ર-કુપુત્ર બની જાય... સાધુ-કુસાધુ બની જાય ત્યારે શાસન દીપક પ્રકાશ આપવાને બદલે આગ લગાડી નાશ નોતરી શકે છે. એને એ ભૂલી ગયો છે. તારી ભુલ, તારી જ નહીં અનેકોને દુર્ગતિની ખાઇમાં ધકેલી દેશે. માટે જ આંતરચક્ષુ-દિવ્ય ચક્ષુ - સમ્યગ્દર્શન પ્રાપ્ત કરી સ્વ-પરના જીવનને અજવાળનાર બન! મિથ્યાદષ્ટિ હોય તો સમ્યગ્દષ્ટિ બની જા...!

૩

# સમ્યગ્ દર્શન

ગૃહસ્થના ગુણોની વિચારણાની માળામાં એક પછી એક મણકો ઉમેરાતો જાય છે.

પ્રથમ જ 'જિનાજ્ઞા સ્વીકાર'ની વાત જણાવી. જિનાજ્ઞાનો સ્વીકાર થાય ત્યાં મિથ્યાત્વ ટકી શકે ?

જિનાજ્ઞા અને મિથ્યાત્વને છત્રીસનો આકડો છે. બન્ને ક્યારે પણ સાથે ન જ ટકી શકે. જેના જીવનમાં જિનાજ્ઞાનો સ્વીકાર થાય ત્યાંથી મિથ્યાત્વને રવાના થવું જ પડે. એટલે જિનાજ્ઞા સ્વીકાર અને સત્કાર પછી ધીમે ધીમે મિથ્યાત્વ વિદાય લે છે.

રાત વિદાય લે તો દિવસનો પ્રારંભ થાય જ...

અંધકાર જાય તો પ્રકાશ ફેલાય જ... દુઃખના દહાડા પૂરા થાય તો સુખ આવે જ...

એવી જ રીતે મિથ્યાત્વનો અસ્ત એટલે જ સમ્યગ્દર્શનનો ઉદય...

મોહમાંથી મોક્ષ તરફ... સંસારમાંથી સિદ્ધશીલા તરફ... 'પર માંથી 'સ્વ' તરફ...

બહિરાત્મદશામાંથી અંતરાત્મદશા તરફ... જીવમાંથી શિવ તરફની યાત્રાનું પ્રથમ મુક્કામ... સ્થાન છે સમ્યગ્દર્શન.

समत्तमेव मूलं निदिट्ठं जिनवरेहिं धम्मस्स ।
एगंपि धम्मकिच्चं न तं विणा सोहए नियमा ।।

જિનેશ્વર પરમાત્માએ સમ્યગ્દર્શનને ધર્મનું મૂળ કહ્યું છે. કારણ કે શુદ્ધ સમ્યગ્દર્શનથી જ આત્મરૂપી ભૂમિ નિર્મળ થઇ શકે છે. જેવી રીતે ચિત્રકાર પ્રથમ ભૂમિશુદ્ધિ કરે અને પછી એના ઉપર ચિત્ર બનાવે તો એ ચિત્રો અસાધારણ રીતે શોભી ઉઠે છે. પરંતુ જો ભૂમિશુદ્ધિ ન કરે તો તે જ ચિત્રો સુંદર શોભાને પામતા નથી.

તેવી જ રીતે સર્વ ધર્મના કૃત્યો સમ્યક્ત્વથી આત્મશુદ્ધિ કર્યા પછી જ સાચી શોભાને પામે છે. પરંતુ સમ્યગ્દર્શન દ્વારા આત્મશુદ્ધિ કર્યા વિના એક પણ ધર્મકૃત્ય શોભતું નથી.

અનંત સુખના ધામ સમાન મોક્ષના માર્ગ બે નથી... એક જ છે... આ મોક્ષમાર્ગ વિરતિના રાજમહેલમાંથી જ પસાર થાય છે.

સર્વ વિરતિ... અથવા દેશવિરતિ...
વિરતિ વિના ઉદ્ધાર નથી... નથી ને નથી જ.
પરંતુ વિરતિ જો મહેલ છે તો સમ્યગ્દર્શન એનો પાયો છે...

વિરતિ જો મોતીની માળા છે તો સમ્યગ્દર્શન એ દોરો છે...

વિરતિ જો રથ છે તો સમ્યગ્દર્શન એનો સારથી છે...

સમકિત... સમ્યગ્દર્શન... સમ્યગ્દષ્ટિ આ બધા પર્યાયવાચી શબ્દો છે... બધાનો અર્થ સમાન છે.

સમ્યગ્ દર્શન એટલે સુદેવ-સુગુરુ-સુધર્મમાં અતુટ અને સાચી શ્રદ્ધા.

સમ્યગ્ એટલે સાચું.. અને દર્શન એટલે જોવું...

સમ્યગ્ દર્શન એટલે સાચુ જોવું...

આપણે સાચું જોતા નથી ? હા ! આપણે વ્યવહારથી તો સાચું જ જોઇએ છીએ. પરંતુ આપણે કેવળ ચર્મચક્ષુથી સાચું જોઇએ છીએ. ઘરને ઘર તરીકે... ટેબલને ટેબલ તરીકે... માણસને માણસ તરીકે તો જોઇએ જ છીએ.

દેહને દેહની તરીકે જોઇએ છીએ... પરુતં દેહમાં બેઠેલા અનંત શક્તિ અને સુખના સ્વામિ આત્માને જોઇ શકતા નથી. આલોકને જોઇ શકીએ છીએ... પરલોકને જોઇ શકતા નથી... ઈન્દ્રિયોના સુખને જોઇ જાણી માણી શકીએ છીએ. પરંતુ આત્મા તથા મોક્ષના અતિન્દ્રિય સુખને જોઇ... જાણી કે માણી શકતા નથી.

ચર્મ ચક્ષુથી પર અલૌકિક આત્મસૌંદર્યને જોવાની શક્તિ તે સમ્યગ્દર્શન છે. જ્યાં સુધી એ શક્તિ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી આ શક્તિ દ્વારા જેમણે પૂર્ણતા પ્રાપ્ત કરી છે એવા સુદેવ-સુગુરુ અને સુધર્મ ઉપર અડોલ શ્રદ્ધા એ વ્યવહારીક સમ્યગ્દર્શન છે.

મહાપુણ્યના ઉદયે આજે તને બધી જ સામગ્રી પ્રાપ્ત થઇ છે. **રાગ અને દ્વેષ રહિત વીતરાગી સુદેવ મળ્યા...**

**કંચન અને કામિનીના ત્યાગી નિર્ગ્રંથ સુગુરુ મળ્યા...**

**દયાથી ભરપુર શ્રી સર્વજ્ઞ કથિત જિનનો સુધર્મ મળ્યો...**

આવો સુયોગ ચોર્યાસી લાખ જીવાયોનિમાં પરિભ્રમણ કરતાં જીવને મહાન પુણ્યોદયથી જ પ્રાપ્ત થાય છે. તેથી હે જીવ ! હવે તું પ્રમાદ કરીશ નહિં.

તારી પાસે સમ્યગ્દર્શન છે કે નહિં એને જાણવા પહેલા સમ્યગ્દર્શનના લક્ષણોને તારા જીવનમાં તપાસ

૧. **શમ** - ક્રોધાદિનાં નિમિત્તો મળવા છતાં સમતાને ધારણ કરવી. મરણાંત ઉપસર્ગ કરનાર પ્રત્યે પણ ક્ષમા ભાવ રાખવો તે **શમ** છે.

૨. **સંવેગ** – સિદ્ધિ રૂપી મહેલમાં પહોંચવા પગથિયા સમાન સમ્યગ્ જ્ઞાન – દર્શન – ચારિત્ર – તપાદિમાં અપૂર્વ ઉલ્લાસ અને ઉત્સાહ સાથે એક માત્ર મોક્ષની અભિલાષા તે **સંવેગ** છે.

૩. **નિર્વેદ** – સંસારની ભયાનકતાનો પરિચય થયા પછી અત્યંત બિભત્સ અને કુત્સિત એવા આ સંસારરૂપી કેદખાનામાંથી નિકળવાની અદમ્ય ઈચ્છાથી જે ખેદ – વૈરાગ્ય તે **નિર્વેદ** છે.

૪. **અનુકંપા** – દુઃખી જીવોને જોઈને એમના દુઃખોને દૂર કરવાની ચિંતા તે **અનુકંપા** છે.

૫. **આસ્તિકતા** –સર્વજ્ઞ ભાષિત સર્વ ભાવો નિશ્ચય 'જેમ કહ્યા તેમજ છે' એ રીતે સર્વજ્ઞોક્ત ભાવોનું અસ્તિત્વ વિચારવું તે **આસ્તિકતા** છે.

**અનંત સંસારનો અંત લાવવાનો એક માત્ર ઉપાય છે સમ્યગ્દર્શન.**

ફક્ત અંતર્મુહૂર્ત્ત કાળ માટે પણ જો એકવાર સમ્યગ્દર્શનનો આત્માને સ્પર્શ થઇ જાય તો એના અનંત સંસારને બ્રેક લાગે છે... સંસાર મર્યાદિત બને છે. વધારેમાં વધારે અર્ધ પુદ્ગલ પરાવર્તન જેટલા સમયમાં જીવ નિશ્ચિત મોક્ષ પામે છે... સિદ્ધ – બુદ્ધ – મુક્ત બને છે.

પરમાત્મા અને પરમાત્માના વચનો પ્રત્યે જેના હૃદયમાં અતુટ શ્રદ્ધા હોય છે ત્યાં નિશ્ચિત સમ્યગ્દર્શનનો વાસ હોય છે. તે વ્યક્તિનું સમ્યગ્દર્શન અત્યંત મજબૂત હોય છે.

પરંતુ જો પરમાત્માના વચનોની સત્યતામાં ક્યાંક શંકાનો કીડો સળવળે અને મનમાં એના માટે ક્યાંક પ્રશ્ન ઉભો થાય તો જીવ સમ્યક્ત્વ ટકાવી ન શકે. એ સમ્યગ્ દર્શનને ગુમાવી બેસે.

પરમાત્માના બધા વચનો માન્ય કરે પરંતુ એક પણ વચન અમાન્ય કરે તો ત્યાં સમ્યગ્દર્શનની હાજરી સંભવતી નથી. શ્રદ્ધા એ જ સમ્યગ્દર્શન છે.

## સમ્યક્ત્વના દસ પ્રકાર

કોઈ કહે કલ્પવૃક્ષ દુર્લભ... કોઈ કહે ચિંતામણી અને પારસમણિ દુર્લભ...
કોઈ કહે જમણો શંખ દુર્લભ... શાસ્ત્રો કહે છે સમ્યક્ત્વ દુર્લભ છે...
એના દસ પ્રકાર જણાવ્યા છે...

निसग्गुवएसरुई आणरुई सुत्तवीजरुईमेव ।
अभिगम–वित्थाररुई, किरियासंखेव धम्मरुई ।।

નિસર્ગરુચિ, ઉપદેશરુચિ, આજ્ઞારુચિ, સૂત્રરુચિ, બીજરુચિ, અભિગમ રુચિ, વિસ્તારરુચિ, ક્રિયારુચિ, સંક્ષેપરુચિ અને ધર્મરુચિ આ સમ્યક્ત્વના દસ પ્રકારો છે.

**નિસર્ગરુચિ** – સ્વભાવથી જ પ્રભુજીના વચનોને – તત્વોને માને... શ્રદ્ધા રાખે... સ્વીકારે તે નિસર્ગરુચિ.

**ઉપદેશરુચિ** – ગુરુ ભગવંતના ઉપદેશથી સત્ય-સરળ-નિર્દોષ ધર્મ માર્ગ ઉપર શ્રદ્ધા થાય તે ઉપદેશરુચિ છે.

**આજ્ઞારુચિ** – રાગ-દ્વેષ અને મોહના ક્ષયોપશમથી નવતત્વો ઉપર જિનાજ્ઞાના બળથી શ્રદ્ધા રાખે – સ્વીકારે તે આજ્ઞારુચિ છે.

**સૂત્રરુચિ** – અંગ-ઉપાંગ વિગેરે આગમોના અભ્યાસ દ્વારા પ્રભુના તત્વો અને સિદ્ધાંતો ઉપર શ્રદ્ધા થાય તે સૂત્રરુચિ છે.

**બીજરુચિ** – શ્રદ્ધાથી એક પદને ધારણ કરે – સ્વીકારે પરંતુ આગળ જતાં પોતાના પ્રતિભાના બળથી અનેક પદોમાં શ્રદ્ધા વિસ્તાર પામે છે તે બીજ રુચિ છે.

**અભિગમ રુચિ** – જે મહાત્માએ અર્થથી સમગ્ર શ્રુત જોયું છે તેની શ્રદ્ધા તે અભિગમ રુચિ છે.

**વિસ્તાર રુચિ** – નય અને પ્રમાણથી જે ષડ્ દ્રવ્યોનું સમ્યગ્રૂપે પ્રરૂપણ કરે છે તેની શ્રદ્ધા વિસ્તાર પામે છે.

**ક્રિયા રુચિ** – જ્ઞાન-દર્શન-ચારિત્ર-તપ-વિનય અને ગુપ્તિની ક્રિયામાં જે પ્રયત્નશીલ હોય છે તેની શ્રદ્ધા ક્રિયા રુચિ છે.

**સંક્ષેપ રુચિ** – 'જિનવચન જ મને માન્ય છે' એવી દઢ માન્યતા તે સંક્ષેપરુચિ છે.

**ધર્મ રુચિ** – શ્રુત – ચારિત્ર રૂપી વિવિધ ધર્મને અને ધર્માસ્તિકાયાદિ ષડ્દ્રવ્યોને શ્રદ્ધે... માને તે ધર્મરુચિ છે.

આ દસમાંથી એક પણ શ્રદ્ધા જીવને સમ્યગ્દર્શન અપાવી મોક્ષની મંઝિલે પહોંચાડવા સમર્થ છે.

શ્રદ્ધા...

ઘણી મોટી વસ્તુ છે...

દરેક ક્ષેત્રમાં આગવું મહત્વ ધરાવે છે...

જેને જે ક્ષેત્રમાં સફળ બનવું હોય...એ ક્ષેત્રના નિષ્ણાંતો ઉપર... એમના બતાવેલા માર્ગ

ઉપર... એમના માર્ગદર્શનમાં શ્રદ્ધા હોવી અત્યંત આવશ્યક...

વિદ્યાર્થીને ગુરુ પર શ્રદ્ધા હોવી જરૂરી છે...

દર્દીને ડૉક્ટર ઉપર શ્રદ્ધા હોવી આવશ્યક છે...

બાળકને માતા ઉપર શ્રદ્ધા હોવી જ જોઇએ...

સેવકને સ્વામી ઉપર શ્રદ્ધા રાખવી જ પડે..

ભક્તને ભગવાન ઉપર શ્રદ્ધા હોય જ છે...

જો એમ ન હોય તો વિદ્યાર્થી વિદ્યાના ક્ષેત્રે અસફળ બને... દર્દી દર્દ ને દૂર કરવામાં અસફળ બન્યા વિના ન રહે...

બાળકનો વિકાસ રુંધાઇ જાય... સેવકનું ભવિષ્ય અંધકારમય બને તો ભક્ત ભગવાનને ન પામી શકે...

આપણે આપણા જીવન તરફ નજર કરીએ આપણને ખ્યાલ આવે કે જ્યાં સમ્યગ્ શ્રદ્ધા છે ત્યાં જ સફળતા છે... જ્યાં સમ્યગ્ શ્રદ્ધા છે ત્યાં જ સિદ્ધિ છે.

તો સફળતા મેળવવા... સિદ્ધિ મેળવવા... એક પગથિયું છે સમ્યગ્ શ્રદ્ધા...

એ માટે તો વીતરાગ પરમાત્માના શાસનમાં સમ્યગ્ દર્શનનું મહત્વ છે... સમ્યગ્ દર્શન એ મોક્ષનો પાયો છે. સમ્યગ્ દર્શન એટલે જ વીતરાગ પરમાત્માના બતાવેલા માર્ગમાં અતુટ... અખંડ... અપૂર્વ... **શ્રદ્ધા.**

આપણે જિનવાણી સાંભળીએ છીએ... એમાંથી કાંઇક જીવનમાં ઉતારીએ છીએ... પરંતુ એ જિનવાણી પ્રત્યે આપણને શ્રદ્ધા કેવી ? શ્રદ્ધામાં મજબૂતી કેવી ? ક્યાંક વિશ્વાસ બેસે... ક્યાંક અવિશ્વાસ ઉભો થાય... આમ ડગમગ-ડગમગ થતી આપણી જીવન ગાડી આગળ વધતી રહે તો એમાં સાચી સાધના ક્યાંથી સંભવે ? શ્રદ્ધા જેટલી મજબૂત એટલી સફળતા સત્વરે મળે... અલ્પ પ્રયાસે મળે...

આજે આપણી પાસે જ્ઞાન ઘણું છે... આપણી પાસે ક્રિયાઓ ઘણી છે... અનુષ્ઠાન ઘણા છે... આરાધનાઓ ઘણી છે... આડંબર ઘણો છે પરંતુ એક જ ખામી છે **શ્રદ્ધાની !**

શ્રદ્ધા ન હોય તો સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકા પંડિત કે વિદ્વાન પણ જીવનભર સર્વ કરવા છતાં સિદ્ધિ ન જ પામી શકે. આપણે રખડીએ છીએ એ શ્રદ્ધા વિના... આપણે મંઝિલ ઉપર પહોંચશું શ્રદ્ધાના સથવારે...

એક હતું ગામ...

બરાબર વચ્ચે એક મોટી નદી...

તેથી ગામ બે ભાગમાં વહેંચાયેલું હતું...

નદિના એક કિનારેથી સામે બીજા કિનારે જવું હોય તો હોડિનો સહારો લેવો પડતો... ઘણા હોડકાઓ ચાલતાં... એક આનામાં સામે પાર પહોંચાડતા...

ગામમાં એક દુધવાળી બાઇ રોજ દુધ વેંચવા સામે કિનારે હોડીમાં બેસીને જતી. જતાં એક આનો... આવતાં બીજો આનો એમ બે આના ખરચવા પડતાં... સવાર-સાંજના ચાર આના થઇ જતા...

ગામ ધાર્મિક વૃત્તિનું હતું... બધા પોતપોતાની રીતે પ્રભુભક્તિ કરી જીવનને સફળ બનાવતા હતા...

એકદા નદીની એક બાજુ શ્રીકૃષ્ણનું મંદિર હતું... ત્યાં ભાગવત કથા ચાલતી હતી... ભાવિકો લાભ લેતા હતા...

નદીની બીજી બાજુ શ્રી રામનું મંદિર હતું... ત્યાં રામાયણની કથાનું વાંચન ચાલુ હતું... ભક્તો કથા સાંભળી ધન્યતા અનુભવતા હતા...

દુધવાળી વિચારવા લાગી, ગામના લોકો ખરેખર પુણ્યશાળી છે. કથાનો લાભ લઇ રહ્યા છે... હું અભાગણ આખો દિવસ કામમાંથી જ નવરી થતી નથી... એક બાઇને દુધ આપતાં બળાપો કાઢ્યો... તમે કેવા નસીબદાર છો કથા સાંભળો છો મારા નસીબમાં તો કામ જ કામ લખાયેલું છે... કથા માટે સમય જ મળતો નથી...

દુધ લેતા લેતાં પેલા બેને કહ્યું – 'સંસાર અને સંસારનું કામ જ એવું છે કે એમાંથી તમને કે અમને ક્યારેય સમય મળતો જ નથી... મળવાનો જ નથી... પણ સમયમાંથી સમય ખેંચીને કાઢીને પણ કથા તો સાંભળવી જ જોઇએ... કામ તો જિંદગીભરનું છે.'

દુધવાળી બાઇને વાત સાચી લાગી... એ ગઇ કથા સાંભળવા... રામાયણમાં સેતુબંધની વાત ચાલુ હતી. ''લંકામાં રામભક્ત વાનરો પત્થર ઉપાડી 'સિયા રામચંદ્રકી જય' બોલતા જાય અને પત્થર પાણીમાં નાંખતા જાય... પત્થર પાણીમાં તરવા લાગ્યા... બરાબર એક બીજા સાથે ગોઠવાઇ ગયા... સેતુ તૈયાર થયો... એના ઉપરથી વાનર સેના લંકામાં પહોંચી ગઇ...'' આ વાત કથાકારના મુખે સાંભળી દુધવાળી બાઇ રાજીની રેડ થઇ ગઇ... કથાકારને પ્રણામ કર્યા... મનમાં વિચારવા લાગી... ''ભલે કથામાં આવી... મારૂં તો ખરેખર કલ્યાણ થઇ ગયું.''

દુધવાળી બાઇ નદી કિનારે પહોંચી... મોટો પત્થર ઉપાડ્યો અને ''સિયા રામચંદ્ર કી જય'' બોલીને પાણીમાં નાંખ્યો અને ખરેખર તરવા લાગ્યો... દુધનો હાંડો લઇને બાઇએ પત્થર ઉપર બેસી ગઇ. પત્થરતો સડસડાટ સામે કિનારે ચાલવા લાગ્યો... થોડીવારમાં તો સામે કિનારે પહોંચી ગઇ... બસ ! હવે તો હું દરરોજ કથામાં જઇશ. આપણે કથા-પ્રવચન સાંભળીએ છીએ... ભૌતિક સુખની કે આત્મ કલ્યાણની ? આપણને રસ શેમાં ભૌતિક પ્રાપ્તિમાં કે અધ્યાત્મિક પ્રગતિમાં...

અહીં કથા સાંભળતા સાંભળતા મહિનો થવા આવ્યો. દુધવાળી બાઇને વિચાર આવ્યો મારા બધા જ લાભનું કારણ આ કથાકાર છે. એક દિવસ એમને ઘેર લઇ જાઉં... જમાડું... ભક્તિ કરી લાભ લઉં...

બહેને અતિ આગ્રહ કરીને કથાકાર પંડિતજીને ઘેર પધારવા આમંત્રણ આપ્યું. એમણે આમંત્રણનો સ્વીકાર કર્યો... બહેન આગળ ચાલવા લાગ્યા... કથાકાર પાછળ આવવા લાગ્યા... નદી કિનારે પહોંચતા જ બહેને પત્થર ઉપાડી ''સિયાવર રામચંદ્ર કી જય બોલીને નદીમાં પત્થર નાંખ્યો... બાઇ એના ઉપર બેસી ગઇ... પત્થર તરવા લાગ્યો... બહેને પાછું વળીને જોયું તો કથાકાર પંડિત કિનારા ઉપર ઉભા હતા... બહેને કહ્યું - ''પંડિતજી ! તમે પણ મારી જેમ ચાલ્યા આવો... '' ''પંડિતજી ત્યાં જ ઉભા રહ્યા... બહેન એમની મુંઝવણ સમજી ગયા...પાછા કિનારા તરફ વળ્યા... કિનારે આવી બીજો મોટો પત્થર પડ્યો હતો એને ''સિયાવર રામચંદ્રકી જય'' બોલીને પાણીમાં નાંખ્યો... તે પણ તરવા લાગ્યો. બહેને પંડિતજીને કહ્યું - ''તમે આના પર બેસી જાવ.'' બન્ને સામે કિનારે પહોંચી ગયા... દુધવાળી બાઇ એ ઘણી જ ભક્તિથી પંડિતજીને જમાડ્યા... અને ફરીથી પત્થર ઉપર ચડીને સામે કિનારે એમના મંદિરમાં પહોંચાડી દીધા...

પાછા વળતાં દુધવાળી બાઇના ચરણોમાં પંડીતજી પડ્યા અને બોલ્યા - ''બાઇ ! તું જ મારી ગુરુ છે.''

બાઇ પાછળ હટી ગઇ... ''અરે પંડિતજી ! તમે જ મારા ગુરુ છો... હું તમને પગે લાગું એના બદલે તમે મારા પગમાં પડીને મને કેમ પાપમાં નાંખો છો.''

''બાઇ ! ઘણા વરસોથી રામાયણ વાંચું છું... કેટલીય વાર રામના નામથી પત્થર તરે છે એવું દ્રષ્ટાંત આપ્યો છે... પણ મને પોતાને એ વાત ઉપર શ્રદ્ધા કે વિશ્વાસ ક્યારેય થયો નથી... પણ બહેન તમને પ્રત્યક્ષ એ કરતાં જોઇને મને આશ્ચર્ય થયું છે... શ્રદ્ધા મજબૂત બની છે... બેન

એટલે જ આજથી તમને મારા ગુરુ માન્યા છે.''

જે કાર્ય વરસોની સાધના ન કરી શકે તે કાર્ય શ્રદ્ધાથી ક્ષણમાં સિદ્ધ થઇ ગયું...

તીર્થંકર પરમાત્મા સર્વજ્ઞ હતા...

તીર્થંકર પરમાત્મા નિઃસ્વાર્થ હતા...

તીર્થંકર પરમાત્મા પંચમહાવ્રતધારી હતા. એમને અસત્ય બોલવાનું કોઇ પ્રયોજન ન હતું... એમણે તો પોતાના કૈવલ્ય જ્ઞાનમાં જે જોયું એ આપણા કલ્યાણ માટે પ્રરૂપ્યું. એમાં અશ્રદ્ધા રાખવાનું આપણને કોઇ કારણ નથી છતાં શ્રદ્ધા રાખી નથી તે વાસ્તવિકતા છે... શ્રદ્ધા વિના આત્મકલ્યાણ નથી એ પણ અટલ સત્ય છે. શ્રદ્ધાની મુડીને મજબૂત બનાવવા સવિશેષ પુરૂષાર્થ કરવાની આવશ્યકતા છે. પરમાત્મા પ્રત્યે પરમ સદ્ભાવ... સન્માન ભાવ જાગૃત થાય તો જ એમના પ્રત્યે... એમની વાણી પ્રત્યે શ્રદ્ધા મજબૂત બને.

સમ્યગ્દર્શન પદની સાધના જ આપણને તારશે...

સમ્યગ્ - દર્શન પદની આરાધના માટે વારંવાર પરમાત્માના દર્શન, વિશેષ પ્રકારે પરમાત્માની અષ્ટપ્રકારી પૂજા... અસાધારણ ભક્તિ... એકાગ્રતા પૂર્વક જાપ અને ધ્યાનની સાધના કરતા જઇએ તો અવશ્ય સફળતા મળે...

આઠમ-પક્ખી આદિ પર્વ તિથિના દિવસે ગામમાં રહેલા સર્વ જિનાલયોને જુહારીએ... સ્નાત્ર પૂજા મોટા મહોત્સવ પૂર્વક ભણાવીએ... વિધિ પૂર્વક તીર્થયાત્રાઓ અને તીર્થભક્તિ કરીએ તો પણ દર્શન પદની આરાધના થાય છે.

જિનેશ્વર પરમાત્માનું જિનાલય બનાવીએ... પ્રભુજીની પ્રતિમાઓ ભરાવીએ... વિધિપૂર્વક પ્રતિષ્ઠા કરાવીએ... જિનાલયોના જિર્ણોદ્ધાર કરાવીએ... જિનાલયો સારી રીતે સાચવીએ... દેવદ્રવ્યનો યોગ્ય વહિવટ કરીએ... દેવદ્રવ્યમાં વૃદ્ધિ કરીએ તો પણ દર્શન પદની આરાધના કરી એમ કહેવાય છે.

ચાલો ! સમય... સંયોગ... અનુકુળતા મુજબ સવિશેષ દર્શન પદની આરાધના કરી સમ્યગ્ દર્શનના સ્વામી બનીએ... સમ્યગ્ દર્શનને નિર્મળ બનાવીએ... ક્ષાયિક સમકિતની ભાવના ભાવીએ...

**ક્ષાયિક સમકિતજી આશા રખાંતો, હથ જોડિને હે તરો મંગાતોં;**
**''ભદ્ર'' નમાર્યે શિશ... મુકેં પણ તાર્યો તાર્યો મહાવીર...**

## ૪

## પ્રતિક્રમણ (છ આવશ્યક)

સાંજ પડે... સૂર્ય અસ્તાચલે જાય... પંખીઓ પોતાના માળામાં પાછા ફરે...

ગાયોના ધણ જંગલમાંથી ગામમાં આવે... ભણવા કે રમવા ગયેલા બાળકો ઘરભણી પાછા વળે...

કામધંધે ગયેલા માનવીઓ ઘર ભેગા થાય...

બસ ! આજ પ્રમાણે પરમાત્માના શાસનમાં કેવળ બહારથી નહીં અંદરથી પણ પાછા ફરવાની એક અદ્‌ભૂત આરાધના સાધક માટે... સાધુ-સાધ્વીજી ભગવંત માટે શ્રાવક શ્રાવિકા માટે જણાવી છે.

સવારનો ભૂલ્યો જો સાંજે ઘરે પાછો ફરે તો ભૂલ્યો, ભૂલ્યો કહેવાતો નથી.

ત્રિલોક નાથનું શાસન કહે છે કે વસવાનું તો સ્વમાં જ છે. પરંતુ મોહથી, પ્રમાદથી કે અજ્ઞાનથી આપણે સ્વમાંથી પરમાં ચાલ્યા જઈએ તો આપણે આપણી મર્યાદા ચુકીએ અને આપણી મર્યાદામાંથી બહાર નિકળી જઈએ તે અતિક્રમણ કહેવાય. જ્યારે આપણને આપણી મર્યાદાનો ખ્યાલ આવે અને આપણે પાછા ફરીએ તે ક્રિયા પ્રતિક્રમણ કહેવાય.

આજના પંચમકાળમાં... કલિયુગમાં આપણને મોહ-પ્રમાદ અને અજ્ઞાનના કારણે મર્યાદા ચૂક્યાનો કે આપણે સ્વમાંથી બહાર આવી ગયાનું ભાન જ રહેતું નથી એ માટે આપણા ઉપર મહા ઉપકાર કરી પરમાત્માએ સવાર-સાંજ પ્રતિક્રમણની સુંદર વ્યવસ્થા આપણી સમક્ષ મૂકી. પ્રતિક્રમણને આવશ્યક કહ્યા જે પ્રભુ શાસનને પામેલા સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકાને માટે અવશ્ય કરવાના કર્તવ્ય રૂપે જણાવ્યા.

स्वस्थानाद् यत् परस्थानं, प्रमादस्य वशाद् गतः ।

तत्रैव क्रमेशं भूयः, प्रतिक्रमणमुच्यते ।।

પ્રમાદના વશથી સ્વસ્થાનથી જે પરસ્થાનમાં જવાનું થયું હોય ત્યાંથી ફરીને સ્વસ્થાનમાં પાછા ફરવું તે પ્રતિક્રમણ કહેવાય છે.

ઉત્તરાધ્યયન સૂત્રના સમ્યગ્દર્શન અધ્યયનમાં પ્રભુને પ્રશ્ન પૂછવામાં આવ્યો છે - **હે પૂજ્ય ! પ્રતિક્રમણથી જીવ શું પામે છે ?''**

**પ્રશ્નનો જવાબ આપતાં પ્રભુ શ્રી મહાવીરસ્વામી જણાવે છે - ''પ્રતિક્રમણથી સાધક વ્રતના છિદ્રોને ઢાંકી દે છે. શુદ્ધ વ્રતધારી બને છે. આશ્રવથી નિવૃત્ત થાય છે.**

**અષ્ટ પ્રવચનમાતાના પાલનમાં સાવધાન બને છે. વિશુદ્ધ ચારિત્ર મેળવી સંયમ યોગથી અલગ ન થતાં જીવન પર્યંત સમાધિપૂર્વક સંયમમાં વિચરે છે.''**

સામાન્ય દેખાતી પ્રતિક્રમણની સાધના કેટલી મહાન છે ? કેવો ઉત્તમ એનો લાભ છે ?

સંસાર સાગરથી તારવા માટે પરમાત્મા પ્રરૂપિત વ્રત-નિયમ અને પચ્ચક્ખાણાદિ છે. પણ આ બધા વ્રત - નિયમોમાં લાગતા દોષોના નિવારણ માટેના માર્ગ ન હોય તો જીવનમાં વ્રત શુદ્ધિ કેમ સંભવિત બની શકે ? અર્થાત્ વ્રત શુદ્ધિ ન સંભવે. પણ આપણે કેવા ભાગ્યશાળી છીએ કે આપણા સ્વીકારેલા વ્રતોના દોષોને ટાળવા અને શુદ્ધ બનવા આપણને પ્રતિક્રમણનો અમુલ્ય માર્ગ મળ્યો છે.

સાગરને તરવા નાવ હોય પણ નાવમાં છિદ્રો પડે તો નાવ તારવાને બદલે ડૂબાડી દે તેવી જ રીતે વ્રતો ભવસાગર તરવા માટે નાવ સમાન છે એમાં છિદ્રો પડે.. દોષોનું, અતિચારોનું સેવન થાય તો એમને જલ્દી પૂરવા જ રહ્યા. અન્યથા આપણે તરવાને બદલે ડૂબી જઇએ. સાગરની મુસાફરી કરનાર માટે નાવના છિદ્રોને પુરવાનું કામ એટલું અગત્યનું મહત્વનું છે તે આપણે જાણીએ છીએ એનાથી પણ વધારે અગત્યનું કાર્ય વ્રતોમાં લાગેલા છિદ્રોને ઢાંકી દેવાનું છે. તેથી જ જિનશાસનમાં પ્રતિક્રમણને સાધુ અને શ્રાવકને અવશ્ય કરવા યોગ્ય ક્રિયા કે અનુષ્ઠાન કહ્યું છે.

આવશ્યક સૂત્રની ટિકામાં હરિભદ્રસૂરિ મહારાજે પ્રતિક્રમણના આઠ પર્યાયવાચક નામ કહ્યા છે.

(૧) પ્રતિક્રમણ (૨) પ્રતિચરણા (૩) પરિહરણા (૪) વારણા (૫) નિવૃત્તિ (૬) નિંદા (૭) ગર્હા અને (૮) શોધિ.

પ્રતિક્રમણ દેવસિક આદિ પાંચ ભેદવાળું છે.

૧. દિવસને અંતે જે કરાય... દિવસ દરમ્યાન જે અશુભ યોગોમાં પ્રવૃત્તિ થઇ હોય એની નિવૃત્તિરૂપ જે પ્રતિક્રમણ કરાય તે **દેવસિક પ્રતિક્રમણ** કહેવાય.

૨. રાત્રિને અંતે જે કરાય... રાત્રિ દરમ્યાન જે અશુભ યોગોમાં પ્રવૃત્તિ થઇ હોય ત્યાંથી પાછા ફરવાની જે નિવૃત્તિરૂપ જે ક્રિયા કરાય તે **રાઈ પ્રતિક્રમણ** કહેવાય.

૩. પક્ષને અંતે જે કરાય... પક્ષ દરમ્યાન જે અશુભ યોગોમાં પ્રવૃત્તિ થઇ હોય એમાંથી પાછા ફરવાની નિવૃત્તિરૂપ જે ક્રિયા કરાય છે તે **પક્ખી પ્રતિક્રમણ (પાક્ષિક પ્રતિક્રમણ)**

કહેવાય.

૪. ચાર માસને અંતે જે કરાય... ચાર માસ દરમ્યાન જે અશુભ યોગોમાં પ્રવૃત્તિ થઇ હોય ત્યાંથી પાછા ફરવાની નિવૃત્તિરૂપ જે ક્રિયા કરાય છે તે **ચોમાસી (ચાતુર્માસિક) પ્રતિક્રમણ** કહેવાય.

૫. વર્ષને અંતે જે કરાય... વર્ષ દરમ્યાન જે અશુભ યોગોમાં પ્રવૃત્તિ થઇ હોય ત્યાંથી પાછા ફરવાની નિવૃત્તિ રૂપ જે ક્રિયા કરાય છે તે **સાંવત્સરિક પ્રતિક્રમણ** કહેવાય છે.

પ્રભુ મહાવીરસ્વામિએ વૈશાખ સુદી અગિયારસના શુભ દિને શ્રી ચતુર્વિધ સંઘની સ્થાપના કરી. ત્યાર પછી તે દિવસથી શ્રી સંઘે પ્રતિક્રમણનો પ્રારંભ કર્યો... શ્રી સંઘે પ્રથમ દેવસિક પ્રતિક્રમણ કર્યું તેથી એનો ક્રમ પહેલો રાખવામાં આવ્યો છે.

દેવસિક હોય કે રાઇ પ્રતિક્રમણ હોય પ્રત્યેક પ્રતિક્રમણમાં છ આવશ્યકનો સમાવેશ થાય છે. આ છ આવશ્યકના નામ નીચે પ્રમાણે છે –

**૧. સામાયિક આવશ્યક ૨. ચઉવિસત્થો (ચતુર્વિંશતિ) આવશ્યક. ૩. વાંદણા આવશ્યક ૪. અતિચાર આવશ્યક ૫. કાયોત્સર્ગ આવશ્યક ૬. પચ્ચક્ખાણ આવશ્યક.**

આપણી કોઇ પણ ભુલ થઇ હોય... એમાંથી પાછા હટવું હોય... તો પ્રથમ આપણે શાંત થવું પડે... આપણા કાર્યોને યાદ કરી ભુલ શોધવી પડે. ભુલોનો દેવ-ગુરુની સાક્ષીએ સ્વીકાર કરવો પડે... કોઇ પણ કાર્ય કરતાં પહેલાં દેવ-ગુરુને નમસ્કાર કરવા પડે. આપણી ભૂલોનો સ્વીકાર કરી એમને જીવનમાંથી સદા માટે વિદાય આપવી પડે... એ માટેનું પ્રાયશ્ચિત અને પચ્ચક્ખાણ કરવું પડે.

પ્રતિક્રમણની ક્રિયાને ઓપરેશનની સાથે સરખાવી શકાય. ઓપરેશન પછી થાય છે પહેલા ડૉક્ટર આપણા શરીરમાં રહેલા બગાડને ખરાબીને શોધી કાઢે છે. સાધક પોતાના જીવનમાં રહેલા દોષોને શોધી કાઢે છે. વિવિધ પ્રકારના નિષ્ણાતોની હાજરીમાં ખરાબ ભાગને યા તો રીપેર કરવામાં આવે છે. અથવા એમને જીવનમાંથી કાઢી નાંખે છે... સાધક દેવ-ગુરૂની હાજરીમાં (સાક્ષીએ) ભુલોનો – દોષોનો સ્વીકાર કરીને એમને જીવનમાંથી કાઢી નાંખે છે.. કાઢી નાખવા ક્ષમાની સાધના સાથે પુરૂષાર્થ કરે છે. પછી કાયોત્સર્ગ અને પચ્ચક્ખાણ દ્વારા એની વિશેષ શુદ્ધિ કરે છે. એટલા માટે જ છ આવશ્યક જણાવવામાં આવ્યા

છે. હવે આપણે આ છ આવશ્યકને ક્રમસર સમજવા પ્રયત્ન કરીએ.

**૧. સામાયિક આવશ્યક :-** પાણી સ્થિર હોય તો એમાં કોઇ પણ વસ્તુનું પ્રતિબિંબ દેખાય. તેવી જ રીતે આપણા મનમાં સમાધિ હોય ત્યારે જ આપણું સ્વયંનું જીવન કેવું છે ? એનું સાચું પ્રતિબિંબ દેખાય. આપણી ભૂલોનું સંશોધન કરવું હોય... ભૂલોથી પાછા હટવું હોય તો સમતા - સમાધિ યુક્ત સામાયિક અત્યંત આવશ્યક છે. આ તો પ્રતિક્રમણનું પ્રવેશદ્વાર છે. તેથી પ્રતિક્રમણ કરવા પ્રથમ સામાયિકનો સ્વીકાર અનિવાર્ય બને છે.

**૨. ચઉવિસત્થો આવશ્યક :-** કોઇ પણ શુભ કાર્ય કરવું હોય તો દેવ-ગુરૂને વંદના કરી એમના આશીર્વાદ મેળવવા જોઇએ. અહીં પોતાની ભુલોને શોધી એમાંથી પાછા હટવાની વિશિષ્ટ કોટિની પ્રતિક્રમણની ક્રિયા કરવા માટે પ્રથમ અરિહંત પરમાત્માની સ્તવના કરવાની છે. ચોવિસ તીર્થંકરોની સ્તુતિ - નમસ્કાર કરીને કાર્ય સફળ બનાવવાનું છે. આ આવશ્યકમાં લોગસ્સ દ્વારા આરાધક ચોવીસ તીર્થંકરોની ભક્તિનો લાભ લે છે.

**૩. વાંદણા આવશ્યક :-** પોતાના જીવનના દોષો અને ભુલોનો... અતિચારોનો જ્યારે ગુરુ સાક્ષીએ સ્વીકારી કરીને એ માટે ''મિચ્છામિ દુક્કડં'' કરવાનું છે ત્યારે પ્રથમ જીવનના અહંકારનો ત્યાગ કરી વિનય અને નમ્રતા દર્શાવવા ગુરુ વંદન કરવા માટે ત્રીજું આવશ્યક છે.

**૪. અતિચાર / પ્રતિક્રમણ આવશ્યક :-** છ આવશ્યકોમાં આ અતિ મહત્વનું આવશ્યક છે. આ આવશ્યક દરમ્યાન સાધક પોતાના જીવનના વ્રતો અને નિયમોમાં લાગેલા અતિચાર અને ભૂલોને શોધે છે... યાદ કરે છે અને ગુરુ સાક્ષીએ એમની મન-વચન-કાયાથી ક્ષમા યાચના કરે છે. આત્મ જાગૃતિ અને આત્મનિર્મળતા માટેની આ વિશિષ્ટ ક્રિયા-આરાધના છે. આ આવશ્યકનો મુખ્ય હેતુ વિશ્વમૈત્રી અને શુભ ભાવના છે.

**૫. કાયોત્સર્ગ / કાઉસગ્ગ આવશ્યક :-** અંધકારમાંથી પ્રકાશ તરફ અને અપૂર્ણતામાંથી પૂર્ણતા તરફ લઇ જનાર આ ધ્યાનના અભ્યાસની ક્રિયા છે. શરીરની મમતાનો ત્યાગ કરી આત્મ સ્વરૂપમાં રમણતા કરવાની છે. આથી મનની એકાગ્રતા કેળવાય છે અને પોતાના સાચા સ્વરૂપને જોવા અને વિચારવાની તક મળે છે.

**૬. પ્રત્યાખ્યાન / પચ્ચક્ખાણ આવશ્યક :-** આ આવશ્યકમાં ઈચ્છાઓનો નિરોધ કરવા ભોગસામગ્રીની મર્યાદા કરવા માટે ધાર્મિક નિયમ લેવામાં આવે છે. એનાથી સંતોષ

આવે છે. મન શાંત બને છે અને ઈન્દ્રિયોની માંગો ઘટી જાય છે. સામાન્ય રીતે સવારના (રાઈ) પ્રતિક્રમણમાં નવકારસીનું અને સાંજના (દેવસિક) પ્રતિક્રમણમાં ચોવિહારનું પચ્ચક્ખાણ લેવામાં આવે છે.

સંસારના રોગમાંથી મુક્ત કરાવી આત્માના સાચા આરોગ્યને પ્રાપ્ત કરાવનાર પ્રતિક્રમણની ક્રિયાના છ આવશ્યકને નિરોગી બનાવનાર ઓપરેશનની ક્રિયા સાથે સરખાવવામાં આવે છે. આ સરખામણી સંક્ષિપ્તમાં આ પ્રમાણે છે –

**(૧) સામાયિક આવશ્યક** – જેને પોતાના જીવનનાં દોષો કાઢી નાખવા હોય એમેના માટે સામાયિક આવશ્યકમાં પ્રવેશ અત્યંત આવશ્યક છે જેમ શરીરના સડેલા ભાગને કાઢી નાખવા ઓપરેશન કરાવવા ઈચ્છનારે હોસ્પીટલમાં પ્રવેશ કરવો પડે છે. તેથી સામાયિક આવશ્યકને હોસ્પિટલ સાથે સરખાવવામાં આવે છે.

**(૨) ચઉવિસત્થો આવશ્યક** – ચઉવિસત્થો આવશ્યકની સર્જન ડૉક્ટર સાથે સરખામણી કરવામાં આવે છે. સર્જન ડૉક્ટર જેમ રોગના જાણકાર અને એનાથી મુક્ત કરનાર છે તેવી જ રીતે આત્માના રોગના જાણકાર અને એનાથી મુક્ત કરનાર અરિહંત પરમાત્મા છે.

**(૩) વંદન આવશ્યક** – અરિહંત પરમાત્માના માર્ગને આપણા સુધી પહોંચાડનાર અને એ માર્ગ દ્વારા આત્મશુદ્ધિમાં સહાયક બનનાર ગુરુ ભગવંત છે જેવી રીતે દેહના રોગમાંથી મુક્ત કરનાર સર્જન ડૉક્ટરના સહાયક આસિસ્ટન્ટ ડૉક્ટર છે.

**(૪) પ્રતિક્રમણ આવશ્યક** – જેના કારણે કાયા રોગથી ઘેરાયેલી છે તે સડેલા ભાગને કાઢી નાખવાની ક્રિયા તેને ઓપરેશન કહેવાય છે. તેવી જ રીતે જે દોષોના કારણે આત્મા જન્મ-મરણના રોગથી ઘેરાયેલો છે તે દોષોને કાઢી નાખવાની ક્રિયા તે પ્રતિક્રમણ આવશ્યક છે. પ્રતિક્રમણ આવશ્યકને ઓપરેશનની ક્રિયા સાથે સરખાવી શકાય છે.

**(૫) કાયોત્સર્ગ આવશ્યક** – ઓપરેશન કર્યા પછી જખમની મલમપટ્ટી કરવી જરૂરી હોય છે. આ મલમપટ્ટીની ક્રિયા સાથે કાયોત્સર્ગ આવશ્યકની સરખામણી થઇ શકે છે. કાયોત્સર્ગ એ આત્માની મલમપટ્ટી છે.

**(૬) પચ્ચક્ખાણ આવશ્યક** – ઓપરેશન કર્યા પછી મલમપટ્ટી કરવામાં આવે છે અને મલમપટ્ટી કર્યા પછી પાટાપિંડી કરવામાં આવે છે. પાટાપિંડીની સરખામણી છઠ્ઠા અને છેલ્લા પચ્ચક્ખાણ આવશ્યક સાથે કરી શકાય છે. પાટાપિંડી જેમ જખમને રૂઝ લાવવામાં સહાયક

બને છે. અને બીજા દોષોથી બચાવે છે તેમજ પચ્ચક્ખાણ આવશ્યક આત્માની નિરોગિતા જાળવી રાખવામાં સહાયક બને છે.

આત્માની નિર્મળતા જે સાધકને પ્રાપ્ત કરવી હોય એણે તો જ્યાં જ્યાં દોષ લાગે... જ્યારે જ્યારે દોષ લાગે ત્યારે ત્યારે તેને જલ્દીથી અત્યંત જાગૃત્તિ પૂર્વક પશ્ચાતાપ પ્રતિક્રમણ અને પ્રાયશ્ચિત દ્વારા દૂર કરવું જ રહ્યું. જાણતા-અજાણતા આપણા હાથે ઘણા દોષનું સેવન થઇ જાય છે. ક્યાંક જીવ વિરાધના થઇ જાય... ક્યારેક અસત્ય બોલાઇ જાય... કદીક અદત્તાદાનનું સેવન થઇ જાય... કોઇ સામે ક્રોધ-માન થઇ જાય... કોકની સાથે માયા-કપટની બાજી રમાઇ જાય... આવા તો કેટલાય દોષોથી ખરડાયેલું હશે આપણું જીવન ! ખરેખર આત્માને આ પાપના ભારથી હળવો બનાવવો છે ? તો પ્રતિક્રમણની શરણાગતિ અનિવાર્ય છે.

પાપના ભારથી જે જે ભય પામ્યા છે એમણે પ્રતિક્રમણની શરણાગતિ સ્વીકારી આત્માને પાપથી હલકો હળવો ફૂલ બનાવ્યો છે. યાદ કરો બાળસાધુ અઈમુત્તામુનિને !

અજ્ઞાનતાથી બાળરમત રમવા લાગ્યા. પોતાનું પાત્ર પાણીમાં નાખી નાચવા માંડ્યા... ‘‘મારી નાવ તરે છે...’’ ‘‘મારી નાવ તરે છે.’’

વડિલમુનિએ આ દૃશ્ય નિહાળ્યું, ઠપકો આપતા કહ્યું - ‘‘વત્સ ! તારી આ રમત કેટલા જીવોની ઘાતક બનશે ? તે આ સાવદ્ય (પાપકારી) ક્રિયા કરી. પાણી અને માટીના જીવોને કિલામણા કરી... એમની વિરાધના કરી.’’

આ વાત સાંભળતાં જ પાપભીરું અઈમુત્તામુનિ ભગવાન મહાવીરસ્વામી પાસે પહોંચી ગયા. પાપનો રડતી આંખે સ્વીકાર કર્યો. પશ્ચાતાપ કરતાં પ્રાયશ્ચિત માંગ્યું. ભગવંતે ઈરિયાવહિ પડિકમ્મિ સર્વ જીવો પાસે મિચ્છામિ દુક્કડં માંગવા કહ્યું. બાલમુનિ અઈમુત્તા ઇરિયાવહીનો પાઠ બોલવા લાગ્યા... **પણ-ગદગ, પણ-ગદગ, પણ-ગદગ...** બોલતાં બોલતાં અંતરમાં ઉહાપોહ થયો. મારા જીવે પાણી અને માટીના જીવોને દુભાવ્યા... હેરાન કર્યા... ખલાસ કર્યા... પશ્ચાતાપ અને પશ્ચાતાપમાં ઘાતિ કર્મ તોડી નાંખી કેવળ દર્શન અને કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું.

ભગવંતે જણાવેલ એ જ ઇરિયાવહિનું સૂત્ર અને ભગવાને બતાવેલ પ્રતિક્રમણનો રાજમાર્ગ આજે પણ આપણી પાસે છે. પણ સાચા પ્રતિક્રમણ માટે જરૂરી પાપભીરૂતા અને

પશ્ચાતાપ આપણી પાસે ખુટી રહ્યા છે. જો જડી જશે તો જીવન સફળ બની જશે.

પ્રતિક્રમણ ચાર કારણે કરવું જોઇએ. આ ચાર કારણ જણાવતાં કહે છે - (૧) જિનેશ્વર પરમાત્માએ નિષેધેલા કાર્ય કરવાથી (૨) જિનેશ્વર પરમાત્માએ કહેલા કરવા યોગ્ય કાર્ય ન કરવાથી (૩) જિનેશ્વર પરમાત્માએ કહેલા વચનોમાં શંકા કરવાથી અને (૪) જિનાગમથી વિરૂદ્ધ તત્વની પ્રરૂપણા કરવાથી જે જે પાપ લાગ્યું હોય તે દૂર કરવા પ્રતિક્રમણ કરવું જોઇએ.

અનંત ઉપકારી પરમાત્માએ આત્માના અનંત કલ્યાણ માટે પ્રરૂપેલા ચમત્કારી પ્રતિક્રમણની સાધનાનો સાચો સાક્ષાત્કાર કરી આપણે આત્મનિર્મળતાના સાચા સ્વામી બનીએ એ જ ઈચ્છનીય છે.

જીવનમાં જાણતાં-અજાણતાં થઇ ગયેલા પાપોનું શુદ્ધ ભાવથી જો પ્રતિક્રમણ કરવામાં આવે તો જીવનમાંથી પાપોનો ક્ષય થાય છે... નાશ થાય છે. જીવન શુદ્ધ અને સાત્વિક બને છે... દુર્ગતિનો ભય દૂર થાય છે. આત્મા સદ્‌ગતિ તરફ પ્રયાણ કરે છે. જીવનમાં અવશ્ય કરવા યોગ્ય આ શ્રાવકનું કર્તવ્ય છે. પ્રતિકમણના મહત્વને સમજનાર શ્રાવક માહણસિંહની જેમ ગમે તેવી પરિસ્થિતિમાં પણ પ્રતિક્રમણના કર્તવ્યને ચુકતો નથી.

માહણસિંહ દિલ્હીના ફિરોજશાહ બાદશાહના મંત્રીશ્વર હતા... પ્રતિક્રમણના મૂલ્યને જાણનારા એના અદ્‌ભૂત આરાધક હતા. યુદ્ધની ભૂમિ ઉપર ખૂનખાર જંગ ખેલાતો હોય તેવા સમયે પણ પ્રતિક્રમણ ન ચુકતા... સમય થાય એટલે પ્રતિક્રમણ કરતા અને એ સમયે રાજાજ્ઞાથી તેની ચારે બાજુ સૈન્ય ગોઠવાઇ જઇને તેમની રક્ષા કરતું.

રાજાએ એકદા વગર વાંકે મંત્રીશ્વર માહણસિંહને જેલમાં પૂરી દીધો... એના બન્ને પગમાં બેડીઓ નાંખવામાં આવી... સાંજ પડી - પ્રતિક્રમણનો સમય થયો... બન્ને હાથ-પગમાં બેડીઓ છે... પ્રતિક્રમણ કેમ કરવું ?... મંત્રીશ્વરની આંખમાં આંસુ ધસી આવ્યા... જેલરે દયાથી પ્રેરાઇને પ્રતિક્રમણના સમય પૂરતી બેડીઓ કાઢી નાંખી... આવો ક્રમ કેટલાક દિવસ ચાલ્યો...

સમય જતાં રાજાને પોતાની ભૂલ સમજાણી. રાજાએ માહણસિંહને છૂટો કર્યો... ઘરે આવીને માહણસિંહે તરત જ જેલરને બોલાવ્યો... એની સહાયતાથી જેટલા પ્રતિક્રમણ થયા હતા એટલી સોનામહોર એને ભેટ ધરી.

નકામી વાતોમાં અને કામોમાં સમય ગુમાવનાર આપણને ક્યારે સમજાશે પ્રતિક્રમણના મૂલ્ય ?

### પાંચ પ્રતિક્રમણ શા માટે ?

પ્રતિક્રમણનો સીધો સંબંધ આપણા કષાયથી ક્રોધ-માન-માયા-લોભ સાથે છે. આ કષાયના ચાર-ચાર પ્રકાર છે. (૧) અનંતાનુબંધી (૨) અપ્રત્યાખ્યાનાવરણીય (૩) પ્રત્યાખ્યાના વરણીય અને (૪) સંજ્વલન.


કોઇ પણ કષાય જો જાવત્જીવ સુધી રહી જાય તો એ અનંતાનુબંધી થાય છે. અનંતાનુબંધી કષાય સમ્યગ્દર્શનને જીવનમાં પ્રગટ થવા ન દે. તેથી આપણો નંબર શ્રાવકની કક્ષામાંથી પણ નિકળી જાય છે. જો આપણા કોઇપણ કષાયને અનંતાનુબંધી ન થવા દેવો હોય તો ભાવપૂર્વક **''સંવત્સરી પ્રતિક્રમણ''** અવશ્ય કરવું જોઇએ. અને સર્વ જીવોને ખમાવવા જોઇએ.

એવી જ રીતે જો કોઇ પણ કષાય એક વરસ સુધી ટકી જાય તો એ અપ્રત્યાખ્યાનાવરણીય બને છે અને એ જીવનમાં કોઇપણ પ્રકારના પચ્ચક્ખાણને.. દેશવિરતિને આવવા દેતો નથી. માટે અપ્રત્યાખ્યાનાવરણીય કષાયને દૂર કરવા ચાતુર્માસિક પ્રતિક્રમણ અવશ્ય કરવું જોઇએ.

જો કોઇ પણ કષાય ચાર મહિના સુધી રહી જાય તો એ કષાય પ્રત્યાખ્યાનાવરણીય બને છે. અને તે સર્વવિરતિનો ઘાત કરે છે. જો જીવનમાં સર્વવિરતિ ટકાવવી હોય તો પાક્ષિક/પક્ખી પ્રતિક્રમણ અવશ્ય કરવું જોઇએ.

જો કોઇ પણ કષાય પંદર દિવસ સુધી રહી જાય તો એ કષાય સંજ્વલન કષાય બને છે. અને તે યથાખ્યાત ચારિત્રનો ઘાત કરે છે. આ કષાયને દૂર કરવા... સતત જાગૃત રહેવા શાસ્ત્રકાર મહર્ષિઓએ દેવસિક તથા રાઈ પ્રતિક્રમણ કહ્યા છે.

ભવોભવમાં આપણે આક્રમણો અને અતિક્રમણ ઘણા કર્યા આવો ! સમજીને પરથી પાછા ફરીએ... પ્રતિક્રમણ કરી આત્મામાં... સ્વમાં વસીએ... મળેલ માનવ ભવ સાર્થક કરીએ...



# ભાગ-૨

पव्वेसु पोसहवयं[५],

दाणं[६] सीलं[७] तवो[८] अ भावो[९] अ।

सज्झाय[१०] नमुक्कारो[११], परोवयारो[१२],

अ जयणा[१३] य ॥६८॥२॥

**૫. પર્વતિથિએ પૌષધવ્રત**

**૬. દાન**

**૭. શીલ**

**૮. તપ**

**૯. ભાવ**

**૧૦. સ્વાધ્યાય**

**૧૧. નવકાર**

**૧૨. પરોપકાર**

**૧૩. જયણા.**

# ૫ પર્વતિથિએ પૌષધ

ઉનાળામાં ઉગ્ર સૂર્ય તાપથી ત્રસ્ત મુસાફર ઘટાદાર વૃક્ષની છાયા શોધે છે અને મળે તો ઘડીભર વિશ્રામ કરીને શાતાનો અનુભવ કરે છે. તેવી જ રીતે સંસારના ત્રિવિધ તાપમાં તપતા અને સંતાપ પામતા જીવોને વિશ્રામ કરવાની ઈચ્છા થાય તો ક્યાં જાય ? તે જણાવતાં કહે છે –

**શીતળ નહીં છાયા રે આ સંસારની,**
**કુડી છે માયા આ સંસારની ;**

**કાચની કાયા રે છેવટ છારની, સાચી એક માયા રે જિન અણગારની.**

સંસારના તાપથી બચવા લેવા જેવું તો સંયમ જ છે. પરંતુ જે સંયમ ન સ્વીકારી શકે તે પર્વતિથીએ સાધુપદના સુખનું આસ્વાદન કરાવતા એવા પૌષધનો સ્વીકાર કરે. હેમચંદ્રાચાર્ય યોગશાસ્ત્રમાં જણાવે છે –

चतुष्पर्व्यां चतुर्थादि, कुव्यापार निषेधनम् ।
ब्रह्मचर्यमक्रिया स्नानादि त्यागः पौषधव्रतम् ।।

ચાર પર્વમાં (આઠમ, ચૌદસ, પુનમ, અમાસ) ઉપવાસાદિ તપ કરવો. પાપવાળા સદોષ વ્યાપારનો ત્યાગ કરવો. બ્રહ્મચર્ય પાળવું, સ્નાનાદિ શરીરની શોભાનો ત્યાગ કરવો એમ પૌષધ વ્રત ચાર પ્રકારનું છે.

**પ્રકર્ષેણ ઔષધ ઈતિ પૌષધ**

**જેનાથી ધર્મની સવિશેષ પુષ્ટિ થાય તે પૌષધ કહેવાય.**

કર્મરોગ કે ભવરોગના નિવારણ માટેનું વિશિષ્ટ... શ્રેષ્ઠ ઔષધ તે પૌષધ છે. પૌષધ ધર્મની સાધનાથી અનેકાનેક આત્માઓ તર્યા છે. સંસાર સાગરનો પાર પામે છે.

પૌષધ કરવાથી શરીરને તપ ધ્યાનનો અભ્યાસ થાય છે. પ્રતિકુળતા કે કષ્ટોને સહન કરવાની શક્તિ વિકાસ પામે છે. સાધુ જીવનનો અભ્યાસ થાય છે. રાગ-દ્વેષ કષાયો મંદ પરિણામી બને છે. સંસાર, પરિવાર, ઘર, દેહાદિ ઉપરથી આસક્તિ મારાપણું ઘટે છે. આવું પૌષધવ્રત શ્રાવક જીવનના આભુષણ સમાન છે.

શ્રાવકનું જીવન ગમે તેટલી ધર્મ આરાધનાથી ભરપૂર હોય છતાં શ્રાવકની દયા સવા વસો

જ હોય જ્યારે સાધુની દયા વીસવસા હોય. તેથી જ તો છ કાય જીવોને અભયદાન આપવા એ એક જ મનોરથ સેવતો હોય કે આવો ધન્ય દિવસ ક્યારે આવશે જ્યારે મને પરમાત્મા શાસનના સાધુ બનવાનું સદ્‌ભાગ્ય પ્રાપ્ત થશે ?

**ધન ધન તે દિન મુજ કદી હોંશે, હું પામીશ સંયમ સૂધોજી ;**

**પૂર્વ ઋષિ પંથે ચાલશું, ગુરુવચને પ્રતિબુધોજી.**

પણ જ્યાં સુધી આ અભિલાષા પુરી ન થાય ત્યાં સુધી શું કરવાનું ? આત્મ સાધનાના આવા પિપાસુ આત્માઓ માટે શાસ્ત્રકાર મહર્ષિઓએ પર્વ તિથીએ પૌષધની આરાધના કરી સાધુ જીવનનું આસ્વાદન લેવાની વાત જણાવી.

જન્મ – મરણના રોગને મટાડનાર ઉત્કૃષ્ટ ઔષધ એટલે પૌષધ. જે પૌષધમાં શ્રાવક સાધુ જેવા બની જાય છે. શ્રાવક પર્વ તિથીએ પૌષધ કરી શ્રેષ્ઠ આરાધનાનો સ્વામી બને છે. પૌષધમાં ચાર પ્રકારનો ત્યાગ આદરે. (૧) આહારનો સર્વથા અથવા દેશથી ત્યાગ કરે. થાય તો ચોવિહારો ઉપવાસ જ કરે. ન થાય તો તિવિહારો ઉપવાસ કરે. વર્તમાનમાં એકાસણાથી પૌષધ કરવાનો વ્યવહાર જોવા મળે છે. (૨) શરીર સત્કારનો ત્યાગ કરે. આત્માના સાધકને શરીરની ટાપટીપ કરવી પાલવે નહીં. શરીરનું દુર્લક્ષ કરે તે જ આત્મા સાધનામાં એકતાન બની શકે. શરીરના સુખ અને શણગારને ભૂલી સાધક ધર્મધ્યાનમાં આત્માને જોડી દે છે. (૩) સર્વ પ્રકારના ભોગોપભોગનો ત્યાગ કરનારો સાધક નિર્મળ બ્રહ્મચર્યનું મન-વચન-કાયાથી પાલન કરે છે. નવવાડ પૂર્વક અત્યંત કઠોરતાથી આ વ્રતમાં સાવધાન રહે છે. (૪) આત્મા ક્યાંક પાપથી લેપાઇ જાય એવો વ્યવહાર ન થાય એ માટે સાધક જાગૃત હોય છે. અવ્યવહારનો એટલે જ પૌષધમાં અયોગ્ય – અશોભનીય વ્યવહાર ન થાય એ માટે એ સતત જાગતો રહે છે. આત્માને આવી પ્રવૃત્તિઓથી પાછો વાળે છે.

આવી સાધનાની કેડીએ પૂર્વના અનેક મહાપુરૂષો ચાલ્યા છે. વર્તમાનમાં ચાલે છે... ભવિષ્યકાળમાં ચાલશે...

દેવાધિદેવ આદિનાથ ભગવાનના સમયની વાત છે.

દેવસભામાં ઈન્દ્ર મહારાજા એવં અન્ય દેવો પોતપોતાના સ્થાને બેઠેલા છે. વિવિધ કાર્યક્રમ ચાલુ છે. ત્યાં દેવલોકની મહાન અપ્સરાઓ ઉર્વશી અને રંભા ઈન્દ્ર મહારાજાને પોતાની નૃત્યકળા દ્વારા ખુશ ખુશાલ કરવા કટિબદ્ધ બની. ઈન્દ્ર મહારાજા પણ પોતાના

સિંહાસને બેસીને નૃત્ય જોઇ રહ્યા હતા.

પણ અચાનક શું થયું કાંઇ ન સમજાયું પણ ઈન્દ્ર મહારાજા ઉદાસ બની ગયા. નૃત્ય જોવાનો એમનો બધો જ આનંદ ઓસરી ગયો. ઈન્દ્ર મહારાજાની આવી સ્થિતિ જોઇને ઉર્વશી અને રંભા પણ અટકી ગયા. નૃત્યકળા બંધ કરીને ઈન્દ્રમહારાજાને ઉદાસીનતાનું કારણ પૂછ્યું.

ઈન્દ્ર મહારાજાએ કહ્યું - ''નૃત્ય જોતાં જોતાં ભરતક્ષેત્ર ઉપર અવધિજ્ઞાનનો ઉપયોગ મૂક્યો. ત્યાં એક અનુપમ દૃશ્ય જોયું. ચક્રવર્તી ભરત મહારાજાના પુત્ર ચન્દ્રયશા પૌષધ લઇને આત્મધ્યાનમાં એકતાન બની ગયેલા હતા. દેહભાન ભૂલી ગયેલા એ મહાત્માને જોઇને મને મારી ભોગદશા માટે તિરસ્કાર થયો. ક્યાં એ ધર્માત્મા અને ક્યાં હું ? ખરેખર ધન્ય છે આવા ધ્યાની ધર્માત્માઓને ! પોતાની સાધનામાં એ એવા લયલીન છે કે એમની પ્રતિજ્ઞાથી એમને ચલિત કરવા કોઇ સમર્થ નથી.''

ઈન્દ્ર મહારાજાની વાત સાંભળી ઉર્વશી અને રંભા બન્નેએ મનમાં ગાંઠવાળી ''દેવ-દેવીની આગળ માનવીની શક્તિ શું ? અમે એને ચલાયમાન કરીએ ત્યારે જ ખરા.''

આવી મનમાં પ્રતિજ્ઞા કરી દેવલોકની દેવીઓ શ્રાવિકાઓનું રૂપ લઇ આ મૃત્યુલોકમાં આવી.

વિનીતાનગરીના શુક્રાવતાર પ્રાસાદમાં પરમાત્મ ભક્તિમાં લયલીન બની. અદ્ભૂત કંઠથી પ્રભુભક્તિના સ્તવન લલકારવા લાગી. ચન્દ્રયશા પ્રભુ પૂજા-ભક્તિ કરવા જિનાલયમાં પ્રવેશ્યા. બન્ને શ્રાવિકાની ભક્તિ જોઇ મોહીપડ્યા. ''શ્રાવિકાઓને પાસા સીધા પડતા દેખાયા. ચન્દ્રયશાના મંત્રીએ મનોગત ભાવો જાણી લીધા એટલે બન્ને ''શ્રાવિકાઓ''નો પરિચય પૂછ્યો. બન્નેએ પરિચય આપતાં કહ્યું - ''અમે વિદ્યાધરીઓ છીએ. પતિની શોધમાં નિકળ્યા છીએ. અમને પતિ એવો જોઇએ જે અમારી પ્રત્યેક વાત માન્ય રાખે. અમારી કોઇ પણ વાતનો ક્યારે પણ અસ્વીકાર ન કરે.''

કામી શું ન કરે ? કામરાગમાં ફસાયેલા ચન્દ્રયશાએ બધી જ વાતો કબુલ કરી અને ચન્દ્રયશાના બન્ને ''શ્રાવિકા''ઓ સાથે લગ્ન થયા. થોડા દિવસ આનંદમાં વિત્યા. ત્યાં અચાનક એક મડાગાંઠ સર્જાણી.

પક્ખીનો દિવસ આવ્યો. ચન્દ્રયશા રાજાએ પોતાનો નિયમ જણાવતા કહ્યું - ''મારે પક્ખીના દિવસે પૌષધ લેવાની પ્રતિજ્ઞા છે. એ પ્રતિજ્ઞાનો ભંગ થઇ શકે એમ નથી.''

બન્ને નૂતન રાણીઓએ લગ્ન સમયે સ્વીકારેલી શરતનું સ્મરણ કરાવી પૌષધ લેવા માટે સાફ ઈન્કાર કરી દીધો.

ચન્દ્રયશા રાજા મુંઝાયા. હવે શું કરવું ?

એક બાજુ પૌષધની પ્રતિજ્ઞા છે... બીજી બાજુ લગ્ન પહેલા આપેલું વચન છે. ચન્દ્રયશા રાજવી માટે ક્યાંય પીછેહઠ સંભવિત જણાતી નથી. ન તો પ્રતિજ્ઞાનો ત્યાગ થઇ શકે ન તો આપેલા વચનને તોડી શકાય. ઘણો વિચાર કર્યા પછી એક જ ઉકેલ દેખાયો. પ્રતિજ્ઞા અને વચનને અભંગ અને અખંડ રાખવા હોય તો એક જ માર્ગ છે. પ્રાણ ત્યાગ. જ્યાં સુધી દેહમાં પ્રાણ છે ત્યાં સુધી પ્રતિજ્ઞા પાલન અને વચન પાલન માટે બંધાયેલો છું. બન્નેના રક્ષણ માટે સહર્ષ પ્રાણત્યાગ કરી દઉં. એ ત્યાગ લેખે લાગશે.

ક્ષણવારમાં નિર્ણય કરી સ્વયં પોતાના હાથે પોતાની તલવાર ગરદન ઉપર ઝીંકી. એકવાર... બે વાર... ત્રણ વાર... અનેકવાર પણ એને સફળતા ન મળી.

અંતે બન્ને રાણીઓએ પોતાનું અસલી રૂપ પ્રગટ કર્યું. પ્રતિજ્ઞા પાલનની અડગતાની વારંવાર પ્રશંસા કરી. દેવસભામાં બનેલી સર્વ હકીકત જણાવી. બન્ને દેવીઓ અદ્રશ્ય થઇ ગઇ.

લાખો... લાખો વંદન આવા ધર્માત્માઓને... પુણ્યાત્માઓને !

આવા પુણ્યાત્માઓની સાધનાથી જ તો વસુંધરા બહુરત્ના બની છે.

ચન્દ્રયશા રાજવી સાધના જીવનમાં ઘણા આગળ વધી ગયા. પૌષધની આરાધનાથી એવી લગની લાગી કે સંયમ પથના અપૂર્વ આરાધક બન્યા. સંયમની સાધના દ્વારા ઘાતિ કર્મોના કચરાને કાઢી સર્વજ્ઞ અને સર્વદર્શી બન્યા. અનેક ભવ્યાત્માઓને તારી સિદ્ધ-બુદ્ધ-મુક્ત બન્યા.

આપણને પણ જો મુક્તિના માર્ગે આગળ વધવું હશે તો પૌષધની આરાધના સાથે દોસ્તી બાંધવી પડશે. પૌષધની સાધના દ્વારા જયણાની અદ્ભૂત ઉપાસના કરવી પડશે. જીવમાત્રના મિત્ર બનવું પડશે. જડમાત્ર પ્રત્યે ઉદાસીનતા લાવવી પડશે.

આજે પણ પર્વ તિથિઓમાં જૈન શાસનમાં હજારોની સંખ્યામાં પૌષધની આરાધનાઓ થાય છે. સંસાર સાથેના સંબંધ તોડી આત્મા સાથે સબંધ જોડવા જીવો કટિબદ્ધ બને છે. આહાર-ભય-મૈથુન પરિગ્રહ આ બધી સંજ્ઞાઓ ઉપર વિજય મેળવવાનો પ્રચંડ પુરૂષાર્થ આદરે

છે. ક્રોધ-માન-માયા-લોભને મંદ પરિણામી બનાવી વૈરાગ્યને વધારતો જાય છે.

દેહ ઉપરથી જેટલા અંશે આસક્તિ ઘટે એટલા જ અંશે આત્મધ્યાનમાં સ્થિરતા પ્રગટે છે. સર્વ ઉપરથી ધીમે ધીમે મમતા છોડતા એ અંતે શરીર ઉપર આવી અટકે છે. સાધક બધી જગ્યાએથી મમતાને હટાવતો દેહાધ્યાસને પણ સાવધાની પૂર્વક ઓછો કરતો જાય છે.

અનાદિ કાળની સંજ્ઞા અને કષાયોની કેદમાંથી આત્માને મુક્ત કરવા સંયમ અને સ્વાધ્યાયની પકડ મજબૂત બનાવે છે. સંયમમાં સ્થિર બની મનને સતત સ્વાધ્યાયમાં જોડી રાખે છે જેથી મનમાં કોઇ અયોગ્ય તરંગ જ ન જાગે... વિચાર જ ન આવે. ધીમે ધીમે શાંત અને સાત્વિક બનેલું મન આત્મકલ્યાણમાં જોડાઇ જાય છે. આવા સત્વના સ્વામી બનવામાં પૌષધ સહાયક બને છે. અનેક મહાત્માઓએ આ પૌષધની સાધના દ્વારા આવું સત્વ ફોરવ્યું છે આત્માને કર્મ જંજીરોમાંથી ઉગાર્યો છે. મુક્ત કર્યો છે. આપણને પણ આવી અનોખી સાધનાની ભેટ જિનશાસનમાં મળી છે. આ મળેલી તક ચુકી ન જવાય પણ તકને ઝડપીને આપણે પૌષધના રસિયા બનવાનો સાચો પુરૂષાર્થ આદરીયે.

ઔષધ જેમ રોગીને રોગમાંથી મુક્ત કરે છે તેમ પૌષધ આત્માને ભવરોગમાંથી મુક્ત કરે છે. નિરોગી બનાવે છે. નિર્મળ બનાવે છે. એકવાર આસ્વાદન કરી લઇએ પૌષધના આનંદનો તો જ ખ્યાલ આવશે મોક્ષના પરમાનંદનો.

ચારિત્ર મોહનીયનો ક્ષય કરાવનારી પૌષધ ધર્મની આરાધના કરવાથી સંયમરાગ પુષ્ટ બને છે. સંયમના સંસ્કાર મજબૂત બનવાથી ભવાંતરમાં સંયમની પ્રાપ્તિ સુલભ બને છે.

**જો સંયમ રંગ લાગ્યો હોય...**

**આગામી ભવે જલ્દી સંયમ મળે એવી અભિલાષા હોય...**

તો જીવનમાં પર્વતિથિએ સમય મેળવીને નિરતિચાર પૌષધ વ્રતની અવશ્ય આરાધના કરવી જોઇએ.

**જ્યાં પ્રયત્ન છે... પુરૂષાર્થ છે... ત્યાં સિદ્ધિ અવશ્ય છે.**

## ૬
# દાન

ભવસાગરમાં ભટકતાં ભટકતાં અકામ નિર્જરાથી જીવ પાપ ખપાવતો જાય છે અને કાંઈક પુણ્ય સંચય કરે છે. જ્યારે પુણ્યના ભંડાર કાંઈક ભરાય છે ત્યારે એ પુણ્યના ઉદયે

આર્ય ક્ષેત્ર મળી જાય છે... આર્ય જાતિ જડી જાય છે...

આર્ય કુળ પ્રાપ્ત થાય છે... સાથે સાથે મહા મોંઘેરા માનવ જીવનના સ્વપ્ન સાકાર થાય છે.

કાંઈક પુણ્ય... કાંઈક પુરૂષાર્થના યોગથી પૈસો, પદ, પ્રતિષ્ઠા, યશ-કિર્તિના સ્વામી બનવાનું સદ્‌ભાગ્ય જાગે છે. પણ આ પુણ્યના-પુરૂષાર્થના ઉદયથી મળેલી સામગ્રી આપણને સદ્‌ગતિ અપાવે કે દુર્ગતિમાં ડૂબાડે ? આપણું શું થાય ?

આવી આવી અનેક સામગ્રીઓને પામીને... એનો ભોગ-ઉપભોગ કરતાં આપણે ક્યારેય વિચાર કર્યો છે ?

શાસ્ત્રકારો શું કહી રહ્યા છે ? સાંભળો -

**ધમ્મિઢ્ઢી[1] ભોગિઢ્ઢી[2] પાવિઢ્ઢી[3] ઈઅ તિહા ભવ ઈઢ્ઢી।**

ભવ દરમ્યાન મળતી - પ્રાપ્ત થતી ૠદ્ધિ ત્રણ પ્રકારની છે - ૧. ધર્મ ૠદ્ધિ ૨. ભોગ ૠદ્ધિ અને ૩. પાપ ૠદ્ધિ. આપણા જીવનમાં આપણને પ્રાપ્ત થયેલી ૠદ્ધિ કેવા પ્રકારની છે ? આપણે આપણી ૠદ્ધિને સમજવાની કોશિશ કરીએ.

**ધર્મૠદ્ધિ :** જિનેશ્વર પરમાત્માએ ધર્મના ચાર પ્રકાર જણાવ્યા. (૧) દાન (૨) શીલ (૩) તપ અને (૪) ભાવ.

પુણ્યના ઉદયથી મળેલી સંપત્તિ ઉપરથી મમત્વ ભાવ કે આસક્તિને દૂર કરી એનો બીજાને સુખી કરવામાં ઉપયોગ કરવો... ત્યાગ કરવો તે **દાન ધર્મ** છે.

પાંચ ઈન્દ્રિયોના ત્રેવીસ વિષયો ઉપરથી મમત્વ હટાવી કામ વિજેતા બનવું તે **શીલ ધર્મ** છે.

દેહ ઉપરથી આસક્તિ... રાગ દૂર કરી દેહને પ્રભુ આજ્ઞા અનુસાર કર્મ નિર્જરાના કાર્યમાં જોડવું તે **તપ ધર્મ** છે.

મનને કલુષિત વિચારોમાંથી મુક્ત કરી શુભ ભાવોમાં જોડવું તે **ભાવ ધર્મ** છે.

ધર્મઋદ્ધિ કોને કહેવાય ? આવો પ્રશ્ન સહજતાથી આપણા સહુના મનમાં ઉત્પન્ન થાય. એને જાણવા સમજવાની જિજ્ઞાસા જાગે. ધર્મઋદ્ધિનો પરિચય કરાવતાં કહે છે –

**સા ભણઈ ધમ્મિઢ્ઢી, જા દિજ્જઈ ધમ્મકજ્જેસુ ।**

ધર્મઋદ્ધિ તે કહેવાય છે જે ધર્મકાર્યને વિષે અપાય છે. ઉપયોગમાં આવે છે. અર્થાત્ સત્કાર્યોમાં... ધાર્મિક કાર્યોમાં... વપરાય છે. તે જ ધર્મઋદ્ધિ છે.

હવે આ સમજણના પ્રકાશમાં આપણે આપણી ઋદ્ધિ કેટલા અંશે ધર્મઋદ્ધિ છે તે જાણવા પ્રયત્ન કરીએ. મહાપુરૂષોએ સદૈવ એ જ ઋદ્ધિની સાર્થકતા માની છે જે બીજાના દુઃખને દૂર કરવામાં, બીજાને ધર્મમાં સહાયભૂત બનવામાં અને બીજાને ધર્મ માર્ગે ચઢાવવામાં સહાયક બને છે. શાસ્ત્રકાર મહર્ષિઓએ માટે જ ધર્મના પ્રથમ સોપાનનું સ્થાન દાનને આપ્યું છે. દાનમાં જ સંપત્તિની સફળતા માનનારાઓ પરિગ્રહ સંજ્ઞાને કેવા ઉત્કૃષ્ટ ભાવથી જીતે છે તે સમજવા જેવું છે.

રાજા ભોજ... ગરીબોનો સેવક... દુઃખીયાઓનો આધાર...

દીન-દુઃખીયાઓની સેવામાં પૈસો પાણીની જેમ વાપરી નાંખતો.

દુનિયામાં ઘણા જીવો એવા હોય, જે પોતે તો ન આપી શકે પણ બીજાને દાન આપતાં જોઈ પણ ન શકે.

રાજા ભોજના પ્રધાનને ચિંતા થઈ. રાજા આવી રીતે દાન દેવાનું ચાલુ રાખશે તો થોડા દિવસોમાં રાજાનો ભંડાર ખાલી થઈ જશે. દાન આપવાની પણ કાંઈક મર્યાદા હોવી જોઈએ. પણ રાજાને કહેવું કેમ ? રાજાને સમજાવવું કેવી રીતે ? ઘણું વિચાર્યા છતાં રાજાને કહી ન શક્યા પણ એક ઉપાય શોધી કાઢ્યો. રાજા ભોજ જે સિંહાસન ઉપર બેસતાં બરાબર એની જ સામે ભીંત ઉપર એક વાક્ય લખ્યું –

**''આપદાર્થં ધનં રક્ષેત ।''** અર્થાત્ **''વિપત્તિના સમય માટે ધનનું રક્ષણ કરવું જોઈએ.''**

રાજા ભોજ રાજસભામાં પધાર્યા. સિંહાસન ઉપર બિરાજમાન થયા ભીંત ઉપર લખેલા વાક્ય ઉપર નજર પડી. રાજા સમજી ગયા આ મને ઉદ્દેશીને લખાયેલું છે. રાજા ભોજે એની બાજુમાં જ લખ્યું –

**''ભાગ્યવાનો ન કદાચન્''** અર્થાત્ **''ભાગ્યવાનોને ક્યારેય વિપત્તિ આવતી નથી.''**

પ્રધાનજીએ રાજાનો જવાબ વાંચી એની નીચે ફરી લખ્યું –

**''કદાપિ કુપિતોંદૈવ ।''** અર્થાત્ **''કદાચ ભાગ્ય રૂઠે તો ?''**

રાજા ભોજે પ્રધાનનું લખાણ વાંચ્યું એની બાજુમાં લખ્યું -

**''સંચિતોડપિ વિનશ્યતિ ।''** અર્થાત્

**''ભાગ્ય રૂઠે તો સાચવી રાખેલું પણ વિનાશ પામે છે.''**

રાજાનો જવાબ વાંચી પ્રધાનની આંખો ખુલી ગઇ. એને સત્ય સમજાઇ ગયું. સાચો દાતાર ક્યારેય સંગ્રહમાં માનતો નથી... પરિગ્રહમાં રાચતો નથી. એને તો આપવામાં જ આનંદ આવે છે. એ સદૈવ આપીને જ રાજી થાય છે.

સંસારના મોજશોખ અને ભોગવિલાસમાં વાપરનારા ઘણા છે પણ ધર્મતત્વને જાણનારા જ ધનના મોહ-આસક્તિને છોડીને દાન દ્વારા સાચી કમાઇ કરી શકે છે.

દાનની ભાવના જાગૃત થાય એટલે સ્વયંમેવ વિચારણા જાગે દાન ક્યાં આપવું ? કોને આપવું? કેવી રીતે આપવું ?

શાસ્ત્રકાર મહર્ષિઓએ દાનના પાંચ પ્રકાર જણાવ્યા છે. ૧. અભયદાન ૨. સુપાત્રદાન. ૩. અનુકંપાદાન. ૪. ઉચિતદાન અને ૫. કિર્તિદાન.

આ દાનમાં સંપત્તિનો વ્યય કરતાં દાનના દુષણ ટાળવા જાગૃત રહેવું જોઇએ. દાનના ટાળવા યોગ્ય પાંચ દુષણ છે.

૧. દાન આપતી વખતે જેને દાન અપાય એનો અનાદર ન થવો જોઇએ.

૨. દાન તરત આપવું જોઇએ. ટાળમટાળ કરીને વિલંબથી દાન ન આપવું જોઇએ.

૩. દાન આપતી વખતે દાન લેનારની વિમુખ થઇને દાન ન આપવું જોઇએ.

૪. દાન આપતાં આપતાં અપ્રિય વચન ક્યારેય ન બોલવું જોઇએ.

૫. દાન આપ્યા પછી દાન આપ્યાનો પશ્ચાતાપ ન કરવો જોઇએ.

આ સાથે દાનના પાંચ ભુષણ જણાવ્યા છે. એનો પણ સ્વીકાર દાનના ફળને અનેકગણું બનાવે છે. દાનના પાંચ ભુષણ જણાવતાં કહે છે -

૧. દાન આપતાં દાતાની આંખોમાં આનંદાશ્રુ ઉભરાઇ આવે.

૨. દાન આપતા દાતા રોમાંચ અનુભવે.

૩. દાતા બહુમાન પૂર્વક દાન આપે.

૪. દાતા પ્રિયવચનપૂર્વક દાન આપે. અને

૫. દાન આપ્યા પછી દાતા સતત એની અનુમોદના કરે.

આવી રીતે જે જે પુણ્યવંત જીવો દાન આપે છે તેઓ પોતાની સંપત્તિનો સાચો સદ્ઉપયોગ

કરે છે... પુણ્યાનુબંધી પુણ્ય ઉપાર્જન કરે છે... પરલોકમાં સદ્ગતિ, સંપત્તિ અને ધર્મ પ્રાપ્તિને નિશ્ચિત કરે છે.

જેવી રીતે દાન આપનાર દાતા શ્રેષ્ઠ હોવો જોઇએ એવી જ રીતે દાન લેનાર પણ સુપાત્ર હોવો જોઇએ તો જ દાતાને લાભ થાય. ઉખર ભૂમિમાં વાવેલું બીજ ફળ આપી શકવા સમર્થ નથી હોતું એવી જ રીતે કુપાત્રમાં આપેલું દાન પણ યોગ્ય ફળ આપી શકતું નથી. દાનને સફળ બનાવવા પાત્ર-કુપાત્ર-સુપાત્રનો વિચાર અત્યંત આવશ્યક છે.

દાન એ ધર્મનું પ્રવેશદ્વાર છે. ધર્મમાર્ગનું પ્રથમ સોપાન છે. દાન આપતાં આપતાં સંપત્તિ પ્રત્યેની આસક્તિ અને મમતા ઘટવી જોઇએ. એ લક્ષ સાથેનું દાન આત્મકલ્યાણ સાધવામાં સહાયક બને છે.

પુણ્યના ઉદયથી ઋદ્ધિ મળે છે પણ પુણ્યાનુબંધી પુણ્યના ઉદયે એ ધર્મઋદ્ધિ બનીને ધર્મકાર્યમાં વપરાય છે અને ફરી પુણ્યાનુબંધી પુણ્યનો સંચય કરાવે છે.

અનાદિ કાળથી આ જીવને ઋદ્ધિ મળી નથી એમ નથી. ઋદ્ધિ અનેકવાર મળી પણ જ્યારે ઋદ્ધિ મળી ત્યારે ત્યારે સદ્બુદ્ધિ ન મળી. પુણ્યનો અનુબંધ સાથે જોડાયેલો ન હતો. તેથી તે સંપત્તિ સત્કાર્યમાં... ધર્મમાં ન વપરાણી પણ પાપના માર્ગે જીવને લઇ ગઇ. સાત ક્ષેત્રમાં સંપત્તિ વાપરવા પુણ્યનો અનુબંધ જોઇએ. જો એ ન હોય તો પાપનો અનુબંધ જીવની સંપત્તિને સાતક્ષેત્રના બદલે સાત વ્યસનમાં લઇ જાય છે. માંસ, મદિરા, જુગાર, ચોરી, શિકાર, પરસ્ત્રીગમન, વેશ્યાગમન વિગેરે સાત મહાવ્યસનોના સેવનમાં આ જીવ લુબ્ધ બને, અંતે એમાં આસક્ત બની ઘોરાતી ઘોર નરકમાં રવાના થાય છે. એક દુર્ગતિ-અનેક દુર્ગતિઓની પરંપરાને ઉભી કરે છે. આત્માનું અહિત કરી આત્માને પાપથી ભારે બનાવે છે.

આ બધાથી બચવા જીવે ધર્મનો આધાર લેવો પડે છે. ધર્મમાર્ગે જીવન આગળ ધપાવવું પડે છે. મળેલી સંપત્તિનો સદ્વ્યય કરવો પડે છે. યથાશક્તિ, અત્યંત ઉલ્લાસ ભાવથી દાન દ્વારા સુકૃતોની પરંપરા ઉભી કરવી પડે છે. પોતાની ઋદ્ધિને ધર્મઋદ્ધિ બનાવવી પડે છે. આ ધર્મઋદ્ધિ જ આત્મ કલ્યાણના દ્વાર ઉઘાડે છે. આત્માને પરમાત્મ પંથે લઇ જાય છે.

**કોની ઋદ્ધિ ક્યાં વપરાય છે ?**

પુણ્યના ઉદયથી પ્રાપ્ત થયેલી ઋદ્ધિ જીવ ક્યાં વાપરે છે એનો આધાર એના કુળ, વ્યવસાય અને સંસ્કાર ઉપર છે. ભવ ઋદ્ધિનો ઉપયોગ કોણ ક્યાં કરે છે એનો સામાન્ય ચિતાર

નીચે મુજબ જણાવવામાં આવ્યો છે.

**ભૂપાનાં હયશસ્ત્રનંદિષુ ભવેત્ દ્રવ્ય વ્યયઃ પ્રાયશઃ ;**

**શૃંગારે પણ્યોપિતાં ચ વાણિજાં પણ્યે, કૃષૌ ક્ષેત્રિણાં।**

**પાપાનાં મધુમાંસયોર્વ્યસનિનાં સ્ત્રીદ્યૂતમદ્યાદિષુ;**

**ભૂમધ્યે કૃપણાત્મનાં સુકૃતિનાં શ્રી તીર્થયાત્રાદિષુ॥**

રાજા-મહારાજાઓની સંપત્તિ પ્રાયઃ ઘોડા-શસ્ત્રાદિમાં વપરાય છે... ગણિકાઓની સંપત્તિ શૃંગારમાં વપરાય છે... વાણિયાઓની સંપત્તિ વ્યાપારમાં વપરાય છે... ખેડુતોની સંપત્તિ ખેતીમાં વપરાય છે... પાપીઓની સંપત્તિ સાત વ્યસનમાં... લોભીયાઓની સંપત્તિ જમીનમાં દાટવામાં આવે છે... ધર્મી સુકૃતપ્રેમીઓની સંપત્તિ તીર્થયાત્રાદિ શુભકાર્યોમાં વપરાય છે.

**ભોગ ઋદ્ધિ :** આપણે આપણી ઋદ્ધિ ક્યાં વાપરીએ છીએ ? એનો આપણા જીવનમાં સતત વિચાર હોવો જોઈએ. કેવળ શારીરિક ભોગોપભોગ અને વ્યવસાયમાં વપરાતી સંપત્તિ સ્વ-પર કલ્યાણ નથી કરી શકતી. સ્વ-પર કલ્યાણ માટે આગવી દૃષ્ટિ જોઇએ. આગવી વિચારસરણી જોઇએ.

શરીરના ભોગોપભોગમાં વપરાતી સંપત્તિને શાસ્ત્રકારો એ ભોગ ઋદ્ધિ કહી છે -

**સા ભોગિડ્ઢી ગિજ્જઇ, સરિરભોગંમિ જીઇએ ઉવયોગો।**

શરીરની ભોગસામગ્રીમાં વપરાય છે તે ભોગઋદ્ધિ છે. આપણા શરીર માટે આપણે શું નથી કરતા ? શરીરને સારું ખાવા જોઇએ... નવું નવું ખાવા જોઇએ... સારું સારું પીવા જોઇએ... સારા સારા વસ્ત્રો જોઇએ... મોંઘેરા મુલાયમ ગાલીચા ને ફર્નિચર જોઇએ... આલીશાન બંગલા જોઇએ... પંખા, લાઇટ, એર-કુલર, એર કંડિશન, ફોન, ટી.વ્હી., વ્હી.ડી.ઓ., વ્હી.સી.આર. વોશિંગ મશીન, મિક્સર, ગ્રાઈન્ડર આવી આવી તો કેટલીય સામગ્રી જોઇએ છે. એની પાછળ લખલુંટ સંપત્તિ વપરાઇ રહી છે. પોતાના ભૌતિક સુખોમાં ભોગાંધ બનેલા આજના માનવી પાસે દુઃખને સમજવા માટે સમય શક્તિ અને બુદ્ધિ જ ક્યાં છે ? એ તો કેવળ પોતાની સુખની પાછળ જ પાગલ બનેલો છે. યેન કેન પ્રકારે એને મેળવવા... ટકાવા દોડાદોડ કરી રહ્યો છે. આ દોડ આજની નથી. આ ભવની નથી. ભવોભવની છે.

પોતાના ભોગમાં વપરાતી સંપત્તિની પ્રશંસા શાસ્ત્રકારોએ ક્યાંય કરી નથી. શાસ્ત્રકારો તો સત્પાત્રમાં વપરાતી સંપત્તિને જ સફળ માને છે. માનવભવમાં જ માનવી પોતાના જાગૃત

વિવેકથી પોતાની સંપત્તિને... ઋદ્ધિને ભોગઋદ્ધિ અને પાપઋદ્ધિ બનતી અટકાવી શકે છે અને સદ્વ્યય દ્વારા એને ધર્મઋદ્ધિ બનાવી શકે છે.

**પાપઋદ્ધિ :** જે પોતાની ઋદ્ધિને ધર્મક્ષેત્રમાં વાપરી શકતા નથી.. જે જીવો પોતાની ઋદ્ધિને ભોગોપભોગમાં પણ વાપરતા નથી એ ઋદ્ધિ અંતે પાપઋદ્ધિ બનીને અનર્થફળને આપનારી બને છે.

**જા દાણભોગ રહિયા સા પાવિઢ્ઢી અણત્થફલા।**

ઘણીવાર મધમાખીની જેમ નથી જીવ દાન આપી શકતો... નથી જીવ સ્વયં પોતાના ભોગમાં ઋદ્ધિ વાપરી શકતો પણ આ જીવ એ સંપત્તિ કેવળ ભેગી કરવામાં પાપ કરે છે... એને સાચવવામાં આર્ત-રૌદ્રધ્યાન ધરે છે અને અંતે એની આસક્તિ અને મમતામાં જ પોતાનું આયુષ્ય પુરૂં કરીને દુર્ગતિનો ભાગી બને છે.

**વયસાય ફલં વિહવો, વિહવસ્સ ફલં તુ પત્તવિણિઓગો,**
**તયભાવે વવસાઓ, વિહવોવિ અ દુગ્ગઈનિમિત્તં॥**

વ્યવસાયનું ફળ વૈભવ છે... વૈભવનું ફળ સત્પાત્રમાં વ્યય છે... તેના અભાવે એટલે સત્પાત્રમાં વ્યયના અભાવે બન્ને, વ્યવસાય અને વૈભવ દુર્ગતિના હેતુભૂત થાય છે.

મમ્મણ શેઠ મહાવૈભવના સ્વામી હતા. પણ એ વૈભવ ન ભોગમાં વપરાણો.. ન આ વૈભવ દ્વારા દાન-પુણ્યની પ્રાપ્તિ થઇ. આ વૈભવની આસક્તિ મમ્મણશેઠના આત્માને સાતમી નારકીમાં લઇ ગઇ. વૈભવ અનર્થ કરનારો બન્યો.

શાલીભદ્ર મહાઋદ્ધિના સ્વામી હતા. એમણે આ ઋદ્ધિનો પોતાના ભોગ માટે ઉપયોગ કર્યો... એમણે એ ઋદ્ધિ પામી દીન-દુઃખીયાઓના દુઃખ ભાંગ્યા. દાન દ્વારા અનેક સુકૃતો દ્વારા પુણ્યાનુબંધી પુણ્યને મજબુત કર્યું તથા અંતે આ સમગ્ર ઋદ્ધિ ઉપરથી આસક્તિ હટાવી વૈરાગ્ય પામી સંયમ પંથે પ્રયાણ કર્યું... ઉચ્ચ સાધના કરી સદ્ગતિને પામ્યા... સિદ્ધગતિને પામશે.

નથી લાગતું ઋદ્ધિ તારી પણ શકે છે... ડૂબાડી પણ શકે છે ?

**ધર્મઋદ્ધિ તારે છે... પાપઋદ્ધિ મારે છે...**

કઇ ઋદ્ધિના સ્વામી બનશું આપણે ?

અનાદિ કાળથી ભૂલ ભલે કરી પણ હવે એ ભૂલ સુધારવી છે. પાપઋદ્ધિ અને ભોગઋદ્ધિના પ્રવાહને હવે ધર્મ માર્ગમાં વાળવો છે... આલોકના સુખો ઉપરથી નજર હટાવી

પરલોક તરફ નજર સ્થિર કરવી છે... પરલોક તરફ નજર સ્થિર થશે એટલે પરમાર્થ અને પરોપકાર પ્રત્યેની લગની લાગશે. ધીમે ધીમે પાપની રૂચિ દૂર થશે. પાપભીરૂતા... પાપનો ભય જાગૃત બનશે. પાપ થતા અટકશે... પાપમાં વપરાતી સંપત્તિ અટકશે. ભૌતિક સુખોનું આકર્ષણ ઘટશે. જીવનમાં ધર્મનું સ્થાન મજબૂત બનશે. મળેલી ઋદ્ધિનો ઉપયોગ ધર્મકાર્યોમાં કરવાના ભાવ જાગશે.

તીર્થ નિર્માણ... જિનાલય નિર્માણ... જિન પ્રતિમા નિર્માણ... જિર્ણોદ્ધાર... જિનાગમ... લેખન... ઉપાશ્રય... પૌષધશાળા નિર્માણ... સાધુ-સાધ્વીજી ભક્તિ... સાધર્મિક ભક્તિ... જિનભક્તિ... ભક્તિ મહોત્સવો... તપ-જપ અનુષ્ઠાનો દ્વારા સ્વ સંપત્તિને સફળ બનાવવાના ભાવોમાં રમણતા થશે. જીવન આત્મલક્ષી બનશે. લક્ષ્મી ધનલક્ષ્મી બનશે. સ્વના કલ્યાણ સાથે સાથે પરના કલ્યાણના દ્વાર ઉઘડશે. અનેક આત્માઓને આત્મકલ્યાણ સાધવાની તક મળશે. પૂર્વમાં અનેક મહાપુરુષોએ આવી ઋદ્ધિ પામી એને ધર્મઋદ્ધિ બનાવી છે...

જગડુશા જેવા દાનવીર...
વસ્તુપાલ-તેજપાલ જેવા ધર્મવીર...
સંપ્રતિ જેવા સમ્રાટ... કુમારપાલ જેવા પરમાર્હત શ્રાવક...
પેથડશા જેવા પ્રભુ ભક્ત... કર્માશા જેવા કર્મવીર...
લલ્લિંગ જેવા ગુરૂભક્ત... જાવડશા-ભાવડશા જેવા આત્મવીર...

જેમણે પોતાની ઋદ્ધિનો પ્રવાહ ધર્મઋદ્ધિ બનાવવા ધર્મ તરફ વાળ્યો. સહજતાથી સફળતા મેળવી શાસ્ત્રોના પાને અમર બન્યા.

આપણે કેમ રહી જઇએ ?

આપણી ઋદ્ધિને સાચી દિશા આપવા કટિબદ્ધ બનીએ.

એમાં જ જીવનની સફળતા છે.. એમાં જ સંપત્તિની સફળતા છે.. એમાં જ ઋદ્ધિની સફળતા છે..

એમાં જ આત્મકલ્યાણની ચાવી છુપાયેલી છે.



# ૭ શીલ

મંત્રનો રાજા નવકાર મંત્ર છે... તીર્થનો રાજા શત્રુંજય તીર્થ છે...

પર્વનો રાજા પર્યુષણ પર્વ છે... કર્મનો રાજા મોહનીય કર્મ છે... તો

સર્વ વ્રતોનો રાજા શીલ વ્રત છે...

આ વાત આપણા હૃદયમંદિરમાં સૂવર્ણાક્ષરે લખી રાખવા જેવી છે... જ્યાં શીલ સલામત ત્યાં બધું જ સલામત. જ્યાં શીલમાં ચૂક્યા ત્યાં બધું જ નકામું. આવા અણમોલ શીલ માટે શું કહેવાય છે ?

यस्तु स्वदारसन्तोषी, विषयेषु विरागवान् ।
गृहस्थो ऽ पि स्वशीलेन, यतिकल्प: स कल्प्यते ।।

જે પુરુષ કામાદિક વિષયોમાં વિશેષ રાગનો ત્યાગ કરી પોતાની સ્ત્રી વિષે સંતોષ માની પ્રવૃત્તિ કરે છે, તે ગૃહસ્થકોટિમાં વર્તતો હોવા છતાં પણ પોતાના શીલ વડે મુનિ સમાન ગણાય છે.

શીલવ્રત પણ બે વિભાગથી છે દેશથી અને સર્વથી. પૂજનીય સાધુ સાધ્વીજી ભગવંતોને નવવાડ પૂર્વક સંપૂર્ણ શીલવ્રતનું પાલન કરવાનું છે. શ્રાવક કે ગૃહસ્થ માટે આ શક્ય ન હોવાથી એના માટે દેશથી 'સ્વદારા સંતોષ' વ્રત જણાવવામાં આવ્યું છે. સ્વસ્ત્રીમાં કે સ્વપતિમાં સંતોષ માની સર્વ પરસ્ત્રીઓને અને પરપુરૂષોને માતા-બહેન કે ભાઇ-પિતા સમાન માનવાના છે. જ્યાં સંતોષ છે ત્યાં જ સુખ છે જ્યાં અસંતોષ છે ત્યાં જ દુઃખ છે. માટે જ આ શીલવ્રતમાં પણ સંતોષ મહત્વની ભૂમિકા ભજવે છે. 'સ્વદારા સંતોષ' વ્રતનો પાલક ગૃહસ્થ ઉપર જણાવ્યા પ્રમાણે પોતાના ઉચ્ચ શીલધર્મના કારણે મુનિ જેવો સાધુ સમાન ગણાય છે.

**આપણે સ્થુલિભદ્ર અને સુદર્શન શેઠના વારસદાર છીએ.**
**આપણે વિજય શેઠ અને વિજયા શેઠાણીના સંતાન છીએ...**
**આર્ય ક્ષેત્રના ઉચ્ચ સંસ્કારોના રક્ષક છીએ...**

આપણા દેશના ચોર-લુંટારા અને હત્યારા પણ શીલ-સદાચારના મહાન રક્ષક અને આરાધક હતા... તો આપણે તો શ્રાવક છીએ... મહાવીરના માર્ગને અનુસરનારા છીએ... આપણા શીલવ્રતમાં ક્યારેય

શિથિલતા ન હોય... આપણા શીલ સદાચાર ક્યાંય કમી ન હોય. પરમાત્માના શાસનમાં શ્રાવક-શ્રાવિકા માટે બતાવેલા બાર વ્રતોમાં ચોથા અણુવ્રત રૂપે શીલ વ્રતનો પરિચય કરવાનો છે.

## બ્રહ્મચર્યનો મહિમા

બ્રહ્મચર્યનો ન વર્ણવી શકાય એવો મહિમા છે. તીર્થંકર પ્રભુનું નામ ત્રણ ચોવિસી સુધી રહે પરંતુ અદ્ભૂત શીલવ્રતના પ્રભાવે સ્થુલીભદ્ર ચોર્યાસી ચોવિસી સુધી અમર રહેવાના છે.

શીલ એ કુળવાનનું આભરણ છે... શીલ એ જ ઉત્તમરૂપ છે...

શીલ એ જ સાચું પાંડિત્ય છે... શીલ એ જ નિરૂપમ ધર્મ છે...

जो देइ कणयकोडिं अहवा कारेइ कणयजिण भवणं ।

तस्स न तत्तिय पुन्नं, जत्तिय बंभवए धरिए ।।

કોઇ મનુષ્ય સુવર્ણની કોટિ એટલે કરોડો રૂપિયાની કિંમતનું સોનું યાચકોને દાનમાં આપે... અથવા સુવર્ણનું જિનમંદિર કરાવે... તેને તેટલું પુણ્ય ન થાય કે જેટલું બ્રહ્મચર્ય વ્રત ધારણ કરવાથી થાય છે.

આ જગતમાં તે પુરૂષો ધન્ય છે... તે પુરુષોને મારો નમસ્કાર છે અને તે સંયમધર મુનિઓનો હું દાસ છું કે જેમના હૃદયમાં વાંકા નેત્રથી... કટાક્ષથી જોનારી સ્ત્રીઓ લેશમાત્ર પણ ખટકતી નથી.

## બ્રહ્મચર્યથી અભયદાન

સ્ત્રીઓની યોનિમાં નવલાખ ગર્ભજ પંચેન્દ્રિય મનુષ્ય જીવો ઉત્પન્ન થાય છે... તેઓને કેવળજ્ઞાની જ્ઞાનથી જોઇ શકે છે, છદ્મસ્થ તેને જોઇ શકતા નથી. સ્ત્રીઓની યોનિને વિષે જે બેઈન્દ્રિય જીવો ઉત્પન્ન થાય છે, તે જઘન્યથી એક - બે - ત્રણ અથવા ઉત્કૃષ્ટથી બે લાખથી નવ લાખ પણ હોય છે.

જેવી રીતે રૂ થી ભરેલી ભુંગળીમાં તપાવેલી લોખંડની સળી નાખતાં બધું જ રૂ બળી જાય છે, તેમ સ્ત્રીનો પુરૂષની સાથે સંયોગ થવાથી ઉપરોક્ત સર્વ જીવોનો નાશ થાય છે.

શીલવ્રતના પાલનથી ઉપરોક્ત સર્વ જીવોને અભયદાન મળે છે. અભયદાન એ સર્વ પ્રકારના દાનોનો રાજા છે. અભયદાન જેવું બીજું દાન નથી. આવો અમુલ્ય લાભ બ્રહ્મચર્યના પાલનથી જીવ પ્રાપ્ત કરે છે.

# પાઘડી ભીમા શેઠની

તામ્રવતી નગરી...

ભીમ નામે સોની શ્રાવક...

દેવ-ગુરૂ-ધર્મનો પરમભક્ત...

ભીમ શ્રાવક દેવેન્દ્રસૂરિ પાસેથી ધર્મ પામ્યો હતો. જીવનને ધર્મમય બનાવવામાં એમનો મોટો ઉપકાર હતો. આવા પરોપકારી ધર્મદાતા ગુરૂ ભગવંતના કાળધર્મના સમાચારથી બેચેન બનેલા ભીમા શ્રાવકે ગુરુદેવની સ્મૃતિ નિમિત્ત આજીવન બ્રહ્મચર્ય વ્રતનો સ્વીકાર કર્યો. વ્રત સ્વીકારના મહોત્સવ નિમિત્ત સાતસો સાધર્મિકોને પાંચ પાંચ દુકુલ સાથે પાઘડી આપી. આવી એક પાઘડી ભીમ શ્રાવકે મંત્રીશ્વર પેથડશાને મોકલી. પાઘડીની વિગત જાણી પેથડશાએ પાઘડીને નગર બહાર મોકલી. આવી અણમોલ પાઘડી એમ જ કેમ સ્વીકારાય ?

**પેથડશાએ પાઘડીના બહુમાનાર્થે મહોત્સવ કરી, સુંદર સામૈયું કરી એ સમયે ૧૦,૦૦૦ ટાંકનો ખર્ચ કરી પાઘડીને બહુમાન પૂર્વક જિનમંદિરમાં બિરાજમાન કરી.** દરરોજ પરમાત્માની પૂજા કરી, આ પાઘડીની પૂજા કરે છે... ભાવના ભાવે છે... કેવો અદ્‌ભૂત હશે પેથડશાનો બ્રહ્મચર્ય વ્રત પ્રત્યેનો પ્રેમ ? પેથડશા દરરોજ પાઘડીની પૂજા કરતા ભીમાશેઠને યાદ કરે છે એમના જીવનની અનુમોદના કરે છે. એમના જેવો મારો પુણ્યોદય ક્યારે જાગશે ? વિચારણા કરે છે.

પેથડશાના ધર્મપત્ની પદ્મિની વિચારી રહ્યા છે સ્વામિનાથ, રોજ પાઘડીની પૂજા કરે છે પણ આ પાઘડી પહેરતા કેમ નથી ? ભીમા શેઠે મોકલેલ પાઘડી હવે એમણે વાપરવી જોઇએ. જો ન વાપરે તો એ સાધર્મિકનું અપમાન કર્યું કહેવાય. અપમાન એ તો મહાપાપ છે. અને એક દિવસ પાઘડી સન્મુખ ભાવના ભાવતા સ્વામીને પદ્મિનીએ ટકોર કરી... ''પાઘડી પહેરવા માટે છે. પૂજા માટે નહીં. આપ એને પહેરતા કેમ નથી ?

તક જોઇને મંત્રીશ્વર જવાબ આપે છે **''આ તો બ્રહ્મચર્ય વ્રતને ધારણ કરનાર ભીમાશેઠની પાઘડી છે અને હું તો બ્રહ્મચારી નથી મારાથી આ પાઘડી કેમ પહેરી શકાય ? આ પાઘડી પહેરવાની હજી મારી લાયકાત નથી... યોગ્યતા કે પાત્રતા નથી.''**

પતિદેવની વાત સાંભળી ધર્મપત્ની પદ્મિની કહે છે ''સ્વામિનાથ ! શુભ કાર્યમાં શીઘ્રતા કરો... જલ્દીથી વ્રત સ્વીકારી... આ પાઘડી આપના મસ્તકે ધારણ કરો.''

પત્નીના વચનોને પેથડશા સાંભળતા જ રહ્યા એમના આનંદનો પાર ન રહ્યો. આનંદ

વિભોર બનીને પત્નીને પુછવા લાગ્યા. ''શું ખરેખર વ્રત ધારણ કરવામાં તમારી અનુમતી છે. તમને આ વાત યોગ્ય લાગે છે ?''

પત્ની પાસેથી સંતોષકારક જવાબ મળવાથી પેથડશા શુભ દિવસે ગુરૂભગવંત પાસેથી ભરયુવાનીમાં કેવળ બત્રીસ વર્ષની ઉંમરે બ્રહ્મચર્ય વ્રતને સ્વીકારે છે.

ધન્ય છે પેથડશા તમને ! ધન્ય છે તમારી ધર્મપત્ની પદ્મિનીને ! તમને અમારા લાખ લાખ પ્રણામ !

**અધર્મ સાથેનો સ્વામિનો સબંધ તોડી, સ્વામિને ધર્મમાં જોડે... ધર્મમાં સ્થિર કરે... ધર્મમાં આગળ વધારે માટે જ તો આર્ય ધરતિની સ્ત્રી કેવળ પત્ની નહીં પણ ધર્મપત્ની કહેવાય છે.**

પેથડશાના ધર્મપત્ની એનો દાખલો પુરો પાડે છે. પતિની ઈચ્છા જાણીને પોતાની ઈચ્છા અને વાસનાઓને નિયંત્રીતકરી, પતિને ધર્મ અર્થે અનુકુળ બનવામાં જ એમણે જીવનની ધન્યતા અનુભવી.

પેથડશા ફક્ત વ્રતનો સ્વીકાર કરે છે એમ નથી પણ મન-વચન-કાયાથી ત્રિવિધે - ત્રિવિધે એનું શુદ્ધ રીતે પાલન પણ કરે છે. અને ભીમાશેઠની પાઘડી પહેરે છે.

નિરતિચાર વ્રત પાલનમાં એક અનોખી શક્તિ છે અને અહીં તો વ્રતોના રાજા સ્વરૂપ બ્રહ્મચર્ય વ્રતનું પાલન છે. સત્તા છે સંપત્તિ છે રૂપ છે રૂપવતી છે... પણ આ બધા પ્રત્યે .... વૈરાગ્યના પરિણામે પેથડશાના જીવનમાં દિવ્યતા આવે છે. એની દ્દષ્ટિ પડે અને ભૂત-પિશાચ-વ્યંતર ભાગી જાય.. એમના પહેરેલા વસ્ત્ર રોગી ધારણ કરે તો રોગ મુક્ત બની જાય નિરોગી થઇ જાય એનો રોગ ક્યાંય ગાયબ થઇ જાય.

એક દિવસ રાણી લીલાવતીની દાસી કોઇ કાર્ય માટે મંત્રીશ્વરના ઘેર આવી. એમના કરમાયેલા મુખને જોઇને પદ્મિનીએ કારણ પૂછ્યું કારણ જણાવતા દાસીએ કહ્યુ - ''રાણી સાહેબાને ત્રણ ત્રણ દિવસને આંતરે તાવ આવે છે... ઘણા ઉપાય કર્યા પણ તાવ ઉતરતો નથી તેથી ચિંતા થાય છે.''

દાસીના મુખેથી વાત સાંભળી કેવળ પરોપકારની બુદ્ધિથી પેથડશાના પત્ની પદ્મિનીએ પેથડશાના વસ્ત્ર ઓઢવાથી તાવ મટી જશે એમ જણાવ્યું. દાસીએ એ વસ્ત્ર માટે માંગણી કરી. બીજુ કોઇ વસ્ત્ર ન મળતા પૂર્વે રાજાએ આપેલું વસ્ત્ર જે પેથડશા જિનપૂજામાં વાપરતા હતા એ વસ્ત્ર દાસીને આપ્યું.

રાણી લીલાવતીએ વસ્ત્ર ઓઢ્યું... એમનો તાવ મટી ગયો. શીલનો પ્રભાવ અનેરો છે. અન્ય રાણીએ રાજાની કાન ભંભેરણી કરી. રાણી લીલાવતીને મંત્રીશ્વર ઉપર તીવ્ર રાગ છે. તેઓ દિવસે પણ એના વસ્ત્ર ઓઢીને બેસે છે. રાજાએ અંતપુરમાં જઇને લીલાવતી રાણીને જોયું અને એને ખાત્રી થઇ ગઇ. રાણી લીલાવતી માટે રાજાએ દેશનિકાલની સજા જાહેર કરી. લીલાવતી રાણીને કશું જ સમજાયું નહીં. રાજાનું અવિચારી પગલું જાણીને પેથડશાએ ગુપ્ત રીતે પણ લીલાવતી રાણીને પોતાના આવાસમાં રક્ષણ આપ્યું.

એકદા રાજાના આ કૃત્યથી આઘાત પામેલી મહારાણી લીલાવતી આપઘાત કરવા પ્રયત્ન કરે છે. પણ મંત્રીપત્નીને ખબર પડતા જ એને સમજાવે છે અને ધીરજ રાખી ધર્મ કરવા કહે છે. ત્યારે લીલાવતી રાણી કહે છે અહીં ગુપ્તપણે રહેલી હું શું ધર્મ કરી શકુ ? ત્યારે મંત્રીપત્ની પદ્મિની મહામંત્ર નવકારનો મહિમા મહારાણીને સમજાવે છે. સર્પ પણ જેના પ્રતાપથી પુષ્પની માળા બની જાય... શુળી પણ જેનાથી સિંહાસનમાં ફેરવાઇ જાય અનેક કષ્ટ અને સંકટ પળવારમાં નાશ પામી જાય એવા નવકારના શરણે ચાલ્યા જાવ નવકાર જ તમારા દુઃખ દૂર કરશે. તમે શાંતિપૂર્વક નવકાર મંત્રનો એક લાખનો જાપ કરો લીલાવતીએ શુદ્ધ વસ્ત્ર ધારણકરી...પદ્માસને બેસીને એકાગ્રતાથી નવકાર મંત્ર જપવા લાગ્યા.

જેમ જેમ જાપ વધતો ગયો... તેમ તેમ સ્થિરતા અને એકાગ્રતા વધતી ગઇ એમ કરતાં જ્યાં પંચ્યાશી હજારનો જાપ થયો ત્યાં રાતે સપનામાં દેવીએ આવીને કહ્યુ આઠ દિવસમાં રાજા સ્વયં આવીને તમને લઇ જશે. સવારના ઉઠીને સ્વપ્નની વાત યાદ કરી ઉલ્લાસપૂર્વક નવકાર મંત્રમાં વધારેને વધારે લીન બનવા લાગ્યા.

ત્યાં એક દિવસ પાણી પીવા ગયેલા રાજાનો પટ્ટ હસ્તી તોફાને ચડ્યો... ઘણું તોફાન કરીને મરણતોલ હાલતમાં પડી ગયો... બધા વિચારમાં પડ્યા શું કરવું ? કોઇને સમજાતું ન હતું. ત્યાં લીલાવતી રાણીના દાસીએ રાજાને વાત કરી ''રાણી સાહેબાનો તાવ મંત્રીશ્વરનું વસ્ત્ર ઓઢાડતાં ઉતરી ગયો હતો એ જ મંત્રીશ્વરનું વસ્ત્ર હાથી ઉપર નાખવામાં આવે તો હાથી શાંત અને સાજો થઇ જાય.

રાજા વાત સાંભળી ચમકી ઉઠ્યો શું રાણીએ તાવ ઉતારવા મંત્રીશ્વરનું વસ્ત્ર ઓઢ્યું હતું ? શું મને ખોટી રીતે ફસાવીને માયાની બાજી રમાઇ ગઇ ? પણ મંત્રીશ્વરના વસ્ત્રનું પારખું કરવા એ વસ્ત્ર હાથી ઉપર નાખવામાં આવતાં જ હાથી શાંત થઇ ગયો... સાજો થઇ ગયો. રાજાનો હાથી તો મળ્યો જ પણ સાથે સત્ય પણ સમજાયું રાજા દુઃખી દુઃખી થઇ ગયા.

મંત્રીશ્વર રાજાને દુઃખી જોઇને કારણ પુછે છે રાજા સત્ય જણાવીને કહે છે. ''હવે લીલાવતી નહીં મળે ત્યાં સુધી હું ભોજન કરીશ નહીં.''

મંત્રીશ્વરે આશ્વાસન આપતા જણાવ્યું કે જરૂર લીલાવતી મળી જશે. સાંજે રાજાને સમાચાર આવ્યા. ''રાજન! રાણી લીલાવતી અમારે ઘેર આવેલ છે.'' રાજા ઉઠીને મંત્રીશ્વરને ભેટી પડે છે. મંત્રીશ્વરને લઇને એમના ઘરે જાય છે. શ્વેત વસ્ત્રમાં નવકાર મંત્રનો જાપ કરતી લીલાવતીને જોઇને અત્યંત આનંદિત થાય છે. મહોત્સવ પૂર્વક લીલાવતી સાથે મહેલ પ્રવેશ કરે છે.

મંત્રીપત્ની પદ્મિની પાસેથી ધર્મ પામીને રાણી લીલાવતી જૈન ધર્મમાં સ્થિર થાય છે. પરમાત્માની પૂજાભક્તિ આદિમાં લયલીન બની જાય છે. પેથડશા રાજા પાસેથી પોતાના રાજ્યમાંથી સાત વ્યસન દૂર કરાવે છે. સ્વયં આરાધના કરીને અનેકોને આરાધનાના રાગી બનાવી, વીતરાગના ભક્ત સેવક બનાવે છે.

શીલનો મહિમા ન્યારો છે. શીલ તો શાસનના પ્રાણ છે. નિર્મળ વિશુદ્ધ શીલના પાલનથી તો શાસનની મહાસતીએ શાસનનો જય જયકાર કર્યો છે. જિનશાસનની ધજાને વિશ્વના ચોગાનમાં સદા ફરકતી રાખી છે.

વસંતપૂર નગરી હતી...

જિતશત્રુ રાજા રાજ્ય કરી રહ્યો હતો...

જિત શત્રુ રાજાને જિનદાસ મંત્રી હતો...

જિનદાસ મંત્રીને તત્વમાલિની નામે પત્ની હતી... સુભદ્રા નામે પુત્રી હતી...

સુભદ્રા જેવી રૂપવાન હતી તેવી જ ગુણવાન હતી...

ધર્મના મર્મને જાણનારી અને આચરનારી હતી...

ચંપાનગરીમાં બૌદ્ધધર્મી બુદ્ધદાસ નામે યુવાન હતો...

એણે એકદા સુભદ્રાની પ્રશંસા સાંભળી અને નક્કી કર્યું પરણીશ તો સુભદ્રાને જ!

બુદ્ધદાસે સુભદ્રા વિષેની માહિતી મેળવી ત્યારે એને સમાચાર મળ્યા કે જિનદાસ ચુસ્ત જૈન ધર્મના આરાધક શ્રાવકને જ સુભદ્રા આપવાના છે. અજૈનને કોઇ કાળે સુભદ્રા નહિં આપે.

સુભદ્રા તરફના અનુરાગ અને પ્રીતીના કારણે એને મેળવવા બુદ્ધદાસ નકલી શ્રાવક બન્યો. વેપાર પ્રસંગે વસંતપુરમાં આવ્યો. દરરોજ સુંદર પ્રભુ પૂજા-ભક્તિ કરવા લાગ્યો. જિનદાસ સાથે જિનધર્મના સિદ્ધાંતોની સુંદર ચર્ચા કરવા લાગ્યો. બાહ્ય દેખાવ અને વાતોથી

અંજાઇને જિનદાસ મંત્રીએ સુભદ્રાને એની સાથે પરણાવી દીધી.

સાસરે આવતાં સુભદ્રાને ખ્યાલ આવી ગયો કે પોતે ઠગાઇ છે. અહિં તો મિથ્યાત્વ ધર્મની જ બોલબાલા છે. એણે પોતાની આરાધના ચાલુ રાખી.

પુત્રવધુ જિનધર્મની આરાધના કરે છે એ સાસુને ગમતું ન હતું. એ વહુના છિદ્રો શોધવા લાગી. અને એકદા એને તક મળી ગઇ.

એકદા માસક્ષમણના તપસ્વી મુનિરાજ સુભદ્રાને ત્યાં વહોરવા પધાર્યા... ત્યાં જ એમની આંખમાં તરણું પડ્યું... સુભદ્રાએ લઘુલાઘવી કળાથી જીભ વડે તણખું કાઢી નાખ્યું. મુનિ આહાર વહોરાવીને... ધર્મલાભ આપીને પાછા ફર્યા... ત્યાં સુભદ્રાના સાસુજીએ મુનિરાજને જોયા... આ શું ? મુનિરાજના કપાળમાં તિલક કેમ ?

સાસુએ તરત હો... હો... કરી નાંખી...

બુદ્ધિદાસને ભરમાવ્યો... એણે સુભદ્રાનો તિરસ્કાર કર્યો...

એની સાથે બોલવાનું બંધ કરી દીધું...

સુભદ્રા સતી હતી... એનાથી તિરસ્કાર સહન ન થયો...

સાસુ વગેરેની શંકાથી તો એને દુઃખ થયું જ પણ મુનિરાજ ઉપરના કલંકથી એને વધારે દુઃખ થયું.

એણે અન્નજળનો ત્યાગ કર્યો... શાસન દેવીનો કાઉસગ્ગ કર્યો...

શીલના પ્રભાવથી શાસનદેવીનું આસન કંપ્યુ... અવધિજ્ઞાનથી સતી ઉપર આવેલા કલંકની વાત જાણી...

સત્વરે સુભદ્રાની સામે હાજર થઇ... જલ્દી જ કલંક નિવારણ માટે વચન આપ્યું...

દેવીના આગ્રહથી સુભદ્રાએ પારણું કર્યું.

ચંપાનગરીના ચાર દ્વાર અચાનક બંધ થઇ ગયા... અંદરના માણસો અંદર અને બહારના માણસો બહાર એવી પરિસ્થિતિ સર્જાણી... ઘણા પ્રયાસ કરવા છતાં પણ દ્વાર ન જ ખુલ્યાં.

ત્યાં તો આકાશવાણી થઇ - સાંભળો... સાંભળો... નગરજનો સાંભળો...

''આવી પડેલ દુઃખને દૂર કરવાનો એક જ ઉપાય છે. મન-વચન-કાયાથી શીલવ્રતનું પાલન કરનારી સ્ત્રી જો કાચા સુતરના તાંતણે ચાળણી બાંધી કુવામાંથી પાણી કાઢીને દરવાજા ઉપર છાંટશે તો જ નગરીના બંધ થયેલા દ્વાર ઉઘડશે.''

રાજાની રાણી સાહેબા આવ્યાં પ્રયત્ન કર્યો... પણ સફળતા ન મળી...

નગરશેઠના પત્ની શેઠાણી આવ્યા... સફળતા ન મળી...

રાજાએ નગરીમાં ઢંઢેરો પીટાવ્યો... ઘણી બહેનો આવી... પ્રયાસ કર્યા પણ નિષ્ફળતા જ મળી...

સુભદ્રાએ સાસુજીની રજા માંગી સાસુજી ન બોલવાના બોલ બોલવા લાગ્યાં. સુભદ્રાએ ફરીથી આજ્ઞા માંગી. અંતે કંટાળીને સાસુજીએ આકાશને પૂછવાની રજા આપી. સુભદ્રા ખુલ્લા આકાશમાં ગઇ અને આકાશને પૂછ્યું - ''હું દ્વાર ઉઘાડું ?''

ત્યારે ફરી આકાશવાણી થઇ - ''જાવ... જાવ... ઉઘાડો અને સૌને આફતમાંથી બચાવો.''

આકાશવાણી સાંભળી રાજા-પ્રજા સહુ સુભદ્રાને વિનંતિ કરવા આવ્યાં.

સુભદ્રા આગળ... બધા પાછળ ચાલવા લાગ્યાં...

સુભદ્રાને કાચા સુતરના તાંતણે ચાળણીમાં પાણી કાઢવામાં સફળતા મળી...

ચંપાનગરીના બંધ દ્વારો ઉપર પાણીનો છંટકાવ કર્યો...

સુભદ્રાના શિયળના પ્રભાવે ચંપાપુરી નગરીના દ્વાર ઉઘડી ગયા...

માથે આવેલું કલંક દૂર થયું... જિન શાસનનો જય જય કાર થયો...

ધન્ય સુભદ્રા ! ધન્ય સતી ! ધન્ય શીલ !

સુભદ્રાએ સંયમનો સ્વીકાર કર્યો... સમતા-ક્ષમા અને તપથી ઘાતિકર્મનો ક્ષય કર્યો... કેવળજ્ઞાનનો સૂર્ય ઝળહળી ઉઠ્યો... જગત જીવોનો ઉદ્ધાર કરી સતી સુભદ્રા મુક્તિનગરીમાં પધાર્યા...

**આ છે જિનશાસનના શીલની અમરગાથા.**



# ૮ તપ

સાધનાના ક્ષેત્રે તપનું આગવું મહત્વ છે. પરમાત્માએ પ્રરૂપેલા ચાર પ્રકારના ધર્મમાં તપ ત્રીજા ક્રમાંકે આવે છે.

मलं स्वर्णगतं वह्नि हंस: क्षीर गतं जलम् ।
यथा पृथक्करोत्येव, जन्तो: कर्ममलं तप: ।।

સોનાની મલીનતાને અગ્નિ દૂર કરે છે...
દુધના પાણીને હંસ અલગ કરી આપે છે...

એવી જ રીતે પ્રાણીઓના આત્માની કર્મ મલીનતાને તપ દૂર કરે છે... કર્મમળનો નાશ કરે છે.

અનાદિ કાળથી આપણે ચાર ગતિમય સંસારમાં પરિભ્રમણ કરી રહ્યા છીએ... કર્મો આપણને નચાવે છે તેમ આપણે નાચ કરી રહ્યા છીએ. આ બધા દુઃખ દુર્ગતિમાંથી મુક્ત થવા તપ અનિવાર્ય છે. સંસારના તાપ સંતાપમાંથી મુક્ત થવાનો માર્ગ છે તપધર્મ.

આસક્તિ ત્યાગ એ જ ધર્મ છે. સાધક સાધનાના માર્ગે આગળ વધે છે ત્યારે સંસારના સર્વ ભોગ-ઉપભોગના પદાર્થો ઉપરથી મમત્વ હટાવતો જાય છે. બધા મમત્વના ત્યાગના અંતે એની પાસે માત્ર દેહ ઉપર આસક્તિ રહે છે. દેહ મમત્વનો ત્યાગ અતિ કઠિન છે. આ મમત્વને દૂર કરવા પાંચ ઈન્દ્રિયોને જીતવી પડે. પાંચ ઈન્દ્રિયોને જીતવા પાંચ ઈન્દ્રિયના રાજા સ્વરૂપ રસનેન્દ્રિયને જીતવાની છે. રસનેન્દ્રિયને જીતવા તપ ધર્મની શરણાગતિ સ્વીકારવી પડે છે.

જિનશાસનમાં તપનું અદ્‌ભૂત મહત્વ છે. તપથી કર્મક્ષય અને મોક્ષ મળે છે તો ભૌતિક સિદ્ધિઓ મળે એમાં ક્યાં કોઇ આશ્ચર્યને સ્થાન છે ? કુવલયમાલાના કર્તા પૂ.ઉદ્યોતનસૂરિ મહારાજાના ગુરુભાઇ કૃષ્ણર્ષિ વરસમાં ફક્ત ૩૬ દિવસ જ આહાર લેતા પારણું કરતા બાકીના દિવસ ઉપવાસ જ કરતા. તપની તીવ્ર આરાધનાથી એમના શરીરની તમામે તમામ વસ્તુઓ ઔષધિરૂપ બની ગઇ હતી. મળ-મૂત્ર-પસીનો-થુંક બધા લબ્ધિ યુક્ત બન્યા હતા. એમના ચરણ પ્રક્ષાલનના જલથી સર્પનું ઝેર ઉતરી જતું હતું. આવો અલૌલિક છે તપનો પ્રભાવ.

આ બધા તપના બે પ્રકાર કરી શકાય.

**૧. અકામ તપ** - ઈચ્છા વિનાનો તપ. તપ કરવાની ઈચ્છા ન હોય છતાં ખાવા ન મળે ને તપ થઇ જાય.

**૨. સકામ તપ** - ઈચ્છા પૂર્વકનો તપ. પ્રથમથી ઈચ્છા પ્રમાણે પચ્ચક્ખાણ પૂર્વકનું તપ કરે.

જિનશાસનમાં અકામ તપનું કોઇ મહત્વ નથી. સાચી કર્મ નિર્જરા સકામ તપથી જ થાય છે.

સવારના દસ વાગે ઉઠી એ અને પોરસિ આવી જાય એ પોરસિ તપ નથી. ડૉક્ટરે ઓપરેશન કરતાં ખાવાનું ન આપ્યુંઅને કાંઇ ન ખાધું એ ઉપવાસ નથી. અંદરમાં ખાવાની ઈચ્છા છે તેથી તે કેવળ અકામ તપ છે. એનાથી કોઇ લાભ થતો નથી.

તપ માત્ર કર્મ નિર્જરા માટે કરવાનો છે. એની પાછળ પ્રશંસા, યશ-કીર્તિ કે ભૌતિક સુખોની ઈચ્છા ન હોવી જોઇએ. આલોક કે પરલોકના ભૌતિક સુખોની પ્રાપ્તિ માટે કરતા તપનું પણ કોઇ મહત્વ નથી. તપ દ્વારા આત્મ વિકાસ જ સાધવાનો છે.

સર્વ તીર્થંકર પરમાત્માઓનો મોક્ષ નિશ્ચિત હોવા છતાં પણ બધાં જ તીર્થંકરોએ તપની શ્રેષ્ઠ સાધના પોતાના જીવનમાં કરી છે. નાનામાં નાનું અને સામાન્યમાં સામાન્ય તપ પણ આત્માની ઉર્ધ્વગતિ કરનારૂં બને છે. આપણે નાનું દ્દષ્ટાંત વિચારીએ.

એક હતું ગામડું...

ત્યાં હતો એક સાળવી... ગામનો સૌથી વધુ દારૂડીયો...

દારૂનો ભારે વ્યસની... દારૂ પીવામાં જો થોડું પણ મોડું થાય તો નશો ખેંચાવા લાગે... અતિ વ્યાકુળ બની જાય...

એકદા ગામમાં મુનિરાજ પધાર્યા.

નિયમ અને પચ્ચક્ખાણનું મહત્વ સમજાવ્યું. જિનશાસનના સામાન્ય તપ સ્વરૂપ મુઢસી.. ગંઠસી.. વેઢસી.. જેવા પચ્ચક્ખાણોની વાત સહુને સમજાવી. સહુ નાના-મોટા પચ્ચક્ખાણ દ્વારા તપની સાધના કરવા તૈયાર થયા. એક માત્ર સાળવી પચ્ચક્ખાણ માટે તૈયાર ન થયો. સાળવીને પાસે બેસાડી મુનિરાજે સમજાવ્યું. આ પચ્ચક્ખાણોમાં દારૂ ગમે ત્યારે... ગમે તેટલીવાર પી શકાય. એવું જાણીને સાળવી ગંઠસીનું પચ્ચક્ખાણ લેવા તૈયાર થયો. મુનિરાજે સમજાવ્યું પાસે એક દોરી રાખવી. દોરીને ગાંઠ માર્યા પછી દારૂ પીવો નહીં. દારૂ

પીવો હોય ત્યારે દોરીની ગાંઠ છોડી નાંખવી. દારૂ પી લીધા પછી ફરી દોરીને ગાંઠ બાંધી દેવી.

જ્યાં તપ અને પચ્ચક્ખાણ છે ત્યાં પરીક્ષા છે.

એક દિવસ સાળવીની કસોટી થઇ. એની દોરીની ગાંઠ મડાગાંઠ બની ગઇ. ગાંઠ છોડવા એ જેમ જેમ પ્રયત્ન કરવા લાગ્યો તેમ તેમ ગાંઠ વધારે મજબૂત બની ગઇ. દારૂ પીવામાં વિલંબ થતાં સાળવીની નસો ખેંચાવા લાગી... એ દારૂ વિના તરફડવા લાગ્યો. સ્નેહિ-સબંધીઓએ પચ્ચક્ખાણ તોડી નાખવા જણાવ્યું. પરંતુ આ દારૂડીયાએ કમાલ કરી. પચ્ચક્ખાણ તોડવાની સાફ ના પાડી દીધી. અંતે ગાંઠ ન છૂટી તે ન જ છૂટી. સાળવીએ મનની સ્વસ્થતા અને શાંતિ સાથે દેહ ત્યાગ કર્યો. સમાધિ મરણને વર્યો.

માનવ ગતિમાંથી એ પુણ્યાત્માએ દેવગતિમાં પ્રયાણ કર્યું. ગુરુદેવે આપેલા પચ્ચક્ખાણથી દેવલોક પામ્યાનું જાણી ગુરૂદેવને વંદન કરવા આવ્યો. ગુરુદેવે તીર્થરક્ષાનું કાર્ય બતાવ્યું. એનો સહર્ષ સ્વીકાર કરી... તીર્થરક્ષા-ગુરુઆજ્ઞા પાલન દ્વારા કરી પુણ્યાનુબંધી પુણ્યનો સંચય કર્યો.

### તપ પચ્ચક્ખાણ કોણ કરી શકે ?

દેવલોકના દેવો તો ન કરી શકે... નરકના જીવો પણ ન કરી શકે.

તિર્યંચગતિમાં વિરલા જ આચરી શકે... એક માત્ર માનવી માટે આ પચ્ચક્ખાણની સાધના સરળ... સહજ... અને અતિ ફળદાયી છે.

નાનું એવું સ્વેચ્છાપૂર્વક કરેલું નવકારસીનું તપ સો વરસ સુધી નરકમાં ભોગવવા પડતાં દુ:ખોથી આત્માને મુક્ત કરે છે.

પોરસિનું સ્વેચ્છાએ કરેલું તપ પચ્ચક્ખાણ હજાર વરસ સુધી નરકમાં ભોગવવા પડતાં દુ:ખોથી આત્માને મુક્ત કરે છે.

નાના-નાના તપમાં આવું પ્રચંડ બળ ક્યાંથી આવે ?

હે માનવી ! આત્મામાં અનંત વીર્ય છે... તું અનંત શક્તિનો સ્વામિ છે... તું કાયર બનીશ નહીં... અનંત વીર્યને ફોરવ તારા માટે કોઇ તપ અશક્ય કે અસાધ્ય નથી.

તપના શરણે ગયેલા સ્વયં તરીને અનેકોને તારનારા બને છે.

જિનશાસનમાં તપના બે પ્રકાર જણાવવામાં આવ્યા છે -

(૧) બાહ્ય તપ અને (૨) અભ્યંતર તપ.

બાહ્ય તપ, અભ્યંતર તપમાં પ્રવેશ અપાવનાર પ્રવેશદ્વાર છે.

જે તપમાં શારીરિક ક્રિયાની મુખ્યતા છે... જે તપમાં બાહ્ય દ્રવ્યની અપેક્ષા છે, જે તપને બીજા કોઇ જાણી શકે છે તે બાહ્યતપ છે.

જે તપમાં શારીરિક ક્રિયાની ગૌણતા છે. અને માનસિક ક્રિયાની મુખ્યતા છે, જ્યાં બાહ્ય દ્રવ્યની અપેક્ષા નથી તેમજ સામાન્ય વ્યક્તિ જે તપને જોઇ-જાણી-સમજી ન શકે તે અભ્યંતર તપ છે.

બાહ્ય તપ સાધન છે અભ્યંતર તપ સાધ્ય છે.

બાહ્ય તપથી જે કર્મ નિર્જરા થાય છે તેનાથી અનેક ગણી કર્મ નિર્જરા અભ્યંતર તપથી થાય છે.

બાહ્યતપની દિવાસળીથી અભ્યંતર તપનો દીવો ન પ્રગટે... દિવ્ય જ્યોત ન ઝળહળે... વાસના અને આસક્તિનો કચરો ન બળે તો એ તપ, તપ નથી... એ તપ તાપ ઉપજાવે છે.

બાહ્ય તપ દ્વારા અભ્યંતર તપમાં અને અભ્યંતર તપ દ્વારા મોક્ષ નગરીમાં પ્રવેશ મેળવવાનો છે.

બાહ્ય અને અભ્યંતર બન્ને તપના ૬-૬ પ્રકાર છે. આપણે આ બન્ને તપને જાણીને એમને જીવનમાં ઉતારવા માટેનો અભ્યાસ કરી મુક્તિની મંઝિલના સફળપ્રવાસી બનીએ.

## બાહ્ય તપના પ્રકાર

(૧) **અનશન** - આત્મ કલ્યાણના હેતુથી કરાતો સર્વ પ્રકારના આહારનો ત્યાગ તે અનશન છે. આ અનશનના બે પ્રકાર છે -

મર્યાદિત સમય માટે કરાતો સર્વ પ્રકારના આહારનો ત્યાગ તે **ઈત્વરિકઅનશન** છે અને જીવનના અંત સુધી કરાતો સર્વ પ્રકારના આહારનો ત્યાગ તે **યાવત્કથિક અનશન** છે.

નવકારસી, ચોવિહાર, ઉપવાસ, આયંબીલ, એકાસણું, બ્યાસણું, છઠ્ઠ, અઠ્ઠમાદિ તપમાં મર્યાદિત સમય માટે સર્વ પ્રકારના આહાર-પાણીનો ત્યાગ થતો હોવાથી આ બધાનો સમાવેશ ઈત્વરિક અનશનમાં થાય છે.

યાવત્કથિક અનશન તપના ત્રણ મુખ્ય ભેદ છે -

**(અ) ભક્ત પ્રત્યાખ્યાન –** ભક્ત પ્રત્યાખ્યાન અનશન તપમાં જીવનપર્યંત ત્રણ અથવા ચાર આહારનો ત્યાગ કરવામાં આવે છે. જ્યારે ત્રણ આહારનો ત્યાગ કરવામાં આવે છે ત્યારે ફક્ત પાણીની છૂટ રાખવામાં આવે છે. બાકી સર્વ આહારનો ત્યાગ કરવામાં આવે છે. આ તપમાં ક્ષેત્ર પ્રતિબંધ હોતો નથી. અનશન કરનાર વ્યક્તિ બધા ક્ષેત્રમાં હરવા-ફરવાનું કરી શકે છે. સ્વયં ઉઠવા-બેસવાની ક્રિયા કરી શકે અને પોતાની રીતે ન થઇ શકે તો બીજાની સહાયતાથી પણ ઉઠવા-બેસવાની ક્રિયા કરી શકે છે.

**(બ) ઈંગિની અનશન –** ઈંગિની અનશનમાં નિયમા ચાર આહારનો એટલે જ સર્વ પ્રકારના આહારનો ત્યાગ હોય છે. આ અનશનમાં ક્ષેત્ર પ્રતિબંધ હોય છે. નક્કી કરેલા... છૂટ રાખેલા સ્થાનમાં જ આવાગમન કરી શકે છે. ઉઠવા-બેસવા કે ચાલવાની ક્રિયા સ્વયં જાતે કરવાની હોય છે. અન્ય કોઇની સહાયતા લઇ શકાતી નથી.

**(ક) પાદપોગમન અનશન –** પાદપ એટલે વૃક્ષ-ઉપગમન એટલે સમાનતા વૃક્ષ સાથે જેની સમાનતા છે એવું અનશન તે પાદોપગમન અનશન છે. નીચે પડેલું વૃક્ષ જે સ્થિતિમાં પડે છે એ જ સ્થિતિમાં રહે છે. એવી જ રીતે જે સ્થિતિમાં પાદપોગમન અનશન સ્વીકારે એ જ સ્થિતિમાં જીવન પર્યંત રહે છે. શરીરના અંગોપાંગને જરા પણ હલાવે નહીં. સદા ડાબે પડખે સુતા સુતા ધ્યાનમાં લીન રહે છે. આ અનશનમાં ચારે પ્રકારના આહારનો ત્યાગ હોય છે.

યાવત્ જીવન પર્યંતનું અનશન સામાન્ય સાધક સ્વીકારી ન શકે. જેનું આત્મબળ, મનોબળ અત્યંત મજબૂત હોય. ધીરતા અને વીરતાના સ્વામી હોય તે જ ગમે તેવા ઉપસર્ગોમાં પોતાનું સત્વ ટકાવી શકે છે. સમાધિમાં સ્થિર બની રહે છે. આવા મહાત્માઓ સર્વ કર્મ ખપાવી યા તો મોક્ષ પામે છે અથવા વૈમાનિક દેવલોકમાં જાય છે.

**(૨) અવમૌદર્ય (ઉણોદરી)** પોતાની ક્ષુધાને શાંત કરવા જેટલો આહાર આવશ્યક હોય એના કરતાં ઓછા આહારમાં સંતોષ માનવો અથવા ઓછો આહાર લેવો તે અવમૌદર્ય અથવા ઉણોદરી નામે બાહ્ય તપ છે. શાસ્ત્રોક્ત રીતે પુરૂષનો સંપૂર્ણ આહાર બત્રીસ (૩૨) કોળિયા પ્રમાણ કહેલો છે. તો સ્ત્રીનો સંપૂર્ણ આહાર અઠ્યાવીસ (૨૮) કોળિયા પ્રમાણ કહેલો છે. એનાથી એક કોળિયો પણ ઓછો વાપરે (પુરૂષ ૩૧ કોળિયા, સ્ત્રી ૨૭ કોળિયા) તો તે જઘન્ય ઉણોદરી છે. પછી ૩૦, ૨૮, ૨૭ (સ્ત્રીને માટે ૨૬,૨૫,૨૪) કોળિયા

પ્રમાણ આહાર તે મધ્યમ ઉણોદરી છે જ્યારે આઠ કોળિયા પ્રમાણ આહાર ઉત્કૃષ્ટ ઉણોદરી કહેવાય છે. સંયમ જીવનની આરાધના અને સંયમ જીવનની રક્ષામાં ઉણોદરી તપ મહત્વનો ભાગ ભજવે છે. ઉણોદરી તપથી ઉંઘ-આળસ ઘટે છે. સંયમમાં અપ્રમત્ત દશાની પ્રાપ્તિ થાય છે. ખાવા-પીવામાં સંતોષવૃત્તિ કેળવાય છે જે નિર્દોષ આહાર-પાણીની ગવેષણામાં સહાયક બને છે. નાના જણાતા તપમાં પણ લાભ મહાન છે.

**(૩) વૃત્તિસંક્ષેપ તપ -** આ તપ વૃત્તિ પરિસંખ્યાન તપના નામે પણ ઓળખાય છે.

વૃત્તિ એટલે આહાર, પરિસંખ્યાન એટલે સંક્ષેપ અથવા મર્યાદા. અનાદિ કાળથી આ જીવની પાછળ આહાર સંજ્ઞા પડેલી છે. આહાર સંજ્ઞા તીવ્ર બને ત્યારે ભક્ષ્યાભક્ષ્ય-કાળ-અકાળ-યોગ્યાયોગ્ય બધું જ ભુલાઇ જાય છે. આત્મા અણહારી છે એ વાત ભુલાઇ જાય છે. આવા સમયે ખાનપાનમાં લલચાતા જીવને માટે ખાનપાનમાં મર્યાદા અતિ આવશ્યક બને છે. આવા સંજોગોમાં વિવિધ વસ્તુની ખાવાપીવાની લાલચને ટુંકાવવી તે **વૃત્તિસંક્ષેપ તપ** છે.

**(૪) રસપરિત્યાગ તપ -** ઈન્દ્રિયોમાં વિકાર-વિકૃતિ લાવનાર રસપરિપૂર્ણ-સ્નિગ્ધ પદાર્થોનો ત્યાગ કરવો તે રસપરિત્યાગ તપ છે. આ રસપૂર્ણ-સ્નિગ્ધ પદાર્થો બે પ્રકારના છે - (૧) મહાવિગઇ અને (૨) વિગઇ. મહાવિગઇ મહાવિકૃતિ લાવનાર તથા નરકાદિ દુર્ગતિના આયુષ્યબંધ યોગ્ય અશુભ અધ્યવસાય અને રૌદ્રધ્યાન કરાવનાર છે. આ મહાવિગઈનો યાવત્ જીવન માટે ત્યાગ કરવાનો છે. આ મહાવિગઈ ચાર છે - (૧) માંસ (૨) મદિરા (૩) માખણ (૪) મધ.

બીજી છ વિગઈ છે તેનો પણ યથાશક્તિ ત્યાગ આવશ્યક છે. આ છ વિગઈ આ પ્રમાણે છે - (૧) દૂધ (૨) દહીં (૩) ઘી (૪) તેલ (૫) ગોળ અને (૬) કડાવિગઈ એટલે તળેલા પદાર્થો.

વિગઈનો ત્યાગ કરવાથી પ્રમાદ એટલે જ ઉંઘ - આળસ ઘટે છે જેથી આરાધનામાં સ્ફુર્તિ જળવાઈ રહે છે. તપ-જપ-સ્વાધ્યાયાદિમાં નિયમિતતા જળવાઈ રહે છે. ઈન્દ્રિયો વશમાં રહે છે જે સંયમની સાધના આરાધનામાં સહાયક બને છે.

**(૫) વિવિકત શય્યાસન -** વિવિક્ત શય્યાસનમાં પણ બે શબ્દોનો સમાવેશ છે. વિવિક્ત અને શય્યા. વિવિક્ત એટલે એકાંત અને શય્યા એટલે શય્યા-આસનાદિ. પહેલાના

સમયમાં સાધુ જંગલમાં રહેતા હતા. આજે સાધુ વસ્તીમાં છે. છતાં પણ જેને આત્મસાધના કરવી છે એની શય્યા કે આસન કે નિવાસ ક્યાં હોય ? તે જણાવતાં કહે છે વસ્તીની વચ્ચે પણ એકાંત એવા સ્થાનને પોતાની સાધના માટે પસંદ કરવાનું છે. સ્ત્રી, પશુ-પક્ષી, નપુંસક આદિથી રહિત એકાંત શુન્યઘર, મંદિર આદિ સ્થાનમાં રહીને સાધના કરવાની જ્ઞાન-ધ્યાનમાં મસ્ત રહેવાનું તે વિવિક્ત શય્યાસન છે. વિવિક્ત શય્યાસન તપને અનેક ગ્રંથોમાં સંલીનતા નામ પણ આપવામાં આવ્યું છે. સંલીનતા એટલે સંયમ આ સંલીનતા અથવા સંયમ ચાર પ્રકારે છે - (૧) ઈન્દ્રિય સંલીનતા (૨) કષાય સંલીનતા. (૩) યોગ સંલીનતા તથા (૪) વિવક્ત ચર્યા સંલીનતા. આમાં પ્રથમ ત્રણ સંલીનતામાં અનુક્રમે ઈન્દ્રિય-કષાય અને યોગનો સંયમ છે. વિવિક્ત ચર્યા સંલીનતા તથા વિવિક્ત શય્યાસન બન્ને સમાન છે. વિવિક્ત ચર્યા સંલીનતા કે વિવિક્ત શય્યાસન માટે પ્રથમની ત્રણ ઈન્દ્રિય, કષાય અને યોગ સંલીનતા અનિવાર્ય છે. સંયમની વિશુદ્ધિ એવં રક્ષા માટે વિવિકત શય્યાસન તપ મજબૂત આલંબન રૂપ છે.

**(૬) કાયક્લેશ -** ઠંડી અને ગરમી, અનુકુળ કે પ્રતિકુળ પરિસ્થિતિ દ્વારા કાયાને કસવું, વિવિધ આસનો દ્વારા કષાયને કષ્ટ સહન કરવાની આદત પાડવી તે કાયક્લેશ નામે તપ છે. ઉગ્રતપ તપવું, ઉગ્રવિહાર કરવા, આતાપના સહન કરવી, લોચ કરાવવી, વિવિધ આસનો કરવા, કાયોત્સર્ગ આ બધા કાયક્લેશ તપ છે. કાયક્લેશથી સહનશીલતામાં વૃદ્ધિ થાય છે, શરીરની આસક્તિ તુટે છે, વિપુલ કર્મ નિર્જરા થાય છે.

આવા પ્રકારે છ બાહ્યતપ એ અભ્યંતર તપનો પ્રવેશદ્વાર છે. બાહ્ય તપ વિના અભ્યંતર તપમાં પ્રવેશ અત્યંત કઠિન છે.

બાહ્યતપની સમજણ આપ્યા પછી હવે અભ્યંતર તપનો પરિચય કરાવે છે. જે તપમાં શારિરિક ક્રિયાની ગૌણતા છે અને માનસિક ક્રિયાની મુખ્યતા છે, જ્યાં બાહ્ય દ્રવ્યની અપેક્ષા નથી તેમજ અન્ય વ્યક્તિઓ જે તપને જોઈ જાણી શકતી નથી તે **અભ્યંતર તપ** છે. બાહ્ય તપ સ્થૂળ છે જ્યારે અભ્યંતર તપ સૂક્ષ્મ છે. બાહ્ય તપ સાધન છે અભ્યંતર તપ સાધ્ય છે. બાહ્ય તપથી જે કર્મ નિર્જરા થાય છે એનાથી અનેક ગણી કર્મ નિર્જરા અભ્યંતર તપથી થાય છે.

આવા અભ્યંતર તપના વિવિધ ભેદો જણાવે છે -

प्रायश्चित विनयवैयवृत्यस्वाध्यायव्युत्सर्गध्यानान्युत्तरम् ।

**પ્રાયશ્ચિત, વિનય, વૈયાવૃત્ય, સ્વાધ્યાય, વ્યુત્સર્ગ અને ધ્યાન એ અભ્યંતર તપ છે.**

**(૧) પ્રાયશ્ચિત -** પ્રાયશ્ચિત શબ્દમાં બે શબ્દ સમાયેલા છે. પ્રાયઃ અને ચિત્ત. પ્રાયઃ એટલે અપરાધ અને ચિત્ત એટલે શુદ્ધિ. જેનાથી અપરાધોની શુદ્ધિ થાય છે તે પ્રાયશ્ચિત છે. લીધેલા વ્રત-નિયમોમાં પ્રમાદ દ્વારા લાગેલા દોષોનું શોધન કરવું અને તે દોષોની શુદ્ધિ કરવી તે પ્રાયશ્ચિત તપનું હાર્દ છે.

**(૨) વિનય -** જ્ઞાનાદિ ગુણ અને ગુણી પ્રત્યે બહુમાન-સન્માનના ભાવ સાથે સર્વ પ્રકારની એમની આશાતના અવહેલનાનો ત્યાગ કરવો તે વિનય છે.

**(૩) વૈયાવૃત્ય -** આચાર્યાદિ મહાત્માઓની, બાલ-ગ્લાન મહાત્માઓની આવશ્યક ઉપકરણ એવં અન્ય આવશ્યક વસ્તુઓથી ઔષધીથી તેમજ સ્વયંની કાયાથી સેવા-શુશ્રૂષા કરવી તે વૈયાવૃત્ય નામે તપ છે.

**(૪) સ્વાધ્યાય -** જ્ઞાન પ્રાપ્તિના નિર્મળ હેતુથી વિવિધ પ્રકારે શાસ્ત્રાભ્યાસ કરવો તે સ્વાધ્યાય છે.

**(૫) વ્યુત્સર્ગ -** વ્યુત્સર્ગ એટલે ત્યાગ - આત્મ સાધનામાં બાધક અહંકાર અને આસક્તિનો ત્યાગ તે વ્યુત્સર્ગ તપ છે.

**(૬) ધ્યાન -** ધ્યાન એટલે ચિત્તની એકાગ્રતા ચારે બાજુ ભટકતા મનને એક જગ્યાએ સ્થિર કરવું તે ધ્યાન છે.

તપના પ્રકાર જાણ્યા પછી આપણી અનુકુળતા મુજબ બાહ્ય તપ તપતાં અભ્યંતર તપમાં પ્રવેશ કરીને અંતે કાયોત્સર્ગમાં સ્થિરતા કેળવવાની છે. અંતે એ જ આત્મસ્થિરતા અપાવીને કર્મ મુક્તિનો માર્ગ કંડારશે. તપ તો અગ્નિ જેવો છે. અગ્નિ સર્વભક્ષી છે. જે આવે તે બધાને બાળીને ખાખ કરે છે. તેવી જ રીતે તપથી ભવોભવના સંચિત કર્મો ક્ષણવારમાં ભસ્મીભૂત થઇ જાય છે. આત્માની વિકૃતિ નાશ પામીને શુદ્ધ આત્મસ્વરૂપની પ્રાપ્તિ થાય છે.

આવો ! આવા તપધર્મની આરાધનાથી આત્માની નિર્મળતાને પામવા સદ્‌ભાગી બનીએ.

## ૯
# ભાવના ભવ નાશીની

સ્વાધ્યાયમાં મગ્ન સાધુની પાસે 'મત્થએણ વંદામિ' કહી એક શ્રાવકજી આવ્યા. સાધુ ભગવંત તરફથી ધર્મલાભ તો મળ્યા પણ એટલાથી શ્રાવકજીને સંતોષ ન થયો... એ તો મુનિરાજની સામે બેસી ગયા... જ્ઞાન ચર્ચા ચાલુ હતી ત્યાં શ્રાવકજીએ એક વાત કરી સાહેબ...! આજના જૈન સાધુઓએ સંશોધન કરવાની જરૂર છે. આવું કાંઇક સંશોધન કરો જેથી જલ્દી મોક્ષ મળી જાય... મોક્ષનો કોઇ Short cut શોધી કાઢો.

સાહેબ ! આજે instantનો જમાનો છે. ચટ મંગની પટ શાદિ... આજે તૈયાર પાવડર મળે પાણીમાં નાંખો દુધ તૈયાર... દુધમાં ચમચી પાવડર નાંખો કોફી તૈયાર... ઉકળતા પાણીમાં એક પડીકી નાંખો દાળ તૈયાર... પાણીમાં બીજી પડીકી નાંખો ભાત તૈયાર... હવે કોઇની પાસે લાંબા સમય માટે રાહ જોવાની... તકલીફ વેઠવાની ધીરજ નથી. સાહેબ ! ખરેખર આ વિષય ઉપર સંશોધન કરશો તો સ્વ-પરનું કલ્યાણ થશે... મોટો લાભ થશે...

શ્રાવકજી તો વાત કરી વિદાય થઇ ગયા પણ સ્વાધ્યાય મગ્ન મુનિરાજને ઉંડા ચિંતનમાં ઉતારતા ગયા...

મુનિરાજની નજર સામે કેટલાય દશ્ય આવીને ચલચિત્રની જેમ પસાર થઇ ગયા.

સવારના રાગી... બપોરના વૈરાગી... અને રાતે વીતરાગી બનેલા ગજસુકુમાર !

નટડી કાજે નાચતા... નાચતા કેવલજ્ઞાની બનતા ઇલાયચીકુમાર !

વરસો સુધી પુત્ર-વિરહથી રડીને આંખની રોશની ગુમાવતા... પણ સમવસરણની ઋદ્ધિ નિહાળતાં... હાથીની અંબાડીએ અંતગડ કેવલી બનતા મરૂદેવી માતા !

સંવત્સરીના દિવસે ભાત ખાતા ખાતા કર્મ ખપાવી કેવળજ્ઞાન મેળવતા કરગડુ મુનિ !

માતાની ઈચ્છા ખાતર વરઘોડે ચડેલા... લગ્ન મંડપમાં આવેલા... આઠ કન્યા સાથે હસ્તમેળાપ થઇ રહ્યો છે છતાં અંતરમાં ક્ષપક શ્રેણીએ ચડી કેવળજ્ઞાની બનતા ગુણસાગર શ્રેષ્ઠિ !

હા ! આ બધાને પળવારમાં કેવળજ્ઞાન પ્રાપ્ત થયું હતું. આવો એમના જ જીવનનું સંશોધન કરીએ માર્ગ જરૂરી મળી જશે...

પ્રભુ નેમનાથની દેશનાથી આત્માના મુલ્યને ઓળખી શક્યા હતા ગજસુકુમાર. એમણે

દેહની અનિત્યતા ઓળખી લીધી હતી. આત્મા એક જ શાશ્વત... મેળવવા... પામવા યોગ્ય તત્વ છે બાકી બધું જ ક્ષણ ભંગુર છે.

મુનિ દર્શનથી ભાવ પલટાયા એમાં રાજાની સ્વાર્થ વૃત્તિએ પ્રાણ પુર્યા.. સંસારનું નગ્ન સ્વરૂપ જોવા મળ્યુ... હું નટડીને ઈચ્છુ છું... રાજા પણ નટડી ઉપર રાગી છે... રાજા ઈચ્છે છે હું મરું તો નટ કન્યા મળે... વારે સંસાર ! આ ભાવનામાં તણાતા મુનિ દર્શનથી મુનિ જીવનની અનુમોદના... ધર્મ બોધિની વિચારણા... શ્રપણ શ્રેણીએ લઇ ગઇ...

જે પુત્ર માટે રડી-રડીને આંખની રોશની ગુમાવી એ પુત્ર તો ઋદ્ધિ સિદ્ધિ વચ્ચે બેઠો છે પણ મને બોલાવતો પણ નથી એમ વિચારતા એકત્વ ભાવનામાં મુક્તિ મહેલના પગથિયા મરૂદેવી માતા ચઢી ગયા...

સંવત્સરીના દિવસે તપસ્વીઓના તપને અનુમોદતા, તપસ્વીઓના અપમાનને સમતાથી સહતા... આત્મનિંદામાં લયલીન બનતા... સંવર અને નિર્જરાને સાથી બનાવી... કેવલ જ્ઞાન મહેલમાં પહોંચી ગયા કરગડુ મુનિ...

સંસારનો શેરીને ભુલીને સંયમની ભાવના ભાવતાં જ્ઞાન-ધ્યાનની વિચારણા કરતા... રણ વનમાં કાર્યોત્સર્ગ કરી મોહને મારવાના મનનમાં મગ્ન બનેલા ગુણસાગર કેવલજ્ઞાની બન્યા...

આ બધા મહાનુભાવોના જીવનનો વિચાર કરતાં એક જ વાત નજર સામે તરવરે છે. **ભાવના જ મુક્તિનો મોક્ષનો Short cut છે.** પરમાત્મ શાસનમાં બતાવેલી અનિત્યાદિ બાર ભાવના અને મૈત્રી આદિ ચાર ભાવનામાં જો જીવ તરબોળ થઇ જાય... એકાદ ભાવનાનું પણ સાચું સ્વરૂપ જીવનમાં સમજાઇ જાય... આચરણમાં આવી જાય તો મોક્ષની મંઝિલ દૂર નથી. આ ભાવનાઓ જીવનને... મનને અને અંતે આત્માને નિર્મળ બનાવશે. કર્મરજ ને દૂર કરશે આત્માને કેવળજ્ઞાનના અપૂર્વ તેજથી ઝળહળતો બનાવશે.

જન્મ... જીવન... મરણ

જીવ ગમે તે ગતિમાં જાય, આ ચક્ર તો ચાલુ જ હોય છે. માનવનો દેહ મળે કે પશુ-પંખીનો દેહ મળે.. નરકમાં જવું પડે કે દેવલોકમાં જવું પડે. બધી જ ગતિઓમાં એને જન્મ લેવો પડે છે.. જેવું તેવું પણ જીવન જીવવું પડે છે અને અંતે હાલ કે બેહાલ અવસ્થામાં મરવું પડે છે. પણ આત્મન્ ! કેમ ભૂલી ગયો ? આ ચારને મુકીને પાંચમી પણ ગતિ છે. એ છે સિદ્ધ ગતિ ! આ ગતિમાં નથી જન્મ... નથી મરણ... અહીં તો છે ફક્ત જીવન ! હા ફક્ત જીવન ! અને આ

જીવન પણ આનંદથી... આત્માનંદથી... નિજાનંદથી... પરમાનંદથી ભરપૂર... છલોછલ! ક્યારે અનુભવશું આવા આનંદને?

જ્યાં પણ જન્મ્યા પ્રાયેઃ કરીને રડતા રડતા જ જન્મ્યા...

જ્યાં પણ જીવન જીવ્યા પ્રાયેઃ કરીને અલ્પ સુખ અને વધારે દુઃખ ને પામીને...

જ્યાં પણ મર્યા પ્રાયેઃ કરીને રડતા રડતા જ મર્યા...

બસ આજ આપણી આજ સુધીની કહાની?

રડતા-રડતા જન્મવાનું... હસતા-રડતા જીવવાનું અને રડતા-રડતા દુનિયામાંથી વિદાય લેવાની...

આ કહાની આજની નથી, અનાદિ કાળની છે. નથી સાંભળી પહેલી વાત -

**પુનઃ અપિ જનનં, પુનઃ અપિ મરણં;**
**પુનઃ અપિ જનની, જઠરે શયનં (શરણં)**

આ અનાદિના ચક્રને તોડવાનો પ્રયાસ કરવો છે? એનો સરળ સહજ ઉપાય છે.

સંસાર ચક્રને છેદવા-ભેદવા સિદ્ધચક્રના શરણે જાઓ. સંસાર ચક્રથી મુક્ત થવા સિદ્ધચક્રમાં પ્રવેશ કરો. સિદ્ધચક્રની સાધના કરો... સિદ્ધચક્રના સાધક બનો... આરાધક બનો.

આરાધક બનવા... સાધક બનવા અંતરમાં ભક્તિ પ્રગટાવો... અરિહંતને ઓળખો. સંસારના કેન્દ્ર બિન્દુમાં ''રાગ'' છે. જ્યાં રાગ છે ત્યાં સંસાર છે. જ્યારે સિદ્ધચક્રના કેન્દ્રબિંદુમાં અરિહંત છે. વીતરાગ છે. જ્યાં વીતરાગતા છે ત્યાં આત્મા નિજાનંદમાં ઝુમતો હોય છે.

સંસારનું લક્ષ્ય ભૌતિક સમૃદ્ધિ હોય છે જ્યારે સાધનાનું લક્ષ્ય અધ્યાત્મિક સમૃદ્ધિ તરફ હોય છે. એકની નજર બહાર હોય છે જ્યારે બીજાની નજર અંદર હોય છે. આપણે કેવા સાધક છીએ બહારના કે અંદરના? વિચારી જોજો.

આજે નિદ્રામાંથી જાગૃત થતાં જ સત્યભામા કાંઇક આનંદમાં હતા. એમના હૃદયમા કાંઇક ધર્મ કરી લેવાની ભાવના જાગી અને એમણે કોઇ વિશેષ યજ્ઞ કરાવવાનો સંકલ્પ કર્યો.

યજ્ઞ કરાવવાનું નિશ્ચિત થતાં જ એ માટેની યોગ્ય તૈયારીઓ થવા લાગી. એની તૈયારીઓ કરતાં પ્રશ્ન ઉપસ્થિત થયો - ''આ યજ્ઞ માટે પુરોહિતનું પદ કોને આપવું?''

ઘણી ચર્ચા-વિચારણાને અંતે પુરોહિતનું સ્થાન નારદજીને આપવાનું નક્કી કરવામાં

આવ્યું બધાને આ નિર્ણયથી સંતોષ થયો.

સત્યભામાએ નારદજીને વિનંતી કરી – ‘‘નારદજી ! સહુની ઈચ્છા છે આ યજ્ઞના પુરોહિત પદે આપને જ બિરાજમાન કરવામાં આવે. એટલે જ હું તમને આગ્રહભરી પ્રાર્થના કરૂં છું કે તમે આ યજ્ઞના પુરોહિત પદનો સ્વીકાર કરો.’’

નારદજી આજે કોઇ અલગ જ વિચારોમાં ખોવાયેલા હોય એવું જણાયું. નારદજીએ સત્યભામાનો પ્રસ્તાવ સાંભળી જવાબ આપતાં કહ્યું – ‘‘સત્યભામા ! સહુની ઈચ્છા હોય અને તમારી વિનંતી હોય તો મને પુરોહિત પદ સ્વીકારવામાં કાંઇ જ વાંધો નથી... પણ...’’

આટલું બોલતા નારદજી અટકી ગયા. સત્યભામા કહે છે ‘‘પણ શું થયું ? નારદજી ! બોલતાં કેમ અટકી ગયા ? તમારે જે કહેવું હોય તે સ્પષ્ટ જણાવી દો.’’

નારદજી કહે છે – ‘‘સત્યભામા હું પુરોહિત પદ સ્વીકારું પણ તમે મને દક્ષિણા શું આપશો ?’’

સત્યભામા સાંભળતાં જ હસી પડ્યા અને કહ્યું–‘‘તમે જે માગશો તે દક્ષિણામાં આપવા હું તૈયાર છું બોલો તમને શું જોઇએ છે ?’’

નારદજીએ કહ્યું – ‘‘દક્ષિણામાં મને શ્રી કૃષ્ણની ભારોભાર સુવર્ણ જોઇએ છે.’’

સત્યભામાએ કહ્યું – ‘‘આમાં ક્યાં મોટી વાત છે ? શું દ્વારીકાની સમૃદ્ધિમાં તમને શંકા છે ?’’

‘‘સત્યભામા ! તમે હા ભલે કહો છો પણ નહીં આપી શકો’’ નારદજી ફરી બોલ્યા.

‘‘તમે શા માટે શંકા કરો છો. હું એક પલ્લામાં શ્રીકૃષ્ણને બેસાડીશ અને બીજા પલ્લામાં સૂવર્ણ મુકીશ. બરાબર તોલીને તમને આપીશ.’’

સત્યભામાની વાત સાંભળી નારદજી ફરીને બોલવા લાગ્યા – ‘‘તમે વિચાર કરી લો, જો તમે મને શ્રી કૃષ્ણના ભારોભાર સૂવર્ણ ન આપી શકો તો શું કરીશું ?

સત્યભામા જરાક મુંઝાયા હોય એવું લાગ્યું. એમણે નારદને જ માર્ગ પૂછ્યો – ‘‘તમે જ જણાવો, આવું બને તો શું કરવું.’’

નારદજીએ જવાબ આપતાં કહ્યું – ‘‘જો તમે શ્રીકૃષ્ણના ભારોભાર સૂવર્ણ નહીં આપી શકો તો હું શ્રી કૃષ્ણને લઇશ.’’

સત્યભામાએ સહજતાથી ‘‘ભલે’’ કહી દીધું એને તો વિશ્વાસ હતો શ્રી કૃષ્ણના ભારોભાર સૂવર્ણ એ જરૂર આપી શકશે...

સત્યભામાના જવાબને સાંભળી નારદજી મનમાં ને મનમાં રાજી થયા યજ્ઞનો દિવસ આવ્યો.

સુંદર યજ્ઞના વિધિ વિધાન થયા... અનેકોએ યજ્ઞનો લાભ લીધો... અનેકોએ અનુમોદના કરી...

યજ્ઞની પૂર્ણાહૂતિ થઇ... નારદજીને જે પળની પ્રતિક્ષા હતી એ પળ આવી પહોંચી...

દક્ષિણા લેવા નારદજી તૈયાર થયા...

યજ્ઞ મંડપમાં મોટો તરાજુ લાવવામાં આવ્યો...

તરાજુના એક પલ્લામાં શ્રી કૃષ્ણને બેસાડવામાં આવ્યા...

તરાજુના બીજા પલ્લામાં દ્વારિકાના ભંડારમાંથી સૂવર્ણ લાવી લાવીને મૂકવામાં આવ્યું... ઘણું ઘણું સૂવર્ણ લાવવામાં આવ્યું પણ તરાજુનો પલ્લુ જરાય નમતો નથી.

આશ્ચર્ય પામીને બધાં જોતાં જ રહ્યા. જોતજોતામાં સૂવર્ણ ભંડાર ખાલી થઇ ગયો પણ પલ્લું ન નમ્યું.

જ્યાં જ્યાંથી સૂવર્ણ મળી શકે એમ હતું ત્યાં બધેથી તપાસ કરી લાવીને સૂવર્ણ તરાજુના બીજા પલ્લામાં મુકવામાં આવ્યું. પણ પલ્લુ જરાય નમતું નથી.

સત્યભામા મુંઝાઇ ગયા... મનમાં વિચારવા લાગ્યા – ''હવે શું કરવું''

ત્યાં તો નારદજી બોલી ઉઠ્યા – ''સત્યભામા આપણી શરત મુજબ હવે હું શ્રીકૃષ્ણને લઇ જઇશ.''

ત્યાં કોઇકે સત્યભામાને બાજુમાં બોલાવીને વાત કરી. અરે સત્યભામા ! તમે આ શું કરી રહ્યા છો ? ભગવાન શું સૂવર્ણથી તોલવાની વસ્તુ છે ? ભગવાન ક્યારેય સૂવર્ણથી મળ્યા નથી... પ્રાપ્ત થતા નથી. એમને તોલવાનો એક જ માર્ગ છે પ્રભુ સ્મરણ ! એક જ તુલસી પત્ર ઉપર ''શ્રી હરિ''નું નામ અંતરના ઉંચા ભાવથી લખી કાઢી તરાજુમાંથી સૂવર્ણાદિ હટાવી દે અને એની જગ્યાએ આ તુલસી પત્ર રાખ. પછી જો કેવો ચમત્કાર થાય છે.''

સત્યભામાને કાંઇક સમજાયું ને કાંઇક ન સમજાયું.

એણે જલ્દીથી તુલસી પત્ર ઉપર હૃદયના ઉત્કૃષ્ટ ભાવથી ''શ્રી હરિ'' લખ્યું અને એને બીજા પલ્લામાં મુકતાં જ પલ્લું નીચે નમવા લાગ્યું. જોનારાઓ આનંદ વિભોર બની નાચવા લાગ્યા. બધાને આજે સત્ય જ્ઞાનની પ્રાપ્તિ થઇ – **''ભગવાન હૃદયના ભાવથી તોલાય છે સૂવર્ણથી ક્યારેય નહીં''**

આપણી સાધનાને આપણે કયા તરાજુ ઉપર તોલીએ છીએ ? સાધનાની ફળશ્રુતિ સ્વરૂપ જ્યારે બાહ્ય લબ્ધિ કે સિદ્ધિ મળી જાય એમાં આપણે આનંદ અનુભવીએ છીએ. યશ કે કિર્તિ ફેલાઇ જાય એમાં આપણે આનંદથી ફુલાઇ જઇએ છીએ. જ્યાં દૃષ્ટિ બહાર છે ત્યાં આવી પ્રવૃત્તિ સહસા જોવા મળે છે. જ્યાં સાધકે અંતર આત્મ દૃષ્ટિ પ્રાપ્ત કરી છે ત્યાં એની નજર સતત હૃદયના ભાવો ઉપર કેન્દ્રિત હોય છે. આત્માના અધ્યવસાયને ઉંચા ને ઉંચા ચઢાવવા એ પ્રયત્નશીલ હોય છે. પ્રત્યેક આરાધના સાધનામાં બાહ્ય ક્રિયા તો સાધન માત્ર છે. આ ક્રિયામાં આ ક્રિયાના સાધનોમાં, એના દ્વારા પ્રાપ્ત થતાં માન-અપમાનમાં સાચો સાધક રાચતો નથી. એ તો બાહ્ય સાધના દ્વારા હૃદયના ભાવોને જ વિકસાવવાની દિશામાં આગેકૂચ કરે છે.

એક જ ઈરિયાવહિના સૂત્રની આરાધના અઈમુત્તા કુમારને કેવલજ્ઞાનની ભેટ ધરી દે છે. આપણે તો દિવસમાં દસવાર ઈરિયાવહિના સૂત્રને બોલતા હશું તો પણ મતિજ્ઞાન કે શ્રુતજ્ઞાનનાં અંશને પણ પામી શકતા નથી. કારણ બાહ્ય સાધના છે એના અર્થની.. વિધિની... રહસ્યની... કોઈ જાણકારી આપણી પાસે નથી. ક્રિયાની આંધળી દોટ સાધનાને શુદ્ધ બનાવી શકતી નથી. અધ્યાત્મિકતા જીવનમાં લાવી શકતી નથી. જીવનને શુદ્ધ... ઉચ્ચ ચઢતા પરિણામવાળું અને અધ્યાત્મિક બનાવવું હોય તો દ્રવ્યક્રિયાના પ્રવેશદ્વારમાંથી ભાવક્રિયામાં પ્રવેશ કરો.

ધર્મની ક્રિયા અને સાધનાથી અજ્ઞાત એવા ઉંબરરાણા પ્રથમવાર જ જ્યારે મયણા સાથે આદિનાથના દરબારમાં જાય છે. આદિનાથના દર્શન કરે છે; ત્યારે નથી આવડતી વિધિ... નથી જાણતા સ્તુતિ... નથી જાણતા સ્તવના છતાં પણ અદ્‌ભૂત ચમત્કાર સર્જાયો. પ્રભુજીના હાથમાંથી બિજોરાનું ફળ ઉછળ્યું તેમજ પ્રભુજીના ગળામાંથી પુષ્પની માળા ઉછળી અને ઉંબર રાણાના હાથમાં આવી. આ ચમત્કારનું રહસ્ય શું ? રહસ્ય છે અંતરના ચઢતા ભાવ પરિણામ.

## બારભાવના

**पढम मणिच्च मसरणं, संसारो ऐगयाय अण्णत्तं ।**

**असुइत्तं आसव संवरो अ तह निज्झरा नवमी ।।**

પ્રથમ અનિત્ય, અશરણ, સંસાર, એકત્વ,અન્યત્વ, અશુચિ, આશ્રવ, અનેસંવર તથા નવમી નિર્જરા ભાવના.

સંસારના સાચા સ્વરૂપને સમજાવનારી અને આત્મકલ્યાણના માર્ગને સુચવનારી બાર ભાવનાઓનું ચિંતન આત્માને કર્મોના આશ્રવથી બચાવે છે. તેમનો સમાવેશ સંવર તત્વમાં

થાય છે. આ બાર ભાવનાઓનું સંક્ષિપ્ત સ્વરૂપ નીચે મુજબ છે :-

**(૧) અનિત્ય ભાવના :-** સંસારમાં... આ વિશ્વમાં આ આંખથી જે દેખાય છે તે બધું જ અનિત્ય છે... નશ્વર છે... અશાશ્વત અને ક્ષણભંગુર છે. સત્તા... સંપત્તિ... સમૃદ્ધિ... સૌંદર્ય... ગાડી.. વાડી... લાડી... મહેલ... રૂપ... યૌવન... શરીર...સ્ત્રી.. પુત્ર પરિવાર... બધું જ નાશવંત છે. એનું ચિંતન... મનન આ વસ્તુ પ્રત્યેના મોહને ઘટાડનારું બને છે. તે અનિત્ય ભાવના છે.

**(૨) અશરણ ભાવના :-** જન્મ... જરા... અને મૃત્યુમય આ સંસારમાં સંકટ સમયે કે મૃત્યુ સમયે કોઇ શરણ આપી શકતું નથી. યમરાજના પંજામાંથી ન નોટોના બંડલ છોડવી શકે છે... ન તો સ્નેહી સ્વજન છોડાવી શકે છે... બધા ત્યાં લાચાર છે. એક માત્ર ધર્મજ શરણ આપવા સમર્થ છે... એનું ચિંતન જીવને સમાધિ મરણ અપાવવા સમર્થ બને છે. તે અશરણ ભાવના છે.

**(૩) સંસાર ભાવના :-** સંસાર સ્વાર્થમય... પાપ મય... દુઃખમય છે. સંસારમાં જન્મ દુઃખમય છે.... જરા વૃદ્ધાવસ્થા દુઃખમય છે... મરણ દુઃખમય છે... કાયા રોગથી ઘેરાય છે.... સબંધો સ્વાર્થથી ભરેલા છે... ડગલે પગલે સંસારમાં પાપ કરવું પડે છે.. આવા ભયાનક સંસારના સ્વરૂપનું ચિંતન-મનન કરવાથી સંસાર પ્રત્યે વૈરાગ્યભાવ જાગે છે. આ સંસાર ભાવના છે.

**(૪) એકત્વ ભાવના :-** જીવ એકલો દુનિયામાં આવે છે... એકલો કર્મ બાંધે છે... એકલોજ કર્મના ફળ ભોગવે છે... એકલોજ દુનિયામાંથી વિદાય લે છે... આ દુનિયામાં આવીને મારૂં મારૂં કરીને ઘણું જ ભેગું કરે છે પણ કાંઇ જ એનું થતું નથી...કાંઇજ એની સાથે જતું નથી. બધું અહીંનું અહીંજ પડ્યું રહે છે. એનું ચિંતન એકત્વ ભાવના છે.

**(૫) અન્યત્વ ભાવના :-** હું આત્મા છું... આત્માથી દેહ જુદો છે... ઘર-પરિવાર-ફર્નિચર બધું જ આત્માથી પર છે... અન્ય છે. બાહ્ય સામગ્રી આત્માથી પર છે... કોઇ કોઇનું નથી... આવી વિચારણા... એવું ચિંતન તે અન્યત્વ ભાવના છે.

**(૬) અશુચિ ભાવના :-** બહારથી રૂડી -રૂપાળી દેખાતી કાયા અંદરથી મળ-મૂત્રથી ભરેલી છે. નગરની ગટરની જેમ તે અશુચિથી ભરેલી છે. હાડ-માંસ-રૂધિર-મેદ અને રસથી બનેલી આ કાયા ચામડીથી મઢેલી સારી દેખાય છે. પરંતુ અંદરથી જોતાં ભયાનક-બિભિત્સ લાગે... કાયાના અશુચિનું ચિંતવન તે અશુચિ ભાવના છે.

**(૭) આશ્રવ ભાવના :-** સંસાર અનાદિ કાળથી છે... અનંતકાળ સુધી ચાલવાનો છે.... એનું કારણ આશ્રવ છે. આશ્રવ દ્વારા સતત શુભ-અશુભ કર્મોનું આવવું ચાલુ જ છે. મિથ્યાત્વ અવિરતિ- કષાય અને પ્રમાદ એ કર્મબંધના કારણો છે. જેનાથી કર્મોનો પ્રવાહ આત્મામાં સતત વહેતો રહેછે. તેથી સંસારમાં જીવનું ભટકવું ચાલુ રહે છે. આવી રીતે સુખ-દુઃખનું કારણ આશ્રવ છે. એનું ચિંતન-વિચારણા તે આશ્રવ ભાવના છે.

**(૮) સંવર ભાવનાઃ-** આશ્રવથી વિપરીત સંવર ભાવના છે. અનાદિથી આવતા કર્મના પ્રવાહને અટકાવવાનું કાર્ય સંવર કરે છે. કર્મને અટકાવવાના હેતુરૂપ સમ્યક્ત્વ, વિરતિ, સમિતિ, ગુપ્તિની આરાધના જીવનમાં આવશ્યક છે. એજ સંવરના સ્વરૂપનું ચિંતન-વિચારણા તેજ સંવર ભાવના છે.

**(૯) નિર્જરા ભાવના :-** કર્મનું આવવું આશ્રવ છે..કર્મનું આવવું અટકાવવું તે સંવર છે. તો અનાદિથી આત્મા સાથે જોડાયેલા કર્મને જુદા કરવા તે નિર્જરા છે. વિવિધ પ્રકારના તપથી કર્મની નિર્જરા થાય છે. છ પ્રકારના બાહ્ય અને છ પ્રકારના અભ્યંતર તપથી કર્મની અંશે-અંશે નિર્જરા થાય છે એનું ચિંતન કરવું તે નિર્જરા ભાવના છે.

**लोग सहावो बोही, दुल्लहा धम्मस्स साहगा अरिहा ।**

**अेआओ भावणाओ, भावेअव्वा पयत्तेणं ।।**

લોકસ્વભાવ, બોધિ અને ધર્મના સાધક અરિહંતાદિક પણ દુર્લભ છે. એ ભાવનાઓ પ્રયત્ન પૂર્વક ભાવવી.

**(૧૦) લોકસ્વરૂપ ભાવના :-** આ લોક ૧૪ રાજલોક ઉંચુ છે... બે પગ પહોળા કરી કેડ ઉપર હાથરાખી ઉભેલા મનુષ્ય જેવું છે. એમાં અધોલોક, તિર્ચ્છાલોક અને ઉર્ધ્વલોક એમ ત્રણ લોક છે. અધોલોકમાં ૭ નારકી છે, તિર્ચ્છાલોકમાં મનુષ્ય અને તિર્યંચ છે, ઉર્ધ્વલોકમાં દેવલોક છે. આ ચૌદરાજલોકમાં ધર્માસ્તિકાય વિગેરે દ્રવ્યો છે એમનું ચિંતન કરવું તથા સર્વ જીવોએ સર્વ સ્થાનોમાં અનંતા જન્મ-મરણ કર્યા છે એની વિચારણા કરવી તે લોકસ્વરૂપ ભાવના છે.

**(૧૧) બોધિ દુર્લભ ભાવના :-** અનાદિ કાળથી આ સંસારમાં પરિભ્રમણ કરતાં આ જીવને દુર્લભ એવું આર્યક્ષેત્ર... મનુષ્ય ભવ.. અને જિન શાસન મળ્યું પરંતુ એમાં અતિ દુર્લભ સમ્યગ્દર્શન પ્રાપ્ત ન થયું.. જો સમ્યગ્દર્શન પ્રાપ્ત થાય તો જ ભવભ્રમણ ટળે અને મોક્ષ મળે... સમ્યગ્ દર્શન અતિ દુર્લભ છે. એ મળે તો માનવભવ સફળ છે.... અતિદુર્લભ બોધિની

વિચારણા-ચિંતન કરવું તે બોધિ-દુર્લભ ભાવના છે.

**(૧૨) ધર્મ ભાવના :-** આ વિશ્વના જીવોને દુઃખથી અને સંસારથી મુક્ત કરવાની તાકાત એક માત્ર જિન પ્રણીત ધર્મમાં છે. આ ધર્મના ઉપદેશક અરિહંત પરમાત્માનો યોગ મળવો ઘણોજ કઠીન છે. જેટલા પણ જીવો મુક્તિને પામ્યા આ ધર્મથી પામ્યા... જેટલા મુકિત પામે છે અને જેટલા ભવિષ્યમાં મુક્તિ પામશે એ બધો જિન પ્રણીત ધર્મનોજ પ્રભાવ છે. આવા અતિ મુલ્યવાન ધર્મનું ચિંતવન કરવું તે જ ધર્મભાવના છે.

અનિત્યાદિ બાર ભાવના સાથે મૈત્રી આદિ ચાર ભાવના પણ જાણવા અને ભાવવા જેવી છે.

**(૧) મૈત્રી ભાવના -** કોઇ પણ જીવ પાપ ન કરો... વિશ્વનો કોઇ પણ જીવ દુઃખી ન થાઓ.. આ વિશ્વના સર્વ જીવો કર્મ ખપાવીને મોક્ષે જાઓ આવા પ્રકારની ભાવના... બુદ્ધિ અને વૃત્તિ તે **મૈત્રી ભાવના** છે. વિશ્વના સર્વ જીવો માટે જ્યારે અંતરમાં આવી ઉચ્ચ ભાવના આવે ત્યારે ગરીબ-શ્રીમંત, સારો-ખરાબ, પશુ-પક્ષી, સજ્જન-દુર્જન બધાં જ ભેદ દૂર થઇ જાય છે. સર્વ જીવો પોતાના જેવા જ ભાસે છે. આવા ભાવમાં જીવ કોને મારે ? કોની સાથે ખોટુ બોલે ? કોને ઠગે ? કોની ચોરી કરે ? કોની સાથે મૈથુન સેવે ? શેનો પરિગહ વધારે ? કારણ ઉપરોક્ત બધી વસ્તુઓ સ્વ-પર ને દુઃખ દેનાર છે... પાપ બંધાવનાર છે... આત્માની દુર્ગતિ કરનાર છે... અને મુક્તિને દૂર કરનાર છે. મૈત્રી ભાવના અને હિંસાદિ પાપો બન્ને એક બીજાના વિરોધી ભાવો છે બન્ને એક સાથે એક જીવમાં ટકી જ ન શકે. તેથી જેમ જેમ મૈત્રી ભાવનાનો વિકાસ થતો જાય છે, તેમ તેમ હિંસાદિ પાપો જીવનમાંથી વિદાય લેતા જાય છે. મૈત્રી ભાવનાથી 'આત્મવત્ સર્વભૂતેષુ' વૃત્તિ થાય છે. એટલે બધા જીવો પોતાના જેવા જ લાગે છે. સ્વ અને પરનો ભેદ મટી જાય છે તેથી બીજાને દુઃખ થાય તેને તે પોતાને થયેલા દુઃખ જેવું ગણે છે. તેથી તે બીજા જીવોને દુઃખ આપી શકતો નથી. દુઃખી કરી શકતો નથી. તેથી સ્વયં બીજાને દુઃખ આપનાર હિંસા-અસત્ય-ચોરી વિગેરે પાપ આચરતો નથી. તેથી સાધક મૈત્રી ભાવના ભાવવાથી પોતાના વ્રતોમાં સ્થિર થાય છે.

**(૨) પ્રમોદ ભાવના -** જીવહિંસાદિ સર્વ દોષોને દૂર કરનાર યથાસ્થિત વસ્તુતત્વને જોવાવાળા મહાપુરુષોના શમ, દમ, ઔચિત્ય, ગાંભીર્ય, ધૈર્યત્વાદિ ગુણોને વિષે ગુણપણાનો જે પક્ષપાત તે **પ્રમોદ ભાવના** કહેવાય છે. ગુણીજનોને જોઇને જીવ હર્ષની લાગણી અનુભવે છે. તેથી તેમની સ્તુતિ-સ્તવના-વિનય-વંદનાદિ દ્વારા ભક્તિ કરે છે. મહાપુરુષોના ગુણોની સ્તુતિ કરવાથી આપણા જીવનમાં એ ગુણોની પ્રાપ્તિ થાય છે. જીવનમાં જો પ્રમોદ ભાવના ન આવે તો

ઈર્ષ્યાદિ ભાવો મજબૂત બને છે. ઈર્ષ્યાદિ ભાવો જીવને હિંસા-અસત્ય-માયા-કપટાદિ ક્રિયાઓમાં, દુષ્પ્રવૃત્તિમાં ખેંચી જાય છે. જો સાધકને ઈર્ષ્યાદિ ભાવો અને એના કારણે જીવનમાં પ્રવેશતાં હિંસાદિથી બચવું હોય તો જીવનમાં પ્રમોદ ભાવના વિકસાવવી અત્યંત આવશ્યક છે. પ્રમોદ ભાવનાથી અહિંસા સત્ય આદિ વ્રતોમાં સ્થિર બનવાનું બળ પ્રાપ્ત થાય છે.

**(૩) કરુણા ભાવના** - દીન, દયાપાત્ર, આર્ત, તૃષ્ણારૂપી અગ્નિથી બળતા, વિવિધ દુઃખથી પીડાયેલા, વૈરીથી દબાયેલા, રોગથી કણસતા, મૃત્યુના મુખમાં સપડાયેલા, જીવનની યાચના કરતા જીવોને દુઃખમાંથી મુક્ત કરવાની એમને સુખ-શાંતિ આપવાની વૃત્તિ બુદ્ધિ તે **કરુણા ભાવના** છે. કરુણા ભાવનાથી પ્રેરાઇને સાધક દુઃખી જીવોને હિતોપદેશ આપે છે. દેશ-કાલની અપેક્ષાએ અન્ન, પાન, સ્થાન, વસ્ત્ર ઔષધિ આદિથી સહાય કરે છે. દીન-દુઃખીને જોઇને જો કરુણા ભાવ ઉત્પન્ન ન થાય તો અહિંસાદિ વ્રતોનું પાલન કેમ સંભવિત બની શકે ? હૃદય નરમ હોય તો જ હિંસાનો ત્યાગ અને અહિંસાનો સ્વીકાર થાય. જો હૃદય નરમ હોય તો જ સત્યાદિ અન્ય વ્રતો પણ ટકી શકે. કઠોર હૃદય બીજાના દુઃખ અને પીડાને જોઇ શકે છે તે ક્યારેય અહિંસાદિ વ્રતોનો સ્વામી બની શકતો નથી.અહિંસાદિ વ્રતોનો પાયો જ કરુણા ભાવના છે. જેટલી કરુણા શ્રેષ્ઠ એટલી વ્રતોમાં સ્થિરતા મજબૂત. આવી કરુણા ભાવનાને જીવનમાં વિકસાવી ધર્મના પાયાને મજબૂત બનાવીએ.

**(૪) માધ્યસ્થ ભાવના** - ગમ્યાગમ્ય, ભક્ષ્યાભક્ષ્ય, કર્તવ્યાકર્તવ્યાદિ વિવેક વિનાના અને અજ્ઞાનથી ક્રૂર કર્મ કરનારા, દેવ-ગુરુની નિંદા કરનારા, સ્વયં સદોષ હોવા છતાં સ્વયંની પ્રશંસા કરનારા જીવો ધર્મદેશના, હિતોપદેશ માટે અયોગ્ય હોય છે. એમને ઉપદેશ આપવા છતાં તેઓ એનો સ્વીકાર કરતા નથી અને પોતાની અયોગ્ય પ્રવૃત્તિથી વિરામ પામતા નથી. એવા પ્રસંગે પણ એ જીવો પ્રત્યે દ્વેષ, ક્રોધાદિ ભાવોને પ્રગટ થવા ન દેવા અને તટસ્થ ઉદાસીન રહેવું એ માધ્યસ્થ ભાવના છે. જો માધ્યસ્થ ભાવના ન કેળવાય તો કોઇને સુધારવાના ઘણા પ્રયત્નો કર્યા છતાં પરિણામ શુન્ય આવે તો સાધક ક્રોધ દ્વેષાદિનો શિકાર બની જાય અને એનું અહિંસાવ્રત જોખમમાં આવી જાય. આવા પ્રસંગે આપણા વ્રતોને સાચવવા સાધકે માધ્યસ્થ ભાવનાની શરણાગતિ સ્વીકારવી જ પડે છે. આપણા આત્માને આ ભાવનાથી ભાવિત બનાવી વ્રતોમાં સ્થિર બનવાની કલા હસ્તગત કરવા જેવી છે.

આ ચાર ભાવનાથી આત્માને ભાવિત કે વાસિત કરવાથી આત્મા વિશુદ્ધ ધ્યાન ધારાનો સ્વામી બને છે અને તેથી વ્રતોના પાલનમાં ક્યાંય કચાશ આવી હોય તો એ કચાશ દૂર થાય છે. વ્રતોમાં સ્થિરતા આવે છે. વ્રતોની સ્થિરતા સાધકને મોક્ષમાર્ગે આગળ વધારે છે.

## ૧૦ સ્વાધ્યાય

રાજા ગામને કાબુમાં રાખે છે... સમ્રાટ દેશને કાબુમાં રાખે છે...

ચક્રવર્તી છ ખંડ ઉપર પ્રભુત્વ ધરાવે છે... જગતમાં કોઇ ઉપર પણ કાબુ રાખવો આસાન છે. પ્રભુ કહે છે –

**"દુર્લભ છે પોતાના આત્મા ઉપર કાબુ મેળવવો."**

અન્યનું અનુશાસન કરવું ખૂબ સહજ છે, પરંતુ ખુદના આત્મા ઉપર અનુશાસન કરવું અત્યંત કઠીન અને દુષ્કર છે.

જિનશાસન પામેલો શ્રાવક અને સાધુ દિવસ પૂર્ણ થયે આવશ્યક ક્રિયા (પ્રતિક્રમણ) બાદ સ્વાધ્યાય કરે. પોતાના આત્માનું અનુશાસન કરે. **સાધુને તો સતત જ્ઞાન-સ્વાધ્યાયમાં જ રહેવાની શાસ્ત્રોની આજ્ઞા છે.**

સ્વાધ્યાય એ શ્રુતસાગરની ભક્તિ છે.

આકાશ જેમ અનંત તેમ જ્ઞાન સાગર પણ અનંત.અનંતને પ્રકાશક શ્રુતસાગર-શ્રુતસાગરની મસ્તી કિનારેથી માણી ન શકાય. એ તો એકાદ તરંગની હોય શીતળતાનો અનુભવ કરાવી ચાલી જાય. શ્રુતસાગરમાં એના સ્વાધ્યાયમાં મરજીવા બની ડુબકી મારે એને શ્રુતસાગરમાંથી રત્નો મળે. બાકી સાગરના કાંઠે બેસી સાગરની હવા ખાવી છે તેને તો છીપલા જ મળે.

જ્ઞાન તો જે આરાધે તેનું જ. સંપત્તિ વારસામાં આપી શકાય છે. જ્ઞાન વારસામાં આપી શકાતું નથી. પુરૂષાર્થ કરીને મેળવાય છે.

**સ્વાધ્યાય અભ્યંતર તપ છે.** સ્વાધ્યાયના પાંચ ભેદ છે –

**(૧) વાચના** – ગુરૂ મુખે જિનવાણીરૂપ શાસ્ત્ર શ્રવણ કરવું... વાચના લેવી તે વાચના સ્વાધ્યાય છે.

**(૨) પૃચ્છના** – ગુરૂ મુખે જિનવાણી સાંભળ્યા પછી એમાં જે ન સમજાય તેના સમજણ માટે પ્રશ્ન પૂછવા તે પૃચ્છના સ્વાધ્યાય છે.

**(૩) પરાવર્તના** – ગુરૂ મુખે સાંભળેલી જિનવાણીને વારંવાર યાદ કરવી. ભણેલું ભુલાય નહીં તે માટે તેને ફરી ફરી યાદ કરવું તે પરાવર્તના સ્વાધ્યાય છે.

**(૪) અનુપ્રેક્ષા** – જિનવાણીને અંતરમાં સ્થિર કરવાના હેતુથી એનું ચિંતન મનન કરવું તે અનુપ્રેક્ષા સ્વાધ્યાય છે.

**(૫) ધર્મકથા -** આપણે ગુરુગમથી સમજેલા જિનતત્વને અન્ય જીવોને સમજાવવું તે ધર્મકથા સ્વાધ્યાય છે.

પ્રતિક્રમણ કર્યા પછી ગુરુની વિશ્રામણા (સેવા) કરે એનાથી નિવૃત્ત થઇને શ્રાવક સ્વાધ્યાય કરે. શ્રાવક પોતાની બુદ્ધિ અનુસાર પૂર્વે શિખેલા દિનકૃત્યાદિક શ્રાવકવિધિ જીવ-વિચાર, નવતત્વ, કર્મગ્રંથ, બાર ભાવના, પુણ્ય પ્રકાશ આદિ સૂત્રાદિકનું પુનરાવર્તન (ગણવું) રૂપ સ્વાધ્યાય કરે. સ્વાધ્યાય દરમ્યાન ગણાતા સૂત્ર કે ઢાળના અર્થની વિચારણા કરીને સ્વયંના આત્માને અનુરૂપ હિત શિક્ષા આપે પોતાની જાતને સમજાવીને સંસારના વૈરાગ્યને મજબુત બનાવે અને ધર્મ આરાધનામાં પોતાને વધારેને વધારે ઉદ્યમવંત કરે. આવા પ્રકારનાં સ્વાધ્યાયથી, સ્વાધ્યાય કરનાર તેમજ સ્વાધ્યાય સાંભળનાર બન્નેનું એકાંતે કલ્યાણ જ થાય છે.

ધર્મદાસ નામનો શ્રાવક દરરોજ સંધ્યાનું (દેવસિક) પ્રતિક્રમણ કરીને સ્વાધ્યાય કરતા હતા. એક દિવસ ધર્મદાસ શ્રાવકે પોતાના પિતા જે સુશ્રાવક છે પણ એમની પ્રકૃતિ ક્રોધિષ્ટ છે એમને ક્રોધ ત્યાગનો ઉપદેશ આપ્યો. તેથી તે કોપાયમાન થયા, હાથમાં એક લાકડું ઉઠાવી મારવા દોડ્યા. પણ રાત્રીનું અંધારૂ હોવાથી ઘરના થાંભલામાં તેમનું મસ્તક અફળાયું જેથી તે તત્કાળ મરણ પામ્યા. અને સર્પપણે ઉત્પન્ન થયા. એક વખત તે કાળો સર્પ પુત્રને દંશ કરવા આવે છે તે વખતે સ્વાધ્યાય કરતા ધર્મદાસના મુખેથી નીચે જણાવેલ ગાથા નિકળે છે.

तिव्वंपि पुव्वकोडी, कयंपि सुकयं मुहुत्तमित्तेण।
कोहग्गी हओ हणिक, हहा हवइ भवदुगे विदुहा।।

ક્રોધરૂપી અગ્નિથી ગ્રહાયેલો પુરૂષ, પૂર્વ ક્રોડ વર્ષના કરેલા સુકૃતને બે ઘડી માત્રમાં બાળી નાંખે છે. અને હા હા! તે પ્રાણી બન્ને ભવમાં દુઃખી થાય છે.

આવો ક્રોધનો અભિપ્રાય સાંભળીને તત્કાળ તે સર્પને જાતિસ્મરણ જ્ઞાન થયું. તેથી વૈરભાવ છોડીને અણસણ આદરીને કાળધર્મ પામીને સૌધર્મ દેવલોકમાં દેવ થયો. પછી પોતાના પુત્રને સર્વ કાર્યકારી થયો. ધર્મદાસ શ્રાવક પણ એક વખત સ્વાધ્યાય કરતાં ધ્યાનમાં લીન થઇ ગયા... જેથી ગૃહસ્થ પણે જ કેવળજ્ઞાન પામ્યા.

આ દૃષ્ટાંતથી સ્વાધ્યાય ઘણો જ લાભકારી છે. એમ જાણી એમાં જ પ્રવૃત્તિ કરવી જોઇએ.

જેનાથી ઉપવાસાદિ તપ ન થાય એ આરાધક સ્વાધ્યાયાદિ દ્વારા પોતાની આલોચના

ઉતારી શકે છે. એક ઉપવાસ બરાબર ૨૦૦૦ ગાથાનો સ્વાધ્યાય શાસ્ત્રકારો જણાવે છે.

સ્વ+અધ્યાય એટલે સ્વાધ્યાય. પોતાની જાતને... આત્માને ભણાવવું તે સ્વાધ્યાય છે. અનાદિ કાળથી સંસારમાં પરિભ્રમણ કરતા આત્માને ''સ્વાધ્યાય''ના અભ્યંતર તપ દ્વારા કર્મ નિર્જરાના માર્ગે આગળ વધારી સદ્ગતિ અને પરંપરાએ સિદ્ધગતિના સ્વામિ બનવા પ્રચંડ પુરૂષાર્થ આદરીએ.

## પુષ્યમિત્ર

પુષ્યમિત્ર નામના મુનિ ભગવંત... નવપૂર્વી હતા...

સતત નવપૂર્વનો સ્વાધ્યાય કરતાં...

એમનો સ્વાધ્યાય એટલો બધો હતો કે ઘી આદિ જે કાંઇ વિગઈ વાપરે બધું જ સાફ થઇ જતું. શરીર ઉપર કોઇ અસર ન થતી. સ્વાધ્યાય રસપૂર્વકના પદાર્થો વાપરવા છતાં એમને એ રીતે સાફ કરી દે કે આ વિગઈઓનો કોઇ અંશ ઈન્દ્રિયો સુધી પહોંચે જ નહીં. તેથી ન ઈન્દ્રિયો સતેજ થાય... ન બેકાબુ બને. એ તો શાંત થઈને કહ્યાગરી બની જાય. **ઈન્દ્રિયોને શાંત બનાવી સન્માર્ગે વાળવાની અપૂર્વ તાકાત છે સ્વાધ્યાયમાં !** પુષ્યમિત્ર સારી રીતે વાપરવા છતાં પણ દિવસે દિવસે દુર્બળ થવા લાગ્યા. એમના પરિવારજનોને ચિંતા થવા લાગી. સંસારી પરિવારજનો બૌદ્ધ ધર્મી હતા. ગુરુ ભગવંતે કહ્યા છતાં પરિવારજનો ન સમજ્યા. ગુરુદેવની રજા લઇને એને વધુ ને વધુ ઘી આદિ આપવા લાગ્યા પરંતુ સ્વાધ્યાયની અગ્નિમાં બળીને રાખ થવા માંડ્યું.

અંતે ગુરુદેવે સ્વાધ્યાય બંધ કરીને સાદો ખોરાક આપવાનું ચાલુ કર્યું. થોડા જ દિવસોમાં શરીર હૃષ્ટ પુષ્ટ થવા લાગ્યું. પુષ્યમિત્રના સંસારી સ્વજનોને સ્વાધ્યાયનું રહસ્ય સમજાયું. એમણે સ્વાધ્યાય તપને ભાવ વંદના કરી. મુનિરાજને પોતાની આરાધનામાં... સ્વાધ્યાયમાં આગળ અને આગળ વધવાની પ્રેરણા આપી સ્વસ્થાને ગયા.

આપણે અનાદિ કાળથી **''परउपदेशे पांडित्यं''** માં માનનારા છીએ. બીજાને ઉપદેશ આપવામં હમેંશા આગળ પરંતુ જ્યારે પોતાની જાતને સમજાવવાની - શિખવાડવાની કે હિતશિક્ષા આપવાની વાત આવે ત્યારે આપણે પીછે હઠ કરીએ.

સ્વાધ્યાયમાં પોતાની જાતને જિનાજ્ઞાના રહસ્યો સમજાવી આત્મધ્યાન અને આત્મસ્વરૂપમાં લીન બનાવવાનું છે. **સ્વાધ્યાય એ જ તો ઈન્દ્રિયોના દમન અને કષાયોના**

ઉપશમનની શ્રેષ્ઠ જડીબુટ્ટી છે.

સ્વાધ્યાય સ્વ-પરનું કલ્યાણ કરનાર છે. સ્વાધ્યાય કરનારને તો લાભ થાય જ પરંતુ સ્વાધ્યાય સાંભળનાર માટે પણ લાભદાયી બને છે.

સવારનો સમય હતો...

રાજપુરોહિત રાજમાર્ગ ઉપરથી પસાર થઇ રહ્યા હતા...

ત્યાં એમના કાને કાંઇક શબ્દો સંભળાયા... એમણે શબ્દોને બરાબર સાંભળવાનો પ્રયત્ન કર્યો. બાજુમાં જ સાધ્વીજી ભગવંતનો ઉપાશ્રય હતો. ત્યાં સ્વાધ્યાયનું ગુંજન ચાલુ હતું. રાજપુરોહિત સ્વાધ્યાય સાંભળી રહ્યા હતા. ગાથોઓનો અર્થ બેસાડી રહ્યા હતા પરંતુ એમની ગાડી અટકી પડી... એમને એક ગાથાનો અર્થ ન સમજાયો. ચક્કી...ચક્કી શું છે ? તેઓ વિચારમાં પડ્યા. ઘણું વિચાર્યું છતાં અર્થ ન બેઠો. તેઓ અસ્વસ્થ બની ગયા. અંતે અર્થને બેસાડવા એમણે જ્યાંથી અવાજ આવતો હતો એ સ્થાનને શોધી કાઢ્યું. ત્યાં જૈન સાધ્વીજી ભગવંતોને જોયા. એમની પાસે જઇ વિનયપૂર્વક વંદના કરી. એમને એ જે સ્વાધ્યાય કરતા હતા એમાંથી પોતાને ન સમજાયેલી ગાથાનો અર્થ પૂછ્યો. એ ગાથા હતી - ૨

चक्कीदुगं हरिपणगं, चक्कीण केसवो चक्की ।
केसव चक्की केसव दु, चक्की केसव चक्कीय ।।

રાજપુરોહિતે કહ્યું - ''માતાજી ! તમે આ ચક્ક ચક્ક શું બોલો છો ? સાધ્વીજી ભગવંતે ગાથાર્થ સમજાવ્યો. ગાથાર્થ સાંભળી એનો અર્થ બરાબર બેસી જતાં સાધ્વીજી ભગવંતને પોતાની પ્રતિજ્ઞા જણાવી. મેં એવી પ્રતિજ્ઞા કરી છે કે **'જે કોઇનું વચન હું સમજી ન શકું તેમનો શિષ્ય બનીને રહીશ.'**

સાધ્વીજી ભગવંતને પ્રાર્થના કરી - ''આપ મને આપનો શિષ્ય બનાવો... મારો સ્વીકાર કરો.''

સાધ્વીજી ભગવંતે પ્રત્યુત્તર આપતા જણાવ્યું - ''જિનશાસનની એ મર્યાદા છે, કે પુરૂષોને શિષ્ય બનાવવાનો કે દીક્ષા આપવાનો અમને અધિકાર નથી. પરંતુ તમને દીક્ષા લેવી હોય તો ચાલો આપણે પૂજ્યપાદ આચાર્ય ભગવંત પાસે જઇએ.''

એમ કહી રાજપુરોહિતને પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી જિનભદ્રસૂરિ પાસે લઇ ગયા. આચાર્ય ભગવંતે યોગ્યતા જાણી દીક્ષા આપી અને સ્વાધ્યાયના માધ્યમે જિનશાસનને ૧૪૪૪ ગ્રંથકર્તા શ્રી હરિભદ્રસૂરિની ભેટ મળી.

આ છે સ્વાધ્યાયનો અદ્‌ભૂત પ્રભાવ.

ધન્ય સાધ્વીજી ભગવંત... ધન્ય સ્વાધ્યાય...

**સ્વાધ્યાયથી જિનશાસનને મળેલી બીજી ભેટ છે - મુનિ અવંતિસુકુમાલ.**

એકદા વિહાર કરતાં આર્યસુહસ્તિસૂરિ ઉજ્જયની નગરીમાં પધાર્યા...

સરસ આરાધનાઓનો યજ્ઞ મંડાયો... ધર્મનું વાતાવરણ ફેલાયું...

એકદા સંધ્યા સમયે આર્યસુહસ્તિસૂરિ **'નલિનીગુલ્મ'** નામના શ્રેષ્ઠ અધ્યયનનું પુનરાવર્તનરૂપ સ્વાધ્યાય કરતા હતા. મહેલના સાતમા માળે ભોગસુખોમાં લયલીન ભદ્રાશેઠાણીના પુત્ર અવંતિસુકુમાળે સ્વાધ્યાયના શબ્દો સાંભળ્યા. જેમ જેમ સાંભળતા ગયા તેમ તેમ ઉંડા ચિંતનમાં લીન બન્યા. અંતે તેઓ પોતાના મહેલમાંથી નીચે ઉતરી ગુરુ ભગવંત પાસે આવ્યા. ગુરુ ભગવંતને કહ્યું - 'આપ હમણાં જે બોલી રહ્યા હતા તે મેં અનુભવ્યું છે. એનું ચિંતન કરતાં અંતરમાં ઉહાપોહ થતાં તમને જાતિ સ્મરણ જ્ઞાન થયું.

આગળ કહ્યું - ''પૂર્વભવમાં હું નલિની ગુલ્મ વિમાનમાં દેવ હતો... ત્યાંથી ચ્યવીને અહીં આવ્યો છું... મારે ફરીને ત્યાં જ જવું છે. મારા પર કૃપા કરીને મને તેનો ઉપાય જણાવો.''

ગુરુ ભગવંતે દીક્ષા લેવાનું કહ્યું.

ભદ્રા શેઠાણીએ પુત્રને ઘણો સમજાવ્યો પરંતુ દૃઢનિશ્ચયી અવંતિસુકુમાલ પોતાના નિર્ણયમાં અડગ રહ્યા.

સંયમ સ્વીકારી... સુંદર આરાધના કરી અંતે કંથેરીના વનમાં અણસણ સ્વીકારી કાયોત્સર્ગ ધ્યાનમાં રહ્યા.

તરત વિંયાએલી ભૂખી શિયાળણી બચ્ચા સહિત ત્યાં આવી ક્રમશઃ અવંતિસુકુમાલના આખા દેહનું ભક્ષણ કરી ગઇ. અસહ્ય વેદનાને સહન કરતો અવંતિસુકુમાલનો આત્મા ઉંચી ને ઉંચી કક્ષાએ ચઢવા લાગ્યો. નિર્મળધ્યાનમાં આયુષ્ય પૂર્ણ કરી 'નલિનીગુલ્મ' વિમાનમાં દેવ તરીકે ઉત્પન્ન થયા.

ભદ્રા માતા તથા અવંતિસુકુમાલની એકત્રીશ સ્ત્રીઓએ દીક્ષા લીધી... એક સ્ત્રી ગર્ભવતી હોવાથી ઘરમાં રહી. એના પુત્ર મહાકાળે પોતાના પિતા મુનિની પાવન સ્મૃતિમાં મૃત્યુ સ્થાને મહાકાળ નામે મોટો જિનપ્રાસાદ બંધાવ્યો.

આ ધર્મ સાધના અને બધાના સંયમના મૂળમાં સ્વાધ્યાય નામનો અભ્યંતર તપ જ હતો. આવા સ્વાધ્યાયને જીવન લક્ષ્ય બનાવી સ્વ પર કલ્યાણ સાધવા જેવું છે.

૧૧

# નવકાર

શત્રુંજયએ તીર્થનો રાજા છે તેથી તીર્થાધિરાજ કહેવાય છે.

શીલ એ વ્રતોનો રાજા છે તેથી વ્રતાધિરાજ કહેવાય છે.

રસનેન્દ્રિય એ ઈન્દ્રિયોનો રાજા છે તેથી ઈન્દ્રિયાધિરાજ કહેવાય છે.

અભયદાન એ દાનનો રાજા છે તેથી દાનાધિરાજ કહેવાય છે.

શાંત રસ એ રસોનો રાજા છે તેથી રસાધિરાજ કહેવાય છે.

પર્યુષણ એ પર્વોનો રાજા છે તેથી પર્વાધિરાજ કહેવાય છે.

તેવી જ રીતે નવકાર એ મંત્રોનો રાજા છે તેથી મંત્રાધિરાજ કહેવાય છે.

સવારના ઉંઘમાંથી જાગૃત થવાની સાથે નવકારનું સ્મરણ કરવાનું છે. જે પુણ્યાત્મા નવકારના સ્મરણ સાથે જાગૃત થાય છે તેને આ લોકમાં યશ... કિર્તિ... બુદ્ધિ... શરીર... ધન... વ્યાપારાદિનો અને પરલૌકિક ધર્મકૃત વ્રત નિયમ પચ્ચક્ખાણ પ્રમુખનો લાભ થાય છે.

નવકારમંત્રનું સ્મરણ કરવાથી વિશ્વની સર્વમહાવિભુતિઓ... અરિહંત-સિદ્ધ-આચાર્ય-ઉપાધ્યાય અને લોકમાં રહેલા સર્વ સાધુ ભગવંતોને નમસ્કાર થાય છે... એમનું નામસ્મરણ આપણા તન-મન-જીવનને ધન્ય બનાવે છે... પાપનો નાશ કરી પુણ્યના ભંડારને ભરપૂર કરે છે... આલોકના ચોર, સિંહ, સર્પ, પાણી, અગ્નિ, બંધન, રાક્ષસ, રોગ આદિના ભયમાંથી મુક્ત કરે છે. જીવનને અભય બનાવે છે. નવકારમંત્રનું સ્મરણ પરલોકમાં સુખ અને સદ્‌ગતિ આપે છે.

નવકાર ચૌદ પૂર્વનો સાર છે... સર્વ મંત્રોનો રાજા છે.. જૈન ધર્મનું અદ્‌ભૂત રત્ન છે. નવકાર મંત્ર **''ઈચ્છાપૂર્તિ મંત્ર''** નથી એ ઈચ્છાઓનો નાશ કરનાર **'ઈચ્છા નાશક મંત્ર'** છે. જિનશાસન વ્યક્તિ પૂજામાં નહિં ગુણ પૂજામાં માને છે એનો આ મંત્ર પુરાવો છે. નવકાર મંત્ર ગણવાથી પાપ દૂર થાય અને આપણને સંસારના સુખો મળી જાય એવું બની શકે પણ આપણે આવા લાભની ઈચ્છાથી નવકાર મંત્ર ગણવાનો નથી. પણ નવકાર મંત્રના જાપથી આપણા અંતરમાં અદ્દભૂત શક્તિના તરંગો ઉત્પન્ન થાય છે. આ મંત્રશક્તિના તરંગો આત્માની અશુદ્ધિ... મનના અશુભ ભાવો... પાપી વિચારો આ બધાનો નાશ કરે છે. આ મંત્રશક્તિ આપણને અશુભમાંથી શુભમાં અને પરંપરાએ શુદ્ધમાં લઈ જાય છે. આત્માને પરમાત્મા બનાવે છે.

નવકારમંત્રની યાત્રા નમ્રતા(નમો)થી ચાલુ થાય છે અને મંગલમાં વિરામ પામે છે. નમ્રતા પૂર્વક આ મહામંત્રનો જાપ કરવાથી આપણા જીવનમાં સર્વત્ર મંગલ-મંગલની પ્રાપ્તિ થતાં અંતે આત્મમંગલ-આત્મકલ્યાણની પ્રાપ્તિ થાય છે.

નવકાર મહામંત્રમાં પંચપરમેષ્ઠિ છે... નવ પદ છે... આઠ સંપદા છે... સડસઠ અક્ષર છે.

પ્રથમ પદ દ્વારા અનંત અરિહંતોને નમસ્કાર થાય છે. **''અરિ''** એટલે શત્રુ અને **''હંત''** એટલે હણનારા. આત્માના અંતર શત્રુઓને હણનારાઓને અરિહંત કહેવાય છે. આવા અનંત અરિહંતો ભૂતકાળમાં થયા છે... ૨૦ અરિહંત ભ. વર્તમાનમાં વિચરી રહ્યા છે... અનંત અરિહંત ભવિષ્યકાળમાં થવાના છે. આ સર્વ અરિહંત ભગવાનને અહિં નમસ્કાર કરવામાં આવે છે. અરિહંત પ્રભુના બાર ગુણ છે. એમનો વર્ણ શ્વેત છે.

બીજા પદ દ્વારા અનંત સિદ્ધ ભગવંતોને નમસ્કાર કરવામાં આવે છે. જેમના સર્વ કાર્ય સિદ્ધ થઇ ગયા છે... આઠ કર્મ નાશ પામી ગયા છે. જેઓ જન્મ-મરણની જંજાળમાંથી મુક્ત થઇ ગયા છે અને સિદ્ધશીલા ઉપર બિરાજમાન છે એવા ભૂત-ભાવિ અને વર્તમાનના સર્વ અનંત સિદ્ધ ભગવંતોને અહિં નમસ્કાર કરવામાં આવ્યો છે. સિદ્ધ ભગવંતના આઠ ગુણ છે. એમનો વર્ણ લાલ છે.

ત્રીજા પદ દ્વારા અનંત આચાર્ય ભગવંતોને નમસ્કાર થાય છે. આચાર્ય ભગવંત આચાર શુદ્ધિ અને ચતુર્વિધ સંઘના કલ્યાણની અનુપમ ભાવના સ્વામી છે. ઉત્કૃષ્ટ પંચાચારનું પાલન સ્વયં કરીને બીજાઓ પાસેથી કરાવે છે. અનાચાર કે દૂરાચારને દૂર કરવા અને સદાચાર પાલન માટે વિશિષ્ટ બળ મેળવવા આચાર્ય પદની શરણાગતિ અને આરાધના અનિવાર્ય છે. અહિં ભૂત-ભાવિ અને વર્તમાન એવા ત્રણે કાળના અનંત આચાર્ય ભગવંતોને નમસ્કાર કરવામાં આવ્યા છે. આચાર્ય ભગવંતના ગુણ છત્રીસ છે. એમનો વર્ણ પીળો છે.

ચોથા પદ દ્વારા અનંત ઉપાધ્યાય ભગવંતોને નમસ્કાર થાય છે. ઉપાધ્યાય ભગવંતોનું મુખ્ય લક્ષ્ય જ્ઞાન છે. ભણવું અને ભણાવવું એ એમનું કાર્ય છે. જિનવાણીના સૂક્ષ્મમાં સૂક્ષ્મ સિદ્ધાંતોનું જ્ઞાન મેળવી સ્વ-પર કલ્યાણ માટે અન્ય સાધુ-સાધ્વીજી ભગવંતોને આપવું એ જ એમની અભિલાષા છે. આવા જ્ઞાનરસિક ઉપાધ્યાય ભગવંતોને નમસ્કાર કરવાથી આપણા જીવનમાંથી અજ્ઞાન અને જડતા દૂર થાય છે. જ્ઞાન પ્રાપ્તિ સુલભ બને છે. અહિં ભૂત-ભાવિ અને વર્તમાનના અનંત ઉપાધ્યાય ભગવંતોને નમસ્કાર કરવામાં આવ્યા છે. ઉપાધ્યાય

ભગવંતનો વર્ણ લીલો છે અને એમના ગુણ પચ્ચીસ છે.

સાધુનું મુખ્ય લક્ષ્ય સાધના છે... આત્માના અશુભ અધ્યાવસાયોને વિવિધ આલંબનો દ્વારા... રત્નત્રયીની સાધના દ્વારા શુભ તરફ લઈ જવા અને ધીમે ધીમે શુદ્ધ અધ્યવસાયોમાં સ્થિરતા કેળવવી એ જ સાચી સાધના છે. સાધના કરવા ઈચ્છતા પ્રત્યેક સાધક માટે આ પદ મહામંત્ર બને છે. ભૂત-ભાવિ અને વર્તમાનના અનંત સાધુ-સાધ્વીજી ભગવંતોને નમસ્કાર થાય છે. સાધના માર્ગે આગળ વધવા જોઈતી સર્વ શક્તિ આ પદથી મેળવી શકાય છે. સાધુના ગુણ સત્યાવીસ છે. એમનો વર્ણ શ્યામ છે.

નવકાર મંત્રના પ્રથમ પાંચ પદો તે મૂળ મંત્ર અને છેલ્લા ચાર પદો તે નવકાર મંત્રની ચુલિકા છે. નવકાર મંત્ર ગણવાથી શું લાભ થાય ? એ વાત ચુલિકામાં જણાવવામાં આવી. આ પાંચ પરમેષ્ઠિને નમસ્કાર કરવાથી સર્વ પ્રકારના પાપો નાશ પામે છે. સર્વ મંગલોમાં પ્રથમ (શ્રેષ્ઠ) મંગલ રૂપ આ મંત્ર છે.

હૃદય કમળમાં આઠ પાંખડીવાળા કમળની કલ્પના કરી જો નવકાર મંત્રનો જાપ કરવામાં આવે તો તે ઘણો જ લાભદાયી બને છે. અનેક અનુભૂતિઓ માણીને સાધક આત્મકલ્યાણ તરફ આગળ વધે છે. નવકાર મંત્રના અક્ષરો ઉપર પણ ધ્યાન કરવામાં આવે છે. નવકાર મંત્રના પદોના વર્ણ પ્રમાણે પણ ધ્યાન કરી શકાય છે.



માનવ દેહમાં છ ચક્ર આવેલાં છે. આ છ સ્થાનો ઉપર ધ્યાન કેન્દ્રિત કરવાથી આત્મ પ્રદેશો સાથે તુરંત સંપર્ક સાધી શકાય છે. આ ચક્રોમાં પણ નવકાર ગણી શકાય છે. નવકારને શ્વાસ સાથે પણ જોડી શકાય છે. નવકારને હૃદયના ધબકારાની સાથે પણ જોડી શકાય છે.

ચાલો ! આપણે તન... મન... વચન... હૃદય... શ્વાસ સાથે નવકારને જોડી નવકારમય બની જઈએ...

નવકારમંત્રનો એક અક્ષર સાત સાગરોપમનું પાપ દૂર કરે છે... નવકાર મંત્રના એક પદનું સ્મરણ કરવાથી પચાસ સાગરોપમનું પાપ નાશ પામે છે. એક સંપૂર્ણ નવકાર ગણવાથી પાંચસો સાગરોપમના પાપનો ક્ષય થાય છે.. વિધિપૂર્વક દેવાધિદેવ તીર્થંકર પરમાત્માની પૂજા કરીને ભાવપૂર્વક એક લાખ નવકાર મંત્રનો જાપ કરનાર તીર્થંકર નામ કર્મ ઉપાર્જન કરે છે.. તથા આઠ ક્રોડ આઠ લાખ આઠ હજાર આઠસો ને આઠ (૮૦૮૦૮૮૦૮) નવકાર ગણનાર સાધક ત્રીજે ભવે મોક્ષ પદને પ્રાપ્ત કરે છે..

કામધેનુ... ચિંતામણી... કે કલ્પવૃક્ષ તો આ ભવના સુખોને આપે છે જ્યારે નવકાર મંત્ર તો આ ભવમાં પાપથી મુક્તિ... દુઃખથી મુક્તિ અપાવે છે... સુખ શાંતિ અને સમાધિ અપાવે છે તથા પરલોકમાં સદ્ગતિને નિશ્ચિત કરે છે.

## નવકારથી આલોકમાં સુખ પ્રાપ્તિ

એક નગરમાં ધર્મપ્રેમી શ્રેષ્ઠિ વસે છે. આ શ્રેષ્ઠિનો પુત્ર શિવકુમાર જુગાર આદિ સાત વ્યસનમાં લયલીન બનેલો છે. પિતા ઘણું સમજાવે છે પણ એ પોતાના વ્યસનોથી પાછો હટતો નથી પિતાએ મરણ વખતે પોતાના વ્યસની પુત્રને અંતિમ શિખામણ આપતા કહ્યું – ''હે શિવકુમાર ! બસ હવે હું તો પળ બે પળનો મહેમાન છું... તારા જીવનમાં ક્યારેય કોઈ કષ્ટ આવે... તકલીફ થાય તો તું નવકાર મંત્ર ગણજે. એના શરણે જજે... નવકાર મંત્ર તારું રક્ષણ કરશે.'' બસ આટલું બોલતાં શેઠ દુનિયા છોડી પરલોકમાં ચાલ્યા ગયા.

દુર્વ્યસનમાં બધું જ ધન ગુમાવી દઈને શિવકુમાર નિર્ધન બની ગયો. ધનને મેળવવા જ્યાં ત્યાં ફાંફાં મારવા લાગ્યો... એકદા ધનાર્થી અને દુષ્ટ પરિણામવાળા એક ત્રિદંડી યોગીના કહેવાથી કાળી ચૌદસની રાતે સ્મશાનમાં એનો ઉત્તર સાધક બની હાથમાં ખડગ લઈ યોગીએ બતાવેલ મડદાના પગ મસળવા લાગ્યો ત્યાં બે ત્રણવાર તે શબ ઉભું થઈ તેને મારવા આવ્યું તેથી ગભરાયેલો શિવકુમાર મનમાં નવકાર મંત્ર ગણવા લાગ્યો... નવકાર મંત્રના પ્રભાવથી તે શબ શિવકુમારને મારી ન શક્યું. અંતે તે શબે પેલા યોગીને જ ખલાસ કર્યા... એનો વધ કર્યો

જેથી યોગી જ સુવર્ણમય બની ગયો.

નવકારમંત્રના પ્રભાવથી શિવકુમાર બચી ગયો... ઘણી રિદ્ધિ પામ્યો... સત્કાર્યો કરીને સદ્‌ગતિને પામ્યો આ છે નવકારનો પ્રભાવ.

## નવકારથી પરલોકમાં સદ્‌ગતિ અને સમૃદ્ધિ

ભરૂચ નગરીની પાસેના વનમાં એક વડના ઝાડ ઉપર બેઠેલી સમળી ઉપર પારધિએ બાણ છોડ્યું... ક્ષણવારમાં બાણે સમળીને વીંધી નાંખી... સમળી વેદનાથી આકુળ-વ્યાકુળ બની નીચે પડીને તરફડવા લાગી... કોક પુણ્યના ઉદયથી માર્ગમાંથી નિકળેલા મુનિરાજે સમળીનો અંત સમય જાણી એને નવકારમંત્ર સંભળાવ્યો...નવકાર મંત્ર સાંભળતા આયુષ્ય પૂર્ણ કરી સમળીનો જીવ સિંહલદ્વિપના રાજાની સુદર્શના નામે રાજકુમારી પણે ઉત્પન્ન થયો. યુવાન અવસ્થાને પામેલી આ રાજકુમારીને, રાજસભામાં છીંક આવતા એક શેઠના મુખેથી નિકળેલા **'નમો અરિહંતાણં'** પદને સાંભળીને જાતિસ્મરણ જ્ઞાન થયું... અને નવકારના પ્રભાવે પોતે રાજકુમારી બની છે તે જાણીને ભરૂચ નગરીની પાસેના વનમાં ઝાડ પાસે સુંદર **'સમળી વિહાર'**નામનું જિનાલય બંધાવ્યું. જીવનને ધર્મમય... આરાધનામય... નવકારમય બનાવી આત્મકલ્યાણ સાધ્યું.

એવા પ્રકારે નવકાર મંત્રના સ્મરણથી જીવ પરલોકમાં સુખ અને સદ્‌ગતિને પ્રાપ્ત કરે છે.

## જપનો કરો ખપ

### જપ એટલે શું ?

અચિંત્ય શક્તિથી ભરેલા મંત્રાક્ષરોનું વારંવાર રટણ, ઉચ્ચારણ કે સ્મરણ જપ કહેવાય છે.

જપ શબ્દનો અર્થ જણાવતાં કહેવાય છે -

''ज'' कारो जन्मविच्छेदः, ''प'' कारो पापनाशकः ।

तस्माज्ज्पइति प्रोक्तो, जन्मपापविनाशकः ॥

**''જ''** જન્મના વિચ્છેદનો સૂચક છે અને **''પ''** એ પાપનો વિનાશ કરનાર છે. તેથી જ જપ એ જન્મ અને પાપ બન્નેનો વિનાશ કરનાર (અર્થાત્ અજરામર બનાવનાર) છે.

સંસારની ગલીઓમાં ભટકતા મનને શુભ વિચારોમાં એકાગ્ર કરવાની અદ્‌ભૂત શક્તિ મંત્ર જાપમાં છે. મનના વિચારોના શુદ્ધિકરણમાં એનો મહત્વનો ફાળો છે. મનને ધ્યાનમાં

લઇ જવા માટેની પૂર્વ તૈયારી જપ દ્વારા થાય છે. અશુભ કર્મનો પ્રવાહ અટકી પડે છે અને આત્મા વધારે ને વધારે નિર્મળતા પ્રાપ્ત કરે છે. સંસારમાં સતત આર્તધ્યાનમાં લયલીન બનેલું મન જાપ દ્વારા આર્ત અને રૌદ્ર ધ્યાનથી મુક્ત થઇને ધર્મધ્યાનમાં જોડાઇ જાય છે. મંત્ર જાપનું ઉંડાણ જેમ જેમ વધતું જાય તેમ તેમ આજુબાજુના વાતાવરણને... સ્નેહિ...સંબંધીને..અને આગળ વધતા સ્વયંના દેહને ભૂલી આત્મા પોતાના દેહાતીત સ્વરૂપને અનુભવે છે... આત્માનુભૂતિ એને સંસારના ભૌતિક સુખો તરફ વૈરાગી અને ઉદાસીન બનાવે છે. સાધકનું મન સંસારથી દૂર થતું જાય છે... આત્માની નજીક પહોંચાડે છે... માનવ ભવને સફળ બનાવે છે.

આવા મંત્ર જાપના અનેક પ્રકાર છે પણ આપણે અહિં જાપના મુખ્ય ત્રણ પ્રકારનો જ વિચાર કરીશું. મંત્ર જપ કરનાર વ્યક્તિનું લક્ષ્ય ભૌતિક સુખ નહીં પણ અધ્યાત્મિક પ્રાપ્તિનુ હોવું જોઇએ.

## મંત્રના જાપના પ્રકાર :-

સામાન્યથી મંત્ર જાપના ત્રણ પ્રકાર બતાવવામાં આવ્યા છે –

**(૧) ભાષ્ય અથવા વાચિક જાપ :-** જે જાપ મોટેથી કરવામાં આવે અથવા જ્યારે બીજા સાંભળી શકે એવી રીતે મંત્રોચ્ચાર કરવામાં આવે ત્યારે એ ભાષ્ય અથવા વાચિક જાપ કહેવાય છે. આ જાપનો સ્થુલ પ્રકાર છે. સમુહ આરાધનામાં આ જાપ ઉપયોગી થાય છે. જાપ માર્ગમાં પ્રવેશ કરનાર માટે આ પ્રાથમિક કક્ષા છે. આ જાપ પ્રાથમિક ભૂમિકામાં મનની એકાગ્રતા કરવામાં સહાયક બને છે.

**(૨) ઉપાંશુ જાપ :-** આ જાપનો બીજો પ્રકાર છે. આ પ્રકારમાં મંત્રનું રટણ કરવામાં આવે છે પણ એ જાપ બીજા સાંભળી ન શકે એટલો સૂક્ષ્મ હોય છે. આ સાધકની મધ્યમ કક્ષા છે. આ જાપનું ફળ ભાષ્ય અથવા વાંચિક જાપ કરતાં અનેક ગણું છે. સાધકને માનસ જાપમાં લઇ જવા માટે આ સેતુ સમાન છે. આ જાપથી મનની એકાગ્રતામાં અનેરી વૃદ્ધિ થાય છે.

**(૩) માનસ જાપ :-** માનસ જાપ સૂક્ષ્મ છે. આ જાપમાં બાહ્ય કે અભ્યંતર મંત્રનું ઉચ્ચારણ નથી હોતું આ જાપ અભ્યંતર સંવેદનારૂપ છે. આ માનસ જાપનું ફળ ઘણું વધારે હોય છે. માનસ જાપ સાધકને ધ્યાન માર્ગમાં પ્રવેશ કરાવવાનું સામર્થ્ય ધરાવે છે.

## મંત્રજાપ આરાધના માટે જરૂરી સૂચન :-

૧. મંત્ર જાપ કરવા શુદ્ધ, એકાંત, શાંત સ્થાનની પસંદગી કરવી.

૨. મંત્ર જાપ કરવા ગરમ આસનનો અવશ્ય ઉપયોગ કરવો.

૩. મંત્ર જાપ કરવા પૂર્વ અથવા ઉત્તર દિશા સન્મુખ બેસવું.

૪. મંત્ર જાપ કરવા મૌન લઇને બેસવું. કોઇ પણ પ્રકારની વાતચીત કે ઇશારા કરવા નહીં.

૫. વસ્ત્ર અને શરીર શુદ્ધિનો ખાસ ઉપયોગ રાખવો.

૬. મંત્ર જાપ કરવા સુખાસન, પર્યંકાસન કે પદ્માસનમાં બેસવું.

૭. સ્થિરતાથી મંત્ર જાપ કરવો. હાલતા ચાલતા ન કરવો.

૮. વધારે ખાધેલું હોય, આળસ કે નિદ્રા આવતી હોય ત્યારે જાપ ન કરવો.

૯. જમીને તરત મંત્ર જાપ ન કરવો.

૧૦. પ્રસન્ન મુખમુદ્રામાં તથા પ્રસન્ન ચિત્ત રાખીને મંત્ર જાપ કરવો.

૧૧. સ્થાન, આસન, દિશા તથા માળામાં વારે ઘડીએ ફેરફાર કરવો નહીં.

૧૨. મંત્ર જાપ માટે સંધ્યાનો સમય શ્રેષ્ઠ મનાય છે. સવારના સૂર્યોદયથી પહેલા અને પછી, બપોરના મધ્યાહ્નથી પહેલા અને પછી અને સાંજે સૂર્યાસ્તથી પહેલા અને પછી એક એક ઘડી સંધ્યા સમય કહેવાય છે.

૧૩. સાધકે મંત્ર જાપ કરતાં પહેલા પોતાના મનને બધા વિષયો અને બાહ્ય પ્રપંચમાંથી પાછું ખેંચીને મંત્ર જાપમાં જોડવું.

૧૪. મંત્ર જાપ મધ્યમ ગતિમાં કરવો. ઉતાવળ કરવી નહીં.

## નવકારથી ભવપાર

સૌધર્મ દેવલોક... હેમપ્રભ દેવ... એક ઉત્તમ દેવ...

એને પોતાનું આયુષ્ય હવે છ માસનું જ છે એમ જણાયું. તે દિવ્ય દેવલોકને છોડીને આ મૃત્યુલોકમાં શ્રી કેવલી ભગવંત પાસે આવ્યો. કેવલજ્ઞાની ભગવંતના ચરણોમાં વંદના કરીને નમ્રતા પૂર્વક પૂછ્યું – ‘‘હે ભગવન્ ! આ દેવલોકમાંથી મર્યા પછી હું ક્યાં જઇશ ? કેવા અવતારને પામીશ? મને સમ્યગ્દર્શનનો લાભ કેવી રીતે થશે...?’’

કેવલી ભગવંતે કહ્યું – ‘‘હે ભદ્ર ! મરતી વખતે તને આર્તધ્યાન થશે... તેથી આર્તધ્યાનના પ્રભાવે તું મરીને આજ અટવીમાં વાનરનો અવતાર પામવાનો છે. એ વાનરના જ અવતારમાં સમ્યક્ત્વનો લાભ મહાકષ્ટે થવાનો છે.’’

કેવળી ભગવંતના વચન સાંભળી દેવ તરત આ અટવીમાં આવ્યો અને પોતાને સમ્યગ્દર્શનનો લાભ મળે તે માટે તે પહાડના પાષાણમાં મહામંત્ર નવકાર કોતરાવ્યો...

સમ્યગ્દર્શનને પ્રાપ્ત કરવાની આ કેવી અનોખી લગની હતી ? આપણે ભવાંતરમાં

ધર્મમાર્ગ મેળવવા કોઇ પ્રયત્ન કર્યો છે ?

દેવનું આયુષ્ય પૂર્ણ થયું... તે વાનર બન્યો...

અટવીમાં જ્યાં ત્યાં ભટકતાં.. રખડતાં.. કુદાકુદ કરતાં મહાભાગ્યના ઉદયથી તે વાનરે નવકાર મહામંત્ર કોતરેલી શિલા જોઇ. શિલામાં કોતરેલા નવકાર મહામંત્રને વાંચીને વિચાર કરતાં તેને જાતિસ્મરણ જ્ઞાન થયું... એણે પોતાનો પૂર્વભવ જોયો... જાણ્યો.

પૂર્વભવ જાણતાં વૈરાગ્ય જાગ્યો. ક્યાં દેવલોકના સુખો અને ક્યાં વાનરના ભવની કૂદાકૂદ ?

દેવના ભવમાં સાધના ન કરી એટલે વાનર બનવું પડ્યું. હવે સાધના કરીને ફરી દેવ બનું... માનવ બનું... આત્મ કલ્યાણ કરું... આવી ઉચ્ચ ભાવના સાથે શુદ્ધ-પવિત્ર ભાવ સાથે અણસણનો સ્વીકાર કર્યો. મનને નવકારમંત્રના સ્મરણમાં અને રટણમાં સ્થિર કર્યું. નવકાર મંત્રનું ધ્યાન ધરતાં આયુષ્ય પૂર્ણ થતાં ફરી સૌધર્મ દેવલોકમાં દેવ થયો...

પરંપરાએ મનુષ્યભવ પામી સાધના કરી મોક્ષમાં જશે..

નવકાર મહામંત્રના આવા શ્રેષ્ઠ પ્રભાવને જાણીને એની આરાધના કરી સિદ્ધિ પામવા ઉદ્યમવંત બનીએ.



# ૧૨ પરોપકાર

શ્રાવકનું જીવન એ ગુણોનો બાગ છે. બાગમાં જેવા પુષ્પ હશે એવી સુવાસ પાસેથી પસાર થવાવાળાને માણવા મળશે જ. એવી જ રીતે શ્રાવકના જીવનમાં જેવા ગુણો હશે એની એવી સુવાસ પણ એના સાનિધ્યમાં... સંગમાં આવનારને માણવા મળશે જ.

શ્રાવકના ગુણ-ઉદ્યાનનું અવલોકન કરતાં આપણે આગળ વધીએ.

परहिय निरओ धन्नो सम्मं विन्नाय धम्म सब्भावो,
अन्नेवि ठवइ मग्गे निरीहचित्तो महासत्तो ।। २७ ।।

**પરનું હિત સાધવામાં તૈયાર રહેનાર ધન્ય પુરૂષ છે, કેમ કે તે ધર્મના ખરા મતલબને બરાબર રીતે જાણનાર હોવાથી નિઃસ્પૃહ મહા સત્વવાન્ રહી બીજાઓને પણ માર્ગમાં સ્થાપે છે.**

ગૃહસ્થના આગવા ગુણની વાત સમજાવતા કહે છે - ''ગૃહસ્થ પરહિત કરનાર... પરોપકાર કરનાર હોય છે.'

પોતાનું હિત તો કાગડાને કબૂતર પણ સાધે છે... કુતરો અને બિલાડી પણ સાધે છે... એમાં ક્યાં મહાનતા છે ? માનવી પોતાનું હિત સાધે... પોતાનું ભલું કરે એમાં ક્યાં મોટાઇ છે ? મોટાઇ તો પોતાનાં સુખને ગૌણ બનાવી બીજાના સુખને મુખ્ય બનાવવામાં છે, બીજાના સુખમાં તત્પર બનવા પોતાના જીવનમાં જે દુઃખો આવે એને પણ ઝીલવાની તૈયારી હોય. આવા જીવોને ધન્ય કહ્યા છે. પરના હિતમાં પ્રવૃત્ત બનનાર જ ધર્મના સાચા મર્મને સમજ્યો છે. ધર્મને ન સમજનાર ક્યારેય પરોપકારની પુણ્યવંતી પ્રવૃત્તિમાં આગળ વધી શકતો નથી. એવો ગૃહસ્થ જ નિસ્પૃહી બને છે. પોતાના સ્વાર્થનો ત્યાગ કરવા માટેનું સત્વ પ્રગટાવે છે. આવા ગૃહસ્થોનું જીવન જોઇને બીજાઓને પણ એ માર્ગે આગળ વધવાની પ્રેરણા મળે છે. તેથી પરહિત કરનાર સ્વ-પરનું કલ્યાણ કરનાર બને છે.

આપણે પણ આ ભાવના ભાવતાં દરરોજ કહીએ છીએ -

शिवमस्तु सर्व जगत:, परहित निरता भवन्तू भूतगणा।

સર્વ જગત શિવ-મંગળમય હો... સર્વ જીવો બીજાના હિતમાં પ્રવૃત્ત બને...

આપણે આપણા પોતાના જીવનનું નિરીક્ષણ કરીએ. મારા જીવનમાં પરહિતની પ્રવૃત્તિ

કેટલી? બીજા માટે કાંઇક કરી છુટવાની ભાવના કેટલી ? પોતાના કાર્યને છોડીને બીજાને સહાયતા કરવા માટેની દોડાદોડ કેટલી ? આજના આપણા સુખી જીવનની પાછળ ઘણાનું યોગદાન છે. ઘણાનો ઉપકાર છે.

ખેતરના ખુણામાં ખાડો ખોદી રહેલા દાદાને એક યુવાને પૂછ્યું-''કેમ દાદા શું કરી રહ્યા છો ?''

દાદાએ જવાબ આપતાં કહ્યું - ''બેટા, આંબો વાવી રહ્યો છું.''

દાદાનો જવાબ સાંભળી યુવાન ખડખડાટ હસી પડ્યો અને બોલ્યો - ''દાદા, આ ઉંમરે તમને લાગે છે કે આ વાવેલા આંબાના ફળ તમને ખાવા મળશે ?''

દાદા અત્યંત ગંભીર બની ગયા અને યુવાનને બોલ્યા - ''બેટા ! આખી જીંદગી કોકના વાવેલા આંબા ટેસથી ખાધા છે હવે થયું જવાના દિવસો આવ્યા છે તો કોકને માટે હું પણ વાવતો જાઉં. આંબા ખાવાની ઈચ્છાથી આંબો વાવતો નથી પણ ઘણાના ઋણ નીચે દબાયેલો છું. એમના ઋણમાંથી યત્કિંચિત મુક્ત થવા આંબો વાવી રહ્યો છું.''

દાદાનો જવાબ સાંભળી યુવાન સ્તબ્ધ થઇ ગયો. યુવાન શરમાઇ ગયો. દાદાની મશ્કરી કરવા જતાં એને પોતાની હાલત કફોડી થઇ હોય એવું લાગ્યું. ક્યાં દાદાની વિચાર કરવાની શક્તિ અને ક્યાં આપણી પામરતા ? આપણા જીવનમાંથી પરોપકારની વૃત્તિએ વિદાય લીધી છે. પરોપકારને સમજવામાં પણ આપણે ઉણા ઉતર્યા છીએ.

આઠ પ્રકારના આંધળામાં એક 'સ્વાર્થાંધ' કહેવાયો છે. માનવ જ્યારે સ્વાર્થી બને છે ત્યારે સારા-સારનો વિવેક ગુમાવી બેસે છે. આંધળાની માફક અથડાય છે પણ સાચા માર્ગને જોઇ જાણી શકતો નથી. આપણે જ્યારે સ્વાર્થાંધ મટી જઇશું ત્યારે જ આપણા જીવનમાં પરહિતની પ્રવૃત્તિ ખીલી ઉઠશે. કુદરત તરફ નજર કરતાં પણ જણાશે કે એકેન્દ્રિયો પણ પરહિતની પ્રવૃત્તિમાં સંકળાયેલા છે.

વૃક્ષો મીઠા-મધૂર ફળો અને શીતલ છાંયડી આપે છે...

વાયુકાય તો જીવન આધાર છે... અપ્કાય વિના કેમ જીવી શકાય ?... આપણું જીવન એકેન્દ્રિયોની સહાયતા અને સહકાર વિના સંભવિત જ નથી. કુદરત પાસેથી લીધા પછી, આપણે શું આપ્યું ? લેવામાં જે હોશિયાર હોય એણે આપવામાં ઉદાર બનવું જ જોઇએ.

આપણા પૂર્વજોએ ઠેર ઠેર તીર્થોના નિર્માણ કર્યા... જિનાલયો બંધાવ્યા... ધર્મશાળાઓ, ભોજનશાળાઓ બનાવી તેથી જ આપણી યાત્રાઓ સરળ બની છે. તો આપણું કર્તવ્ય શું ?

વિશ્વમાં વિકસેલી સર્વ સગવડોનો લાભ લેનાર આપણે બીજાઓ માટે કેવી સગવડો ઉભી કરી શક્યા ? એનું ચિંતન કરવા જેવું છે.

દુષ્કાળના સમયે ચારે બાજુ દાનશાળાઓ ખોલીને પુણ્યધનને એકઠું કરતા જગડુશાને યાદ કરો.

સહુને ધર્મ પમાડી અરિહંત માર્ગના આરાધક બનાવવા સવા લાખ જિનમંદિરો અને સવા કરોડ જિન પ્રતિમાઓનું નિર્માણ કરતા સમ્રાટ સંપ્રતિને સંભારો.

પરમાત્માના જીવદયાના સંદેશને ઘર-ઘરમાં અને ઘટ-ઘટમાં પહોંચાડવા અઢાર દેશમાં અમારી પડહની ઉદઘોષણા કરતા કુમારપાળ રાજાને યાદ કરો.

અકબર જેવા ક્રુર અને હિંસક રાજવીને અહિંસાના પૂજારી બનાવતા હિરસૂરીશ્વરજી મહારાજાને સ્મૃતિ પર લઇ આવો.

સાધર્મિક ભક્તિ દ્વારા ઉદાને ઉદયન મંત્રી અને જિનશાસનના અનન્ય ઉપાસક બનાવતાં ડોસીમા.

અન્ન, પાણી, વસ્ત્ર, પાત્ર આદિની સહાયતા દ્વારા બાહ્ય પરોપકાર અને પરમાત્માના ધર્મ માર્ગ ઉપર ચઢાવીને અભ્યંતર પરોપકાર કરવા માટેની આપણને ઉત્તમ તક મળેલી છે. શ્રાવક બનવા માટે પરના હિતની ચિંતા જીવનમાં અનિવાર્ય બની જાય છે. આજ દિવસ સુધી આપણે 'સ્વ'ની ચિંતામાં એટલે માત્ર સ્વાર્થમાં જ બેઠેલા હતા પણ હવે 'સ્વ'ના સ્વાર્થમાંથી બહાર નિકળી પરોપકારની તકને ઝડપવા પ્રચંડ સત્વ ફોરવવાનું છે.

હાથીના ભવમાં સ્થાનદાનના કરેલા નાના પરોપકારથી શ્રેણિક રાજાના પુત્ર બનવાનું સદ્ભાગ્ય મેઘકુમારને મળ્યું.

દુષ્કાળમાં પંચપકવાનથી સહુની પ્રેમપૂર્વક ભક્તિ કરવાથી જ સંભવનાથ પ્રભુના જન્મ સમયે દુષ્કાળ-સુકાળમાં ફેરવાઇ ગયો.

પરંતુ આપણી હાલત ખરાબ છે. આજે આપણે પરોપકારમાં પ્રવૃત્તિ કરવાને બદલે ઉપકારીઓ ઉપર પણ ઉપકાર કરવા સમર્થ નથી. ઉપકારીઓ પ્રત્યે પણ આપણી ઉપેક્ષા વૃત્તિ જ છે. કેમ લાગશે આપણો નંબર સાચા ગૃહસ્થમાં ?

જાગો, ઉઠો.. ઉપકારી વડિલોના ઉપકારોને નજર સમક્ષ લાવી વિશ્વના જીવોને સહાય કરવા... એમની સેવાનો લાભ લેવા સત્વરે તૈયાર થઇ જાવ. પરોપકાર એ પુણ્ય સંચય માટેનું ઉત્કૃષ્ટ સાધન છે. આ

દેહથી... વચનથી... મનથી જેટલું પરહિત થઇ શકે એટલું કરી લેવાનું છે... આવી તક માનવ ભવમાં સુલભ છે. અન્ય ભવોમાં અતિ દુર્લભ છે.

જીવનમાં પરોપકારના વ્યસનને મજબૂત બનાવીએ. ભવોભવમાં પરહિતના મંત્રનું રટણ ચાલુ રહે અને એના દ્વારા સતત સ્વ-પર કલ્યાણને પામીએ એ જ ઈચ્છનીય છે.

**પરોપકારાય ફલન્તિ વૃક્ષાઃ પરોપકારાય વહન્તિ નદ્યઃ।**

**પરોપકારાય દુહન્તિ ગાવઃ પરોપકારાર્થમિદં શરીરમ્॥**

વૃક્ષો પરોપકાર માટે ફળો આપે છે... નદી પરોપકાર માટે વહે છે...

ગાય પરોપકાર માટે દુધ આપે છે... તેવી જ રીતે પુણ્યના ઉદયથી પ્રાપ્ત થયેલા આ માનવી શરીર પરોપકાર માટે જ છે.

**પિબન્તિ નદ્યઃ સ્વયમેવ નાભં, સ્વયં ન ખાદન્તિ ફલાનિ વૃક્ષાઃ**

**સ્વાર્થે ન વર્ષન્તિ જલાનિ મેઘાઃ પરોપકારાય સતાં વિભુતયઃ॥**

નદિઓ પોતાનું પાણી સ્વયં પી નથી જતી... વૃક્ષો પોતાના ફળો ખાઇ નથી જતાં...

વાદળાઓ પોતાનાં સ્વાર્થ માટે વરસતાં નથી. મહાપુરુષોનું જીવન પરોપકારને માટે જ હોય છે.

માનવ-જીવન સ્વાર્થ માટે નહિં પણ પરમાર્થ માટે જ છે એ વાત સમજાવવા અને પોતાના કર્તવ્ય પ્રત્યે જાગૃત કરવા ચિમકી આપતાં કોઇએ કહ્યું છે -

**પશુકી હોત પનીઆ, નરકા કછુ નહિ હોત;**

**નરજો નરકી કરણી કરે, તો નરકા નારાયણ હોત.**

પશુઓના મૃત્યુ પછી પણ એમના હાડકાં-ચામડા કામમાં આવે છે. પણ મનુષ્યનું તો કશું જ કામમાં આવતું નથી. પણ માનવી જો માનવ યોગ્ય કરણી કરે તો જરૂર નરમાંથી નારાયણ બની શકે છે.

આ બધાની શરૂઆત પરોપકારમાંથી થાય છે. પર અર્થે દેહ ઘસીને... પર અર્થે જિંદગી જીવીને પોતાનું જીવન સાર્થક કરી શકાય છે.

પોતાના માટે કે પોતાના પરિવાર માટે તો બધા જ જીવે છે. પશુ-પંખીઓ પણ પોતાનું અને પોતાના પરિવારનું રક્ષણ અને પોષણ કરે છે. આપણે એનાથી આગળ વધીને પરકાજ કરવા તૈયાર થઇએ એમાં જ જીવનની ધન્યતા છે.

યાદ કરો જગડુશાને જેમણે ત્રણ ત્રણ વરસના કારમા દુષ્કાળમાં સમસ્ત જીવોની સુખ-

શાંતિની વિચારણા કરી દાનશાળાઓ ખુલ્લી મુકી. અન્નદાનનો અનોખો લાભ લીધો.

યાદ કરો કુમારપાળ રાજાને જેઓ દર વરસે કરોડો રૂપિયા સાધર્મિક ભક્તિમાં વાપરતા હતા.

યાદ કરો રાજા વિક્રમને જેઓ પરદુઃખ ભંજકના નામથી ઓળખાય છે... જેઓ પ્રજાના દુઃખોને દૂર કરવા સતત જાગૃત હતા.

જોઇલો આપણા પોતાના જીવનને ! આપણે જીવનમાં કોના માટે શું કર્યું ? જન્મથી માંડીને મરણ સુધી હું અને મારાના ચક્કરમાં ફસાયેલા રહ્યા. બીજાનો વિચાર પણ મારા મગજમાં ન આવ્યો. હા, ક્યારેક બીજાનો વિચાર આવ્યો ખરો પણ એના દોષ અને દુર્ગુણો જોવા ન કે એને સહાયતા કરવા.

શક્ય છે તમારાથી મોટા મોટા દાન આપી મોટા કામ ન થઇ શકે પણ નાના નાના સત્કાર્યો અને પરોપકારના કાર્યો તો થઇ શકે ને?

થોડા સમય પહેલાની વાત છે.

એક સદ્ગૃહસ્થ સ્વર્ગે સિધાવ્યા... પ્રાર્થના સભા ભરાણી... માણસ ન સમાય એટલી ગર્દી થઇ.

ત્યાંથી એક બેન અમારી પાસે આવ્યા. સહજ વાત થઇ. પ્રાર્થનામાં આટલી ગર્દી કેમ ? મોટા માણસ હતા ? સામાજીક કાર્યકર્તા હતા ? રાજકારણમાં સક્રિય હતા ?

બેને જવાબ આપ્યો – ''સાહેબ ! માણસ તો નાના હતા પણ દિલના ઘણા ઉદાર હતા. ગરીબોના બેલી હતા... નબળા અને નિરાધાર પરિવારોના આધાર સ્તંભ હતા.''

આગળ વાત કરતા એમણે કહ્યું – ''સાહેબ પોતાની એક જ બેન બે જ દિકરીઓ હોવા છતાં પોતાના જીવનમાં એમણે ચોસઠ (૬૪) મામેરીયા કર્યા હતા. જેનું કોઇ ન હોય એના ભાઇ-પિતા-કાકા-મામા બનીને સહુની ખોટ પુરવી એ એમનો આદર્શ હતો. એકના જવાથી આજે ઘણા પરિવારો અનાથ બની ગયા છે. એમ બોલતાં બોલતાં બેનની આંખો ભીની થઇ ગઇ.

''સાહેબજી ! વાત એટલેથી પૂરી થતી નથી. એમણે કોને શું આપ્યું ? એની ઘરમાં પણ કોઇને ખબર નથી. એમણે દેરાસર-ઉપાશ્રય નથી બંધાવ્યા... એમણે મહોત્સવો નથી કરાવ્યા... સંઘો નથી કાઢ્યા... પણ એમણે અમારા જેવા અનેકોના જીવનને મંદિર બનાવ્યા છે. જેમાં અમે એમની પ્રતિષ્ઠા કરીને પૂજા કરીએ છીએ.''

બેનના મનના દ્વાર ખુલી ગયા હતા... નિખાલસ ભાવે એ સજ્જનના જીવનને સાચી શ્રદ્ધાંજલિ અર્પી રહ્યા હતા.

''સાહેબજી ! કોઇ બિમાર હોય તો દવા-ફળાદિ પહોંચી જાય... કોઇ ભૂખ્યા હોય તો અનાજ પહોંચી જાય... કોઇને ભણવામાં અગવડ પડતી હોય તો ચોપડા-નોટબુક પહોંચી જાય. એની ફી ભરાઇ જાય... બાર મહિનાના કપડા નબળા પરિવારોમાં પહોંચી જાય ઘણી વાર તો વસ્તુઓ ક્યાંથી આવે છે એની ઘરનાઓને પણ ખબર ન પડે. આવા અનેકોના જીવન દોરી સમાન તારણહાર હતા. અમારા પુણ્યમાં ખામી એટલે અમે રહી ગયા... એ ચાલ્યા ગયા.''

આવી કેટકેટલી વાતો બેન પાસેથી જાણવા મળી એ અજાણ વ્યક્તિની જીવન કથાને સાંભળતા અંતર એમના ચરણોમાં ઝુકી પડ્યું. આ કલિકાળમાં પણ આવા સજ્જનો આ સંસારમાં રહીને આવા અનેક ગુપ્ત સત્કાર્યો કરી અમર બની જાય છે... પોતાના જીવનને ધન્ય બનાવી જાય છે.

આવી સત્કથા સાંભળી આપણે કાંઇક કરવાનો સંકલ્પ કરીએ. જીવન એળે ન ચાલ્યું જાય... પણ ધન્ય બની જાય એ માટે સાચો પુરૂષાર્થ કરવો અત્યંત આવશ્યક છે.

તમારા આજુબાજુમાં વસતા તમારાથી નબળા પરિવારોનું નિરીક્ષણ કરો... એમના જીવનમાં શું ખુટે છે એને શેની ખોટ છે એને સમજવા પ્રયત્ન કરો... એમાં તમે એમને ક્યાં મદદરૂપ બની શકો છો એ વિચારી આગળ વધો... એમને સહાય કર્યા પછી એમના જીવનની પ્રસન્નતાને નિરખો તમને સાચા આનંદની અનુભૂતિ થશે. ત્યાગમાં જે આનંદ છે તે ભોગમાં નથી. એક વખત ત્યાગના આનંદનો અનુભવ કરો. અનાદિથી ભોગના કાદવમાં આપણે બેઠેલા છીએ. કાદવમાંથી નિકળી પરોપકારના કાર્યોમાં જાતને જોડી દઇએ.

પશુની પરીક્ષા એના દેહ પરથી થાય છે જ્યારે માનવીની પરીક્ષા એના દિલ પરથી થાય છે. તમારા દિલમાં શું છે ? દયા... દાન... અને દીન-દુઃખીયાની સેવાનો જો તમારા દિલમાં વાસ હશે તો દિવ્યતા પ્રગટ્યા વગર નહીં રહે. માનવીના દેહમાં પણ દેવની જેમ તમારી પૂજા થયા વગર નહીં રહે. ના, આપણે પૂજાની ઈચ્છા અપેક્ષા રાખવાની નથી પણ દિલની દુનિયામાં દિવ્યતાને પ્રગટ કરવા પરોપકારના પરાર્થ વ્યસની બનવા ઉદ્યમ જરૂર કરવાનો છે.

માનવ ભવ બહારથી ઉજળા બનવા નથી મળ્યો. અંદરથી ઉજળા બનવા માટે છે.

ઉપકારી ઉપર અપકાર કરે તે અધમ છે... ઉપકારી ઉપર ઉપકાર કરે તે મધ્યમ છે...

અપકારી ઉપર ઉપકાર કરે તે ઉત્તમ છે...

આપણો નંબર ક્યાં લાગે છે ? જીવમાત્ર ઉપર પરોપકાર કરવા મળેલા આ માનવ ભવનો શ્રેષ્ઠ ઉપયોગ કરી લેવાની તકને તકદીર બનાવી દઇએ.

સંતની ઝુપડી ઘણી નાની હતી. એકલા શાંતિથી સૂઇ શકે એટલી જ. એકદા ધોધમાર વરસાદ વરસ્યો. કોઇ મુસાફરે બારણું ખખડાવ્યું. સંતે બારણું ખોલ્યું. વરસાદમાં પલળતા મુસાફરને અંદર લઇ લીધો. બન્ને વાતો કરે છે ત્યાં ફરી બારણું ખખડ્યું. દરવાજો ખોલ્યો સામે વરસાદથી ધ્રુજતો મુસાફર જોયો એને અંદર લીધો. ત્રણે બેસી શકે એમ ન હતું. ત્રણે ઉભા રહ્યા. થોડો સમય વીત્યો રાત વધતી લાગી. ત્યાં ફરી બારણું ખખડ્યું. સંતે બારણું ખોલ્યું ફરી સામે મુસાફરને ઉભેલો જોયો. સસ્મિત એનું સ્વાગત કરી પોતે બહાર નિકળી આવેલાને જગા કરી આપી. આવનારે આનાકાની કરી. ત્યાં સંતે મલકાતા મોઢે કહ્યું – ''દ્વારે આવેલાની સગવડ સાચવવી એ તો ભારતીય સંસ્કૃતિ છે.''

**ચંદન ઘસવાથી પરખાય છે... કસ્તુરી સુગંધથી પરખાય છે...**
**વિદ્યા વિનયથી પરખાય છે... સોનું તપાવવાથી પરખાય છે...**
**લોખંડ ટીપવાથી પરખાય છે... જ્ઞાન અનુભવથી પરખાય છે...**
**માણસ ગુણોથી... પરોપકારથી પરખાય છે...**

માનવભવ મળી જાય... આર્યક્ષેત્ર મળી જાય...

પ્રેમ અને દયાની થોડી પણ મુડી મળી જાય... પછી જે માનવી પોતાના જીવનની પળોનો સદ્ઉપયોગ નથી કરી શકતો એ ખરેખર અભાગીઓ છે. ભાગ્યને મેળવવા પુણ્ય આવશ્યક છે અને પુણ્યને મેળવવા પરોપકાર આવશ્યક છે.

પરોપકાર કરવા પૈસાની જરૂર નથી.. પૈસા વગર પણ પરોપકાર થઇ શકે છે. તમે કોઇની સાથે પ્રેમના બે શબ્દો બોલો... કોઇના દુઃખને સાંભળો તો પણ સામે વ્યક્તિને શાંતિ મળે છે. તમારી પાસે જે છે એમાંથી થોડાનો ત્યાગ કરીને પણ પરોપકાર થઇ શકે છે. પરોપકારની કિંમત તો આપણે સ્વયં તકલીફમાં પડીએ અને સહાયતા કરનાર કોઇ ન હોય ત્યારે સમજાય છે; ત્યાં સુધી પરોપકાર શું છે એનો ખ્યાલ આવવો મુશ્કેલ છે.

એક ગામમાં એક સંત પધાર્યા...

બે મિત્રો સંત પાસે સત્સંગ કરવા ગયા... જ્ઞાન ચર્ચા કરી પછી સંતને પૂછ્યું... ''માનવ જીવન સફળ કરવાનો સાચો માર્ગ ક્યો ?''

સંતે જવાબ આપતા કહ્યું – ''પરોપકાર કરો અને કુવામાં નાંખો.'' સંત પાસે યથાશક્તિ જીવન સફળ બનાવવા પુરૂષાર્થ કરવાનું નક્કી કર્યું. બન્ને મિત્ર સ્વ-સ્વસ્થાને ગયા.

થોડા દિવસ વીતી ગયા... એક મિત્ર માર્ગ ઉપરથી જઇ રહ્યો હતો... એક ડોસીમા રસ્તા ઉપરથી જઇ રહ્યા હતા. એમને રસ્તાની બીજી બાજુ જવું હતું. એકધારા આવી રહેલા વાહનોથી એમના માટે રસ્તો ઓળંગવો મુશ્કેલ હતો. એમણે આ મિત્રભાઇનો હાથ પકડી લીધો. મિત્રભાઇને સંતનો ઉપદેશ યાદ આવી ગયો. ''પરોપકાર કરો અને કુવામાં નાંખો'' ભાઇએ ઉપદેશનું સંપૂર્ણ પાલન કર્યું. ડોસીમાનો હાથ પકડીને રસ્તો ઓળંગવામાં સહાયતા કરી પછી હાથ પકડીને કુવા પાસે લઇ ગયો. ડોસીમા કહે છે – ''મારે પાણી પીવું નથી.''આ તો ભાઇ સાંભળવા તૈયાર નથી. કુવા પાસે લઇ જઇ ધક્કો મારી કુવામાં નાંખવા ગયો. આજુબાજુવાળા તથા ડોસીમા બુમાબુમ કરવા લાગ્યા. બધાએ ડોસીમાને બચાવી લીધા. અને પેલા ભાઇને પકડી લીધા. એમને પુછતાં એમણે કહ્યું– ''હું તો સંત ઉપદેશનું પાલન કરૂં છું.'' બધા એને સંત પાસે લઇ ગયા, સંતને બધી વાત જણાવી. સંત વિગત જાણીને જોરજોરથી હસવા લાગ્યા. પછી અત્યંત ગંભીર બનીને બોલ્યા – ''બંધુઓ ! કેવળ શબ્દને જાણનારો અને એના અર્થને ન ઓળખનારો અજ્ઞાની જીવ આવા જ છબરડા કરતો હોય છે.'' આગળ કહ્યું – ''મેં એમને કહ્યું હતું પરોપકાર કરો અને કુવામાં નાંખો.'' એમાં રહસ્ય છુપાયેલું હતું. તમે જીવનમાં પરોપકાર કરો પણ પછી એ વાતને ભુલી જાવ. બીજા કોઇને પણ ન જણાવો. પરોપકારનો પ્રચાર ન કરો. એટલે કહ્યું ''પરોપકાર કરો અને કુવામાં નાંખો.''

સત્ય જાણીને બધા જ હસવા લાગ્યા.

આપણા જીવનમાં આવું કશું નથી બનતું ને ? બરાબર તપાસી લેજો જીવનને !

પરોપકાર કરતાં જ જવું એ જ તો માનવ જીવનનો સદુપયોગ છે. એમાં ન તો યશ-કિર્તિની કામના હોય... ન તો પ્રશંસાના બે શબ્દ સાંભળવાની અભિલાષા હોય... ના માનવી ભુલીશ નહીં. પરોપકારની પળો વારંવાર મળતી નથી. મહાભાગ્યનો ઉદય જાગે ત્યારે પરોપકાર કરવાની તક મળે છે. જીવનમાં જડી જતી આવી અણમોલ પળોને જે ચુકી જાય છે એના લલાટે સદા પશ્ચાતાપ કરવાનું જ લખાયેલું હોય છે.

**ભેગું કરીને જીવવું એ તો પશુતા છે ભેગા મળીને જીવવું એમાં જ માનવતા છે.** પોતાના સુખમાં બધાને સહભાગી બનાવવું અને બીજાના દુઃખમાં સહભાગી થવું એ જ સફળ માનવ જીવનનો રાજમાર્ગ છે. પણ આપણે માર્ગ ભૂલ્યા છીએ. આપણે બીજાના સુખમાં

સહભાગી થઇએ છીએ પણ આપણા સુખમાં કોઇ ભાગ પડાવે એમ નથી ઈચ્છતા. બીજાના દુઃખમાં સહભાગી થવાનું આવે ત્યારે દૂર ભાગવામાં માનીએ છીએ પણ આપણા ઉપર દુઃખના ડુંગર તુટી પડે ત્યારે બીજા સહાયતા કરે એવી અપેક્ષા રાખીએ છીએ. કેમ બની શકાશે પરોપકારી ?

દેવાધિદેવની પાસે પ્રાર્થના કરીએ છીએ ત્યારે શું યાચીએ છીએ ? જયવીયરાય સૂત્ર દ્વારા ભગવાન પાસે તેર યાચનાઓ કરીએ છીએ એમાં છટ્ઠી માગણી શું છે ?

## પરત્થકરણં ચ...પરોપકાર

પરોપકાર શબ્દમાં બે શબ્દ સમાયેલા છે. પર અને ઉપકાર. પર ઉપર એટલે જ અન્ય વ્યક્તિ ઉપર ઉપકાર કરવો. દુઃખી જીવને દુઃખ મુક્ત કરવા સુખી કરવા કરાતો પ્રયત્ન એ જ પરોપકાર છે.

પોતાના દુઃખ દૂર કરવા... પરિવારને... સ્વજનને સુખી કરવા આવું તો આપણે કદાચ ઘણું કર્યું હશે. પણ એ સાચો પરોપકાર નથી. સમસ્ત વિશ્વને સુખી કરવાના ભાવમાંથી ઉઠતી પરકલ્યાણની ભાવના... કોઇપણ પ્રકારના ભેદભાવ વિના સહુના માટે ઉપયોગી બનવાની અંતરેચ્છા... બીજાના સુખ માટે પોતાના સુખને ગૌણ બનાવી દેવાની... ભૂલી જવાની ભાવના એ જ પરોપકારનો સાચો પાયો છે. આવો પરોપકાર કરવાની તક તો ખરેખર આ માનવ જીવનમાં જ સુલભ છે.

તિર્યંચના એટલે જ પશુ-પક્ષીના ભવમાં પરોપકાર કરવાની તક ઘણી જ અલ્પ મળે છે. માનવ ભવ એકમાત્ર ભવ એવો છે જેમાં જીવ અંતરમાં દયા... કરૂણા ભાવ લાવી શકે છે. દયા-કરૂણાના ભાવને કેળવી શકે છે. બીજાના દુઃખ જોઇને દયાથી પ્રેરાઇને એ જીવને દુઃખ મુક્ત કરવાના પ્રયત્નમાં લાગી જાય છે. જીવન પરોપકાર મય બનાવી શકે છે.

ગાય અને વૃક્ષનો તો આવો જીવન ક્રમ છે. ગાયના જીવનમાં ઘાસ ખાવાથી ઘાસનું પરિણમન દુધમાં થાય છે. વૃક્ષ વાવવાથી એ મોટું થતાં એનો છાંયડો અનેકોને વિશ્રામ લેવાનું સ્થાન બની જાય છે. એના મીઠા ફળો અનેકોની ક્ષુધાને શાંત કરનારા બને છે. એનું લાકડું અનેકોને રસોઇ બનાવવાનું સાધન બને છે.

પણ આજ દુનિયામાં સર્પો તરફ જોવાથી ખ્યાલ આવે છે કે એમનો જીવન ક્રમ દુધ પીને ઝેર આપવાનો છે.

માનવી ! સાપના હાથમાં બાજી બદલવાની તાકાત નથી.

માનવી ! ગાય કે વૃક્ષ પાસે જીવન ક્રમમાં ફેરફાર કરવાની કોઇ શક્તિ નથી. પણ તું એવી અનોખી શક્તિનો સ્વામી છો. તારી પાસે ઘણી ઘણી શક્તિ છે. તું ધારે તેવો બની શકે છે. કેવા બનવું છે ? ગાય જેવા કે સાપ જેવા ?

સાપ જેવા બનવાનું તો કદાચ ઘણા ઘણા ભવોમાં શક્ય છે. પણ ગાય જેવા બનવા માનવ ભવની પ્રાપ્તિ જરૂરી છે.

મળેલા માનવભવમાં જો તું પરોપકારનું ભાતું નહીં બાંધે તો તને આવી તક ફરી ક્યાંથી મળશે ? ક્યારે મળશે ? તને આ માનવ ભવ પુરો થતાં જો પ્રભુ જીવનનું સરવૈયું પુછશે તો તું શું જવાબ આપીશ ? અજૈનોમાં પ્રચલિત એક નાની કથા આપણને પરોપકારના મુલ્ય સમજાવે છે...

''પ્રભુ મને અંદર આવવું છે...'' એક માનવી પ્રભુને અરજ કરી રહ્યો હતો.

''ના...તારાથી અંદર નહીં આવી શકાય.''

''ના...તને અંદર પ્રવેશ કરવાનો કોઇ અધિકાર નથી.''

''પણ શા માટે ? મને અંદર ન આવવા દેવા પાછળ ક્યું કારણ છે ? જરા જણાવો તો સમજ પડે.'' માનવીની કાકલુદી ચાલુ હતી.

'તુંજ તારા જીવનનો વિચાર કર ! મારા દરબારમાં પ્રવેશ મળી શકે એવું ક્યું કામ તેં તારા જીવનમાં કર્યું છે. જણાવ તારા જીવનના સત્કાર્ય...'

''પ્રભુ એમાં મારો વાંક જ ક્યાં છે ? દાન આપવા મારી પાસે પૈસા ક્યાં હતા ? તારી સામે ધરવા નૈવેદ્યનો થાળ ક્યાં હતો ? તારા શાસ્ત્રોનું પઠન જ્ઞાનાભ્યાસ કરવાની બુદ્ધિ ક્યાં હતી મારી પાસે ?'' માનવીએ પોતાનું ભાષણ આગળ લંબાવ્યું આ બધો તારો જ વાંક છે. તે મને કરોડપતિ બનાવ્યો હોત તો મેં હજારોનું દાન આપ્યું હોત...

તેં મને રેલમછેલ બક્ષી હોત તો મેં તારી સામે મહામુલા નૈવેદ્યનો થાળ ધર્યો હોત...

તેં મને બુદ્ધિશાળી બનાવ્યો હોત તો મેં તારા શાસ્ત્રો મુખ પાઠ કરી લીધા હોત...''

પ્રભુને તો આ માનવીની વાતોમાં ભારે રસ પડ્યો. માનવીની વાતો સાંભળી પ્રભુ તો જોર જોરથી હસવા લાગ્યા.

ચાલ ! એક વખત માની લઇએ આ બધો મારો જ વાંક હતો પણ હું તને કેટલીક વાતો પૂછું ? બરાબર સાંભળીને જવાબ આપજે.

તારા ઘરના ઓટલે કોઇ વૃદ્ધ... કોઇ થાકેલો મુસાફર આવીને બેસે તો તું એને શાંતિથી

બેસવા દેતો ? કે આ મારું ઘર છે... ધર્મશાળા નથી એમ બરાડી ઉઠતો ? ગાળોથી એનું સ્વાગત કરતો ? ત્યાં તને ક્યાં પૈસાની જરૂર હતી ?

કોઇ ભુખ્યો... તરસ્યો માનવી તારી પાસે પાણીનો ગ્લાસ માંગી લે તો એનું આવી જ બન્યું સમજી લો. એવા માનવીને તું હડધૂત કરતો. એ માટે ક્યાં પૈસાની જરૂર હતી ?

ગામમાં કોઇ સંત પધારે તો એમની સેવા ભક્તિ તારાથી ન થઇ શકે ! પણ તું તો એમની કથામાં જઇ કથા સાંભળ્યા વગર સંતોની નિંદામાં જ લાગ્યો રહેતો. ત્યાં ક્યાં પૈસાની આવશ્યકતા હતી ?


જેના હૃદયમાં દયાનો દીવડો પ્રગટેલ છે એના હાથે પરોપકારના કાર્ય અવિરત થયા જ કરે છે. પણ જેના અંતરમાં દયા નથી ત્યાં પરોપકારના કાર્ય સંભવિત નથી.

આપણા હૃદયમાં દયાનો દીવો પ્રગટાવી પરોપકારમય જીવનના સ્વામી બનવાનો સત્પુરૂષાર્થ આદરી સ્વ-પર કલ્યાણને કરનારા બનીએ.





**પરોપકારાય ફલન્તિ વૃક્ષાઃ પરોપકારાય વહન્તિ નદ્યઃ ।**
**પરોપકારાય દુહન્તિ ગાવઃ પરોપકારાર્થમિદં શરીરમ્ ।।**





# ૧૩ જયણા

સોમસુંદરસૂરિ શિષ્ય પરિવાર સાથે વિહાર કરી રહ્યા હતા...

માર્ગમાં સર્પ કરડ્યો... ધીમે ધીમે આખા શરીરમાં ઝેર વ્યાપી ગયુ...

આચાર્ય ભગવંત બેભાન બની પડી ગયા....

ઔષધિનો જાણકાર મુસાફર જમીન પર પડેલા ચાર પાંદડા લઈ આવ્યો... મસળીને એ પાંદડાનો રસ ડંખના ઠેકાણે લગાડ્યો. અલ્પ સમયમાં ઝેર ઉતરી ગયું... ઉંઘમાંથી જાગ્યા હોય તેમ આચાર્ય ભગવંત ઉઠીને બેસી ગયા. આજુબાજુમાં ભેગા થયેલા માનવીઓને જોઇને શિષ્યોને પૂછ્યું– ''શું થયુ છે ? બધા કેમ ભેગા થયા છે ?'' શિષ્યે જે બન્યું હતું તે જણાવ્યું. આચાર્ય ભગવંતની નજર બાજુમાં પડેલા ચિમડાયેલા વૃક્ષના પાંદડા ઉપર પડી... ''અરે રે ! મારા નિમિત્તે વનસ્પતિના જીવોની વિરાધના થઇ... એમના પ્રાણ ચાલ્યા ગયા.'' એનું પ્રાયશ્ચિત કરવા આચાર્ય ભગવંતે જાવત્જીવ માટે છ વિગઇનો ત્યાગ કરી દીધો.

આચાર્ય ભગવંતે શા માટે છ વિગઇનો ત્યાગ કર્યો ? શા માટે એમના આંખમાંથી આંસુ સરી પડ્યા ?

આ પ્રસંગ તો એમની અનોખી... અપૂર્વ જીવદયાની ભાવનાને પ્રગટ કરે છે. એમના અપ્રતિમ આત્માના અધ્યવસાયનું સ્વરૂપ જણાવે છે.

અનંત ઉપકારી તીર્થંકર પરમાત્માએ સર્વ જીવોને આવા ભાવ પ્રગટાવવાની વાત જણાવી છે. **જયણા અને જીવદયા એ જ તો સાધકની સાચી મૂડી છે.** સાધકના રોમે રોમમાં આવા જ જીવદયાના પરિણામ વ્યાપ્ત થવા જોઇએ. જયણા અને જીવદયાના પરિણામને આત્મસાત કરી આપણા રોજના વ્યવહારમાં એનો ઉપયોગ કરી અપૂર્વ અહિંસાના સ્વામિ બનવા ઉદ્યમવંત થવાનું છે.

દશવૈકાલિક સૂત્રમાં શિષ્ય ગુરૂને પ્રશ્ન પૂછે છે –

कहं चरे, कहं चिट्ठे, कहं आसे कहं सये ।

कहं भूंजंतो, भासंतो पाव कम्मं न बन्धइ ।।

હે પ્રભુ ! કેવી રીતે ચાલું ? કેવી રીતે ઉભો રહું ? કેવી રીતે બેસું ? કેવી રીતે સૂવું ?

કેવી રીતે ખાઉં ? કેવી રીતે બોલું ? જેથી પાપ કર્મનો બંધ ન થાય ?

શિષ્યના પ્રશ્નનો માત્ર એક જ શબ્દમાં જવાબ આપતાં ગુરુદેવ કહે છે –

जयं चरे जयं चिट्ठे, जयं आसे जयं सये ।

जयं भूंजंतो भासंतो, पाव कम्मं न बंधइ ।।

જયણાપૂર્વક ચાલે... જયણાપૂર્વક ઉભો રહે... જયણા પૂર્વક બેસે... જયણા પૂર્વક સૂવે... જયણાપૂર્વક ખાય... અને જયણાપૂર્વક બોલે તો પાપ કર્મનો બંધ થતો નથી.

જયણા એ જ તો જિનશાસનના પ્રાણ છે... જયણાના કારણે જ જિનશાસન જયવંતુ છે. જીવમાત્ર સાથે મૈત્રીની ભાવના... અભયની ભાવના એ જ તો આત્મકલ્યાણનો રાજમાર્ગ છે. સર્વ જીવોને સુખ પ્રિય છે તેથી એ જ તો આત્મકલ્યાણનો રાજમાર્ગ છે. સર્વ જીવોને સુખ પ્રિય હોય છે તેથી સર્વ જીવોના સુખ માટેના પ્રયત્ન કરવા અને બધા જીવોના દુઃખે દૂર કરવા એ જ તો સુખ પ્રાપ્તિની ચાવી છે. જીવન બધાને ગમે છે... મૃત્યુ કોઇને ગમતું નથી તેથી કોઇ જીવ મરવા ઈચ્છતો નથી તેથી મારે સહુ જીવોને અભયદાન આપવું. કોઇ પણ જીવને અશાતા-કિલામણા કે પીડા-દર્દ ન થાય એ માટે સાવધાની રાખવી... જીવો માટે બેદરકારી ન રાખવી એ જ તો જયણા છે. આવી સાવધાની ખાતાં-પિતા – ઉઠતાં – બેસતાં સતત જાળવવાની છે. એમાં જ પ્રાણોની રક્ષા અને આપણા જીવનની સલામતી છે. શું આપણે આવી સાવધાની રાખીએ છીએ ? જયણાનાં પાલનમાં બેદરકારી કર્મબંધ કરાવે છે તો શુદ્ધ જયણાનું પાલન કર્મબંધનથી બચાવે છે.

આપણે શું કરીએ છીએ ? જયણાનું પાલન ? કે બેદરકારી ? ક્ષણે ક્ષણે સાવધાની રાખવાની છે કારણ કે જીવતત્વ અમુલ્ય છે... અણમોલ છે. જીવત્વ એ સિદ્ધત્વની ખાણ છે... પ્રત્યેક જીવમાં સિદ્ધ જેવો જ આત્મા બિરાજમાન છે. સિદ્ધત્વ એ વિમળ-નિર્મળ શુદ્ધ સુવર્ણ છે તો જીવત્વ એ સમલ-અશુદ્ધ સુવર્ણ છે. પરંતુ બન્ને છે તો સુવર્ણ જ.

આ જીવત્વની ઓળખાણ થઇ જાય.. જીવત્વમાં રહેલી સિદ્ધત્વ પ્રાપ્તિની શક્તિનો પરિચય થઇ જાય છે... જીવત્વમાં સિદ્ધત્વના દર્શન થાય છે. પછી એને ભિખારીમાં પણ ભાવિ સિદ્ધના દર્શન થશે. પાણી...હવા...અગ્નિ...સુવર્ણ...માખી...મચ્છર... કુતરા... બિલાડી બધામાં અનંત જ્ઞાન – દર્શન – ચારિત્રમય આત્માના દર્શન થશે.

સહુના હિત-મંગલ અને કલ્યાણની ભાવનાનો અંતરમાં ઉદય થશે. જીવમાત્રના હિતચિંતનનો અપૂર્વ ઉલ્લાસ ભાવ જાગશે. જીવમાત્રના હિતચિંતનમાં... એની શુદ્ધ

ભાવનામાં તીર્થંકરત્વ જેવી મહાન વસ્તુ ભેટ ધરવાની અકલ્પનીય શક્તિ રહેલી છે. મૈત્રી અને કરૂણાની ભાવના જ તો આત્મ ઉત્થાનની ચાવી છે. આજ ચાવી હસ્તગત કરવાની કલા જયણા અને જીવદયાના પાલન અને આરાધનામાં છુપાયેલી છે.

જયણા પાલકના હાથે થોડી પણ જીવ વિરાધના થઇ જાય અથવા પોતે જીવ વિરાધનામાં નિમિત્ત બની જાય તો તે અસ્વસ્થ બની જાય છે. એની વિરાધના એને ડંખે છે. આ અસ્વસ્થતા જ્યારે ચરમ સીમાએ પહોંચે છે ત્યારે તે કેવળજ્ઞાનમાં નિમિત્ત બને છે.

અર્ણિકાચાર્ય નૌકામાં બેસીને ગંગાનદી પાર કરી રહ્યા છે... વચ્ચે મિથ્યાત્વી દેવીએ ઉપસર્ગ કર્યો... આકાશમાં ઉછાળીને ત્રિશુળ ઉપર અધ્ધર ઝીલી લીધા.. ત્રિશુળની અણી પેટમાં ઘુસી ગઇ... તીવ્ર વેદના થવા લાગી... મોત નજર સામે દેખાવા લાગ્યું. ત્યાં તો ત્રિશુલથી થયેલી જખમમાંથી લોહીના ટીપાં પાણીમાં પડવા લાગ્યા. અણિકાચાર્યને ખ્યાલ આવતાં જ એ અસ્વસ્થ બની ગયા. સ્વવેદના કરતાં પરવેદના પીડા આપી રહી છે. અરે...રે ! મારા નિમિત્તે... મારા લોહીથી પાણીના અસંખ્ય જીવોની વિરાધના થઇ રહી છે. પોતાની વેદના કરતાં જીવ વિરાધનાની વેદના તીવ્ર બની... આચાર્ય ભગવંત અંદરથી હચમચી ગયા. જીવ પ્રત્યેના મૈત્રી ભાવમાંથી જીવદયાના શુભ ચિંતનથી આત્માના શુદ્ધ સ્વરૂપના ચિંતનમાં આગળ વધ્યા અને કૈવલ્યની પ્રાપ્તિ કરી. જયણાના લક્ષ અને જીવદયાના પક્ષમાં રહીને આપણે પણ કૈવલ્યની દિશામાં આગળ વધવાનું છે.

સંસારમાં રહીને પણ જેટલી જયણાનું પાલન શક્ય બને એ માટે સાવધાની રાખવાની છે. જે જીવ વિરાધના વિના જીવન ન જીવી શકાય એવી અનિવાર્ય જીવ વિરાધનાને છોડીને અન્ય સર્વ જીવ વિરાધનાથી જાતને મુક્ત કરવાની છે. વધુને વધુ જીવોને અભયદાન આપી પર રક્ષા દ્વારા સ્વરક્ષાના સિદ્ધાંતને જીવનમાં ઉતારીએ.

સોનું-ચાંદી વિગેરે એકેન્દ્રિયના પૃથ્વીકાયના કલેવર હોવાથી એના ઉપર આસક્તિ કે મોહ કરવા જેવો નથી...

પાણીના એક ટીપામાં પણ અસંખ્ય જીવો છે એની સમજણ આવતાં જ પાણીના ઉપયોગમાં જયણા-જાગૃતિ-સાવધાની આવે છે પાણીનો ખોટો બગાડ અટકે છે. જીવ-વિરાધનાથી આત્મા બચી જાય છે.

અગ્નિના એક કણીયામાં અસંખ્ય જીવો એ વાત જ્યારે જાણવા મળે છે ત્યારે અગ્નિ અને વિજળી આદિના વપરાશમાં જરૂર મર્યાદા આવે છે. મારા સુખના માટે કોને કોને દુઃખી કરું

એમ થાય છે.

વાયુકાયમાં પણ અસંખ્ય જીવો છે. જરાક ગરમી થાય અને બટન દબાવીએ... પંખો ચાલુ થાય... ગર્મી ઓછી થાય પરંતુ વાયુકાય અને અગ્નિકાયના જીવોની ક્ષણે ક્ષણે વિરાધના થતી જાય છે.

જરાક સહન કરવાની આદત પાડીએ તો આ સર્વ જીવોને અભયદાન મળી જાય છે. જયણા અને અભયદાનની વિચારણા આપણા હૃદયને કોમળ બનાવે છે... સર્વ જીવોને સુખી બનાવવાની ભાવના વધુને વધુ વિસ્તૃત થતી જાય છે... આગળ વધતાં જીવને સ્વ સુખ કરતાં પણ પર સુખની વધારે ચિંતા થાય છે. સ્વ સુખ ગૌણ બને છે અન્ય જીવોના સુખને પ્રાધાન્ય મળે છે. આ છે જયણાના પરિણામ.

જેમ જેમ જીવ જાગૃત બનતો જાય છે તેમ તેમ જીવદયાના ઉંડા રહસ્યો ઉકેલાતા જાય છે.

કોઇ પણ આહાર-પાણી એઠા કર્યા હોય તો એમાં અંતર્મુહૂર્ત પછી લાળીયા જીવો ઉત્પન્ન થાય છે. આ બે ઈન્દ્રિય જીવો છે. એટલે જ એઠું છોડવાથી અથવા થાળીને ધોઇને સાફ ન કરવાથી એમાં સતત જીવોત્પત્તિ થાય છે. અસંખ્ય જીવો ઉત્પન્ન થાય છે. **આપણો એઠો મુકેલો એક પણ અનાજનો કણ અસંખ્ય જીવોના જન્મ-મરણનું સ્થાન બને છે.**

આયંબીલ-એકાસણાદિને અડતાલીસ મિનિટમાં કરી લેવાના હોય છે. અથવા એ માટે ઉપયોગ રાખવો જરૂરી બને છે. એથી જયણાનું પાલન થાય છે.

કાચા ગોરસ (દુધ,દહિં,છાસ) સાથે કઠોળ ભેળવતાં વિદળ થાય છે. એમાં પણ બેઈન્દ્રિય જીવો ઉત્પન્ન થાય છે. જયણા પ્રેમી શ્રાવક શ્રાવિકાઓએ લક્ષ્ય રાખીને ગરમ કરેલા ગોરસનો ઉપયોગ રાખવો આવશ્યક છે. કઢી બનાવતાં કે ઢોકળા વગેરેનો આથો આપતાં સાવધાની રાખવાની છે.

ખિચડીને કાચી છાસનો સાથે ન વપરાય.

મેથીના પાંદડાવાળા થેપલા સાથે કાચું દહીં ન વપરાય.

દાળ-ભાતમાં કાચું દહીં ન નંખાય.

દહીં બરાબર ગરમ કર્યા વગર દહીંવડા ન બનાવાય.

શ્રીખંડના જમણવારમાં કોઇ કઠોળનો ઉપયોગ ન કરાય.

ચુલે ચઢેલી નરમ વસ્તુ રાતે રહી જાય તો એમાં પણ બેઈન્દ્રિય જીવો ઉત્પન્ન થાય છે એ અભક્ષ્ય બને છે.

જે પદાર્થોના વર્ણ-ગંધ-રસ-સ્પર્શ બદલાઇ જાય એમાં પણ બેઈન્દ્રિય જીવો ઉત્પન્ન થાય છે.

આ સર્વ જીવોની જયણા પાળવાની છે. આ બધા જીવોની આપણાથી ક્યાંય પણ વિરાધના ન થાય... એમને બધાને જ અભયદાન મળે એવો વ્યવહાર કરવાનો છે. **જયણા તો શ્રાવકની કુળદેવી છે.** નાના દેખાતાં કંથુઆ - કિડી-માંકડ વિગેરે પણ તેઈન્દ્રિય જીવો છે. એમનામાં પણ આપણા જેવો જ આત્મા છે... સુખ-દુઃખની લાગણી છે. આપણી જેમ જ આ જીવો પણ સુખને ઈચ્છે છે... દુઃખને દૂર કરવા પ્રયત્નશીલ હોય છે. આ બધા જીવોની જયણા કરવાથી - એમને બધાને સુખ આપવાથી આપણને સુખ મળે છે... શાતાવેદનીય બંધાય છે. એમને જાણતાં અજાણતાં દુઃખ આપવાથી - અજયણાના વ્યવહારથી આપણને દુઃખ મળ્યા વગર... અશાતાવેદનીય બંધાયા વગર રહેતું નથી. જયણાના જાણકાર શ્રાવક-શ્રાવિકાનું પ્રથમ કર્તવ્ય બને છે કે એમની જયણા પાળવા માટે પ્રથમ એમની ઉત્પત્તિ જ ન થાય એ માટે સાવધાન બનવાનું છે. જીવ-ઉત્પત્તિ થયા પછી એમની જયણા કરવી ઘણી મુશ્કેલ બની જાય છે. જીવોની ઉત્પત્તિ જ ન થાય એ માટે સ્વચ્છતા રાખવી અનિવાર્ય બની જાય છે.

મોટો બંગલો બનાવ્યા પછી સ્વચ્છતા અને ઉપયોગ ન રાખવામાં આવે તો ભીંત ગરોળી, ઉંદર, કાનખજુરા વિગેરે જીવોત્પત્તિ સંભવે છે.

ફર્નીચર બનાવ્યા પછી સાફસૂફી ન કરવામાં આવે તો એમાં વાંદા-ઉધઇ-માંકડાદિની ઉત્પત્તિ સંભવે છે.

વાળની યોગ્ય માવજત ન કરવામાં આવે તો એમાં જુ-લીખ પડવાની શક્યતા નકારી શકાતી નથી.

અનાજનો સંગ્રહ કર્યા પછી જો સાવધાની ન રાખવામાં આવે તો એમાં ઇયળ-ધનેરા તથા અનાજના બીજા કીડા થાય છે.

ઘી બરાબર તપાવીને રાખવામાં ન આવે... યોગ્ય સમય મર્યાદામાં એને ઉપયોગમાં લેવામાં ન આવે તો ઘી માં પણ એના જ વર્ણની ઇયળ (ઘીમેલ) થાય છે.

જે જે ખાદ્ય પદાર્થો જિન શાસનમાં જે જે કાળે વાપરવાના કહ્યા છે એ જ સમયમાં ઉપયોગમાં લેવા જોઇએ. બાકી એમનો ત્યાગ કરવો જોઇએ. દા.ત. આદ્રા પછી કેરી ત્યાગ, શિયાળા પછી મેવો (Dry Fruit) તથા પાલેભાજી, તલ, ટોપરો વિગેરેનો ત્યાગ.

આપણા રોજ બરોજના જીવનને જાણી-સમજી વધુ ને વધુ જયણા પાલન માટે અને જીવ

વિરાધનાથી અટકવા માટે પ્રયત્નશીલ બનવાનું છે. જયણામાં બેદરકારી અજયણા દ્વારા હૃદયને કઠોર બનાવે છે. કઠોર બનતા અધ્યવસાય આપણા આત્માને દુ:ખ અને દુર્ગતિ તરફ ખેંચી જાય છે.

એક હતો બ્રાહ્મણ પુત્ર...

ચૌદ વિદ્યામાં નિપુણ હોવા છતાં સર્વત્ર અપયશ...

જીવનથી કંટાળી ગયા... ત્રાસી ઉઠ્યા...

જીવનના આવા સમયે જ્ઞાની ગુરુ ભગવંતનું સાનિધ્ય પ્રાપ્ત થયું. એમની પાસે પ્રશ્ન મૂક્યો – ''ડગલે પગલે મળતા અપયશનું કારણ શું ?''

ગુરુ ભગવંતે જણાવ્યું – ''પૂર્વ ભવમાં દીક્ષા લીધી પરંતુ શિથિલાચારી જીવનના કારણે સતત 'અપયશ' મળે છે.''

બ્રાહ્મણપુત્રે સંયમનો સ્વીકાર કર્યો... ઉત્કૃષ્ટ કોટિનું સંયમ પાળવા લાગ્યો. જયણા અને જીવદયાના અતિ ઉત્કૃષ્ટ પરિણામ એમણે આત્મસાત કર્યા. એમના આવા ઉત્કૃષ્ટ સંયમ જીવવનની અને જયણાના પરિણામની દેવલોકમાં ચર્ચા અને પ્રશંસા થવા લાગી. મિથ્યાત્વી અને ઈર્ષ્યાળુ દેવ આ મુનિરાજની પ્રશંસા સાંભળી ન શક્યો. એ હાથીનું રૂપ લઈને મુનિરાજ પાસે આવ્યો. સુંઢમાં ઉપાડી ગોલ ગોલ ફેરવી આકાશમાં ઉછાળે છે. નીચે પછડાતા મુનિરાજ પોતાની ચિંતા કરતા નથી. મારું શું થશે ? એનો વિચાર નથી પરંતુ મારા જમીન ઉપર જોરથી પછડાવાથી કેટલા જીવો નીચે કચડાઇ જશે ? એની ચિંતા કરવા લાગ્યા. મુનિરાજના આવા આત્મ પરિણામ જોઇને – જાણીને દેવ સ્તબ્ધ થઇ ગયો.

મુનિરાજની ક્ષમા માંગી એમના જીવદયાના પરિણામની અનુમોદના કરતાં સ્વસ્થાને ગયો.

આવા અદ્ભૂત છે જયણા અને જીવદયાના પરિણામ ! સ્વ અને પર ઉભયનું આત્મ કલ્યાણ કરનારા હોય છે.

પરમાત્માના સમવસરણમાં સાપ અને નોળિયો, હરણ અને સિંહ, બિલાડી અને ઉંદર પોતાના જન્મજાત વૈર ભાવને ભૂલીને બાજુ – બાજુમાં શાંતિથી બેસે છે. આ કોનો પ્રભાવ છે ? **સ્વીકારવું પડશે કે આ પ્રભાવ પરમાત્માની મૈત્રી અને કરૂણા ભાવનો છે.**

આપણામાં જ્યારે જીવમાત્ર સાથે મૈત્રી ભાવ ઉભરાય છે સર્વ જીવો ઉપર કરૂણા વરસે છે, ત્યારે સામે વ્યક્તિમાં પણ એનો પ્રભાવ પડે છે. એના અંતરમાંથી પણ વૈરનું વિસર્જન થાય છે,

હિંસાના ભાવ નાશ પામે છે. મૈત્રી અને વાત્સલ્યના ઝરણા ફુટી નિકળે છે.



અંતર નિરીક્ષણ કરો...

હિંસા અને હિંસક ભાવનો ત્યાગ કરો...

સર્વ જીવોના હિત અને કલ્યાણની ભાવના ભાવો...

વૈરી પણ વશ થઇને વાતાવરણને નિર્મળ બનાવશે...

જયણા અને જીવદયાની જીત થશે...

શરણે આવેલા પારેવાને બચાવવા શાંતિનાથ ભ.ના જીવે જીવનની બાજી લગાડી હતીને ?

ઉદયપુરના એ રાજવી હતા...

ક્ષત્રિય અને માંસાહારી...

એમણે એક સિંહ પાળ્યો હતો... એના ઉપર અતિ મમતા હતી... નિત્ય થોડો સમય આ સિંહ સાથે ગમ્મત કરવામાં પસાર કરતા... એને પોતાના હાથે માંસ ખવડાવતા.

સિંહ વિના એમને ચેન ન પડતું. એનો વિયોગ એમના માટે અસહ્ય હતો. તેથી તેઓ ક્યાંય બહાર ન જતા.

એકદા એવા અનિવાર્ય સંયોગો ઉત્પન્ન થયા કે એમને પંદર-વીસ દિવસ માટે બહાર જવું પડે એવો પ્રસંગ આવ્યો. એમને સિંહનો વિચાર સતાવવા લાગ્યો. ઘણો વિચાર કર્યા પછી એમણે પોતાના વિશ્વાસુ મંત્રીને બોલાવીને એને સિંહના લાલન-પાલનની જવાબદારી સોંપી. આ સિંહને તમારા પુત્રની જેમ સાચવજો... એનો પાલક એની બધી જ જરૂરિયાતો જાણે છે. તમે એનું ધ્યાન રાખજો.''

મહારાજા સિંહને મળી એની સાથે ગેલ કરી વિદાય થયા. મંત્રીશ્વર ઉપર મોટી જવાબદારી આવી. સિંહના પાલકને બોલાવી એની પાસેથી બધી વાત જાણતાં સમજાયું કે સિંહ માંસ વિના બીજું કાંઇ જ ખાતો નથી... પોતે ચુસ્ત જૈન ધર્મનો પાલક છે. એ માંસ આપી શકે એમ નથી. બીજા દિવસે સવારના મંત્રીશ્વર સ્વયં સિંહની પાસે આવ્યા. એના માટે દુધની ભરેલી તપેલી અને પુરીઓ લઇ આવ્યા. એની સામે મૂકી. સિંહ ખાવા આવ્યો, પરંતુ પદાર્થો ખાવા યોગ્ય ન લાગતાં પાછો ફર્યો અને પોતાના ગુસ્સાને પ્રગટ કરવા ચિચિયારીઓ પાડવા લાગ્યો.

મંત્રીશ્વર સિંહની વાત સમજી ગયા પરંતુ એ પણ લાચાર હતા. એમનો ધર્મ એમને સિંહની

ઈચ્છાપૂર્તિ કરવામાં આડો આવતો હતો. એક...બે...ત્રણ દિવસ વીતી ગયા. મંત્રીશ્વર આપે છે તે સિંહ ખાતો નથી... સિંહને જોઇએ છે તે મંત્રીશ્વર આપી શકતા નથી. મંત્રીશ્વર ચિંતિત છે, સિંહને કાંઇ થઇ જશે તો રાજાને જવાબ આપવો મુશ્કેલ છે. શું કરવું ? અપવાદ માર્ગ અપનાવવો ? ના.. ના.. એ તો કાયરનું કામ છે. આખી રાત ગડમથલમાં વીતી સવારના સ્વયં મંત્રીશ્વર દુધ-પુરી લઇને આવ્યા. દુધ-પુરી સાથે એમણે પણ આજે પાંજરામાં પ્રવેશ કર્યો. એમણે સિંહની સામે જોઇને કહ્યું - ''સિંહરાજ ! માંસ વિના તને ચાલે એમ ન જ હોય તો તું હવે અણસણનો ત્યાગ કરી, મારા માંસનું ભક્ષણ કરી લે, એથી તારી ક્ષુધાને શાંત કર.'' ચાર શરણનો સ્વીકાર કરી અરિહંતનો જાપ કરતાં મંત્રીશ્વર ત્યાં જ બેસી ગયા.

હિંસાની સામે અહિંસાનો વિજય થયો.

સિંહે દુધના તપેલીમાં મોઢું નાંખ્યું... એ દૂધ ગટગટાવી ગયો. જયણા અને જીવદયાનો જયજયકાર થયો. સિંહ જેવા ક્રૂર પ્રાણીએ હિંસક ભાવનો ત્યાગ કરી અહિંસાના ભાવ આત્મસાત કર્યા.

કેવો ગજબનો છે જીવદયાનો પરિણામ. ક્યારે આપણે આવી જીવદયાના ભાવોના સ્વામિ બનીશુ ? આપણી જીવદયા, હિંસક - ક્રૂર પ્રાણીઓને પણ અહિંસક બનાવશે ? જીવનની ધન્યતા આવી અલૌકિક પળો જીવનમાં માણવા જેવી છે.



# ભાગ-૩

जिण पूआ[१४] थुणणं[१५],

गुरु थुइ[१६] साहंमिआण वच्छल्लं[१७] ।

ववहारस्सयसुद्धो[१८] रहजत्ता[१९],

तित्थजत्ता[२०] य ।।३।।६९।।

१४. જિન પૂજા કરવી.
१५. જિનેશ્વરની સ્તવના કરવી.
१६. ગુરુની સ્તુતિ કરવી.
१७. સાધર્મિક વાત્સલ્ય કરવું.
१८. વ્યવહારની શુદ્ધિ કરવી.
१९. રથયાત્રા
२०. તીર્થયાત્રા

# ૧૪ જિન પૂજા

બે મિત્ર...

એક ભોગી... એક વૈરાગી...

આયુષ્ય પૂર્ણ કરી બન્ને દેવલોકમાં...

ભોગી ઢોલીઓ વ્યંતર દેવ બન્યો...

વૈરાગી બારમા દેવલોકમાં વિદ્યુન્માળી દેવ બન્યો...

વિદ્યુન્માળી દેવે મિત્ર ક્યાં છે ? જાણવા અવધિજ્ઞાનનો ઉપયોગ આપ્યો... મિત્રની દુર્દશા જાણી અત્યંત ખેદ પામ્યો. તેની પાસે ગયો. કુમારનન્દીનો જીવ જે ઢોલીઓ વ્યંતર દેવ બન્યો છે તે વિદ્યુન્માળી દેવ પાસે પોતાની અપમાન જનક... અસમાધિમય જીવનમાંથી મુક્તિ મેળવવા માર્ગ પૂછે છે ?

આ કેવું આશ્ચર્ય છે ? માનવ જ નહિં દેવ પણ અપમાન – અસમાધિમાં પીડાઇ રહ્યા છે.

બારમા દેવલોકનો વિદ્યુન્માળી દેવ કુમારનન્દીના જીવને કહે છે – ''હે મિત્રદેવ ! તારી વર્તમાન પરિસ્થિતિ અને દુઃખનું એકમાત્ર કારણ છે વાસના. વાસના ક્યારેય કોઇ જીવને સુખી થવા દેતી નથી. શાંતિ–સમાધિ પામવા દેતી નથી. **જો તને ખરેખર શાંતિ અને સમાધિ જોઈતી હોય તો એનો એક માત્ર સાચો... સચોટ અને અજોડ ઉપાય છે જિનેશ્વર પરમાત્માના વંદન–પૂજન અને ભક્તિ!**

વિદ્યુન્માળી દેવે કહ્યું – ''મિત્ર ! તારા પૂર્વભવની ચિત્ર શાળામાં જ સાધના કરતાં પ્રભુ મહાવીર પરમાત્મા ધ્યાનસ્થ મુદ્રામાં ઉભા છે. તેવી જ તું પ્રતિમા તૈયાર કરી... એ પ્રભુની અનન્ય ભક્તિ–પૂજા કર. **તારા માટે જ નહિં વિશ્વના સર્વ જીવોને સમાધિ પ્રાપ્તિનો આ એક સફળ ઉપાય છે.**

વિદ્યુન્માળી દેવની વાત સાંભળી પ્રભુ પ્રતિમા બનાવી કુમારનન્દી દેવ પ્રભુની પૂજા–ભક્તિ કરવા લાગ્યો. પ્રભુ પૂજા પ્રભાવે ખરેખર કુમારનન્દી દેવની વાસના બળી ગઇ... એ વાસનાના

વમળમાંથી બહાર આવ્યો. અપૂર્વ સમાધિ અને શાંતિ પામ્યો.

ભયંકર એવા કલિકાળમાં પણ આપણને સહુને પ્રત્યક્ષ નહીં પણ પ્રતિમા રૂપે પ્રભુ મળ્યા જ છે. સર્વ દુઃખોમાં સહાયક... સર્વ સંકટોના નિવારક... સર્વદા સમાધિના દાતા એવા પ્રભુ મળ્યા. કલિકાળમાં કલ્પતરૂ સમાન પ્રભુ મળ્યા...

હું ધન્ય છું... હું પુણ્યનું સ્થાન છું...

હું આકુળતા રહિત છું... હું વિપત્તિઓ રહિત છું...

હું શાંત છું... હું સમાધિસ્થ છું...

કારણ ?

હે જિનેશ્વર દેવ ! અતીન્દ્રિય એવા મોક્ષ સુખને આપનાર એવા આપના ચરણ કમળની પૂજા મને પ્રાપ્ત થઇ છે.

પુણ્ય હોય તો પ્રભુ મળે... અને પ્રભુ મળે તો પુણ્ય થાય...

કેવો મજાનો સંયોગ છે...

આપણા પુણ્ય છે માટે પ્રભુ મળ્યા છે....

પરંતુ પ્રભુ મળ્યા પછી પુણ્ય બંધાય છે કે ? પૂછી લઇએ આપણી જાતને...

પ્રભુ દર્શન કરનાર પુણ્યવંત આત્મા પણ જ્યારે ચૈત્યવંદન કરે છે ત્યારે ચૈત્યવંદનમાં આવતી એક સુંદર વાત એના ધ્યાનમાં આવતી તો હશે જ. ચૈત્યવંદનમાં આપણે બોલીએ –

**હત્થડા તે સુલક્ખણા, જે જિનવર પૂજંત,**
**એકે પુણ્ણે બાહીરા, સો પરઘર કામ કરંત.**

પુણ્યના ઉદયથી ભગવાન મળે... પણ એનાથી પણ મહાન પુણ્યનો ઉદય હોય તો જ સુલક્ષણા હાથ મળે જે પરમાત્માની પૂજામાં વપરાય. નહીં તો પુણ્યમાં ખામી આવે અને હાથ ફક્ત પારકા કામમાં જ વપરાય. એમાં જ એને આનંદ આવે. એ હાથ દ્વારા પ્રભુ પૂજા અને એનાથી આત્મકલ્યાણ ન જ થઇ શકે.

ના... પ્રભુ... ના ! મારે આવા હાથ નથી જોઇતા જે પારકાના કામ કરીને... સંસારના કામ કરીને... હિંસાદિના કામ કરીને... પાપની વૃદ્ધિ કરીને મને સંસાર સાગરમાં ડૂબાડી દે. ના... પ્રભુ ના... આવા હાથ હવે ભવોભવમાં મને જોઇતા નથી. મને તો તારી પૂજા કરવી છે... ભક્તિ કરવી છે... મને તો પુણ્યાનુબંધી પુણ્યના સંચયે ભવસાગર તરવો છે.

તારા ચરણ અને શરણ પામીને ડૂબવું નથી ભવપાર થવું છે. પાપ અને પુણ્યના ખેલ ઘણા

જોયા... દુઃખ અને સુખના તડકા અને છાયા ઘણા અનુભવ્યા... હવે દુઃખના - દુર્ગતિના માર્ગથી દૂર જવું છે. સુખ અને સદ્‌ગતિના માર્ગે ડગ માંડવા છે.

સાત પ્રકારના ભયને છોડીને... ત્યાગીને એમાંથી મુક્ત બનીને નિર્ભય બનવું છે... અભય બનવું છે. જે અભય હોય એ જ અભય બનાવી શકે. વીતરાગ... તીર્થંકર પ્રભુ અભય છે... અભયના દેનારા છે. એમની વિવિધ પ્રકારની પૂજા-ભક્તિ-આરાધના આપણને અભયતા આપશે. એમના શરણે જનારો ક્યારેય દુઃખી થતો નથી... એ તો સુખના સાગરમાં સદા ઝીલતો હોય છે. પ્રસન્નતા પૂર્વક જીવન વીતાવનારો હોય છે.

જંબુદ્વીપ... દક્ષિણાર્ધ ભરત...

અનેક જિન ચૈત્યોથી શોભતું શ્રીપુરનગર...

જિતારી રાજા... પ્રિયદર્શના રાણી...

આજ નગરીમાં વીર નામે નિર્ધન વાણીયો રહેતો હતો... વીરમતી એની સ્ત્રી છે.

પાપનો ઉદયકાળ આવે... પુણ્ય પરવારી જાય ત્યારે કેવી પરિસ્થિતિનું સર્જન થાય છે ?

ઘરમાં અન્ન નથી... પાણી નથી...

જુવાર નથી... બાજરો નથી...

ચપટી લુણ પણ નથી... ખાઇ શકાય એવું કશું જ નથી...

આવા કઠોર કર્મોદયને પામેલો વીર વાણીયો લાકડા તોડવા માટે એકદા જંગલમાં ગયો... કયા વૃક્ષના લાકડા સહજતાથી મને પ્રાપ્ત થશે ? એ જોવા આમ તેમ ફરતો હતો. ત્યાં એણે સુંદર... ઘટાદાર ચંપક વૃક્ષની નીચે શાંતરસ અને સંવર રસમાં નિમગ્ન... આચાર્યના છત્રીસ ગુણોથી શોભાયમાન એવા ધર્મઘોષસૂરિને જોયા. તેઓશ્રી ધર્મદેશના આપી રહ્યા હતા... અનેક પુણ્યાત્માઓ ધર્મકથા સાંભળી રહ્યા હતા. ત્યાં જઇ... ગુરુ ભગવંતને નમસ્કાર કરીને વીર વાણીયો પણ ધર્મકથા સાંભળવા બેઠો.

ગુરુ ભગવંત પ્રભુ પૂજાનો મહિમા જણાવી રહ્યા હતા. વિશ્વમાં જ્યાં જે સુખ દેખાય છે તે સર્વ પૂર્વ ભવમાં કરેલી જિન પૂજા - ભક્તિનું ફળ છે. પ્રભુ પૂજા પાપનો... દુઃખનો... દોષનો નાશ કરનારી છે અને પુણ્યની... સુખની... અને ગુણોની વૃદ્ધિ કરાવનાર છે. શ્રી શત્રુંજય મહાત્મય ગ્રંથમાં કહ્યું છે -

**પ્રભાતે જિન પૂજાયાં, નૈશં પાપં વ્યપોહતિ ।**
**મધ્યાહ્ને ચા જન્મકૃતં, સંધ્યાયા સપ્ત જન્મજં ॥**

પ્રભાત સમયે શ્રી જિનેશ્વરની જે પૂજા કરે તેના રાત્રીનાં પાપ દૂર થાય છે... મધ્યાહ્ને જે શ્રી જિનેશ્વરની પૂજા કરે તેનાં આ જન્મમાં કરેલા સર્વ પાપ નાશ પામે છે... સંધ્યા સમયે શ્રી જિનેશ્વરની જે ધૂપાદિથી પૂજા કરે છે તેના સાત ભવના પાપ દૂર થાય છે.

આવી અત્યંત લાભદાયી જિન પૂજા આઠ પ્રકારની છે –

◆ આત્માના અસંખ્યાત પ્રદેશોમાં ક્ષાયિકભાવ ઉત્પન્ન કરી રત્નત્રયીની આરાધના માટે, હે ભવ્ય જીવો ! તમે વાસક્ષેપ પૂજા કરો.

◆ અંબર – કૃષ્ણાગર પ્રમુખ ઉત્તમ દ્રવ્યથી જિનેશ્વરની ધૂપ પૂજા હે ભવ્યાત્માઓ ! તમે કર્મક્ષય માટે કરો.

◆ હે ભવ્યાત્માઓ ! અક્ષયપદને પામવા સુગંધિ – અખંડ અક્ષતથી શ્રી જિનેશ્વર પરમાત્માની અક્ષત પૂજા કરો.

◆ હે પુણ્યાત્માઓ ! નવા – તાજા – સુગંધિ પુષ્પોથી અંતરાત્માને પ્રફુલ્લિત કરવા શ્રી જિનેશ્વર દેવની ફુલ પૂજા કરો.

◆ હે પુણ્યાત્માઓ ! શ્રેષ્ઠ આત્મ નિર્મળતા અને કેવલજ્ઞાનને પ્રગટાવવા શ્રી જિનેશ્વરની દર્પણ પૂજા કરો.

◆ હે ભક્તજનો ! અણહારી ગુણને પ્રગટાવવા મોદકાદિ વડે શ્રી જિનેશ્વરની નૈવેદ્ય પૂજા કરો.

◆ હે જિન ભક્તો ! અજરામર પદ પામવા શ્રી અષ્ટકર્મ નિવારવા અષ્ટમંગલથી શ્રી જિનરાજની પૂજા કરો.

◆ હે મુમુક્ષુઓ ! આત્માના અસંખ્યાત પ્રદેશમાં રહેલા કર્મમલને ધોવા ઉત્તમ તીર્થાદિક જલે કરી શ્રી જિનરાજની જલપૂજા કરો.

ગુરુમુખે જિનપૂજાનું મહત્વ સાંભળી આત્મ કલ્યાણની ભાવનાવાળો વીર વાણિયો ઉઠીને ઉભો થયો અને પૂજ્યપાદ આચાર્ય ભગવંતને કહ્યું –

''હે પરમોપકારી ભગવંત ! પૂર્વમાં મેં ક્યારે પણ જિન દર્શન – જિન પૂજા કે જિન ભક્તિ કરી નથી. નહીં તો આવી નિર્ધન દશા મારો આત્મા પામે જ નહીં. પરંતુ હવે મને અભિગ્રહ આપજો જેથી અલ્પ સમયમાં આત્મ કલ્યાણ સાધી લઉં'' એમ કહી વીર વાણિયાએ નિત્ય જિન પૂજા કરીને ભોજન કરીશ એવો અભિગ્રહ ધારણ કર્યો.

હવે વીર વાણિયો નિત્ય ચઢતા શુભ ભાવથી જિનેશ્વર પરમાત્માની પૂજા કરે છે તેથી

પુણ્ય સંચય કરી મનુષ્ય આયુનો બંધ કરે છે.

વર્તમાન આયુષ્યનો ક્ષય કરીને તે જ નગરમાં જિતારી રાજાની પટ્ટરાણી પ્રિયદર્શનાની કુક્ષીમાં ઉત્પન્ન થયો. શુભ અવસરે રાજકુમાર રૂપે જન્મ પામ્યો. સ્વજન-પરિવારે ભીમકુમાર નામ રાખ્યું.

યૌવનવયને પામેલા ભીમકુમારને રાજ્યાભિષેક કરીને જિતારી રાજાએ સંયમનો સ્વીકાર કર્યો. ભીમરાજા સારી રીતે પ્રજાનું પાલન કરે છે. રાજા ન્યાયી છે... પ્રજા સુખી છે.

એકદા રાજા સાતમા મજલે ગોખમાં બેસીને નગરની શોભાને નિહાળી રહ્યા છે. ત્યાં રાજાની દૃષ્ટિ એક ઘાસની ઝુંપડી ઉપર સ્થિર થઇ... વારંવાર એ ઝુંપડીને જોતાં અંતરમાં ઉહાપોહ થયો. જાતિસ્મરણ જ્ઞાન થયું... પોતાનો પૂર્વ ભવ અને નિર્ધન અવસ્થા નિહાળી. એ જ ઘાસની ઝુંપડીમાં, જીવન વિતાવ્યાનું સ્મરણ થયું. હવે હું જે રાજ્ય પામ્યો છું તે જિનપૂજાનું જ ફળ છે.

રાજાએ રાજ્યસભામાં પોતાના પૂર્વભવની અને જિનપૂજાથી પ્રાપ્ત થયેલા રાજ્ય સમૃદ્ધિની વાત નગરજનોને જણાવી. તે સાંભળી પ્રજા પણ જિનેશ્વર દેવની દ્રવ્ય અને ભાવપૂજામાં જોડાઇ ગઇ.

રાજાએ સુંદર વિશાલ જિનપ્રાસાદ કરાવ્યો. દેવવિમાન તુલ્ય જિનાલયમાં આચાર્ય ભગવંતની નિશ્રામાં મહોત્સવ પૂર્વક શ્રી ઋષભદેવની પ્રતિમાની પ્રતિષ્ઠા કરાવી. પોતાના બનાવેલ જિનચૈત્યમાં નિત્ય ઉત્કૃષ્ટ સામગ્રીથી પ્રભુજીની દ્રવ્ય અને ભાવપૂજા કરી રહ્યા છે. નિત્ય શુભ અધ્યવસાયમાં આગળ વધી રહ્યા છે. ધીમે ધીમે શુભની પરાકાષ્ઠાથી શુદ્ધ અધ્યવસાયને સ્પર્શી ગયા. ભાવ શુદ્ધિ વૃદ્ધિ પામતાં ક્ષપક શ્રેણી ઉપર આરુઢ થયા... ભાવ વધતા ગયા... કર્મ નિર્જરા કરતા ગયા... ઘનઘાતી કર્મ ખપાવી કેવલજ્ઞાનને પામ્યા... શાસનદેવ આવ્યા - સાધુનો વેશ આપ્યો. કેવલજ્ઞાનનો મહોત્સવ કર્યો. સર્વત્ર જિન શાસનનો જય જયકાર થયો. કેવલજ્ઞાની રાજર્ષિ પૃથ્વીતલને પાવન કરતા... જીવોને ધર્મ ઉપદેશ આપતા વિચરતા રહ્યા. આયુષ્ય પૂર્ણ થતાં સિદ્ધપદને પામ્યા.

જિનપૂજા-ભક્તિ સંસારની ઋદ્ધિ-સિદ્ધિ અપાવીને અંતે મોક્ષસુખને અપાવે છે.

આવો ! આપણે બડભાગી બનીએ... પ્રભુજીને અંતરમાં પધરાવી આપણા પોતાના દેહને દેવળ બનાવીએ. આપણે પ્રભુના સાચા પૂજારી બની... હાથને સુલક્ષણા બનાવી... પુણ્યોપાર્જન દ્વારા જીવનને સફળ બનાવીએ. મળેલી તકમાંથી તકદિર બનાવી પ્રભુમય બની

જઇએ... પ્રભુ બની જઇએ.

જિનભક્તિ... અનંત શક્તિનો ભંડાર છે...

અમુલ્ય પુણ્યનો સાગર છે... સુખ-શાંતિ-સમાધિનો ત્રિવેણીનો સંગમ છે...

જ્યાં જિન ભક્તિ નથી... ત્યાં પુણ્ય નથી...

જ્યાં પુણ્ય નથી... ત્યાં સુખ નથી...

જ્યાં પુણ્ય નથી... ત્યાં શાંતિ નથી...

જ્યાં પુણ્યાનુબંધી પુણ્ય નથી... ત્યાં સમાધિ નથી...

પુણ્ય... પુણ્યાનુબંધી પુણ્યના ભંડાર ભરવાનું સહજ - સરળ સાધન કહો કે સાધના કહો એ જિનેશ્વર પરમાત્માની ભક્તિ છે...

આપણો પુણ્યોદય જાગ્યો... આપણને ત્રણ લોકના નાથ જિનેશ્વર પરમાત્મા મળ્યા... સરસ મજાનું જિનાલય મળ્યું... પરમાત્માની ભક્તિ મળી... ભક્તિની બધી જ સામગ્રી મળી...

સામગ્રી મળી પરંતુ ફળી કે કેમ ? તે પોતાની જાતને પુછવાનું છે. સામગ્રીની પ્રાપ્તિ ઘણી સહેલી છે પરંતુ એ મળેલી સામગ્રીનો સદ્ઉપયોગ અતિશય કઠિન છે. સંસારના ભોગો પ્રત્યેની રૂચિ એને એમ કરતાં અટકાવે છે. ભોગો પ્રત્યેની રૂચિ જ્યાં સુધી ન છુટે ત્યાં સુધી ધર્મ તરફની રૂચિ ન પ્રગટે... આપણે અનાદિ કાળથી સંસાર સાગરના ભોગોની ભૂતાવળમાં ભટકતા રહ્યા છીએ... ભોગોનું આકર્ષણ આપણને બધું જ ભુલાવી દે છે. આપણા સારાસારના વિવેકને ઢાંકી દે છે.

**કણની મજામાં ટનની સજા સમાયેલી છે...**

**ક્ષણના સુખમાં સદિઓના દુઃખ ભરેલા છે...**

આ વાતને ભુલી જઇને આપણે ક્ષણિક સુખોમાં અટવાઇ જઇએ છીએ. ભોગોની લાલસા અંતે આ જીવના જીવનમાંથી ભગવાન અને ભક્તિને પણ ભુંસી નાંખે છે. ભગવાન અને ભક્તિને ભૂલીને ભોગોમાં પાગલ બનેલા જીવના ભુંડા હાલ થાય એમાં નવાઇ પામવા જેવું કશું જ નથી.

**જે ભગવાનને ભૂલ્યા તે ભવરણમાં ભટક્યા...**

**જે ભક્તિને ભૂલ્યા તે સમૃદ્ધિને ચૂક્યા...**

**જિનરાજની ભક્તિ તો મુક્તિની દૂતી છે.**

આપણા જીવનમાં ભગવાનનું સ્થાન ક્યાં ? આપણા જીવનમાં ભક્તિની શક્તિ કેટલી ?

ભગવાનના દર્શન કે પૂજા કરી લેવા માત્રથી આપણે ભગવાનના ભક્ત બની જતા નથી... મુક્તિના અધિકારી બની જતા નથી. સાચા ભક્ત બનવા તો હૃદયને પવિત્ર બનાવી એમાં પરમાત્માને બિરાજમાન કરવા પડે છે... રોમરોમમાં ભક્તિની અદ્‌ભૂત ભાવનાને પ્રગટાવવી પડે છે... જેમને આમાં સફળતા મળી તેઓ મળેલ માનવ જીવનને જીતી ગયા... સફળ બનાવી ગયા... આત્મ કલ્યાણ સાધી ગયા...

જંબુદ્વીપ... ભરત ક્ષેત્ર... કુસુમપુર નગર...

પુષ્પધ્વજ રાજા... પુષ્પવતી પટ્ટરાણી...

તેજ નગરીમાં ચંદ્ર નામે ગોપાલ વસતો હતો... ગાયો અને વાછરડાને લઇને તે દરરોજ ચરાવવાને વનમાં લઇ જતો...

એકદા ગાયો સાથે જંગલમાં ગયેલા ચંદ્રગોપે નદી કિનારે શ્રી જિનેશ્વર પ્રભુની પ્રતિમા જોઇ. પ્રતિમા જોતાં જ ચંદ્રગોપ રાજી રાજી થઇ ગયો... મારા કોઇ જન્મના પુણ્ય જાગ્યા... આજે મને ભગવાન મળ્યા. તે જંગલમાંથી ઘાસ વિગેરે લઇ આવ્યો અને નદી કિનારે ઘાસની કુટિર બનાવી તેમાં પ્રતિમાજીની સ્થાપના કરી.

હવે દરરોજ બપોરના નદીના શુદ્ધ જલથી પ્રભુજીનો પક્ષાલ કરી જંગલમાંથી સુગંધી પુષ્પો લાવી એનાથી પ્રભુજીની પૂજા કરતો... અતિ આનંદ માણતો... ક્યારેક પોતાની કાલીઘેલી ભાષામાં પ્રભુ સાથે વાતો કરતો. નિત્ય પૂજા કરતાં મંદકષાયી બનેલા ચંદ્રગોપે મનુષ્ય ભવનું આયુષ્ય બાંધ્યું...

અહિંનુ આયુષ્ય પૂર્ણ કરી જિનપૂજાના પ્રભાવે એ જ નગરીમાં ધનકુમાર નામે રાજકુમાર થયો.

એકદા ઘોડા ઉપર બેસીને ફરતાં ફરતાં ધન રાજકુમાર એ જ વનમાં... એ જ નદી કિનારે આવ્યો... ત્યાં કુટિર જોઇ એમાં પ્રવેશ કર્યો... ત્યાં પ્રભુ પ્રતિમા જોતાં જ જાતિ સ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું... પોતાનો પૂર્વભવ જાણ્યો...

મને ગોપાલમાંથી રાજકુમાર બનાવનાર આજ જિન પ્રતિમાની પૂજા અને ભક્તિ છે એ જાણ્યું... નગરજનો સમક્ષ આ વાત કહી સહુને પ્રભુભક્તિમાં જોડ્યા...

અરિહંત ભક્તિ-પૂજાનો મહિમા અપરંપાર છે.. જિન પૂજા પાપકર્મને છેદે છે... નરક-તિર્યંચાદિ દુર્ગતિને દૂર કરે છે... આપદા-વિપદા હટાવે છે... શાતા વેદનીયને પુષ્ટ કરે છે...

યશ-કિર્તિને વિસ્તારે છે... સોભાગીપણાને કરે છે... ધન-ધાન્યની વૃદ્ધિ કરે છે... નિરોગીતા અપાવે છે... દેવલોક અપવર્ગ આપી પરંપરાએ સિદ્ધપદ અપાવે છે.

ધનકુમારે માતાને પોતાના પૂર્વભવની વાત જણાવી સહુ મહા મહોત્સવ પૂર્વક નિત્ય જિનપૂજા ભક્તિ કરવા લાગ્યા..

ધનકુમારને રાજ્ય યોગ્ય જાણી માતા-પિતાએ રાજ્યાભિષેક કરી રાજા બનાવ્યા... વર્ષો સુધી રાજ્ય લક્ષ્મી ભોગવી... સાતક્ષેત્રમાં લક્ષ્મીનો સદુપયોગ કરી... નિરતિચાર સંયમ સાધના કરી કેવળજ્ઞાન પામ્યા... મુક્તિસુખને પામ્યા...

વાંચી ગયા કથા ? શું સાર મળ્યો ?

એક સામાન્ય ગોપાલને પ્રભુ પ્રતિમા મળે.

આપણને જિન પ્રતિમા મળે...

ગોપાલ રાજી... રાજી થઇ જાય... આનંદથી નાચી ઉઠે... અને આપણે ? નજર નાંખીએ આપણા જીવન ઉપર !

દેખાય છે ક્યાંય પ્રભુ મળ્યાનો આનંદ ?

દેરાસરમાં પ્રવેશવાનું સદ્‌ભાગ્ય પામ્યા પછી પણ આ નજર પરમાત્માને જોવાને બદલે... પ્રભુ દર્શનનો આનંદ લુંટવાને બદલે જ્યાં ત્યાં દોડી જતી હોય છે... સંસારની તુચ્છ વસ્તુ અને વ્યક્તિઓ પાછળ આ દૃષ્ટિ જ્યાં સુધી પાગલ બનતી હોય ત્યાં સુધી એને પ્રભુ દર્શનનો મહિમા ક્યાંથી સમજાય ?

दर्शनात् दुरीत ध्वंसी, वंदनात् वांछित प्रद: ।

पूजनात् पूरक श्रीणां, जिन साक्षात सूरद्रुम: ।।

હોઠોથી બોલવું કેટલું સહેલું છે ? વળી આવી જાય જો આવું દર્શન પૂજા અનુષ્ઠાન તો સહેજે ચઢી જવાય મોક્ષ મહેલના પગથીયા.

ગોપાલને પ્રભુ મળ્યાનો આનંદ હૃદયમાં સમાતો નથી... એણે કુટિરરૂપી જિનાલય બનાવી નિત્ય પ્રભુ પૂજાનો સંકલ્પ કર્યો... સાચું દર્શન આગળને આગળ વધાવ્યા વગર ન રહે...

એના જીવનના તાર પ્રભુ સાથે જોડાઇ ગયા...

આપણા જીવનમાં પ્રભુ દર્શનમાં સ્થિરતા આવે તો જ પ્રભુ પૂજામાં પ્રવેશ થાય. એક આરાધના બીજી આરાધના માટેનું પગથિયું છે. એક પછી એક આરાધનામાં આગળ વધતાં જ

મંઝિલ મળે છે...

પ્રભુની ભાવભીની પૂજા આપણા જીવનમાં રહેલા કષાયોના કચરાને દૂર કરે છે... આત્માને નિર્મળ બનાવે છે... મુક્તિ માર્ગનો મુસાફર બનાવે છે... એટલે જ તો **''ભક્તિ મુક્તિની દૂતી''** કહેવાય છે.

આવી ભક્તિનો માર્ગ એ સહેલામાં સહેલો મોક્ષમાર્ગ છે. આ માર્ગ જેને જડી ગયો એનો બેડો પાર થઇ ગયો... આંખ મીંચીને રસ્તે ચાલનારને ખાડામાં પડવાનો સમય આવે છે. ભક્તિના પથ ઉપર પણ આંખ મીંચીને (જ્ઞાન વિના) ચાલનારને ચઢવા કરતાં પડવાનો સમય આવે છે.

ભક્તિ માર્ગનું પ્રથમ સોપાન પ્રભુ દર્શન પૂજા છે અને અંતિમ સોપાન... મંઝિલ તો મુક્તિ જ છે. ચાલો પ્રભુ દર્શનથી યાત્રાનો પ્રારંભ કરી આત્મકલ્યાણ રૂપ મુક્તિની મંઝિલ પામી જય પતાકા લહેરાવીએ.



# ૧૫ જિન સ્તવના

જિનેશ્વર પરમાત્મા!

અદ્દભૂત પુણ્યના સ્વામિ... અચિંત્ય શક્તિના સ્વામિ...

અવર્ણનીય કરૂણા અને કૃપાના ભંડાર...

અનંત ગુણો અને અનંત સુખના દાનેશ્વરી...

આવા પરમાત્માની સ્તુતિ એ તો જીવનું સદ્દભાગ્ય છે.

આવા પરમાત્માની સ્તવના અજ્ઞાન દૂર કરી જ્ઞાન પ્રકાશ આપે છે. જિન સ્તવનાથી સમ્યગ્ દર્શન ન હોય તો પ્રાપ્ત થાય છે હોય તો નિર્મળ બને છે. સમ્યગ્ ચારિત્રની પ્રાપ્તિ થાય છે. પરંપરાએ જિન સ્તુતિ મોક્ષમાં સ્થાન અપાવે છે.

આપણે તો ગાઈએ જ છીએ –

**'જે દૃષ્ટિ પ્રભુ દર્શન કરે તે દૃષ્ટિ ને પણ ધન્ય છે.**
**જે જીભ જિનવરને સ્તવે તે જીભને પણ ધન્ય છે.'**

જે જીભ પાવન – પવિત્ર અને પુણ્યશાળી હોય તે જ પ્રભુનું નામ સ્મરણ કરી શકે... પ્રભુની સ્તુતિ બોલી શકે. આ પ્રભુની સ્તુતિમાં કેવી અજબ-ગજબની તાકાત છે તે તો આપણે જાણીએ જ છીએ.

ભક્તામર સ્તોત્ર આપણું પરિચિત સ્તોત્ર છે. એમાં પૂજ્યપાદ માનતુંગસૂરિ મહારાજાએ એક એક પ્રભુ સ્તુતિ કરતાં એક એક બેડી તોડી હતી. છેલ્લી કડી કોઇ તોડી શકે એ માટે સૂરિવર રાજ્ય સભામાં રાજા સમક્ષ પધાર્યા. આપ પ્રયત્ન કરી જુઓ. કદાચ કોઇને સફળતા મળે. પરંતુ અફસોસ! કોઇને પણ સફળતા ન મળી. કારણ?

**જિન સ્તુતિમાં જે શક્તિ છે તે બીજે ક્યાંય નથી.**

કલ્યાણ મંદિર સ્તોત્ર પણ આપણા બધાનું જાણીતું સ્તોત્ર છે. એનો ઉદય ક્યાંથી થયો?

પારાંચિત પ્રાયશ્ચિતને પામેલા સિદ્ધસેન દિવાકર... ગુપ્ત વેશમાં વિચરતાં... વિચરતાં ઉજ્જયની નગરીની બહાર એક શિવમંદિરમાં રાત રહ્યા. સવારના પૂજારી પૂજા કરવા આવ્યો. અહીં જોયું તો કોઇ અવધુત શિવલીંગ ઉપર પગ મૂકીને ઉંઘી રહ્યો છે. પૂજારીએ આ અવધુતને ઘણું કહ્યું... સમજાવ્યું પણ સમજે એ બીજા. પૂજારીએ પગ પકડીને દૂર કરવા પ્રયાસ કર્યો પરંતુ સફળતા ન મળી. વાત રાજા પાસે ગઇ. રાજાએ અનુમતિ આપી. ભલે એને માર મારી ત્યાંથી હટાવો. પૂજા તો થવી જ જોઇએ. પૂજારીએ લાકડી લઇને મારવાનો પ્રારંભ કર્યો. આ

સન્યાસીને કશું જ ન થયું પરંતુ રાજાના અંતપુરમાં ચીસાચીસ થઇ ગઇ. સન્યાસીને કરાતો પ્રહાર રાણીઓને પીડા આપવા લાગ્યા. રાજા વિક્રમ સમજી ગયા કોઇ અક્ષમ્ય ભુલ થઇ ગઇ છે. રાજા તરત જ નગર બહારના શિવમંદિરમાં પહોંચ્યાં. માર-મારતા પૂજારીને અટકાવી રાજા સન્યાસીના ચરણોમાં નમ્યા.

''મહાત્મા ! પૂજારીની ભૂલની ક્ષમા કરજો. આપશ્રી ઉઠો દેવની આશાતના ન હોય.. દેવની ભકિત-સ્તવના હોય.'' સન્યાસીએ કહ્યું 'રાજન ! આપની વાત સાચી છે પરંતુ તારા દેવ મારી સ્તવના નહીં સહન કરી શકે.'

રાજાએ આગ્રહ કરતાં સન્યાસી ધ્યાનમાં મગ્ન બન્યા અને એમના મુખમાંથી પ્રભુ સ્તવનાની એક પછી એક કડી પ્રગટ થતી ગઇ. જ્યાં અગિયારમી સ્તુતિ બોલ્યા ત્યાં આશ્ચર્ય સર્જાયું. બોમ્બ ફુટ્યો હોય એવો જોરદાર ધડાકો થયો અને શિવલીંગ ફાટ્યું અને એ માંથી અવંતી પાર્શ્વનાથ પ્રગટ થયા.

વિક્રમ રાજા પણ વિસ્મય પામ્યા.

કેવી અપૂર્વ શક્તિ છે પ્રભુ સ્તુતિમાં. આવી સ્તુતિ કરવાનું સદ્‌ભાગ્ય આપણને સાંપડ્યું. લાગે છે આપણે બડભાગી છીએ ? શબ્દમાં તો શક્તિ છે જ પરંતુ એ શબ્દમાં જ્યારે ભક્તિ ભળે છે... અંતરના ભાવ ભળે છે... જિનેશ્વર પરમાત્મા પ્રત્યે સદ્‌ભાવ... સન્માન... અહોભાવ... બહુમાન જાગૃત થાય છે ત્યારે એ શબ્દો જિન સ્તુતિ બને છે. આ જિન સ્તુતિમાં કલ્પનાતીત શક્તિનો સંચાર થાય છે. આવા શબ્દો અનેકાનેક ચમત્કારોનું સર્જન કરે છે. શબ્દોનો ભંડોળ તો આપણી પાસે ઘણો જ વિશાળ છે... દેવાધિદેવ આપણી સામે છે. બસ ! કમી છે માત્ર શબ્દોને જિનસ્તુતિ બનાવનાર ભાવની... ભક્તિની... અંતરના પરમાત્મ પ્રત્યેના પૂજ્યભાવની. સ્તુતિ બનાવી શકાતી નથી... આપોઆપ બની જાય છે.

ઉદયરત્ન મહારાજા...

સંઘ સાથે શંખેશ્વર પાર્શ્વનાથના દર્શને પધાર્યા...

એ સમય એવો હતો કે ભક્તને પાર્શ્વનાથના દર્શન કરવા મુંડકા વેરો ભરવો પડતો હતો. શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાન ઠાકોરના તાબામાં હતા. અને તમારે દર્શન કરવા હોય તો કર ચુકાવો પછી દર્શન કરો. આ વાત ન ભક્તોને મંજુર હતી... ન ઉદયરત્ન મહારાજને પસંદ હતી. શ્રી સંઘ સાથે ઉદયરત્ન મહારાજ પરમાત્માના બંધ દ્વાર સામે બેસી ગયા. પ્રભુ ! ભક્ત દ્વારે આવ્યા છે... આપના દર્શનના અભિલાષી છે. પરંતુ દર્શન પૈસાથી નહિં ભક્તિ-ભાવના

અને સ્તવનાથી કરશે. પ્રભુ ભાવના ભુખ્યા છે... પૈસાના નહિં. પૈસા સર્વસ્વ નથી પરંતુ પરમાત્મા સર્વસ્વ છે. એમની સ્તવના જ સુખદાયી છે. યાદ આવી ગઇ છે એક કથા...

એક હતું નગર... એમાં વસતા હતા એક શેઠ...

પુણ્યનો ઉદયકાળ હતો... સંપત્તિ અપરંપાર હતી...

એકદા શેઠને નવો વિચાર સ્ફુર્યો... ''સુવર્ણદાન'' આપવાનો...

તરાજુના એક પારડામાં શેઠને બેસાડવામાં આવ્યા અને બીજા પારડામાં સોનું નાંખવામાં આવ્યું. શેઠના ભારોભાર સોનું જોખીને શેઠે ગરીબ... જરૂરતમંદ બધાને દાન આપવાનું ચાલુ કર્યું.

જે આવે અને માંગે એને શેઠ દાન આપે... ન આવે એને બોલાવીને આપે છે. નગરના લગભગ બધા જ દાન લઇ ગયા. પરંતુ નગરની બહાર વસતા સંત દાન લેવા ન આવ્યા. આ વાતનો ખ્યાલ આવતાં જ શેઠે માણસ મોકલ્યો... પરંતુ સંત ન આવ્યા. શેઠને વિચિત્રતા લાગી... હું 'સુવર્ણદાન' આપું અને સંત ન લે એ કેમ ચાલે ? શેઠ સ્વયં સંત પાસે ગયા. ઘણો જ આગ્રહ કરે છે.

સંત કહે છે – ''હું સોનું લઇને શું કરું ? મારે એની જરૂર નથી.''

શેઠે હઠ પકડી – ''ના ! તમારે મારી પાસેથી 'સુવર્ણદાન' સ્વીકારવું જ પડશે. મને બીજી કાંઇ ખબર નથી.''

સંત વિચારવા લાગ્યા – ''શેઠ કાર્ય તો સારું કરે છે પરંતુ હવે શેઠને અભિમાન આવી ગયું છે. અભિમાન સત્કાર્યને નિષ્ફળ બનાવે છે. મારે શેઠના અભિમાનને દૂર કરવું પડશે... બોધ આપવો પડશે.''

સંતે એક તુલસીનું પાંદડું લીધું... એના ઉપર 'રામ' નામ લખ્યું. અને શેઠને કહ્યું – શેઠજી ! મને તો સોનાની જરૂર નથી પરંતુ આપનો અતિ આગ્રહ છે તો આ તુલસી પાનની બરોબર સોનું જોખી આપો.''

શેઠને આ માંગણી પોતાના અપમાન સમાન લાગી. ગુસ્સામાં ત્રાજવું મંગાવી એના એક પારડામાં તુલસીનું પાન અને બીજા પારડામાં સૂવર્ણ મુકતા ગયા... શેઠનો ભંડાર ખાલી થઇ ગયો પરંતુ તુલસીના પાંદડાવાળું પારડું નમતું નથી.

સંતની જીત... શેઠની હાર. ના... ના...

ઇશ્વરની જીત... નશ્વરની હાર થઇ.

શેઠ સંતના ચરણોમાં પડ્યા... મને માફ કરો...

સંત કહે છે – ''શેઠજી આ વિશ્વમાં પ્રભુ નામ અણમોલ છે... એની તોલે કાંઇ જ આવી શકે એમ નથી.''

સંતે આગળ કહ્યું – **''જો તમને આ સત્ય સમજાયું હોય તો બાકી રહેલું જીવન પ્રભુ સ્તવના... પ્રભુ નામ સ્મરણમાં વીતાવી સફળ કરો.''**

જેમ જેમ પ્રભુ ઉપર શ્રદ્ધા આવે... પ્રભુ સ્તુતિની અમુલ્યતા મહાનતા સમજાય તેમ તેમ જીવનો સંબંધ પ્રભુ સાથે જોડાતો જાય. ઇશ્વર સાથે સંબંધ જોડાઇ જાય તો એની સ્તુતિ કરતાં દુનિયાની નશ્વર વસ્તુઓ પ્રત્યેનું અનાદિનું આકર્ષણ તુટી જાય. **જિન સ્તુતિ એ તો મોહજાળને તોડવા માટેની અકસીર ઔષધિ છે.**

બસ ! આવી જ રીતે જિન સ્તુતિના મહિમાને જાણતાં ઉદયરત્ન મહારાજા પ્રભુના બંધ દ્વારની સામે બેસીને સ્તવનામાં લાગી ગયા. ભક્ત અને ભગવંતના તાર જોડાઇ ગયા. પ્રભુ સ્તવનામાં ભૌતિક વિશ્વની વિસ્મૃતિ થઇ ગઇ. જિન... જિન... પાર્શ્વ... પાર્શ્વની લગની લાગી... પ્રભુનો વિરહ અસહ્ય બન્યો... આંખોમાંથી અશ્રુધારી... અને વચન દ્વારા જિનસ્તુતિના આર્ત હૃદયના ભાવોને વ્યક્ત કરતા શબ્દો સરી પડ્યા...

**પાર્શ્વ શંખેશ્વરા, સાર કર સેવકા,**
**દેવ કા આટલી વાર લાગી...**

અને ભક્ત હૃદયનો સાદ સાંભળી જાણે દેવ રહી ન શક્યા... શંખેશ્વર પાર્શ્વનાથના બંધ દ્વાર ફટ્ કરીને ખુલી ગયા. જિન દર્શને શ્રી સંઘ સહ ઉદયરત્ન મહારાજા ભાવ વિભોર બની ગયા. જિન સ્તુતિ કરતાં એમનો મનમયૂર નાચી ઉઠ્યો.

આવી તો અગણિત કથાઓ જિનસ્તુતિનો મહિમા વર્ણવી રહી છે. જિન શાસનમાં જિન સ્તુતિ અને સ્તવનાના હજારો ગમે સ્તોત્રો અને લાખો ગમે સ્તવનોના ભંડાર છે. આ બધાનું ઉગમ સ્થાન ભક્ત હૃદયમાં અને જિન સ્તવનામાં છે. એમાં ક્યાંય શંકાને સ્થાન નથી.

**પ્રભુ નામકી ઔષધિ, ખરા ભાવથી ખાય ;**
**રોગ – શોક વ્યાપે નહિં, સવિ સંકટ ટલ જાય.**

જિન સ્તુતિમાં પ્રભુનું નામ સ્મરણ... જાપ...સ્તુતિ ...સ્તવના વંદના બધાનો સમાવેશ થઇ જાય છે.

આનંદઘનજી મહારાજા હોય કે દેવચંદ્ર મુનિ હોય...

યશોવિજયજી મહારાજા હોય કે ગુણસાગરસૂરિ મહારાજા હોય...

સહુ મહાત્માઓએ જિન સ્તુતિમાં જ જીવનની સફળતા માનીને ચોવિસીઓની રચનાઓ કરી છે.

આવો ! આપણને પણ આ મળેલી તકને ઝડપી લઇએ.

જિન નામ સ્મરણ... જિન સ્તુતિ... જિન સ્તવના... આદિ દ્વારા સવી સંકટ ટળી જાય... રોગ-શોક દૂર થાય... આનંદ-મંગલ છવાઇ જાય. ભૌતિક સમૃદ્ધિનું આકર્ષણ ટળી જાય... જિન જેવા જાતના સ્વસ્વરૂપનું દર્શન થઇ જાય... આત્મા પરમાત્મ સ્વરૂપને પામી જાય.





# ૧૬ ગુરુ સ્તુતિ

દેવાધિદેવની પૂજા સ્તવનાની વાત જણાવ્યા પછી ગુરુ સ્તુતિના કર્તવ્યનો પરિચય કરાવે છે.

સુદેવ-સુગુરુ અને સુધર્મ એ આત્મોદ્ધાર કરનાર તત્વત્રયી છે. દેવ અને ધર્મની વચ્ચે ગુરુનું સ્થાન છે. શા માટે ? દેવ-ગુરુ અને ધર્મના ત્રિવેણી સંગમની સાંકળની મુખ્ય કડી છે **ગુરુ !** સાચા ગુરુ એ જ છે કે જે સાધકને એક બાજુ દેવથી અને બીજી બાજુ ધર્મ સાથે જોડે છે. જો ગુરુ સાધકને પોતાનો જ પ્રભાવ બતાવી પોતાનો જ ભક્ત બનાવે તો એ ગુરુ સુગુરુ... સાચા ગુરુ કે સદ્‌ગુરુ નથી. એટલે જ તો કહેવાયું છે –

गुरु गोविंद दोनों खडा, काको लागुं पाय ।
बलिहारी गुरुदेव की, गोविंद दियो बताय ।।

જો ગુરુ ગોવિંદનો પરિચય ન કરાવે...

જો ગુરુ ગોવિંદના બતાવેલા ધર્મની ઓળખાણ ન કરાવે... તો ગુરુ આપણા માટે તારક બની શકતા નથી.

અનાદિથી અજ્ઞાનના અંધકારમાં અટવાયેલા... માર્ગ ભૂલેલા જીવના રક્ષણહાર... તારણહાર ગુરુ છે. ગુરુ એ તો જીવનની મુલ્ય ન આંકી શકાય એવી મહામુડી છે. ગુરુને પામવા સર્વસ્વ ગુમાવવાની પણ તૈયારી હોવી જોઇએ. જેની પાસે ગુરુ છે એની પાસે બધું જ છે... એ દુનિયાનો અમીરમાં અમીર અને મહા બડભાગી માનવી છે. ભૌતિક દુનિયાની બધી દૌલત જેની પાસે છે પરંતુ જો એની પાસે સદ્‌ગુરુ નથી તો એ રંક છે.. કમભાગી છે... પુણ્યહીન છે... ભિખારી છે.

**ગુરુ દીવો, ગુરુ દેવતા, વિણ ગુરુ ઘોર અંધાર ;**
**જે ગુરુ વાણી વેગળા, તે રળવળિયા સંસાર.**

ગુરુ જ જીવન પથ પર પ્રકાશ પાથરનાર દીપક છે...

ગુરુ જ દિવ્યતાના દર્શન કરાવનાર દેવતા છે...

ગુરુ નથી તો જીવનમાં સર્વત્ર... ડગલે ને પગલે અંધકાર છે...

જ્યાં ગુરુ વાણી નથી... પથદર્શક... માર્ગદર્શક બે શબ્દો નથી ત્યાં લલાટે ભવભ્રમણ જ લખેલું છે.

આજ દિવસ  સુધીની આપણી સંસારની રખડપટ્ટીનું મૂળ આજ છે. સદ્‌ગુરુ મેળવવા પ્રયાસ ન કર્યો... ગુરુ મળ્યા નહિં... મળ્યા તો એમને ઓળખ્યા નહિં... ઓળખ્યા તો એમની સ્તવના કરી એમના ચિંધેલા માર્ગે પ્રયાણ ન કર્યું.

અધ્યાત્મિક વિશ્વની એક અજાયબી છે **ગુરુ.**

ध्यान मुलं गुरु मुर्ति, पूजा मुलं गुरु पदम् ।

मंत्र मुलं गुरु: वाक्यं, मोक्ष मुलं गुरुकृपा ।।

ધ્યાનનું મૂળ ગુરુ મુર્તિ છે... પૂજાનું મૂળ ગુરુ ચરણ પંકજ છે...

ગુરુનું વાક્ય એ જ મંત્ર છે... ગુરુ કૃપા એ જ મોક્ષ છે...

સાધક જ્યારે પોતાના અસ્તિત્વનું ગુરુમાં વિલીનીકરણ કરે છે, પોતાના અલગ અસ્તિત્વને સ્વીકારતો જ નથી ત્યારે એ ગુરુમય બની જાય છે. એનું ધ્યાન પણ ગુરુ... જ્ઞાન પણ ગુરુ... પૂજા પણ ગુરુ... મંત્ર પણ ગુરુ... કેવી અદ્‌ભૂત દશા છે આ સાધકની ! સાધક જ્યારે આ વર્ણનીય સમર્પણની સાધનામાં સફળ થાય છે ત્યારે ગુરુ શિષ્યને જ્ઞાનાંજન કરે છે. પોતાના વર્ષોની સાધનાથી પ્રાપ્ત કરેલા જ્ઞાનામૃતનું એને પાન કરાવે છે... જેમ પ્રગટેલો દીપક બુઝાયેલા દીપકને પ્રગટાવે તેમ પોતાની ચૈતન્ય જ્યોતથી સાધકની જ્ઞાન જ્યોતિ પ્રગટાવે છે. એના સુતેલા આત્માને જગાડે છે. એના ચૈતન્યશક્તિનું ઉર્ધ્વીકરણ કરીને એને આત્માના દિવ્ય સ્વરૂપની ઝાંખી કરાવે છે.

**પ્રવચન અંજન જો સદ્‌ગુરુ કરે,**

**દેખે પરમ નિધાન જિનેશ્વર ;**

**હૃદય નયન નિહાળે જગધણી,**

**મહિમા મેરુ સમાન જિનેશ્વર...**

આવા ગુરુને પામીને કોણ ધન્ય ન બને ? આવી અપૂર્વ ગુરુ શક્તિનો અનુભવ કર્યા પછી કોણ એમની સ્તુતિ-સ્તવના-ભક્તિ વંદનાદિ ન કરે ?

પરંતુ આવી અનુભૂતિને પામવા માટે આપણે આવી ધન્ય ઘડી અને ધન્ય પળને જીવનમાં લાવવા માટે પણ આપણે ગુરુ - સ્તુતિ - ભક્તિ - વંદનાદિ અવશ્ય કરવાના છે. સદ્‌ગુરુની ઓળખાણ કરવા એમની નજીક જવાનું છે. નજીક જવાનું... પરિચય કેળવવાનું એક સાધન છે ગુરુ ભક્તિ... વંદના... સ્તવના.

સામાન્ય માટી... અને તેજંતુરી, આપણા માટે સમાન છે...

સાચા હીરા... અને અમેરીકન હીરા, આપણા માટે સરખા છે...

સદ્ગુરુ અને વેશધારી, આપણા માટે બન્ને સમાન છે.

પરંતુ જ્યારે સૂક્ષ્મ દૃષ્ટિથી નિરીક્ષણ કરવામાં આવે છે ત્યારે દુધનું દૂધ અને પાણીનું પાણી સમજાઇ જાય છે.

ગુરુ સ્તુતિ - સ્તવનાદિ તો આગળની વાત છે પ્રથમ સદ્ગુરુનો યોગ મળે તે માટે પુરૂષાર્થ આદરવાનો છે. જયવીયરાય પ્રાર્થના સૂત્રમાં પ્રભુ પાસે જે તેર માંગણી કરવામાં આવી છે એમાં પણ સદ્ગુરુનો યોગ અને સાથે સાથે ભવપર્યંત અખંડપણે એમની સેવા માટેની પ્રાર્થના કરવામાં આવી છે.

સદ્ગુરુનો આવો મહિમા શા માટે ગાવામાં આવ્યો છે ? સદ્ગુરુનો યોગ શું શું કરવા સમર્થ છે? એ પાપીને પણ ધર્મી બનાવવાની તાકાત ધરાવે છે, જીવને શિવ અને આત્માને પરમાત્મા બનાવી શકે છે. પારસના સ્પર્શે તો લોખંડ સુવર્ણ જ બને છે પારસ નહિં પરંતુ સદ્ગુરુ રૂપી પારસ મળે છે તો લોખંડ જેવો આત્મા પારસથી પણ મહાન બની જાય છે.

જગત્ગુરુ ગૌતમસ્વામી માટે કહેવાય છે કે -

**જિહાં જિહાં દિજે દિક્ખ, તિહાં તિહાં કેવળ ઉપજેએ,**

**આપ કને અણહુંત....**

કેવી અજાયબી છે ગુરુતત્વની !

ગૌતમસ્વામી જેને જેને દીક્ષા આપે... શિષ્ય તરીકેનો જેના જેના ઉપર વાસક્ષેપ નાંખે એને કેવળજ્ઞાન ઉત્પન્ન થઇ જાય. અને મુખ્ય આશ્ચર્ય તો એ વાતનું છે કે પોતાની પાસે કેવળજ્ઞાન નથી.

શિષ્ય કેવળી... ગુરુ છદ્મસ્થ...

પરંતુ આવી અવસ્થામાં પણ શિષ્ય ક્યારે પણ ગુરુનો વિનય અને ગુરુ સન્માન - બહુમાનને ચૂકતા નથી. પછી એ ચંડરૂદ્રાચાર્યનો નૂતન શિષ્ય હોય તો પણ ભલે અને મહાસતી ચંદનબાળાના શિષ્યા મૃગાવતી હોય તો પણ ભલે. કેવળી જાણે છે પોતાના કેવળજ્ઞાન પ્રાપ્તિમાં ઉપકારી તત્વ છે **ગુરુદેવ.** પ્રથમ આવા સદ્ગુરુના યોગને પામવા માટેનો પ્રયત્ન કરવાનો છે.

એક હતો રાજા... નામ એનું તડિત્કેશી...

એકદા - રાજા રાણી સાથે જંગલમાં ગયા...

ત્યાં અચાનક એક વાંદરો આવ્યો અને એણે રાણી ઉપર તરાપ મારી... રાજા સાવધાન થયા તેમણે બાણ છોડ્યું... રાજાના બાણથી વાંદરો ઘાયલ થયો... તરફડવા લાગ્યો. જીવન અને મરણ વચ્ચે ઝોલા ખાતા આ વાંદરાના પુણ્ય જાગ્યા. ત્યાંથી પસાર થતાં મુનિરાજની નજર મરણ શય્યામાં આળોટતાં વાંદરા પર પડી.

મુનિરાજ જ્ઞાની હતા... વાંદરાના જીવનોદ્ધારક બનીને આવ્યા... વાંદરાની નજીક આવ્યા... વાંદરાને નિર્યામણા કરાવી નવકારમંત્ર સંભળાવ્યો...

નવકાર સાંભળતા સાંભળતા કષાય શાંત થયા.. વાંદરો નવકારમય બન્યો.. નવકારને સાંભળતાં આયુષ્ય પૂર્ણ કરી દેવલોકમાં દેવ થયો...

દેવલોકમાં ઉત્પન્ન થયેલો દેવ મુનિરાજના ઉપકારને જાણીને વંદન કરવા જંગલમાં આવ્યો. દેવનું આગમન જોઇ આશ્ચર્ય પામેલા તડિત્કેશી રાજવી મુનિ પાસે આવ્યા... વિનય ભાવે વંદના કરી હિતોપદેશ આપવા પ્રાર્થના કરી. ગુરુ મળે તો જ્ઞાન મળે અજ્ઞાન ટળે. ગુરુ સ્તુતિ - બહુમાન કરી યોગ્ય આસન ગ્રહણ કર્યું.

મુનિરાજે તડિત્કેશી રાજવીને ધર્મોપદેશ આપતાં જણાવ્યું - ''રાજન્ ! આત્મા વિષય - કષાય દ્વારા કેવા કેવા ભવો કરી ભવસાગરમાં ભટકે છે ? પૂર્વભવમાં આ વાંદરો પારધિ હતો... તને મારીને નરકમાં ગયો... અહિં તને જોઇને ફરી દ્વેષ જાગ્યો... વૈર ભાવનાથી તને હેરાન કરવાનો પ્રયત્ન કર્યો. તેં તીર છોડ્યું તેથી એના અંતરમાં તારા પ્રત્યે દ્વેષ ભાવના વધી... પણ અંતિમ સમયે નવકાર મળતાં કષાય પરિણતિ શાંત પડી... ધર્મ પરિણતિમાં આત્મા જોડાયો... દેવગતિને પામ્યો'' **સદ્ગુરુના યોગ વિના આ સંભવે ખરું ?**

મુનિની વાત સાંભળી તડિત્કેશી રાજા વિષય-કષાયની પરિણતિમાંથી મુક્ત બન્યા... વૈરાગ્ય ભાવનામાં રમણ કરવા લાગ્યા... અંત સંયમ પંથના પથિક બન્યા. **આ પણ ઉપકાર છે સદ્ગુરુ યોગ અને એમની પાસેથી પ્રાપ્ત થયેલી આત્મોદ્ધારક હિતશિક્ષા.**

ગુરુદેવના સંગે... નવકારના રંગે... વાંદરો જો કષાય પરિણતિમાંથી ધર્મપરિણતિ તરફ વળે, ગુરુદેવના સંગે... જ્ઞાનના રંગે તડિત્કેશી રાજા જો વિષય-પરિણતિમાંથી ધર્મપરિણતિ તરફ વળે... સંયમ માર્ગે સંચરી... સદ્ગતિની પરંપરા અને સિદ્ધગતિને પામી શકે છે, તો આપણા જેવા જીવોએ આવા સદ્ગુરુને પામવા.. એમની સ્તુતિ અને વિનય દ્વારા આત્મકલ્યાણક દેશના પામીને માનવ જીવનને સફળ બનાવવાનો સફળ પુરુષાર્થ આદરવા જેવો છે.

સદ્‌ગુરુને પામ્યા પછી બે મહત્વની વાતો સમજવાની છે. પ્રથમ તો મળી ગયેલા સદ્‌ગુરુની ક્યાંય આશાતના ન થાય અને બીજી વાત છે એમની સ્તુતિ-ભક્તિ-વંદનાદિમાં ક્યાંય ખામી ન રહી જાય. એ માટે આપણે સુગુરુનો યોગ થવા છતાં ગુરુવંદન ન કરીએ તો શું દોષ લાગે ? ગુરુવંદન શા માટે કરવા જોઈએ ? ગુરુવંદન કરવાથી શું લાભ થાય ? દ્રવ્ય અને ભાવ વંદન શું છે ? ગુરુ વંદનના પ્રકારાદિ જાણીશું.

**ગુરુવંદન ન કરવાથી ૬ દોષો -**

૧. અવિનયી બનીએ છીએ. ૨. અભિમાનની વૃદ્ધિ થાય છે. ૩. તીર્થંકરની આજ્ઞાનો ભંગ થાય છે. અવજ્ઞા થાય છે. ૪. નીચ ગોત્ર કર્મનો બંધ થાય છે. ૫. ધર્મ - પ્રાપ્તિ દુર્લભ બને છે. તથા ૬. સંસારની વૃદ્ધિ થાય છે.

આ જીવ ઉપર ગુરુના અનંત ઉપકાર છે આ ઉપકાર પર પ્રતિ ઉપકાર કરવાનું કે ઉપકારના ઋણમાંથી મુક્ત થવાનું કોઇ સામર્થ્ય આ પામર જીવ પાસે નથી. એ ઉપકારોનું નિત્ય સ્મરણ કરીને ગુરુને ત્રિકાલ વંદના કરવી એ તો શિષ્યનું કર્તવ્ય છે જ. એ સિવાય પણ અવસરે વિશેષ કર્તવ્યરૂપે ગુરુવંદન કરવાની વાત જણાવે છે.

**ગુરુ વંદન કરવાના ૮ કારણો -**

૧. પ્રતિક્રમણમાં ગુરુવંદન કરવાનું હોય છે.

૨. વાચના - જ્ઞાન લેતાં પહેલા ગુરુ વંદન કરવાનું હોય છે.

૩. કાયોત્સર્ગ પહેલાં ગુરુ વંદન કરવાનું હોય છે.

૪. અપરાધની ક્ષમા માંગતા ગુરુવંદન કરવાનું હોય છે.

૫. મહેમાન સાધુ-સાધ્વીજી ભગવંત પધારે ત્યારે ગુરુવંદન કરવાનું હોય છે.

૬. આલોચના લેતી વખતે ગુરુવંદન કરવાનું હોય છે.

૭. પચ્ચક્‌ખાણ લેતાં પહેલાં ગુરુવંદન કરવાનું હોય છે. તથા

૮. અણસણ લેતાં પહેલાં ગુરુવંદન કરવાનું હોય છે.

ગુરુવંદનથી અનેકાનેક લાભ થાય છે તેની ગણત્રી જ શક્ય નથી. અહીં કેટલાક મુખ્ય લાભોની જ નોંધ કરવામાં આવી છે.

**ગુરુવંદનથી થતાં ૬ મહાન લાભ -**

૧. ગુરુનો વિનય થાય છે.

૨. આપણા અભિમાનનો નાશ થાય છે.

૩. ગુરુની પૂજા-સન્માનનો લાભ થાય છે.

૪. તીર્થંકર પરમાત્માની આજ્ઞાનું પાલન થાય છે.

૫. સમ્યગ્ જ્ઞાનની તથા આરાધનાની પ્રાપ્તિ અને વૃદ્ધિ થાય છે.

૬. પરંપરાએ મોક્ષની પ્રાપ્તિ થાય છે.

**ગુરુ વંદન ત્રણ પ્રકારે થાય છે -**

(૧) ફેટા વંદન (૨) થોભ વંદન અને (૩) દ્વાદશાવર્ત વંદન.

બે હાથ જોડીને મસ્તક નમાવવાથી **ફેટા વંદન** થાય છે. આ ફેટા વંદન સમસ્ત શ્રી સંઘને કરાય છે.

બે ખમાસણા દઇ ઈચ્છાકાર સહ શાતા પુછીને અબ્ભુટ્ઠિયાના પાઠ સહિત વંદના કરવી તે **થોભ વંદન** કહેવાય છે. થોભ વંદન સાધુ-સાધ્વીજી ભગવંતને કરાય છે...

દ્વાદશાવર્ત વંદન ઈર્યાવહી પડીક્કમિ; લોગસ્સનો કાઉસ્સગ્ગ કરી, મુહપત્તિ, વાંદણા આપીને વિધિપૂર્વક અબ્ભુટ્ઠીયો ખમાવી, રાઇઓ; દેવસિઓ આલોવવા પૂર્વક કરાય છે. દ્વાદશાવર્ત વંદન આચાર્ય, ઉપાધ્યાય વગેરે પદસ્થને જ કરાય છે. હાલમાં ગચ્છાધિપતિને દ્વાદશવર્ત વંદન કરવાનો વ્યવહાર છે.

**ગુરુને વંદન કરવાથી શું લાભ થાય ?**

नीआ गोअं खवे कम्मं । उच्चा गोअं निबंधए ।।

सिढिलं कम्मं गंठितु । वंदणेण नरो करे ।।

ગુરુ વંદન કરવાથી પ્રાણી નીચ ગોત્ર ખપાવે છે.. ઉચ્ચ ગોત્રનો બંધ કરે છે... નિકાચિત કર્મગ્રંથીને ભેદન કરતાં શિથિલ બંધનરૂપ કરી નાંખે છે.

શ્રી કૃષ્ણ મહારાજાએ શ્રી નેમનાથસ્વામિ સહ અઢાર હજાર સાધુઓને વંદન કરીને તીર્થંકર ગોત્ર બાંધ્યું... ક્ષાયિક સમકિતની પ્રાપ્તિ કરી... સાતમી નરકનો બંધ શિથિલ કરી ત્રીજી નરકનું આયુષ્ય કરી નાખ્યું.

**દ્રવ્ય અને ભાવ વંદન**

ગુરુવંદનના બે પ્રકાર છે -

૧) દ્રવ્ય વંદન ૨) ભાવ વંદના

અંતરના ભાવ વગર ફક્ત સૂત્રનો પાઠ બોલીને વંદનનો વિધિ કરવો તે દ્રવ્ય વંદન છે. અંતરના બહુમાનથી વિધિ પૂર્વક વંદન કરવા તે ભાવ વંદન છે.

દ્રવ્ય વંદન કરતાં ભાવ-વંદન વધારે લાભદાયી છે.

શીતલાચાર્યને વંદન કરવા એમના ચાર ભાણેજ સાધુઓ આવી રહ્યા હતા પણ ગામ બહાર જ સાંજ પડી જતાં ગામ બહાર જ રહ્યા. ત્યાં એક ભાણેજ મુનિને હર્ષના આવેશ પૂર્વક ગુરુ વંદનની ભાવના ભાવતાં ભાવતાં રાતે જ કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઇ... બાકીના ત્રણ ભાણેજ મુનિ તો ઈર્ષ્યાથી બધાથી પહેલા વંદન કરવા જવા ઉતાવળ કરવા લાગ્યા... સવારના વહેલા ઉઠી જલ્દી તૈયાર થઇ શીતલાચાર્ય પાસે જઇ દ્રવ્ય વંદન કર્યું. ત્યાં ચોથા ભાણેજ મુનિ (કેવલી) આવ્યા, ત્યારે શીતલાચાર્યને પૂછ્યું - ''સ્વામી ! અમારા ચાર જણાના વંદનમાંથી વધારે લાભ કોને થયો ?' શીતલાચાર્યે કહ્યું - ''જે છેલ્લા આવ્યા એમને' ત્યારે નવાઇ પામતાં ત્રણે ભાણેજ મુનિ કહે છે - 'આમ કેમ ?' ત્યારે ગુરુ શીતલાચાર્યે કહ્યું - 'એમને તો રાતે જ વંદનની ભાવના ભાવતાં ગામ બહાર જ કેવળજ્ઞાનની પ્રાપ્તિ થયેલ છે.'

ત્યાં ત્રણે મુનિ ઉઠીને કેવલી મુનિને વંદન કરી ખમાવે છે. ભાવથી વંદન કરતાં ત્રણે મુનિ કેવળજ્ઞાનને પામે છે.

**ગુરુનું બહુમાન -**

अभ्युथानं तदालोके । भियनं च तदागमे ।।
शिरस्यं जलिसंश्लेष: । स्वयमास न ढोकनं ।।

આચાર્યાદિ ગુરુ ભગવંતોનું સવિશેષતાથી બહુમાન સાચવવાની વાત સમજાવતાં કહે છે -

આચાર્યાદિકને આવતા દેખીને ઉભા થવું. સન્મુખ જવું, મસ્તકે અંજલિબદ્ધ પ્રણામ કરવો, તેઓને આસન આપવું તથા તેઓના બેઠા પછી જ તેઓની સન્મુખ વિનય પૂર્વક બેસવું.

વિનયપૂર્વક એટલે કેવી રીતે બેસવું તે જણાવતાં કહે છે -

पर्यस्तिका अवष्ठंमं । तथा पाद प्रसारणं ।।
विकथा प्रबलं हास्यं । वर्जयेत् गुरु सन्निधौ ।।

પલાંઠી વાળીને, થાંભલા કે ભીંતનો ટેકો લઇને, પગ પસારીને, વિકથા કરતાં, અધિક હાસ્ય કરતાં ગુરુ પાસે ન બેસવું. વિશેષતાથી જણાવતાં કહે છે - ગુરુને બરોબર પડખે બેસવાથી, ગુરુથી આગળ બેસવાથી, ગુરુને પીઠ કરીને બેસવાથી, ગુરુ આગળ પગ ઉપર પગ ચડાવીને બેસવાથી તથા લાંબા પગ કરીને બેસવાથી પણ ગુરુની આશાતના થાય છે. તેથી આ બધી આશાતના ટાળવી.

## ગુરુની દેશના કેમ સાંભળવી ?

નિંદા, વિકથાનો ત્યાગ કરીને મન-વચન-કાયાની એકાગ્રતા રાખી, હાથ જોડીને, ઉપયોગવંતા થઇને, ધ્યાન દઇને, ભક્તિ તથા બહુમાન પૂર્વકની ગુરુની દેશના સાંભળવી. આગમમાં બતાવેલ વિધિ મુજબ આશાતના તજવા માટે ગુરૂથી સાડાત્રણ હાથ અવગ્રહણ ક્ષેત્રથી બહાર રહી, નિર્જીવ સ્થાને બેસીને દેશના સાંભળવી...

ગુરુ વાણી સાંભળવાથી થતો લાભ -

मोहंधियो हरति कापथ मुच्छिनत्ति । संवेग मुन्नमयति प्रशमं तनोति ।।

सुते विराग मधिकं मुद मादधाति । जैनं वच: श्रवणत: किं मुयन्नदत्ते ।।

જિનવાણી મોહથી મુંઝાયેલી બુદ્ધિ દૂર કરે છે... ઉન્માર્ગને દૂર કરે છે... સંવેગ (મોક્ષાભિલાષ) ઉત્પન્ન કરે છે. શાંત પરિણામને વિસ્તારે છે... અધિક વૈરાગ્યને ઉત્પન્ન કરાવે છે... ચિત્તમાં હર્ષને અધિક ઉપજાવે છે... એવું જગતમાં શું અધિક છે કે જે જિનરાજનું વચન સાંભળતા મળી શકતું ન હોય ? (બધું જ મળે છે)

ધર્મોપદેશ સાંભળવાથી અજ્ઞાન અને મિથ્યાત્વનો નાશ, સત્ય તત્વોની, નિઃસંશયપણાની તેમજ ધર્મ ઉપરની દઢતાની પ્રાપ્તિ, સપ્તવ્યસનરૂપી ઉન્માર્ગથી નિવૃત્તિ અને સન્માર્ગની પ્રવૃત્તિ; કષાયાદિ દોષોનો ઉપશમ વિનય, વિવેક, શ્રુત, તપ, સુશીલાદિક ગુણ ઉપાર્જન કરવાનો ઉદ્યમ, કુસંગનો ત્યાગ, સત્સંગનો સ્વીકાર, અસાર અને પારાવાર સંસારનો ત્યાગ અને વસ્તુમાત્ર ઉપર વૈરાગ્ય, ખરા અંતઃકરણથી સાધુ અથવા શ્રાવક ધર્મને આગ્રહપૂર્વક પાળવાની અભિરૂચી, આ જગતમાં સર્વથી સારભૂત એવા ધર્મને જ એકાગ્રતાથી આરાધન કરવાનો આગ્રહ ઇત્યાદિ અનેક ગુણોની પ્રાપ્તિ નાસ્તિકવાદી પ્રદેશી રાજા, શ્રીમંત આમરાજા કુમારપાળ ભુપાળ, થાવચ્ચા પુત્ર વગેરેને એકેક વાર ધર્મ સાંભળવાથી થયેલ છે. તેમ જે જિનવાણી સાંભળે તેને આવા બધા ગુણોની પ્રાપ્તિ થાય છે...

### સાધુને દાન આપવા વિષે -

दाणं आहाराई । ओ सह वथ्थाई जस्सजं जोगो ।।

णाणाईण गुणाण । उवट्ठं भणहेउ साहूणं ।।

જ્ઞાનાદિક ગુણવાળા સાધુઓને આશ્રયકારક આહારાદિક ઔષધ વિગેરે જે જે જેમ યોગ્ય લાગે તેમ દાન આપવું.

દર્શન-પૂજા કરીને ગુરૂને સુખશાતા પૂછ્યા પછી... ગુરુને આહારાદિનો લાભ આપવા


દરરોજ વિનંતી કરે. ગુરુ ભગવંત ઘરે પધારે તો બહુમાન પૂર્વક એમને યથાયોગ્ય આહારાદિ વહોરાવે... દરરોજ સાધુને નિમંત્રણા કરતાં પણ જો આપણે ઘેર વહોરવા ન આવે તો પણ તેથી પુણ્ય જ થાય છે. ભાવની અધિકતાથી અધિક પુણ્ય થાય છે...

વિશાળા નગરીમાં મહાવીરસ્વામી છદ્મસ્થ અવસ્થામાં ચાર મહિનાના ઉપવાસ કરીને કાઉસગ્ગ ધ્યાનમાં રહ્યા હતા. ત્યારે જિરણ શેઠ દરરોજ વંદના કરીને પ્રભુને આહારાદિ માટે પધારવા વિનંતી કરતાં. ચોમાસી તપના પારણાના દિવસે આજે તો જરૂર ભગવંત મારે ઘેર પધારશે માનીને ઘણી ઘણી નિમંત્રણા કરી અને ઘેર આવી પ્રભુજી પધારશે એની રાહ જોવા લાગ્યા અને સુંદર ભાવના ભાવવા લાગ્યા. આવી ભાવના ભાવતાં ભાવતાં જીરણ શેઠે અચ્યુત દેવલોકનું આયુષ્ય બાંધ્યું. પ્રભુનું પારણું તો અન્યત્ર થયું. દાન તો મહાન લાભકારી છે પણ એની ભાવના પણ ઉત્કૃષ્ઠ ફળ આપનારી છે.

આહારાદિ વહોરાવવા ઉપર શાલીભદ્ર એવં રેવતી વિગેરેના દૃષ્ટાંત પ્રસિદ્ધ છે.

જે ગુરુ સ્તુતિ અને ભક્તિ તીર્થંકર પદ આપવા સમર્થ છે... નિર્વાણ પદ આપવા સક્ષમ છે તે બીજું શું ન આપી શકે ? આવો ! મળી ગયેલા અવસરને ઓળખી આત્મકલ્યાણના બીજ વાવવા સદ્ગુરુની ભક્તિને અંતરમાં વસાવી લઈએ.

ગુરુના સત્સંગથી જ પ્રદેશી રાજા નાસ્તિકમાંથી આસ્તિક બન્યા – ઉચ્ચ ધર્મ આરાધનાના સ્વામિ બન્યા હતા.



## ૧૭ સાધર્મિક વાત્સલ્ય

વિશ્વમાં સગપણ અનેક પ્રકારના છે...

પણ આ બધામાં ઉંચામાં ઉંચુ સગપણ ક્યું ?

એ જ વાત સમજાવતાં કહે છે... સાધર્મિક જેવું સગપણ આ દુનિયામાં બીજું કોઇ નથી... આવા સાધર્મિકની ભક્તિ કરવાથી મુક્તિદાયક એવા સમકિતની નિર્મળતા થાય છે... સમક્તિ નિર્મળ બને છે...

ગૃહસ્થ જીવનના કર્તવ્યોમાં ૧૭મું કર્તવ્ય સાધર્મિક પ્રત્યેની વાત્સલ્ય ભાવનાને ઉંચી ઉઠાવવાની વાત કરે છે...

જમાઇને જમાડો... વેવાઇને સાચવો... શેઠ-સાવકારોની આગતા-સ્વાગતા કરો... ઓફીસરોને ખવડાવો-પીવડાવો એનાથી ન તો પુણ્યનો બંધ થાય, ન તો પાપનો ક્ષય થાય... પણ એમાં તો આપણો મોહ જ મજબૂત બને છે.. આવી પ્રવૃત્તિ કેવળ સંસાર વધારનાર જ બને છે... પણ દીન-હીન-કંગાળ એવા પણ સાધર્મિકની પ્રેમથી કરેલી સાધર્મિક ભક્તિ સમકિતને નિર્મળ બનાવે... પુણ્યનો બંધ કરાવે.. મોહને મંદ પાડે... આત્માને ઉર્ધ્વગામી બનાવે છે...

આપણે આપણા સ્વયંના જીવનને જોવાનો... ઓળખવાનો પ્રયત્ન કરીએ... મારા હૃદયમાં મારા સાધર્મિક પ્રત્યે ભાવના કેવી?

સાધર્મિક - વાત્સલ્યમાં બે શબ્દ છે... (૧) સાધર્મિક અને (૨) વાત્સલ્ય.

જે ધર્મને હું માનું છું... જે વીતરાગની આજ્ઞાને હું પાળું છું એ જ મારા પ્રભુની આજ્ઞાનો આરાધક તે મારો સાધર્મિક છે...

માતાને પોતાના બાળક પ્રત્યે જે અંતરથી પ્રેમ અને લાગણી છે તે વાત્સલ્ય છે... આવી વાત્સલ્યની ભાવના પોતાના સાધર્મિક પ્રત્યે આવવી અને લાવવી એ જ ગૃહસ્થ જીવનનું કર્તવ્ય છે.

સગા-સ્નેહી-સંબંધી કે શેઠ - સાવકારની ભક્તિ તો આ સંસારના બધા જીવો જાણે છે એમાં ક્યાં વિશેષતા છે ? પણ જેની સાથે અન્ય કોઇ પરિચય નથી... જેની પાસે પૈસા નથી... બસ ! એ મારા ભગવાનનો ભક્ત છે એ જ એની ઓળખાણ છે આવા સાધર્મિક માટે કાંઇક કરી છુટવાની ભાવના... એના સુખે-સુખી અને દુઃખે - દુઃખી બનવાની અંતરની ભાવના

એના દુઃખને દૂર કરી એને સુખી કરવાના પ્રયાસ એ જ સાચી સાધર્મિક ભક્તિ છે.

સાધર્મિક ભક્તિની ભાવના જે પ્રમાણમાં ગામડાઓમાં સચવાયેલી છે એ પ્રમાણમાં મોટા શહેરોમાં જોવા મળતી નથી... એ માટે ઘણીવાર સમય અને સંજોગો પણ ભાગ ભજવતા હોય છે...

હમણાં જ થોડા સમય પહેલાની વાત છે. ચૈત્ર વદિ અમાસનો દિવસ હતો અમે વિહાર કરીને એક નાનકડા ગામડામાં પહોંચ્યા જ્યાં રોડ ઉપર જ નાનું ઘર દેરાસર હતું અને એક જ શ્રાવકનું ઘર હતું... પરમાત્માનું દર્શન કરી નવકારશી વાપરી સ્વાધ્યાયાદિ કરતાં હતા ત્યાં પાંચ છ શ્રાવક - શ્રાવિકા આવ્યા. ''મત્થેણ વંદામિ'' કહી વંદના કરી... અને પોતાની વાત જણાવતાં કહ્યું - ''સાહેબજી ! અમે વરસીતપના પારણા કરવા હસ્તિનાપૂર જઇએ છીએ... બાજુના મોટા શહેરમાં પૂજા કરવા ગયા ત્યાં બ્યાસણા કરવાની ધારણા હતી... સાથે બે બસો હતી એમણે બધાએ ગામની બહાર નવકારસી વાપરી... અમે ગામમાં ગયા પણ ગરમ પાણી કે બ્યાસણાની સગવડ ન થઇ શકી... અમે ગામ બહાર પહોંચીએ ત્યાં સુધીમાં બસો આગળ રવાના થઇ ગઇ... સાથે સુકો નાસ્તો વગેરે હતો તે બસમાં ચાલ્યો ગયો. હવે અહીં દેરાસરનું નામ વાંચી અહીં આવ્યા છીએ... અહીં ક્યાંય બ્યાસણાની સગવડ થઇ શકશે ?''

એમની વાત સાંભળી અમે ક્ષણવાર વિચારમાં પડ્યા. તપસ્વીઓનો લાભ લેવા જેવો છે પણ ઘર એક જ, એમાં પણ વહુઓ વેકેશનમાં પિયર ગયેલી છે. શું કરવું ? એમને પૂછ્યું ''તપસ્વી કેટલા છે ?''

એમણે જણાવ્યું - ''અમે છ જણા વરસીતપ વાળા છીએ.''

ગામમાં જે શ્રાવકનું ઘર હતું એમને સમાચાર મોકલ્યા અને પૂછાવ્યું ''શું આપનાથી કાંઇ થઇ શકશે ?''

શ્રાવિકા બેન દોડતા આવ્યા - ''સાહેબજી ! આવો લાભ અમારા જેવા નાના ગામડીયામાં રહેતા અભાગીયાઓને ક્યાંથી મળે?'' અને એ શ્રાવક-શ્રાવિકાને કહ્યું - ''તમે નિરાંતે દર્શન કરો.. હમણાં તૈયારી થઇ જશે.''

તપસ્વી ભાઇ-બહેનોએ કહ્યું - ''વધારે તકલીફ લેશો નહિં ફક્ત શાક રોટલી હશે તો ચાલી જશે...''

શ્રાવિકાબેન અત્યંત આનંદવિભોર બની ઘર તરફ ચાલ્યા અને વીસેક મિનિટમાં તો

બેબી મહેમાનોને બોલાવવા આવી ગઇ...

તપસ્વીઓ બ્યાસણું કરીને આવ્યા... કહ્યું...''સાહેબ ! ધન્ય છે ગામડાઓને... ધન્ય છે અહીં વસનાર શ્રાવક-શ્રાવિકાઓને... શત શત પ્રણામ છે એમની સાધર્મિક ભક્તિને !''

આગળ બોલ્યા... ''શું ભક્તિ કરી છે એમણે ! કેવી કેવી વાનગીઓ થોડા સમયમાં કરી લીધી. મગ-મગનું પાણી, શીરો, રાબડી, મુઠીયા, પુરી, થેપલા, દાળ-ભાત, પાપડ, અથાણા, ચા, દુધ, ફ્રુટ અને આ બધાથી ચડી જાય એવી હતી એમની અદ્ભૂત ભાવના ! કેવા આગ્રહ સાથે પ્રેમથી એમણે બ્યાસણું કરાવ્યું અને ઉપરથી સંઘ પૂજન કર્યું.''

ત્યાં તો ગામવાળા શ્રાવિકાબેન બોલ્યા...''સાહેબજી ! અમે કશું જ કરી શક્યા નથી, અમારા ગામડામાં સમય ઉપર તો કશું જ ન મળે... ઉતાવળમાં જે બન્યું તે જ કર્યું.''

શાસનમાં સ્વ કર્તવ્ય પ્રત્યે જાગૃત શ્રાવક-શ્રાવિકાઓને જોઇને આનંદ વિભોર બની જવાય છે...

આવી સંસ્કૃતિ ગામડાઓમાં સચવાયેલી છે... શહેરોમાં રહેતા શ્રાવકોએ પોતાના કર્તવ્યમાં જાગૃત બનવાની આવશ્યકતા છે...

શાસ્ત્રકાર મહર્ષિઓ ફરમાવે છે કે -

**એગત્થ સવ્વધમ્મા, સાહમ્મિ અવચ્છલં તુ એગત્થ ।**
**બુદ્ધિતુલાએ તુલિયા, દો વિ અ તુલ્લાઇ ભણિઆઇં ॥**

એક પલ્લામાં સર્વ ધર્મો અને એક પલ્લામાં સાધર્મિક વાત્સલ્ય મૂકવામાં આવે અને જો બુદ્ધિરૂપી ત્રાજવામાં તોલવામાં આવે તો બન્ને સરખા જ થાય એમ જ્ઞાનીઓએ કહ્યું છે.

આવી અદ્ભૂત તાકાત જે સાધર્મિક વાત્સલ્યમાં રહેલી એ સાધર્મિક વાત્સલ્ય કરવાની તક મળે તો ક્યો મુરખ એને ચૂકી જાય ? અર્થાત્ કોઇ ન જ ચૂકે...

આ સાધર્મિક વાત્સલ્ય બે પ્રકારનું છે -

૧ ) દ્રવ્ય સાધર્મિક વાત્સલ્ય અને

૨ ) ભાવ સાધર્મિક વાત્સલ્ય...

ધન, ધાન્ય, દવા, વસ્ત્ર, સ્થાન વિગેરે દ્વાર જે સાધર્મિકની ભક્તિ તે દ્રવ્ય સાધર્મિક વાત્સલ્ય...

ધર્મ માર્ગને ભૂલેલા... પ્રમાદી બનેલા સાધર્મિકના દુર્ગતિ તરફ જતા આત્માની કરૂણા લાવી અને યોગ્ય હિતશિક્ષા અને મિઠી ટકોર દ્વારા ધર્મ માર્ગમાં સ્થિર કરવું તે ભાવ સાધર્મિક

વાત્સલ્ય છે...

આજના જૈન જગતને આ બન્ને સાધર્મિક વાત્સલ્યની અત્યંત આવશ્યકતા છે.. સહુ જાગીએ... આજની પાવન.. પુનિત... પુણ્યવંતી પળોમાં જીવનને વીતરાગની વાટે આગળ વધારવા પુરૂષાર્થ આદરીયે.

**સાહમી તણા સગપણ સમું, અવર ન સગપણ કોય ;**
**ભક્તિ કરો સહામી તણી, જેમ સમકિત નિર્મલ હોય.**

વિશ્વના સર્વ સગપણ અને સંબંધોમાં શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ સંબંધનો અહિં પરિચય કરાવવામાં આવ્યો છે. આ છે સાધર્મિક સાથેનો સંબંધ ! એમાં નથી સ્વાર્થ... એમાં નથી કોઇ પરિચય કે ઓળખાણ... એમાં નથી કોઇ સંબંધ... અહીં તો એક માત્ર વિચારણા છે **આ તો મારા પ્રભુનો ભક્ત છે... મારા પ્રભુની આજ્ઞા માનનારો છે... મારા વહાલા જિનશાસનનો શ્રાવક છે... મારો સાધર્મિક છે.** આ સંબંધને ક્યારે પણ નિઃસ્વાર્થ ભાવથી નજર સામે લાવી એનું ચિંતન કર્યું છે ? એના ઉપર ઉંડી વિચારણા કરી છે ? જો સત્ય સમજાય તો **સાધર્મિકના સંબંધની સામે બધા સંબંધો નાના બની જાય છે... ગૌણ બની જાય છે... અપેક્ષાએ ઓછા મુલ્યવાળા બની જાય છે.**

ઉદો એનું નામ... નસીબ અવળું...

ગરીબી સાથ છોડતી નથી... પુરૂષાર્થ ફળતો નથી... છતાં હિમ્મત એ હારતો નથી... ઘણી જ ગડમથલને અંતે એણે એક આકરો નિર્ણય લઇ લીધો... આ ગામમાં હવે મને લેણી નથી... ગામ છોડી પરગામ જઇને પુરૂષાર્થ કરું કદાચ ભાગ્ય જાગે... અને એણે ગામ છોડવાનો નિર્ણય કર્યો.

જવું તો ક્યાં જવું ? પ્રશ્ન સતાવવા લાગ્યો...

અંતે કર્ણાવતી જવાનો નિર્ણય લીધો...

વિચાર વર્તમાનમાં મૂક્યો... ઉદો કર્ણાવતી પહોંચ્યો...

નથી કોઇ સ્નેહી... નથી કોઇ પરિચિત...

નથી કોઇ સંબંધી... નથી કોઇ ઓળખાણ...

આ અજાણી નગરીમાં જવું ક્યાં ?

વિચાર કરતા જણાયું **જેનું કોઇ નથી તેનો ભગવાન છે...**

ભગવાનના ભરોસે ચાલવા માંડ્યું... ભવ્ય જિનાલય દેખાયું...

બસ ! આનંદ આનંદ છવાઇ ગયો... સપરિવાર જિનાલયમાં પ્રવેશ કર્યો... બધું જ દુઃખ ભુલાઇ ગયું... પ્રભુ ભક્તિમાં સહુ લીન બની ગયા...

ભવોભવનો થાક જાણે દૂર થઇ ગયો... કર્મોના તો જાણે ચુરેચુરા થઇ ગયા... સ્તુતિ... ચૈત્યવંદન... સ્તવન વિગેરેની એવી તો રંગત જામી કે સ્થળ અને સમયનું પણ ભાન ન રહ્યું.

પેટભરીને ભગવંતની ભક્તિ કરી જિનાલયમાંથી બહાર નીકળ્યા... ત્યાં ડોશીમા ક્યારથી રાહ જોઇ બેઠા હતા...

આપ કોઇ પરદેશી લાગો છો... પધારો ! મારું આંગણું પવિત્ર કરો... મને સાધર્મિક ભક્તિનો લાભ આપો... ડોશીમાએ ભાવભીનું આમંત્રણ આપ્યું.

ઉદો ભાવ વિભોર બની ગયો... પ્રભુ ! તારા શાસનની બલિહારી છે... તારા ઉપર ભરોસો રાખનારનો તું રખેવાળ બન્યા વગર રહેતો નથી.

ઉદાએ ડોશીમાના આમંત્રણનો સ્વીકાર કર્યો.

ડોશીમાંનું નામ હતું લક્ષ્મીબાઇ. લક્ષ્મીબાઇ ઉદાના પરિવારને સાથે લઇ ઘેર આવ્યા. મળી ગયેલા સાધર્મિક ભક્તિના લાભથી અત્યંત હર્ષિત થયેલા લક્ષ્મીબેને ઉદારદિલે સહુની ભક્તિ કરી. આગ્રહ કરી કરીને સહુને પ્રેમથી જમાડ્યા. નાના મોટા સહુની બહુમાન પૂર્વકની આગતા સ્વાગતાથી સહુ રાજી થયા... એમની આંતરડી આજે ઠરી હતી...

વસ્તુ કરતાં વાત્સલ્ય અમુલ્ય છે...

પ્રેમથી જમાડતાં જમાડતાં ડોશીમાએ વાતો કરી કરીને ઉદાનો પરિચય મેળવી લીધો... એની જરૂરિયાત શું છે ? તે પણ જાણી લીધું. અને જમીને મુખવાસ વાગોળતા ઉદાને કહ્યું – ''ભાઇ ! મારા બાજુમાં જ મારૂં એક વધારાનું મકાન ખાલી છે... હાલ તમને ત્યાં રહેવું હોય તો રહી શકાશે... ત્રણ મહિના સુધી રહો ત્યાં સુધીમાં બીજી વ્યવસ્થા થઇ જશે.'' ઉદો સાંભળતાં જ સ્તબ્ધ બની ગયો... હે નાથ ! તારી કરૂણાનો કોઇ પાર નથી...

ઉદાનો ધર્મ અને પ્રભુ ઉપરનો ભરોસો ઓર મજબૂત બની ગયો...

ધીમે ધીમે કામ ચાલુ કર્યું... ન્યાય-નીતિ-પ્રામાણિકતાથી સફળતા મળતી ગઇ. ત્રણ મહિનામાં એટલી મુડી મળી ગઇ જેથી લક્ષ્મીબાઇનું મકાન જ ખરીદી લીધું.

મકાન તોડીને એ જ સ્થાન ઉપર નવીન મકાન બનાવવાનું નિશ્ચિત થયું. કામની શરૂઆત

થઇ... જૂનું મકાન તુટી ગયું... નવા મકાન માટે પાયો ખોદવાના કાર્યનો શુભ આરંભ થયો ત્યાં આશ્ચર્ય થયું...

ખોદકામ કરતાં જમીનમાંથી મોંઘેરા રત્નો અને સોનામહોરોથી ભરેલો ચરૂ નિકળ્યો. ઉદાને ખબર પડતાં જ એણે એ ચરૂ લક્ષ્મીબાઇને આપ્યો.

લક્ષ્મીબાઇ કહે છે – ''મેં તો જમીન સહિત મકાન તમને વેંચ્યું હતું. એટલે આ ચરૂ ઉપર મારો કોઇ અધિકાર નથી... મારાથી ચરૂ લેવાય નહીં.''

ઉદો કહે છે – ''મેં જમીન અને મકાન ખરીદ્યું હતું મેં આ ચરૂ લીધો નથી... મારાથી ચરૂ લેવાય જ નહિં.''

ઉદો સિદ્ધરાજ જયસિંહના રાજ દરબારમાં પહોંચ્યો... મને ન્યાય આપો... રાજાએ ન્યાય કરવા મહાજન બોલાવ્યું –

મહાજને ચર્ચા – વિચારણા કર્યા બાદ ન્યાય આપતાં કહ્યું – ''આ રત્નો સોના-મહોરોથી ભરેલા ચરૂની માલિકી ઉદાની જ કહેવાય.''

મહાજનનો ન્યાય સ્વીકાર્યા સિવાય બીજો કોઇ ઉપાય ન હતો. ઉદાએ ન્યાય તો સ્વીકાર્યો પણ મનમાં એ જ સમયે નિર્ણય કર્યો આ સંપત્તિમાંથી એક પાઇનો ઉપયોગ પણ મારે મારા માટે ન કરવો પણ જે પ્રભુ-ભક્તિથી આ મળ્યું છે એને જ એ અર્પણ કરવું. અને આ સંપત્તિનો સદુપયોગ કરીને એમાંથી ભગવંતના ભવ્ય ભકિતધામ (જિનાલય)નું નિર્માણ કર્યું.

ઉદાની યશ-કિર્તિ સર્વત્ર ફેલાઇ ગઇ... સંપત્તિ અને સમૃદ્ધિ વધતાં ઉદો હવે ઉદયન શેઠ બની ગયો.

રાજા કર્ણદેવના મૃત્યુ પછી સિદ્ધરાજે ઉદયનની મંત્રી પદે સ્થાપના કરી.

ઉદો ઉદયન શેઠ બન્યો હતો... હવે તે ઉદયન મંત્રી બની ગયો.

દેશનો અને રાજાનો ભલે મંત્રી હતો.

પણ જિનશાસનનો એ પરમ ભક્તિવંત શ્રાવક હતો...

અરિહંતનો એ સેવક હતો... દાસ હતો...

શ્રદ્ધાનો ઝળહળતો દીવડો હતો...

જિનશાસનને આવા મહાન શ્રાવકની ભેટ ધરવાનો ઘણો બધો લાભ લક્ષ્મીબાઇએ કરેલી ભાવભીની સાધર્મિક ભક્તિને ફાળે જાય છે.

મળી જાય આવો કોઇ લાભ તો ક્યારેય ગુમાવશો નહિં... પુણ્યના અપૂર્વ ઉદયથી મળેલી તકને ક્યારેય વેડફી નાંખશો નહીં... નિઃસ્વાર્થભાવે કરેલી સાધર્મિક ભક્તિ આપણને લાભ આપે જ છે પણ શાસનને આવા દિલદાર શ્રાવક રત્નોની પ્રાપ્તિ કરાવી આપે છે.

આજે પણ નાના-મોટા દરેક સંઘોમાં આવા અનેક સિદાતા સાધર્મિકો છે. જે સિદાય છે પણ સહન કરતા જાય છે. મોઢામાંથી પોતાના દુઃખના રોદણા રડતા નથી. શું આપણે આવા સાધર્મિકોને ઓળખીએ છીએ ? એમને ઓળખવાનો પ્રયત્ન કરીએ છીએ ? જ્યાં ઓળખવાનો કે જાણવાનો જ પ્રયત્ન નથી ત્યાં સાધર્મિક ભક્તિ કરવાની તો વાત જ ક્યાં ?

આજે ગામો ગામના વસ્તી પત્રક - ફોન નંબર - સરનામાના પુસ્તકો છપાય છે... બધાના લોહીના ગ્રુપ છપાય છે... લીસ્ટ બનાવાય છે. શું આપણા ગામના સિદાતા... મુશ્કેલીમાં જીવન જીવતા સાધર્મિકોની લીસ્ટ આપણા મનમાં, હૃદયમાં ખરીને ? સમયે સમયે એમની પૂછા કરવાની આપણી જવાબદારી ખરીને ? અણીના સમયે એમની સાથે ઉભા રહેવાની આપણી તૈયારી ખરીને ?

જાતને પૂછી લેજો આ સવાલ, સાધર્મિક ભક્તિમાં આપણે ક્યાં છીએ ? આપણને એનો જવાબ જડી જશે.

## સાધર્મિક ભક્તિના તેજપુંજ

* દૌલતાબાદના કરોડપતિ શેઠ જગતસિંહે ૭૦૦ વસ્ત્રો... ૭૦૦ સોનામહોરો અને શ્રેષ્ઠ તંબૂલથી સાધર્મિક એવં સંઘનું બહુમાન કરેલ.

* ચંદ્રાવતી નગરીમાં ૩૬૦ કરોડપતિ હતા. નિત્ય એક કરોડપતિ તરફથી સાધર્મિક વાત્સલ્ય થતું... કોઇને ચુલો સળગાવવો ન પડતો. આ નગરમાં વસવા જે નવો સાધર્મિક આવે એને બધા એક ઇંટ, એક નળિયું, થાળી અને રૂપિયો આપી પ્રથમ દિવસે જ ધનાઢ્ય બનાવતા.

* વઢવાણના રત્નશેઠે (છાડાશેઠે) વસ્તુપાલના સંઘના ૭ લાખ યાત્રિકોની સંઘ પૂજા અને સાધર્મિક ભક્તિ ઉછળતા ભાવે કરી તથા સંઘપતિને દક્ષિણાવર્ત શંખ અને શ્રી પાર્શ્વનાથ પ્રભુ પ્રતિમાજી અર્પણ કરીને બહુમાન કર્યું.

* ભરત ચક્રવર્તીએ બાર વ્રતધારી શ્રાવક શ્રાવિકાઓની ભક્તિ માટે દાનશાળા ખોલેલ. બારવ્રતધારી જ્યાં સુધી જીવે ત્યાં સુધી એમની ત્યાં જ ઉછળતા ભાવે ભક્તિ થતી. ત્યાં જ એમને જમાડતા.

## ૧૮

# વ્યવહાર શુદ્ધિ

મોહજન્ય મુર્ખતાનો રોધ (અટકાવી) કરવાથી થતો યોગ્ય કર્મનો અભ્યાસ તે વ્યવહાર શુદ્ધિ કહેવાય છે.

**ववहारसुद्धि धम्म, मूल साहूण संगया ।**
**ववहारेण सुद्धेणं, अथसुद्धि जओ भवे ।।**
**अत्थेणं चेव सुद्धेणं, आहारो होई सुद्धओ ।**
**आहारेणं तु सुद्धेणं, देहसुद्धि जओ भवे ।।**
**सुद्धेणं चेव देहेणं, धम्मजोगो य जायइ ।**
**जं जं कुणइ किच्चं तु, तं तं ते सफलं भवे ।।**

સત્પુરૂષોના સંગથી થયેલી વ્યવહાર શુદ્ધિ ધર્મનું મૂળ થાય છે. વ્યવહાર શુદ્ધિથી ધર્મ કેવી રીતે થાય તે જણાવે છે.

વ્યવહાર શુદ્ધ થાય તો અર્થશુદ્ધિ થાય છે. શ્રાવકનો વૈભવ આમ પણ ન્યાય સંપન્ન કહ્યો છે. અર્થ પ્રાપ્તિ ન્યાયથી... સન્માર્ગથી... નીતિથી થાય છે તેથી કહ્યું વ્યવહાર શુદ્ધિથી અર્થશુદ્ધિ થાય.

અર્થ શુદ્ધ હોય... ઘરમાં આવેલો પૈસો સારા માર્ગથી આવેલો હોય... શુદ્ધ હોય તો તે અર્થથી મેળવેલ આહાર પણ શુદ્ધ અને સાત્વિક હોય છે. અયોગ્ય આહારનો ત્યાગ થાય છે. તેથી જીવનમાં આહાર શુદ્ધિ આવે છે.

જ્યાં આહાર શુદ્ધિ છે, ત્યાં એ આહારથી બનેલો દેહ પણ શુદ્ધ બને છે. જેવો આહાર તેવો ઓડકાર. લીધેલા આહારથી જ રસ અને રક્ત બને છે જે દેહ નિર્માણમાં વપરાય છે. આહાર શુદ્ધ તો શરીર શુદ્ધ બને છે.

જ્યાં અર્થ શુદ્ધિ... આહાર શુદ્ધિ અને દેહ શુદ્ધિ છે ત્યાં સ્વયંમેવ ધર્મનો યોગ પ્રાપ્ત થાય છે. ધર્મ રુચિ જાગૃત થાય છે. ધર્મ પ્રત્યે સન્માન-સદ્ભાવ ઉત્પન્ન થાય છે. જીવનમાં ધર્મ પરિણમે છે. આવા ધર્મ યોગને પ્રાપ્ત કરનાર વ્યક્તિ જે જે કાર્ય કરે તે તે કાર્યમાં સુંદર સફળતા તેને પ્રાપ્ત થાય છે.

નથી લાગતું જીવનની સર્વ સફળતાને પામવાની જડીબુટ્ટી જ વ્યવહાર શુદ્ધિ છે. આવા વ્યવહાર શુદ્ધિના ગુણને જીવનમાં પામવા અને જાગૃતતા પૂર્વક વિકસાવવાનો પ્રયત્ન કરવા જેવો છે. જેમણે જેમણે આવો સત્પુરૂષાર્થ આદર્યો છે એમણે જીવનની સાચી સફળતા અનુભવી છે. જીવનમાં પ્રથમ વ્યવહાર શુદ્ધિને સ્થાન આપો.

## વ્યવહાર શુદ્ધિ માટે કુસંગ ત્યાગ

સર્વ ધર્મો અને સજ્જનોએ જેને ખરાબ જાણ્યા છે, કહ્યા છે એવાઓનો સંગ ત્યાગ ન કરવામાં આવે તો આપણા જીવનમાં પણ. એ દુષણો પ્રવેશે છે અને આપણી વ્યવહાર શુદ્ધિ નાશ પામે છે. આપણે સમાજમાં ગૌરવવંતુ સ્થાન ગુમાવી બેસીએ છીએ. કોઇ આપણો વિશ્વાસ કરતું નથી.

जुआरी वेस तक्कर, भट्टायारा कुकम्मकरीणं ।
पासडि निह्नवाणं, संसग्ग धम्मिओ चयइ ।।

જુગારી, વેશ્યા, ચોર, ભ્રષ્ટાચારી, કુકર્મ કરનાર પાખંડી અને નિહ્નવ એટલાના સંગનો ધાર્મિક પુરૂષોએ ત્યાગ કરવો.

જેવાનો સંગ કરીએ તેવો રંગ જીવને લાગે. સજ્જનોની સજ્જનતાનો રંગ લાગતાં હજી વાર લાગે પરંતુ દુર્જનોનો રંગ જલ્દિથી લાગી જવાની સંભાવના હોય છે. તેથી આવી વ્યક્તિઓ સાથે મૈત્રી ન કરવી... આવી વ્યક્તિઓ સાથે ઉઠવા – બેસવાનો કે ખાવા–પીવાનો વ્યવહાર પણ ન રાખવો. આવા વ્યક્તિઓનો પરિચય પણ ન કરવો અને એમની પ્રશંસા પણ ન કરવી.

અયોગ્ય વ્યક્તિઓના સંસર્ગથી જીવ વ્યવહાર શુદ્ધિ ગુમાવી બેસે છે. આવા શ્રાવકાદિ જે જે કાર્ય કરે એ નિષ્ફળ થાય છે... અનિષ્ટ ફળને આપનાર થાય છે. આવા જીવો ધર્મ સંબંધી શુભ અનુષ્ઠાનો અને પોતાના આત્માની અવહેલના કરાવનાર થાય છે. ધર્મ સંબંધી નિંદા કરનાર તથા કરાવનાર થાય છે. ભવાંતરમાં યથાસંભવ અબોધિને પ્રાપ્ત થાય છે. તેથી અજ્ઞાની માણસ પણ, ધર્મની નિંદા ન કરે એવા જ કાર્ય વિવેકી પુરૂષો કરે છે.

શાસનની નિંદા થાય એવા કાર્યોથી અબોધિની પ્રાપ્તિ થાય છે. જ્યારે શાસનની પ્રશંસા અને પ્રભાવના થાય એવા કાર્ય કરવાથી તીર્થંકર પદની પ્રાપ્તિ થાય છે.

વ્યવહાર શુદ્ધિની દુર્લભતા જણાવતાં કહે છે –

आहारे खलु सुद्धी, दुलहा समणाण समण धम्मंमि ।
ववहारे पुण सुद्धी, गिहिधम्मे दुक्करा भणिअं ।।

સાધુધર્મમાં સાધુઓને પણ ખરેખર આહારશુદ્ધિ દુર્લભ છે. તેમજ ગૃહસ્થ ધર્મને વિષે વ્યવહાર શુદ્ધિ પણ દુષ્કર છે.

એક હતા મહાત્મા.. રાજાના માનીતા...

રાજા એમને રોજ રાજ્ય સભામાં બોલાવે... એમની પાસેથી હિતશિક્ષા ગ્રહણ કરે. એકદા મહાત્મા રાજસભામાં પધાર્યા... પ્રવચન પૂર્ણ થયું.. રાજાએ આજે અહિં જ ભોજન કરવાનો આગ્રહ કર્યો. રાજાના આગ્રહ ભર્યા આમંત્રણનો મહાત્માએ સ્વીકાર કર્યો.

રાજમહેલમાં ભોજન કરીને એક રૂમમાં મહાત્માના વિશ્રામની વ્યવસ્થા થઇ. મહાત્મા ખંડમાં વિશ્રામ કરી રહ્યા હતા, ત્યાં એમની નજર ખંડમાં લટકતી એક સુંદર મોતીની માળા ઉપર પડી... નિર્લોભી મહાત્મા આજે મોતીની માળામાં લોભાયા... મનમાં તોફાન જાગ્યું... સાધુતાનો પરાજય થયો... લોભનો વિજય થયો...

મહાત્મા ઉઠ્યા... ધીમેથી માળા હાથમાં લીધી અને ઝોળીમાં નાંખી દિધી. સમય થતાં મહાત્મા પોતાની ઝુંપડીમાં પાછા ફર્યા.

સંધ્યાકાળનો સમય થયો... રાજા એ ખંડમાં આવ્યા... એમણે ચારે બાજુ નજર ફેરવી... મોતીની માળા ન દેખાણી. રાજા આશ્ચર્ય પામ્યા... સેવકોને બોલાવી જલ્દીથી માળાની શોધ કરવા જણાવ્યું. સેવકોએ સર્વત્ર તપાસ કરી પરંતુ માળાનો ક્યાંય પત્તો લાગ્યો નહિં.

રાત્રી થઇ... મહાત્માના પેટમાં ગરબડ થઇ... જુલાબ ઉપર જુલાબ ચાલુ થયા... ઉંઘ આવતી નથી... ત્યાં સવારના મહાત્માને મોતીની માળા ચોર્યાનું સ્મરણ થયું... પારાવાર પશ્ચાતાપ થવા લાગ્યો.

હું મહાત્મા... હું સાધુ... મારા ઉપર રાજા અને પ્રજાનો અતિ વિશ્વાસ... મેં આવું કાર્ય કેમ કર્યું? મેં ઘર છોડ્યું... પરિવાર છોડ્યો... સંપત્તિ અને સમૃદ્ધિ છોડી... હું અપરિગ્રહી બન્યો... મારે મોતીની માળાનું શું કામ હતું ?

મહાત્માની આંખમાંથી પશ્ચાતાપના આંસુ સરી પડ્યા... મહાત્માને ચેન નથી પડતું... નથી જાપમાં સ્થિરતા... નથી લાગતું ધ્યાનમાં મન... નથી પ્રાર્થના જામતી... અંતે મહાત્મા પેલી મોતીની માળા લઇને રાજમહેલ તરફ ચાલવા લાગ્યા...

રાજાની સમક્ષ પહોંચીને રાજા સામે મોતીની માળા મૂકી અને કહ્યું - ''હે રાજન્ ! ગઇ કાલે તારા રાજમહેલમાંથી હું આ હાર ચોરી ગયો હતો... મારી બુદ્ધિ ભ્રષ્ટ થઇ ગઇ હતી.''

મહાત્માની વાત સાંભળી રાજા આશ્ચર્ય પામે છે અને કહે છે - ''આપ મોતીના માળાની ચોરી કરો એ તો શક્ય જ નથી. ક્યાંક મારી ભૂલ થઇ હશે. બીજા કોઇએ ચોરી કરી રાજદંડના ભયથી માળા તમારી પાસે મુકી દીધી હશે..''

''ના..રાજન્...ના..આવું કશું જ બન્યું નથી. પણ મારા મનમાં પાપ ક્યાંથી પ્રવેશ્યું મને પણ સમજણ પડતી નથી. મને લાગે છે ગઇ કાલે **રાજમહેલમાં લીધેલા ભોજનમાં કાંઇક અશુદ્ધિ હશે...** એ ભોજન લીધા પછી જ મારા મનમાં પાપ પ્રવેશ્યું અને રાતે જુલાબ થવાથી જેમ જેમ એ ભોજનનો અંશ પેટમાંથી નિકળી ગયો તેમ તેમ મને મારી ભૂલ સમજાતી ગઇ... ચોરી માટે પશ્ચાતાપ થવા લાગ્યો. **રાજન્ ! નથી આપ દોષી... નથી હું દોષિત. મને લાગે છે ભોજનની અશુદ્ધિ એ જ મોટો દોષ છે.** તેથી ભોજન માટેનું અનાજ ક્યાંથી મેળવ્યું હતું એની તપાસ કરાવો.

રાજાને મહાત્માની વાત સાંભળી આશ્ચર્ય થયું. સત્ય જાણવાની જિજ્ઞાસા જાગી. તેથી રાજાએ તરત તપાસ કરવાનો આદેશ આપ્યો. ભંડારીને બોલાવવામાં આવ્યા... પુછપરછ કરી. ભંડારીએ જણાવ્યું - ''રાજન્ ! થોડા સમય પહેલા એક ચોરે ઉંચી જાતના ચોખાની ઘણી બધી ગુણીઓની ચોરી કરી હતી... તે ચોર મુદ્દામાલ સાથે ઝડપાઇ ગયો હતો. ચોરને સજા અને ફરીયાદિને માલ લઇ જવા જણાવવામાં આવ્યું હતું. ફરીયાદિ સમયસર હાજર ન થતાં, બધો માલ જપ્ત કરવામાં આવ્યો હતો... એ માલ રાજમહેલના રસોડે જમા થયો હતો... ગઇ કાલે એ ઉંચી જાતના ચોખામાંથી જ મહાત્મા માટે ભોજન બનાવવામાં આવ્યું હતું''

રાજા સાંભળીને સ્તબ્ધ બન્યા.

મહાત્માએ કહ્યું - ''આવા કારણોથી જ રાજમહેલમાં ભોજન ન લેવાની શાસ્ત્રોની આજ્ઞા છે... મારી ભૂલનું આ પરિણામ છે. હવે હું ક્યારેય રાજ-ભોજન નહીં લઉં''

મહાત્માની કથા આપણી સમક્ષ વ્યવહાર શુદ્ધિના રહસ્યને ખુલ્લું કરે છે. જીવનની પવિત્રતા જાળવવી હોય તો આહારશુદ્ધિ અનિવાર્ય છે. આહારશુદ્ધિ માટે દ્રવ્યશુદ્ધિ જરૂરી છે... દ્રવ્યશુદ્ધિ ન્યાય પૂર્વક યોગ્ય વેપાર દ્વારા જ સંભવિત બને છે. એ વ્યવહાર શુદ્ધિ વિના શક્ય નથી.

જે ઘરમાં... પરિવારમાં.. જીવનમાં ન્યાય સંપન્ન દ્રવ્ય છે... શુદ્ધ આહાર અને વ્યવહાર છે એટલે જ વ્યવહાર શુદ્ધિ... દ્રવ્ય શુદ્ધિ અને આહાર શુદ્ધિ છે ત્યાં સહુના મન-જીવન પાવન પવિત્ર છે. ત્યાં દેવોનો પણ વાસ છે. આવી વ્યવહાર શુદ્ધિ ગૃહસ્થ જીવનનું કર્તવ્ય છે. ચાલો ! વ્યવહાર શુદ્ધિથી જીવન શુદ્ધિના સ્વામી બનીએ.

## ૧૯ રથયાત્રા

રથ અને યાત્રા બે શબ્દને જોડવાથી બને છે રથયાત્રા.

રથમાં પરમાત્માને બિરાજમાન કરીને પરમાત્મ પ્રભાવની વૃદ્ધિ થાય... ધર્મભાવના જાગૃત થાય... એ માટે રથને શણગારીને આડંબર પૂર્વક નગરમાં ફેરવી ઘરે-ઘરે મહોત્સવ પૂર્વક પ્રભુ સન્માન-ભક્તિ કરતાં પુનઃ જિનાલયમાં જે યાત્રા વિરામ પામે તે રથયાત્રા છે.

રથયાત્રામાં ચતુર્વિધ શ્રી સંઘ જોડાય છે. અપૂર્વ શાસન પ્રભાવના થાય છે. અનેકોના હૃદયમાં નિર્મલ સમ્યગ્દર્શનના બીજ રોપાય છે.

रथयात्रामहापुण्यं ये कुर्वन्ति नरोत्तमा: ।
नृजन्मसफलीकर्तुं ते लभन्ते शिवश्रियम् ।।

રથયાત્રાથી મહાપુણ્યનું ઉપાર્જન થાય છે...

રથયાત્રાથી માનવભવની સફળતા થાય છે...

રથયાત્રાથી મોક્ષરૂપી લક્ષ્મીની પ્રાપ્તિ થાય છે...

આવી રથયાત્રા એ શ્રાવક જીવનનું એક કર્તવ્ય છે. જ્યાં જ્યાં પરમાત્મા સહ રથ ભ્રમણ કરે છે ત્યાં ત્યાંના અશુદ્ધ પરમાણુઓ શુદ્ધ થાય છે. તે તે ક્ષેત્રની નકારાત્મક શક્તિ નાશ પામીને ત્યાં સકારાત્મક ઉર્જા ફેલાય છે. રથયાત્રા ક્ષેત્રની અશાંતિ... રોગ... શોક... દૂર કરીને સર્વત્ર શાંતિ-નિરામયતા અને આનંદમય વાતાવરણનું નિર્માણ કરે છે.

રથયાત્રા કેવળ જૈન ધર્મમાં નથી. રથયાત્રાનું વિધાન બધા જ ધર્મોમાં જોવા મળે છે. વરસમાં એકવાર સર્વ ક્ષેત્રોમાં નાની મોટી રથયાત્રાનું આયોજન થાય છે.

જિનાલયોમાં કદી ન આવનાર પણ રથયાત્રામાં જોડાય છે. જિનેશ્વર પરમાત્માનું... રથયાત્રાનું ઠેર ઠેર થતું સન્માન જોઇને જિનેશ્વર પ્રત્યેની શ્રદ્ધા અને સમર્પણ ભાવમાં વૃદ્ધિ થાય છે. રથયાત્રાના આયોજનના સમાચાર મળતાં આજુ બાજુના ગામડાવાળા પણ એમાં જોડાય છે. રથયાત્રા જિનનું ગૌરવ વધારી જિન શાસનનો જયજયકાર કરે છે. જિનભક્તિ સાથે શ્રીસંઘ ભક્તિનો લાભ લઇને અદ્ભૂત પુણ્યાનુબંધી પુણ્યનો સંચય કરાવે છે.

જિનેશ્વર પરમાત્મા સમક્ષ ગહુંલી કરી... શ્રીફળ ચઢાવી... જિનેશ્વરને વધાવે છે. એમની જિનભક્તિ બીજાઓ માટે અનુમોદના અને આરાધનાનું નિમિત્ત બની જાય છે.

રથયાત્રાથી શાસન પ્રભાવના થાય છે. ભાવના કરતાં પ્રભાવના મહાન છે. ભાવના તો

જે ભાવે એનું જ કલ્યાણ કરે છે પરંતુ પ્રભાવના તો સ્વ-પર અનેકોનું કલ્યાણ કરે છે.

મહારાષ્ટ્રનું ચોપડા ગામ...

શિખરબદ્ધ જિનાલયનું નિર્માણ અને પ્રતિષ્ઠાનો સુઅવસર...

અંજનશલાકા થઇને ભગવાન... ગુરુ ગૌતમસ્વામી... શાસનદેવીઓ વગેરેના નગર પ્રવેશનો ભવ્ય અવસર...

મંદિર માર્ગી ઘરો મર્યાદિત... સ્થાનકવાસી વધારે... બધા જ સાથે હતા. માહોલ અતિ આનંદ - ઉત્સાહ અને ઉલ્લાસ ભરપૂર હતો. પરમાત્માના નગર પ્રવેશની પહેલા ગામમાં વાતો થઇ. ભગવાન પધારવાના છે એનું મહત્વ હતું... તારો કે મારા નો ભેદ ન હતો. પ્રસંગને દીપાવવા જૈન જૈનેત્તર બધા કટિબદ્ધ હતા. રથયાત્રાની બે દિવસ પહેલા એક અગ્રવાલ ભાઇ ઉપાશ્રયે આવ્યા. સાહેબ ! ભગવાન નગરમાં પધારી રહ્યા છે. અમારા નગરના મહાભાગ્ય છે. પરંતુ મારી આપને હાથ જોડીને એક વિનંતિ છે.' હું કાંઇ બોલું એનાથી પહેલા કહ્યું - ''સાહેબજી ! ભગવાનનો રથ જમીન ઉપર તો ન જ ચાલી શકે.'' મને કશું ના સમજાયું. એમણે જ આગળ કહ્યું - ''જે જે માર્ગ ઉપરથી પ્રભુજીનો રથ આવશે એ બધા જ માર્ગો ઉપર ફુલ પથરાવીશ. એના ઉપરથી જ પ્રભુજીનો રથ ચાલશે. આ બધો જ લાભ મારો હશે.''

એમની વાત સાંભળતાં આંખમાં આંસુ આવી ગયા. પરમાત્મા પ્રત્યેની કેવી અવર્ણનીય ભાવના હતી ? ઘણું સમજાવ્યાં છતાં ભાઇ સમજવા તૈયાર ન હતા. એમને કહ્યું દ્રવ્ય - ક્ષેત્ર - કાળ - ભાવ જોઇને કાર્ય કરવાથી ક્યાંય નિંદા પાત્ર ના બનીએ. અંતે એમણે કહ્યું ઠીક છે તમારી જેવી ઇચ્છા પણ હું તો મારી દુકાન આગળ પુષ્પ પાથરીશ જ. અને એમણે અનન્ય ભાવો સાથે આ કાર્ય કર્યું.

ચોપડાના પ્રભુ પ્રવેશની રથયાત્રામાં પ્રત્યેક ઘરઘરમાંથી પ્રભુ ઉપર પુષ્પવૃષ્ટિ કરવામાં આવી. નિશાળના બાળકો ઠેર ઠેર માર્ગની બન્ને બાજુ હાથમાં થાળી લઇને ઉભા હતા. પુષ્પો અને અક્ષતથી પ્રભુને વધાવતા... દીપકથી પ્રભુની આરતિ ઉતારતા.

સમસ્ત નગરવાસીઓ માટે ચિરસ્મરણીય બનેલી આ રથયાત્રા અનેકોના હૃદયમંદિરમાં પ્રભુ પ્રતિષ્ઠા કરાવનારી... સમ્યગ્ દર્શન અપાવનારી અને પુણ્યાનુબંધી પુણ્યનો સંચય કરાવનારી બની ગઇ.

* * * * *

મહારાષ્ટ્રની વાત છે.

નાનું એવું ગામ હતું...

જૈનોની મર્યાદિત સંખ્યા હતી...

ચાતુર્માસના તપ આરાધનાની પૂર્ણાહુતિ પ્રસંગે રથયાત્રાનું શ્રી સંઘે આયોજન કર્યું. પોતાના ભક્તિ-શક્તિ અને ભાવના અનુસાર એને સુંદરમાં સુંદર બનાવવાનો પ્રયત્ન કર્યો હતો.

ગામમાં ફરતી રથયાત્રા ગામના મધ્ય ચોકમાં આવી ત્યાં ૨-૪ જૈનોની દુકાનો હતી. એમણે પ્રભુજીની સામે ગહુંલી કરી... શ્રીફળ ચઢાવી પ્રભુજીને અક્ષતથી વધાવ્યા. ત્યાં પોતાના ખેતરમાંથી ફળો વેચવા બેઠેલા બેને પ્રશ્ન કર્યો - ''શું ભગવાનને હું કાંઇ ચઢાવી શકું ?''

એમના પ્રશ્નનો જવાબ આપતા કહ્યું - ''હા ! તમારી જે કાંઇ ભાવના હોય તમે અવશ્ય પ્રભુજીને ચઢાવી શકો... અર્પણ કરી શકો છો.''

આ જવાબ સાંભળી અત્યંત ભાવોલ્લાસ જાગૃત થતાં આ બેને ફળથી ભરેલા પોતાનો આખો ટોપલો અતિ હર્ષ સાથે પ્રભુને ચઢાવી પ્રભુ સમક્ષ નૃત્ય કરવા લાગી. એના રોમ રોમમાં આનંદ વ્યાપી ગયો. કાંઇક મહાસુકૃત કર્યાની અનુભૂતિ એને થઇ.

આ દૃષ્ય જોતાં રથયાત્રાનો શાસ્ત્રોમાં ગવાયેલો મહિમા નજર સમક્ષ તરવરવા લાગ્યો. અતિ ભાવોલ્લાસમાં આ મહારાષ્ટ્રીયન ગરીબ જેવી દેખાતી બેને એક અપૂર્વ સુકૃતનો ટાંકો બાંધી લીધો હતો. કદાચ સમ્યગ્ દર્શન પણ ઉપાર્જન કરી લીધું હશે. સત્ય તો જ્ઞાની જ જાણી કે કહી શકે.

આ બેનના આવા સત્કાર્યની અનેકોએ અનુમોદના કરી. તેઓએ પણ પુણ્યનું ભાથું બાંધી લીધું.

આવી રથયાત્રા અનેકોના જીવનમાં જિનશાસનને સ્થિર અને દૃઢ કરી શકે છે. અનેકોના હૃદયમાં જિનેશ્વર પરમાત્માની સ્થાપના કરીને ભાવિમાં જિનશાસનને પામવાનું દુર્લભ એવું સૌભાગ્ય સુલભ બનાવી શકે છે. શાસન પ્રભાવના કારક રથયાત્રા શ્રાવક જીવનનું એક વિશેષ કર્તવ્ય છે.

## ૨૦ તીર્થયાત્રા

### તારે તે તીર્થ

અનાદિ કાળથી સંસાર સાગરમાં ડૂબતા જીવને ઉગારે... પાર કરે... હાથ પકડીને સંસાર સાગરથી બહાર કાઢે... ભવપાર ઉતારે તે તીર્થ છે. જ્યાં મહાપુરુષોના... તીર્થંકર પરમાત્માના કલ્યાણક થયા છે. જે ભૂમિને તીર્થંકર પરમાત્માએ ચરણ સ્પર્શ દ્વારા પાવન કરી છે... જે ક્ષેત્રમાં આરાધનાની ઉચ્ચ ઉર્જા સંગ્રહિત થયેલી છે. જે ક્ષેત્રના પરમાણુઓ અતિ પવિત્ર બન્યા છે. જે ઉર્જા ક્ષેત્રમાં જવાથી આપણા ઉપર અસર કરીને આપણા અસ્ત-વ્યસ્ત જીવનને આરાધનામય બનાવે છે. એના શરણમાં આવેલા પાપી... હત્યારા અને લુંટારા પણ આત્મ કલ્યાણ સાધી જાય છે. જ્યાં વર્ષોથી તપ-જપ, જ્ઞાન-ધ્યાનની અપૂર્વ આરાધનાનો યજ્ઞ મંડાયો છે. આવા ક્ષેત્રમાં અલ્પ સત્વી આત્માને પણ પ્રવેશ કરતાં જ સાધનાની તલપ લાગે છે... સાધના કરી લેવાના... આત્મ કલ્યાણ સાધી લેવાની ભાવના વધુને વધુ મજબુત બનાવી જાય છે.

### તીર્થ કોને કહેવાય ?

આજના સમય કોઇ પણ જિનાલય બનાવે એને તીર્થ અને મહાતીર્થનું નામ જોડી દે. ત્યારે પ્રશ્ન થાય કે તીર્થ કોને કહેવાય ?

સામાન્ય પરંપરાથી ચાલી આવતી માન્યતા એવી છે કે

* જે ક્ષેત્રમાં તીર્થંકર વિચર્યા હોય કે ચાતુર્માસાદિ કર્યા હોય તે તીર્થ કહેવાય છે. દા.ત. રાજગૃહિ, શત્રુંજય.
* જે ક્ષેત્રમાં તીર્થંકર પરમાત્માના કલ્યાણક થયા હોય તે તીર્થ કહેવાય છે. દા.ત. વારાણસી, ચંપાપુરી, અયોધ્યાદિ.
* જે ક્ષેત્રમાં પરમાત્માના સમવસરણ થયા હોય.... પ્રભુ કાયોત્સર્ગ ધ્યાને રહ્યા હોય અથવા ઉપસર્ગોપર વિજય મેળવ્યો હોય તે તીર્થ કહેવાય છે. દા.ત. ધર્મચક્ર તીર્થ, અહિછત્રા, કલિકુંડ વિગેરે.
* જે જિનાલયને શતાધિક વર્ષો થયા હોય. તે તીર્થ કહેવાય છે. દા.ત. સુથરી, નલિયા, સાંધાણાદિ.

આ બધા ક્ષેત્રોમાં સાધકોએ વિશિષ્ટ કોટિની સાધના કરેલી હોય છે. એ ક્ષેત્રના અણુ-પરમાણુ શુદ્ધ બનેલા હોય છે. આપણને શુદ્ધતા આપવાની અપૂર્વ શક્તિ ત્યાં ધરબાયેલી...

સંગ્રહિત થયેલી હોય છે. જેમ જિનાલય તરફ પ્રભુદર્શન માટે પગ ઉપાડતાં જ અઠ્ઠમ તપનો લાભ થાય છે તેમ આ તીર્થો તરફ પ્રયાણ કરતાં ભાવાનુસાર લાભ અવશ્ય પ્રાપ્ત થાય છે. આપણે તો બોલીએ જ છીએ-

**એકેકું ડગલું ભરે ગિરિ સન્મુખ જેહ;**

**ઋષભ કહે ભવ ક્રોડના કર્મ ખપાવે તેહ.**

ભાવપૂર્વક અને વિધિપૂર્વક તીર્થયાત્રા અનોખો લાભ આપનાર છે. ભાવ સાથે વિધિનું પાલન પણ આવશ્યક છે. મૂળ વિધિએ તીર્થયાત્રા છ'રિ પૂર્વક કહી છે. છ'રિ પૂર્વકની તીર્થયાત્રામાં મુખ્યતાએ છ નિયમોનું પાલન કરવાનું હોય છે.

सम्यकत्वधारी पथि पादचारी, सचित्तवारी वरशीलधारी ।

भूस्वापकारी सुकृती सदैकाहारी विशुद्धां विदघाती यात्राम् ।।

(૧) એકલ આહારી - તીર્થયાત્રા માટે નિકળે ત્યારથી એક જ વખત ભોજન કરનારો હોય. એટલે એકાસણું કરવાના નિયમવાળો હોય.

(૨) સચિત્ત પરિહારી - એકાસણામાં કોઇ સચિત્ત વસ્તુનો ઉપયોગ ન કરવાવાળો હોય. ફળાદિ સુધાર્યા પછી ૪૮ મિનિટે વાપરવાવાળો હોય. સચિત્તનો ત્યાગી હોય.

(૩) ગુરુ સાથે પાદચારી - કોઇ પણ વાહનનો ઉપયોગ કર્યા વગર ગુરુ સાથે પગે ચાલીને તીર્થયાત્રા કરવાવાળો હોય.

(૪) ભૂમિ સંથારી - પલંગ - ગાદલા - તકિયાનો ત્યાગ કરી ભૂમિ ઉપર સંથારા ઉપર અલ્પનિદ્રા કરવાવાળો હોય.

(૫) બ્રહ્મચારી - શુદ્ધ બ્રહ્મચર્યવ્રતનું પાલન કરવાવાળો હોય.

(૬) દોય ટંક આવશ્યકકારી - સવારના અને સાંજના બન્ને સમયે છ આવશ્યક કરવાવાળો હોય એટલે જ રાઈ-દેવસિ પ્રતિક્રમણ કરનારો હોય છે.

આવા વિધિપૂર્વક જે ભાવભીની તીર્થયાત્રા થાય તે કર્મોના ઢગલાને ઢગલા બાળવા સમર્થ છે. અખુટ પુણ્ય ઉપાર્જન કરાવી આત્મશુદ્ધિ તરફ લઇ જનાર છે.

પગે ચાલીને ઉપરોક્ત છ'રિના પાલન સાથે યાત્રા ન થઇ શકે અને કદાચ વાહનાદિનો ઉપયોગ કરવો પડે તો પણ તીર્થ યાત્રિક તરીકેના સામાન્ય નિયમોનું પાલન તો થાય ને?

- રાત્રી ભોજનનો ત્યાગ હોય.
- અભક્ષ્યનો ત્યાગ હોય.
- હોટલ, ધાબા કે રેકડી ઉપર ખાવાનો ત્યાગ હોય.

* સંપૂર્ણ બ્રહ્મચર્યનું પાલન હોય.
* તીર્થમાં દર્શન - પૂજા - ભક્તિ સારી સવિશેષ હોય.
* વ્યસનાદિનો ત્યાગ હોય.

જો યોગ્ય વિવેક જાળવ્યા વિનાની તીર્થયાત્રા થાય તો એ કર્મ તોડવાને બદલે કર્મ બંધાવનાર બને છે.

એક સમય એવો હતો પાલીતાણા પહોંચવું ય મુશ્કેલ હતું... સમેતશિખર તો વિરલા જ પહોંચે. પરંતુ એ સમયે તીર્થયાત્રાઓનું અનોખું મહત્વ હતું અને અદ્ભૂત ફળશ્રુતિ હતી. એ તીર્થયાત્રાઓ જીવન પરિવર્તન લાવનારી હતી. કર્મક્ષય કરાવનારી હતી. આજે આ બધી યાત્રાઓ સુલભ બની છે... ઘણી જ સહજ બની છે. પરંતુ મહત્વનો પ્રશ્ન એ છે કે **આ તીર્થયાત્રાઓમાં કર્મક્ષય અને પુણ્યની કમાઈ છે કે પાપની વજલેપતા છે ?**

આજે તીર્થયાત્રા કરવી હોય તો કેવા ટુર-ટ્રાવેલ્સને નક્કી કરો ? વિધિપૂર્વક... જિનાજ્ઞા પૂર્વક... જયણા પૂર્વક યાત્રા કરાવે કે સારું ખવડાવે (ભક્ષ્ય-અભક્ષ્ય) સારું પીવડાવે (દિવસે કે રાતે) યાત્રાની સાથે મનોરંજન (મનો ભંજન) કરાવે એને ?

આજની તીર્થયાત્રાઓમાં ભક્ષ્યાભક્ષ્યનો વિવેક નથી... નવકારસી ચોવિહારના ઠેકાણા નથી.. જિનપૂજાના નિયમ નથી. આવી તીર્થયાત્રાઓ પુણ્ય બંધાવશે કે ભેગા કરેલા પુણ્યને બાળીને પાપને વજલેપ બનાવશે ? આજના આવા યાત્રિકોએ તીર્થધામોને પણ અભડાવીને અપવિત્ર બનાવ્યા છે... તીર્થની પવિત્રતાનો નાશ કર્યો છે.

આજે પણ અલ્પ સંખ્યામાં ઉત્કૃષ્ટ ભાવના અને વિધિપૂર્વક તીર્થયાત્રાઓ કરનારા છે. જે ખરેખર ધન્યવાદ અને અભિનંદનને પાત્ર છે.

પૂર્વાચાર્યોએ તીર્થયાત્રાથી શું લાભ થાય ? તે જણાવતાં કહે છે કે -

आरम्भाणां निवृत्तिर्द्रविणासफलता संघवात्सल्यमुच्चैः ।
नैर्मल्यं दर्शनस्य प्रणयिजनहितं जीर्णचैत्यादिकृत्यम् ।।
तीर्थौन्नत्यं प्रभवो जिनवचनकृतिस्तीर्थकृत्कर्मकत्वम् ।
सिद्धेरासन्नभाव: सूरनरपदवी तीर्थयात्रा फलानि ।।

* તીર્થયાત્રા માટે નિકળે એટલે ઘર છૂટે... સંસાર છૂટે... આરંભ-સમારંભમાંથી અલ્પ સમય માટે પણ નિવૃત્તિ થાય છે.
* જીવનમાં જે દ્રવ્યની કમાણી કરી એની સફળતા ક્યારે ? જ્યારે એ દ્રવ્ય તીર્થયાત્રા અને જિનભક્તિમાં વપરાય ત્યારે. તીર્થયાત્રાથી સંપત્તિ સફળ બને છે.

✻ તીર્થયાત્રાથી સ્વામી વાત્સલ્ય દ્વારા સાધર્મિકોની ભક્તિનો સુઅવસર પ્રાપ્ત થાય છે.

✻ તીર્થયાત્રાથી સમ્યગ્ દર્શન નિર્મળ બને છે.

✻ તીર્થયાત્રાથી અનેક સામાન્ય વ્યક્તિઓનું પણ હિત થાય છે. ધર્મશાળા આદિનો નિભાવ, ડોળીવાળા વગેરેને રોજીરોટી આદિ મળે છે.

✻ તીર્થસ્થાનો જીર્ણ થયેલા જણાય તો યથાશક્તિ જીર્ણોદ્ધારાદિનો લાભ મળે છે.

✻ જિનાજ્ઞા કે જિનવચનનું પાલન થાય છે.

✻ તીર્થ વંદના, આરાધના - ભક્તિ - પૂજાદિના કૃત્યો થાય છે.

✻ ભાવોની નિર્મળતાને પામીને જીવ મુક્તિ નજીક જાય છે.

✻ દેવ કે મુનષ્યગતિ - પદવીની પ્રાપ્તિ થાય છે.

✻ એ સિવાય પણ જીવદયા - અનુકંપા - સાધુ ભક્તિ આદિના અનેક લાભ તીર્થયાત્રાથી પ્રાપ્ત થાય છે.

## તીર્થયાત્રા અનુમોદના

પૂર્વ પ્રભુભક્તોએ શાસનના ગૌરવને વધારતી સંઘ પૂર્વક જે તીર્થ યાત્રા કરી છે એને જાણીને એની અનુમોદનાનો લાભ લઈએ -

### વિક્રમરાજાનો સંઘ

૨૬૯ સોનાના દેરાસર, ૫૦૦ હાથી દાંતના દેરાસર, ૫૦૦ ચંદનના દેરાસર

૭૬૦૦૦ હાથીઓ... ૧૮ લાખ ઘોડા... ૧ કરોડ ૧૦ લાખ બળદગાડા...

૭૬૦૦૦ ઉંટો...૫૦૦૦ આચાર્યો....૭૦ લાખ શ્રાવક પરિવાર, ૪ કરોડ સ્ત્રીઓ

### થરાદના આભૂ સંઘવીનો સંઘ

૭૦૦ લાકડાના દેરાસર, ૧૫૧૦ જિન પ્રતિમાઓ, ૩૬ આચાર્ય,

૨૨૦૦ ઉંટ, ૧૫૧૦ ઘોડા,

૧૪૦૦૦ ગાડાઓ, ૧૦૦ રસોઈયા, ૯૦ પાલખીવાળા.

સંઘમાળા સમયે સહુને વસ્ત્રોની લ્હાણી.

### વસ્તુપાલ તેજપાલનો સંઘ

૨૪ રથ હાંથી દાંતના બીજા ૪૫૦૦ રથો.. ૭૦૦ આચાર્યો... ૨૦૦૦ સાધુઓ.

૩૦૦૦ હાથીઓ... ૩૦૦૦ ઘોડાઓ.... ૫૦૦ ગાયકો... ૧૦૦૦ કંદોઈઓ.

## તીર્થ યાત્રા કે ઠગ યાત્રા

કાકા જાત્રા - સુજાત્રા ? દેવ - ગુરુ પસાય...

ભત્રીજાએ કાકાને પૂછ્યું - ''કેવી થઈ તીર્થયાત્રા ? મજા આવી ?''

કાકાએ જવાબ આપતાં કહ્યું – ''આ વખતે તો યાત્રા ઘણી મજેદાર બની ગઇ... ઘણા જણા હતા... થોડા પૈસામાં ઘણો લાભ મળી ગયો...''

ભત્રીજાએ પૂછી જ લીધું – ''કાકા ! થોડા પૈસામાં ઘણો લાભ મળ્યો ?''

કાકા કહે – ''અરે ભાઇ ! આમાં તમને ન સમજાય.''

ભત્રીજો આમ કાકાને છોડે એમ ન હતો એણે કહ્યું – ''કાકા તમે સમજાવો તો સમજાય ને ?''

હવે કાકા તાનમાં આવી ગયા... એ બોલતા ગયા... ભત્રીજો સાંભળતો રહ્યો... એ તો એવું બન્યું ને, અમે હતાં ચાલીસજણા – બસ હતી બત્રીસ જણાની. બત્રીસની ટિકિટમાં ચાલીસની મુસાફરી... એટલે પૈસા બચ્યાને ?

પછી અમારો ગ્રુપ મોટો બધી જગ્યાએ દાદાગીરી કરીએ, નંબર લાગી જાય પહેલો બોલ લાભ થાય ને ?

ભોજનશાળામાં જમવા ગયા ત્યાં પણ પાંત્રીસ પાસ કઢાવી... ચાલીસ જણા ઘુસી ગયા... અહીં પણ પૈસાની બચત થઇને ?

પછી બધા ભેગા હતા એટલે ધીરેથી ડોળીવાળાને નકલી નોટ પકડાવી દિધી. એ અભણ શું જાણે ? આપણે ફાવી ગયા...

ખરિદી કરવા બધા એક સાથે એક દુકાને ગયા... ઘણાએ ઘણોમાલ જોયો અને લીધો... આપણે હાથ ચાલાકી કરી... બે મજાની સાડી મફતમાં મળી ગઇ... આપણી તો યાત્રા સફળ થઇ ગઇ અને પાછી દાદાની દયા કેવી કે ક્યાંય પકડાયો નહીં.

બોલ હવે તું જ કહે મને થોડા પૈસામાં ઘણો લાભ મળી ગયો ને ?

જાત્રા પણ થઇ... હવાફેર થઇ... ફરવાનું થઇ ગયું... બે સાડી મળી ગઇ... તારી કાકી પણ રાજી થઇ ગઇ... આનાથી વધુ જોઇએ પણ શું ?

ભત્રીજો કાકાની વાત સાંભળી વિચારવા લાગ્યો ''આ તો તીર્થયાત્રા કે ઠગ યાત્રા ?''... આપણે તો આવી યાત્રા (?) કરતા નથીને ?

अन्य क्षेत्र कृतं पापं, तीर्थक्षेत्र विनश्यति ।

तीर्थ क्षेत्र कृतं पापं, वज्रलेपो भविष्यति ।।

અન્ય ક્ષેત્રમાં કરેલું પાપ તીર્થ ભક્તિથી નાશ પામે છે પરંતુ તીર્થમાં કરેલું પાપ વજ્રલેપ જેવું બની જાય છે.

તીર્થ સ્થાનની આશાતના કર્યા વગર શુદ્ધ ભાવથી સુંદર તીર્થયાત્રાના કર્તવ્યનું પાલન કરી માનવ ભવ... શ્રાવક કુળની સફળતા પામીએ એ જ લાભકારી છે.

# ભાગ-૪

संघोवरि बहुमाणो[२१]

धम्मिअमित्तो[२२] पभावणातित्थे[२३] ।

नवखित्ते धणववणं[२४थी३२],

पुत्थयलिहणं[३३] विसेसेण ॥४॥७०॥

(૨૧) શ્રી સંઘ ઉપર બહુમાન રાખવું.

(૨૨) સમાન ધર્મવાળા સાથે મૈત્રી કરવી.

(૨૩) શાસન પ્રભાવના કરવી.

(૨૪) થી (૩૨) નવ ક્ષેત્રમાં ધનનો વ્યય કરવો.

(૩૩) વિશેષ કરીને પુસ્તકો લખાવવાં.

# ૨૧ શ્રી સંઘ બહુમાન

પ્રભુ મહાવીર પાવાપુરી નગરીએ પધાર્યા...
ઇન્દ્રભૂતિ આદિ અગ્યારને પ્રતિબોધ્યા...
સંયમ આપી, ગણધર પદે સ્થાપ્યા...
ત્રિપદિ આપી...
ગણધરોએ દ્વાદશાંગીની રચના કરી...
પછી ઉપાંગ રચાયા... પયન્નાઓની રચના થઇ...
છ છેદસૂત્ર કહેવાયા... બે-અનુયોગ દ્વાર અને નંદિસૂત્ર...
ચાર મૂળ-સૂત્ર... એમ કુલ વર્તમાનમાં પિસ્તાલીશ આગમ કહેવાય છે.

એમાં એક છે નંદિસૂત્ર! સુંદર રીતે જ્ઞાનના પાંચ પ્રકારોની સમજ આપવામાં આવી છે.

આજ આગમ ગ્રંથમાં 'શ્રી સંઘ'નું રસિક વર્ણન કરવામાં આવ્યું છે. 'શ્રી સંઘ'ને જુદી જુદી ઉપમાઓ આપી 'શ્રી સંઘ' કેવો હોય ? એનો પરિચય કરાવ્યો છે. આજે વીર શાસનમાં પોતાની જાતને 'શ્રી સંઘ'માની પચીસમા તીર્થંકર કહેડાવનારા ઘણા છે. પણ પોતાની લાયકાત કેટલી છે એની વિચારણા કરનારા વિરલા છે.

શું આપણો સમાવેશ પ્રભુના સ્થાપેલા 'શ્રી સંઘ'માં થઇ શકે છે ?

આવો, વિચારણા કરીએ.

પ્રભુએ 'શ્રી સંઘ'ને કેવી કેવી ઉપમાઓ આપી છે ?

**નયર રહ ચક્ક પઉમે, ચંદે સૂરે સમુદ્દ મેરુમ્મિ ;**
**જો ઉવમિજ્જઇ સયયં, તં સંઘ ગુણાયરં વંદે...(૧-૧૯)**

નગર, રથ ચક્ર, કમળ, ચંદ્ર, સૂર્ય, સમુદ્ર અને મેરૂ પર્વતની હંમેશા જેને ઉપમા અપાય છે, એવા ગુણોની ખાણ રૂપ સંઘને હું વંદના કરૂં છું.

સંઘ એટલે ગુણોની ખાણ!

કેવા કેવા ગુણો હોય છે સંઘના ?

સંઘની ઉપમાઓ શું જણાવે છે ? ખરેખર વિચારણીય છે.

### શ્રી સંઘને પ્રથમ નગરની ઉપમા

**ગુણભવણ ગહણ સુયરયણ, ભરિય દંસણવિસુદ્ધરત્થાગા।**
**સંઘ નયર ભદં તે, અખંડ ચરિત્તપાગારા।।**

ગુણરૂપી ભવનોથી ગહન... શાસ્ત્રરૂપ રત્નોથી ભરપૂર... દર્શનરૂપ વિશુદ્ધ

શેરીવાળી... અખંડ ચારિત્રરૂપ કિલ્લા વાળા... હે શ્રી સંઘરૂપ નગર ! તમારું કલ્યાણ હો.

નગર હોય ત્યાં શું શું હોય ? આવો પ્રશ્ન આપણી સમક્ષ આવે ત્યારે ઘણી ઘણી વસ્તુઓ કદાચ આપણા નજર સામે આવે. પણ અહીં નગરની મુખ્ય ચાર વસ્તુઓ જણાવી છે. નગર હોય ત્યાં મહેલ હોય... ઘરો હોય...

નગર હોય ત્યાં રસ્તા હોય... શેરીઓ હોય...

નગર હોય ત્યાં ઋદ્ધિ... સિદ્ધિ... અને સમૃદ્ધિ હોય...

નગર હોય ત્યાં એની સલામતી માટે કિલ્લો હોય...

કેટલી સુંદરતાથી નગરની વ્યવસ્થા આપણી સમક્ષ જણાવી દીધી ? હવે એથી ય વધારે સુંદરતાથી શ્રી સંઘના સ્વરૂપને આપણને સમજાવી રહ્યા છે. શ્રી સંઘને જ્યારે નગરની ઉપમા આપવામાં આવી છે ત્યારે શ્રી સંઘની મહાનતા... શ્રી સંઘની વિશેષતા... સંઘની વિશાળતા... અને શ્રી સંઘની જાહોજલાલી ઉપરોક્ત ચાર ઘટકો ઉપર આધારિત છે.

નગર જો મહેલ અને ઘરોથી શોભે છે તો શ્રી સંઘરૂપી નગર ગુણોથી... ગુણોરૂપી ઘરોથી શોભાયમાન બને છે.

નગરના માર્ગો અને શેરીઓ જો એની શોભામાં અભિવૃદ્ધિ કરે છે તો સમ્યગ્ દર્શનની શુદ્ધિ અને નિર્મળતા શ્રી સંઘની શોભાને વધારનારી બને છે.

નગરનો વ્યવહાર હિરા-મોતી-સોના-ચાંદી આદિની સમૃદ્ધિથી ચાલે છે. તેમ શ્રી સંઘની સમૃદ્ધિ અને શ્રી સંઘનો વ્યવહાર ''શાસ્ત્ર જ્ઞાન'' દ્વારા જ ચાલી શકે છે. આગમજ્ઞાન અને સમ્યગ્જ્ઞાન એ જ શ્રી સંઘની સાચી મુડી છે. સાચા રત્નો છે.

નગરની સલામતીનો આધાર એનો કિલ્લો છે. શ્રી સંઘની સલામતીનો આધાર એનું વિશુદ્ધ - અખંડ ચારિત્ર છે.

આવો, આટલી સમજણ મેળવ્યા પછી આપણે દુનિયામાં એક નજર કરીએ. ક્યાં દેખાય છે આપણને આવો સંઘ ?

જે સંઘની આ ચાર આધાર શીલાઓ મજબૂત છે એ જ શ્રેષ્ઠ સંઘ બની શકે. આ ચારમાં જેટલી નબળાઇ હશે સંઘ એટલો જ નબળો હશે.

આવો, આપણે આપણા પોતાના જીવનનો વિચાર કરીએ. હું પણ શ્રી સંઘનો એક સભ્ય છું. મારા જીવનમાં આ ચાર વાતોનું મહત્વ કેટલું ?

આપણા બધાની પાસે રહેવા માટે નાનું કે મોટું પણ ઘર તો છે જ. એને આપણે આપણી

સમજણ અને શક્તિ પ્રમાણે શણગારીએ પણ ખરા. અને વારે-તહેવારે આપણે સવિશેષ સુંદર બનાવવા પ્રયત્નશીલ પણ રહીએ છીએ.

પરંતુ શ્રી સંઘના સભ્ય તરીકે આપણા ગુણો તે જ આપણું સાચું ઘર છે. આપણે સ્વજીવન ઉપર એક દૃષ્ટિ કરીએ કેવા કેવા ગુણો ખીલી ઉઠ્યા છે આપણા જીવનમાં ?

કુમારપાલ જેવી અહિંસા... હરિશ્ચંદ્ર જેવું સત્ય... સુદર્શન શેઠ જેવો સદાચાર... જગડુશા જેવું દાન... પુણિયાશ્રાવક જેવી સાધર્મિક ભક્તિ... રાવણ જેવી તીર્થંકર ભક્તિ... સમ્રાટ સંપ્રતિ જેવી જિન પ્રતિમા ભક્તિ... અનુપમા દેવી જેવી સાધુ સેવા... સુલસા જેવી શ્રદ્ધા... ચંપાશ્રાવિકા જેવું તપ... લલ્લિગ જેવી ગુરુભક્તિ... વસ્તુપાલ-તેજપાલ જેવી જ્ઞાનભક્તિ...

શું છે આપણી પાસે ? શેં લાગશે આપણો નંબર શ્રી સંઘમાં ?

જો આપણે આ વાતનું ચિંતન-મનન કરીશું તો એમાંથી શ્રેષ્ઠ નવનીત નિકળશે જે આપણા જીવન બાગમાં વિવિધ ગુણોથી અલંકૃત થઇ જશે.

આજના કાળમાં નગરમાં રસ્તાઓ પણ ઘણા... વ્યવસ્થિત અને સાફ જોવા મળે છે. પણ અહીં શ્રી સંઘરૂપી નગરમાં વિશુદ્ધ દર્શનરૂપી માર્ગની આવશ્યક્તા જણાવી છે. સમ્યગ્ દર્શન હોય તો સાચો માર્ગ મળે. સમ્યગ્ દર્શન ન હોય તો સાચો માર્ગ મળવો સંભવિત નથી. આજ દિવસ સુધી આપણે સંસારમાં રખડ્યા - રઝડ્યા એનું જો કોઇ કારણ હોય તો તે એક જ છે - સમ્યગ્ દર્શનનો અભાવ. અનાદિના દુઃખ - દોષ અને દુર્ગતિનો નાશ કરવો હશે તો સાચા માર્ગે ચઢવું પડશે. સાચા માર્ગે ચઢવા સમ્યગ્ દર્શનની પ્રાપ્તિ અનિવાર્ય છે. જ્યાં સુધી સમ્યગ્ દર્શનનો આપણને સ્પર્શ પણ નહીં થાય ત્યાં સુધી આપણને શ્રી સંઘમાં પ્રવેશ પણ નહીં મળે. ત્યાં સુધી આપણે સંઘ બહાર જ હોઇશું. માર્ગ વિના નગરમાં ન પહોંચાય તેમ સમ્યગ્ દર્શન વિના શ્રી સંઘમાં ન પ્રવેશાય.

સુદેવ-સુગુરુ-સુધર્મ ઉપરની સુદૃઢ શ્રદ્ધા એ જ સાચું સમ્યગ્ દર્શન છે.

સુદેવ કોને કહેવા ? સુગુરુ કોને જાણવા ? સુધર્મ કોને સમજવો ? મનમાં ઉઠતા સર્વ પ્રશ્નોના ઉત્તર જિન શાસનમાંથી મળી રહે છે.

**અરિહંતો મહદેવો, જાવજ્જીવં સુસાહુણો ગુરુણો ;**
**જિણપન્નત્તં તત્તં, ઇય સમ્મત્તં મએ ગહિયં.**

અરિહંત મારા દેવ છે... સુસાધુ મારા ગુરુ છે... અને જિનેશ્વર પરમાત્મા એ કહેલ તત્વ

તે જ મારો ધર્મ છે... આવા પ્રકારના સમ્યગ્દર્શનનો હું સ્વીકાર કરું છું.

પાપનો નાશ... પુણ્યનો બંધ... અને કર્મ નિર્જરા કરાવનાર કોઇ હોય તો તે સુદેવ-સુગુરુ-સુધર્મ છે. આજ દિવસ સુધી આ સત્યને જાણ્યા વગર આપણે જ્યાં ત્યાં અથડાયા છીએ.. કુટાયા છીએ... માર્ગ ભૂલી ગયા છીએ. આવો, હજી મોડું નથી થયું. ''જાગ્યા ત્યારથી સવાર'' માની સાચો માર્ગ અપનાવવા સમ્યગ્દર્શનને વધારે ને વધારે નિર્મળ બનાવીએ. જેમ જેમ સમ્યગ્ દર્શન વિશુદ્ધ - નિર્મળ થતું જશે તેમ તેમ આપણો માર્ગ સ્પષ્ટ થતો જશે. ક્યાં જવાનું છે... શું કરવાનું છે એની સમજણ આવતી જશે. અરિહંત પરમાત્માએ પ્રકાશેલ તત્વનું ઉંડાણ સૂક્ષ્મ બુદ્ધિથી જ સમજી-સ્વીકારી શકાય છે. આવું સમ્યગ્દર્શન એ ''શ્રી સંઘ''ના સન્માર્ગની મોટી આધારશીલા છે. એમાં ક્યાંય બાંધછોડ સંભવી ન શકે. સમ્યગ્ દર્શન એ આત્માના અનુભૂતિનો વિષય છે... બાહ્યક્રિયા એ પ્રાપ્તિમાં સહાયક બની શકે છે.

નગરની સલામતી કિલ્લાથી છે. સંઘની સલામતી અખંડ શીલ સદાચારના પાલનથી છે. સમસ્ત વિશ્વનું અવલોકન કરતાં ક્યારેક આત્મા રડી ઉઠે છે. જે શીલસદાચારના પાઠ આર્યક્ષેત્રના હત્યારા-લુંટારા અને ચોરોના જીવનમાં પણ મજબૂત હતા એ શીલ સદાચારને અકબંધ રાખવામાં કહેવાતા ધર્મી પુરૂષો સદંતર નિષ્ફળ ગયા છે. કાયર સાબિત થયા છે.

કોશા વેશ્યાને ત્યાં ચાતુર્માસ રહી, રંગરાગ જોવા છતાં... રસયુક્ત આહાર પાણી વાપરવા છતાં આંખના કોઇ ખુણામાં વાસના ન જાગી... હૃદયમાં ક્યાંય વિકાર ન જાગવા દીધો અને અદ્ભૂત શીલ પાલનથી ચોર્યાસી ચોવિસીઓ સુધી અમર બની ગયેલા કામવિજેતા સ્થુલીભદ્રનો આ સંઘ છે.

દેવો પણ જેમના ગુણ ગાતાં થાકતાં નથી એવા અપૂર્વ શીલસૌંદર્યથી શોભતા વિજયશેઠ અને વિજયા શેઠાણીની અણમોલ ગૌરવગાથાથી દિપતો આ સંઘ છે.

અભયારાણીના કલંકમાં પણ અડોલ રહીને શુળીને સિંહાસનમાં ફેરવતા સુદર્શન શેઠની અમર કથાથી શીલની સુવાસને અનુભવતો આ સંઘ છે.

ફક્ત બત્રીસ વર્ષની યૌવન વયમાં બ્રહ્મચર્યના પચ્ચક્ખાણ લેવા સજ્જ બનતા પેથડશા જેવા શીલવંતા શ્રાવકોથી ભરપૂર આ સંઘ છે. આપણા જીવનનું નિરીક્ષણ કરીએ. ક્યાંક ભૂલા તો નથી પડ્યા ને ? શીલના અખંડ પાલન વિના શ્રી સંઘ સલામત નથી.

શાસનપતિ પ્રભુ શ્રી મહાવીર સ્વામીનું શાસન પાંચમા આરાના અંત સુધી અવિચલ

પણે ચાલવાનું છે. એ નિસંદેહ છે. કોના બળથી ? જવાબ છે શ્રી સંઘના બળથી.

આજે પણ એવા બડભાગી મહાત્માઓ છે, જેમના જીવનમાં શ્રી સંઘના સાચા સભ્ય બનવાના સર્વ ગુણો મજબૂત છે. તેઓની પાસે સમ્યગ્ દર્શન છે... તેમની પાસે ગુણોનો ખજાનો છે... તેમની પાસે શાસ્ત્રજ્ઞાન છે... તેઓની પાસે અખંડ શીલની ઉપાસના છે...

આજ મહાનુભાવોની શ્રી સંઘમાં ગણત્રી થાય છે.

આપણે પણ આ ગુણોના સ્વામી બની સત્વરે ''શ્રી સંઘ''ના સાચા સભાસદ બનીએ.

આવા 'શ્રી સંઘ'ના મહા મહિમાને જાણીને, સમજીને એના પ્રત્યે કોને બહુમાન ન થાય ? જેને ન થાય એને તો કમભાગી જ જાણવો. પચ્ચીસમા તીર્થંકર સમા શ્રી સંઘનો જયજયકાર થાય... જૈનં જયતિ શાસનમ્‌નો નાદ વિશ્વમાં ગુંજતો થાય.

તીર્થંકર પરમાત્માનું શાસન જ અજોડ છે...

એની એક એક ક્રિયા અદ્‌ભૂત છે...

તમને ખબર છે ગુરુ જ્યારે શિષ્યને આચાર્ય પદવી આપે ત્યારે એ ''આચાર્ય પદ પ્રદાન''ની ક્રિયામાં એક વિધિ આવે છે જેમાં આચાર્ય પદ પ્રદાન કરનાર આચાર્ય ભગવંત નૂતન આચાર્ય ભગવંતને શ્રી સંઘ સમક્ષ વિધિવત્ વંદન કરે. વડિલ આચાર્ય નૂતન આચાર્ય ને વંદના કરે. શા માટે ? ખરેખર જિન શાસન અતિ સૂક્ષ્મ... અતિ ગહન... સંપૂર્ણ શાસન છે. ખરેખર વડિલ આચાર્ય નૂતન આચાર્યને વંદના કરતા નથી, પરંતુ નૂતન આચાર્યને જે પદ ઉપર બિરાજમાન કર્યા છે એ પદને વંદના કરીને સંઘને સંદેશ આપે છે વ્યક્તિ મહાન નથી પરમાત્માએ જણાવેલ પદ મહાન છે વંદનીય છે. વડિલ આચાર્ય નૂતન આચાર્યને વંદના કરીને શ્રી સંઘમાં જાહેર કરે છે આ પદ જિનશાસનનું ગૌરવવંતુ પદ છે. મારા માટે પણ વંદનીય છે તેમ આજથી આ આચાર્ય સમસ્ત જિનશાસનને સર્વ સંઘોને માન્ય બને છે. જેમ મારી આજ્ઞા માનતા આવ્યા છો તેમ આ નૂતન આચાર્ય ભગવંતની આજ્ઞા માનીને સ્વ-પર અને શાસનનું કલ્યાણ કરજો.

આ વાત અહીં એટલા માટે જણાવી કે આપણા દેવાધિદેવ તીર્થંકર પરમાત્મા તીર્થની સ્થાપના સ્વયં કરે પરંતુ પોતે જ્યારે જ્યારે પણ સમવસરણાદિમાં દેશના માટે બિરાજમાન થાય ત્યારે પોતાના જ સ્થાપેલા શ્રી સંઘને **''નમો તિત્થસ્સ''** કહીને નમસ્કાર કરે. ધન્ય... ધન્ય... પ્રભુ આપશ્રીના શાસનને... આપની અદ્‌ભૂત શાસન વ્યવસ્થા અને શાસન રચનાને.

જે તીર્થ તીર્થંકરોને પણ નમનીય અને વંદનીય છે એ આપણા સહુને માટે સન્માનનીય અને બહુમાન કરવા યોગ્ય છે. એમાં ક્યાંય શંકાને સ્થાન નથી. જે તીર્થનું બહુમાન કરે છે તે તીર્થંકરોનું બહુમાન કરે છે. જે તીર્થને વંદના કરે છે તે તીર્થંકરને વંદના કરે છે. તીર્થની ભક્તિ કરનાર ખરેખર તો તીર્થંકરની જ ભક્તિ કરે છે.

જ્યારે પણ આવા શ્રી સંઘની ભક્તિ કરવાનો અવસર પ્રાપ્ત થાય ત્યારે પ્રમાદ સેવશો નહિં અપૂર્વ ભક્તિ કરીને લાભ લઇ લેજો.

જિનશાસનમાં જિનાજ્ઞા પ્રમાણે ચાલનાર શ્રી સંઘનું ઘણું જ મહત્વ જણાવવામાં આવ્યું છે. 'संघे शक्ति कलियुगे' કલિયુગમાં પણ સંઘ શક્તિ બળવાન છે કારણ શ્રી સંઘના મૂળમાં જિનાજ્ઞા છે. જિનાજ્ઞા એ જ આગમ વચન છે. જિનાજ્ઞા અને આગમ વચન અનુસાર ચાલે તે શ્રી સંઘની ભક્તિ કરનાર ભવ્યાત્મા અલ્પ સમયમાં સર્વ પ્રકારની રિદ્ધિ-સિદ્ધિ પામી શાશ્વત પદે બિરાજમાન થાય છે. શ્રી સંઘ ભક્તિનું ફળ જણાવતાં કહે છે -

लक्ष्मीस्तं स्वयमभ्युपैतिरभसा कीर्तिस्तमालिंगति ।
प्रीतिस्तं भजते मति: प्रयतते तं लब्धुमुत्कण्ठया ।।
स्व: श्रीस्तपरिरब्धुमिच्छति मुहुर्मुक्तिस्तमालिंगति ।
य: संघं गुणराशिकेलिसदनं श्रेयोरुचि: सेवते ।।

ગુણોના સમુદાય રૂપી શ્રી સંઘની જે સેવા કરે છે તેને લક્ષ્મી સ્વયંમેવ આવીને મળે છે... કિર્તિ એને ભેટી પડે છે... પ્રીતિ તેની પર્યુપાસના કરે છે. બુદ્ધિ તેને મેળવવા ઉત્સુક બને છે... સ્વર્ગની લક્ષ્મીનો તે સ્વામી બને છે. મુક્તિ તેને સામે આવીને મળે છે.

શ્રી સંઘની ભક્તિ મહા સદ્‌ભાગ્યથી પ્રાપ્ત થાય છે. શ્રી સંઘ ભક્તિના અવસરને વધાવી લઇ જે સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકારૂપ ચતુર્વિધ સંઘની ભક્તિ અંતરના ભાવથી કરે છે તે બાહ્ય - અભ્યંતર લક્ષ્મીનો ભોક્તા બને છે. જેવી રીતે ખેડુત ખેતીમાં બીજ વાવી મહેનત કરી એના ફળ સ્વરૂપે અનાજ (ધાન્ય)ને મેળવે છે. તેમાં ઘાસ વિગેરે તો અનાયાસ-સહજ મળી જાય છે. એ માટે કોઇ પરિશ્રમ કરવો પડતો નથી. તેવી જ રીતે ચતુર્વિધ શ્રી સંઘની ભક્તિ કરનારને તીર્થંકર પદ તો મળી જ જાય છે ચક્રીપણું અને દેવેન્દ્રપણું તો તૃણની જેમ વિના પ્રયત્ને મળે છે. શ્રી સંઘના ગુણલા ગાવાની તાકાત તો બૃહસ્પતિની પણ નથી. એવા પાપને હરણ કરનાર શ્રીસંઘ પુણ્યવંતા શ્રાવકોના ઘરને ચરણ કમલથી પાવન કરે છે. શ્રી અરિહંત પરમાત્મા જે શ્રી સંઘને નમસ્કાર કરે છે તે સંઘનો મહિમા કેવો અદ્દભૂત છે... આવો શ્રી સંઘ વિશેષ રીતે

પૂજનીય છે.

શ્રી ચતુર્વિધ સંઘની ભક્તિ પાછળ બીજો હેતુ એવો છે કે શ્રી સંઘમાં તીર્થંકર - ગણધર - આચાર્યાદિનો જીવ હશે. એની ભક્તિનો લાભ અને એ ભક્તિથી એના જેવા ગુણો જીવનમાં ઉતારવાની શક્તિ અને ભાવની પ્રાપ્તિ થાય છે.

શ્રી સંઘના ચરણ દુધથી પખાળી સંઘ પૂજનનું તિલક કરી યથાશક્તિ ભક્તિ કરજો... શાલ...શ્રીફળ...માળા... પહેરામણીથી સન્માન-બહુમાન કરજો. મહાપુણ્યના ઉદયે આવી તકો મળે છે અને મહા પુણ્યાનુબંધી પુણ્યનો સંચય કરાવી જાય છે.

* બાહડમંત્રી દર વર્ષે ૧૪ સાધર્મિક વાત્સલ્ય અને પાંચ વાર સંઘ પૂજા કરી સંઘ ભક્તિ કરતા.

* સંપ્રતિ મહારાજાએ ત્રણે ખંડમાં દરેક ગામમાં સાધર્મિક વાત્સલ્ય કરેલ અને ૭૦૦ દાનશાળા ખોલેલ.

* એકદા ઝાંઝણમંત્રી ૩૨,૦૦૦ સાધર્મિકોને લઇ આભૂ સંઘવીની પરીક્ષા માટે થરાદ આવ્યો, સંઘવી પૌષધમાં હતા. નાના ભાઇ જિનદાસે ટુંક સમયમાં તૈયારી કરી બધા સાધર્મિકોની અપૂર્વ ભક્તિ કરી પ્રભાવના કરી.

* વસ્તુપાલ મંત્રીશ્વરે ૩૬૦૦૦ સોનાના તિલકો વડે શ્રાવકોને વિભુષિત કરી ભક્તિ કરી.

* રાજા દંડવીર્ય ઘરે આવેલા સાધર્મિક એવં શ્રી સંઘની ભક્તિ કરીને પછી જ જમવાના નિયમ વાળા હતા એમની સંઘ ભક્તિની પરીક્ષા કરવા ઈન્દ્ર મહારાજાએ આઠ દિવસ સતત સંઘ ઉપર સંઘ મોકલતા જ રહ્યા. એક સંઘ જમીને ઉભો થાય એનાથી પહેલા બીજા સાધર્મિકો આવી પહોંચે. દંડવીર્ય રાજાએ જરા પણ થાક્યા કે કંટાળ્યા વગર એવા જ ભાવોલ્લાસથી સંઘભક્તિ કરતા રહ્યા. સંઘભક્તિ કરતાં કરતાં દિવસ આથમી જાય એટલે ઉપવાસનું પચ્ચક્ખાણ કરી લે. આવો ક્રમ આઠ દિવસ ચાલ્યો. દંડવીર્ય રાજાને આઠ ઉપવાસ થયા અંતે ઈન્દ્રે પ્રસન્ન થઇને દંડવીર્ય રાજાની સંઘભક્તિની પ્રશંસા કરીને એમને દિવ્ય કુંડલ - ધનુષ્યાદિ ભેટ આપ્યા હતા.

* સંઘને પોતાની સાથે આરાધનામાં જોડવાની અપૂર્વ ભાવનાના સ્વામિ હતા ભરત ચક્રવર્તીના પાટપરંપરામાં થયેલા સૂર્યયશા અને ચંદ્રયશા રાજવીઓ આ રાજવીઓ પર્વ તિથિએ પૌષધ કરતા. પૌષધના આગલા દિવસે નગરમાં પડહ વગાડતાં... ઘોષણા કરાવતા

આવતી કાલે પર્વતિથિ છે. રાજા પૌષધ લેવાના છે સહુએ પૌષધની આરાધના કરવાની છે. આરંભ-સમારંભનો ત્યાગ કરવાનોછે.

આવી જ ઉદ્‌ઘોષણા કચ્છમાં પણ પર્વતિથિના આગલા દિવસે કરવામાં આવતી અને ખેડૂતો પણ હળ આદિ ન જોડતા.

આવી સવિશેષ સંઘભક્તિને વિવિધ પ્રકારે આપણા જીવનમાં ઉતારીએ અને અનેકોને ધર્મ માર્ગે જોડીએ. ધર્મ માર્ગે ચઢાવવામાં અનુકુળતા કરી આપી સહાયક બનીએ.

* * * * * * * * * * * * *

મંત્રાધિરાજ નવકાર મંત્ર હોય... કે

યંત્રાધિરાજ સિદ્ધચક્ર યંત્ર હોય...

બન્નેમાં પ્રથમ પદે બિરાજમાન છે દેવાધિદેવ... ત્રણ ભુવનના નાથ... અરિહંત પ્રભુ... તીર્થંકર પરમાત્મા...

શાસ્ત્રકાર મહર્ષિઓએ શ્રી સંઘને પચ્ચીસમા તીર્થંકરની ઉપમા આપી છે. પરંતુ આ સંઘ જિનાજ્ઞા પાલક અને આરાધક હોય... આવા શ્રી સંઘની ભક્તિ પણ જીવને તીર્થંકર બનાવવા... તીર્થંકર પદ અર્પણ કરવા સક્ષમ છે. આવા સંઘ ભક્તિની જ્યારે જ્યારે તક મળે ત્યારે ત્યારે એ ઝડપી લેવા જેવી છે. જેમણે જીવનમાં મળી ગયેલી તકને ઝડપી લીધી છે તેઓએ અદ્‌ભૂત તકદિરનું નિર્માણ કરીને સંસાર સાગર તરીને અનેકોના તારણહાર બન્યા છે. સંઘભક્તિના મહત્વને **''જિનદત્ત હરિપ્રભા''** ની કથા દ્વારા જાણવા, સમજવા, અનુસરવા પ્રયત્નશીલ બનીએ...

ભરતક્ષેત્રમાં વસંતપુર નગરી...

આ નગરીમાં જિનદાસ નામે શ્રેષ્ઠિ વસતા હતા...

ધર્મપ્રેમી, શ્રદ્ધાળુ, અને સમકિતધારી હતા...

જિનદાસી નામે એમની શીલવંતી સ્ત્રી હતી... વિનય-વિવેકાદિ ગુણસંપન્ન એમને જિનદત્ત નામે પુત્ર હતો...

જિનદત્તને ચંદ્રાતપ નામે વિદ્યાધર મિત્ર હતો જેની પાસેથી એને બહુરૂપિણી વિદ્યા પ્રાપ્ત થઇ હતી.

એકદા બન્ને મિત્રો એક ઉદ્યાનમાં ક્રિડા કરી રહ્યા હતા... એ સમયે ત્યાં એક અજાણ્યો પુરૂષ કોઇ ચિત્રપટ લઇને આવ્યો. આ ચિત્રપટ કોનો છે ? એમ પૂછતાં એણે કહ્યું કે – ''આ

ચિત્રપટ ચંપાનગરીના દાનાવર શેઠની અતિ રૂપવાન અને ગુણવાન એવી હરિપ્રભા નામની કન્યાનો છે.''

ક્યાંક રૂપ છે તો ગુણ નથી... ક્યાંક ગુણ છે તો રૂપ નથી... પરંતુ રૂપ અને ગુણોનો સંગમ વિરલ હોય છે... અહીં રતિ અને સરસ્વતીના સંગમ રૂપ ચિત્રપટ જોઇને મોહિત થયેલા જિનદત્તે લાખ રૂપિયાના મુલ્યવાળો મણિરત્નવાળો કંદોરો આપી ચિત્રપટ લઇ લીધો. ચિત્રપટની સામે બેસી રહ્યો. ખાવું-પીવું બધું જ ભુલી ગયો. પિતાએ પણ નકામા ખર્ચ માટે ઠપકો આપ્યો. તે સહન ન થવાથી એ જ રાતે ઘર અને ગામ છોડીને નિકળી પડ્યો. એણે ચંપાપુરીનો માર્ગ લીધો. ધીરે ધીરે આગળ વધતાં એક દિવસ ચંપાપુરીના ધનાવહ શેઠના ઘરે પહોંચ્યો. આગલી રાતે ધનાવહ શેઠે કલ્પવૃક્ષ સ્વપ્નમાં જોયું. તેથી આવેલા અતિથીને કલ્પવૃક્ષ માની તેની ભક્તિ કરી. સત્કાર કર્યો, જિનદત્તે પોતાના ગુણો દ્વારા સહુના મન જીતી લીધા. તે સર્વત્ર લોકપ્રિય થઇ ગયો. ધનાવહ શ્રેષ્ઠિને પોતાના પ્રભાવથી જિન શાસનનો પ્રેમી બનાવી દીધો. જિનદત્તના ગુણોથી પ્રભાવિત થઇને તથા એના કુળને જાણીને પોતાની કન્યા હરિપ્રભા એને પરણાવી દીધી. દાયજામાં અઢળક સંપત્તિ, દાસ-દાસી, રથ-પાલખી તથા અમૂલ્ય એકાવલી હાર આપ્યો. થોડા દિવસ રોકાવીને સસન્માન વિદાય આપી.

માર્ગમાં એક ચારણ મુનિ મહારાજના દર્શન વંદનનો લાભ મળ્યો. ગુરુ ભગવંતે દેશના ફરમાવી - ''હે ભવ્ય જીવો ! સંસાર દુઃખમય છે... પાપમય છે... સ્વાર્થ મય છે. આ અસાર સંસારમાં એકમાત્ર ધર્મ જ શરણભૂત છ. ધર્મથી જ ધન મળે છે. ધર્મથી જ વૈભવ-સમૃદ્ધિ મળે છે... ધર્મથી જ યશ-કીર્તિ મળે છે.. ધર્મથી જ નિરોગી કાયા મળે છે. અને અનંતસુખના ધામ રૂપ મોક્ષની પ્રાપ્તિ પણ ધર્મથી જ થાય છે. આવો ધર્મ વિશ્વના જીવોના કલ્યાણ માટે તીર્થંકર પરમાત્માએ પ્રરૂપ્યો છે. તીર્થંકર પદની પ્રાપ્તિ અરિહંતાદિ વીસ સ્થાનકોની આરાધનાથી થાય છે. તેમાં પણ ત્રીજા પદે રહેલ 'શ્રી સંઘ ભક્તિ' સવિશેષતાથી સહુએ કરવા યોગ્ય છે. તીર્થંકરો પણ સમવસરણમાં બિરાજમાન થતાં પૂર્વે ''નમો તિત્થસ્સ'' કહીને તીર્થને નમસ્કાર કરે છે. પૂર્વે થઇ ગયેલા વિશાખ શ્રેષ્ઠિ અદ્ભૂત સંઘ તીર્થની ભક્તિ કરતા હતા. એમની સંઘભક્તિ જોઇને પ્રસન્ન થયેલા એક સમકિત ધારી દેવે એમને ચિંતામણી રત્ન આપ્યું હતું. તે ચિંતામણી રત્નથી સવિશેષ સંઘ ભક્તિ કરી વિશાખ શ્રેષ્ઠિએ તીર્થંકર પદ પ્રાપ્ત કર્યું હતું. તેથી હે ભવ્યો ! શક્તિ ગોપવ્યા વગર સંઘ ભક્તિ કરવા યોગ્ય છે.''

ગુરુ ભગવંતની વાણી સાંભળી... સંઘ ભક્તિનું મહાત્મ્ય જાણી... જિનદત્તે 'શ્રી સંઘ

ભક્તિ' આરાધનાનો નિયમ લીધો. જિનદત્ત પોતાના નગરમાં આવ્યો. તેની ઋદ્ધિ જોઇ સહુ હર્ષિત થયા... આનંદ પામ્યા... જિનદત્ત પોતાના નિયમ અનુસાર સંઘની આહાર-પાણી-વસ્ત્ર-પાત્ર ઔષધિ - ઉપકરણાદિ દ્વારા અપૂર્વ ભક્તિ કરવા લાગ્યા. સંઘ ભક્તિથી એની યશઃકીર્તિ સર્વત્ર વિસ્તાર પામી. રાજાએ એને નગરશેઠની પદવી આપી. જિનદત્તના સંઘ ભક્તિની ગૌરવ ગાથા દેવલોકમાં પણ પહોંચી ગઇ. ઈન્દ્રસભામાં પણ એની સંઘભક્તિની વાહવાહ થવા લાગી. પરંતુ રત્નશેખર નામના દેવને આ વાતમાં અશ્રદ્ધા થઇ. તે શ્રાવકનું રૂપ લઇ જિનદત્ત શેઠના દ્વારે આવ્યો. શેઠે સાધર્મિક જાણી એની સુંદર ભક્તિ કરી... આદર-સત્કાર કર્યો. એ સમયે શ્રાવકે જણાવ્યું - ''મારી પ્રિયાએ એકાવલી હાર માટે જીદ કરી છે. જો ના મળે તો બન્નેએ બળીને મરવાનો નિર્ણય કર્યો છે. આપ દયાળુ છો... ઉદાર છો એમ જાણી-સાંભળી મોટી આશા સાથે તમારી પાસે આવ્યો છું''

જિનદત્ત શ્રેષ્ઠિએ કહ્યું - ''મારી પાસે છે તે બધું સાધર્મિકોનું જ છે. એમાં મારું કશું જ નથી... હું તો નિમિત્ત માત્ર છું એમ કહી સસરાજી પાસેથી મળેલ એકાવલી હાર શ્રાવકનું રૂપ લઇ આવેલા દેવને અર્પણ કર્યો.. દેવ પ્રસન્ન થઇ એના ઉપર પુષ્પવૃષ્ટિ કરી તથા એને ચિંતામણી રત્ન આપીને રાજી થતો સ્વસ્થાને ગયો.

ચિંતામણી રત્ન હાથમાં આવતાં વધુ ને વધુ સંઘ ભક્તિ કરવા લાગ્યો... સંઘના વાંછિત - મનોરથ પૂર્ણ કરવા લાગ્યો...

એકદા નગર બહાર ઉદ્યાનમાં ચાર જ્ઞાનના સ્વામિ રત્નપ્રભ ગુરુ ભગવંત પધાર્યા... જિનદત્ત શેઠ પોતાના પરિવાર સાથે ત્યાં પધાર્યા... ગુરુ ભગવંતના દર્શન - વંદનનો લાભ લઇ ધર્મદેશના સાંભળી - ગુરુ ભગવંતને પોતાની ભવ-સ્થિતિ પૂછી. ગુરુદેવે કહ્યું - ''હે ભવ્ય જીવ ! તું અહીંથી આયુષ્ય પૂર્ણ કરી પ્રથમ ગ્રૈવેયકમાં દેવ પણે ઉત્પન્ન થઇશ અને ત્યાંથી મહાવિદેહ ક્ષેત્રમાં તીર્થંકર પદ પામી મુક્તિપદને પામીશ.''

ગુરુદેવના મુખારવિંદથી પોતાની ભવઃસ્થિતિ જાણી અનેક શ્રેષ્ઠિઓની સાથે સંયમનો સ્વીકાર કર્યો. સાધુ જીવનમાં અનેક તપસ્વી - બાલ ગ્લાન - વૃદ્ધાદિની સેવા-ભક્તિ અને વૈયાવચ્ચ દ્વારા સવિશેષ લાભ લઇ તીર્થંકર પદની નિકાચના કરી. નિરતિચાર ચારિત્ર પાળી પ્રથમ ગ્રૈવેયકમાં મહા સમૃદ્ધિવાળા દેવ થયા. ત્યાંથી મહાવિદેહમાં તીર્થંકર બની મોક્ષપદ પામ્યા. તેમની સ્ત્રી હરિપ્રભા એમના ગણધર બની મોક્ષ પદને પામશે.

સંઘભક્તિનો અદ્‌ભૂત મહિમા જાણી સંઘ ભક્તિનો લાભ લઇ સહુ આત્માઓ કલ્યાણ સાધો એ જ અંતરની અભિલાષા...

૨૨

# સમાન ધર્મ મૈત્રી

## "સંગ તેવો રંગ"

આકાશમાંથી વરસતું પાણી જેવો સંગ કરે એવું બને.
જો પાણી ગંગાનદીમાં ભળે તો પવિત્રતાને પામે...
જો પાણી સમુદ્રમાં ભળે તો ખારૂં બની જાય...
જો પાણી ગટરમાં ભળે તો મલિનતાને પામે છે...
જો પાણી સ્વાતિ નક્ષત્રમાં છીપમાં પડે તો મોતી બને છે..
પાણી એનું એ જ છે પરંતુ જે બને છે એ બધો જ સંગનો પ્રભાવ છે.
આપણે આ બાબતે કોઇ વિચાર કર્યો છે ?

મહાપુરુષોએ આપણા ઉપર અનંત ઉપકાર કરીને આપણને આપણા જીવનને સુંદર... સાત્વિક અને ધર્મમય બનાવવા માટેનો માર્ગ જણાવ્યો છે. ગૃહસ્થના કર્તવ્ય અંતર્ગત સમાન ધર્મમૈત્રીની વાત જણાવી. દેખાવમાં સામાન્ય પરંતુ વિચારતાં અતિ મહત્વની જણાતી આ વાત છે.

પંચમ કાળ અતિ વિષમ છે. આપણે જ્યાં સુધી પોતાના ગામમાં... વતનમાં હતા ત્યાં સુધી તો પ્રશ્ન જ ન હતો. કારણ ? એક એક શેરીમાં પોતાના જ પરિવારજનો વસતા હોય એટલે ત્યાં ભણવાનું પણ સાથે... ફરવાનું પણ સાથે... સંબંધો પણ સાથે અને ધંધો અને મૈત્રી પણ પોતાનાઓની જ. ત્યાં સુધી આપણી ગાડી બરાબર ચાલી. સંસ્કાર અને સંસ્કૃતિનું તેમજ જીવનમાં ધર્મના મુલ્યોનું બરાબર જતન થતું રહ્યું. પરંતુ વિવિધ કારણોથી આપણે આપણા વતનને છોડી બહાર નીકળ્યા. પંચરંગી પ્રજાની વચ્ચે રહેતા થયા. એના જે પરિણામો આવ્યા તે આપણે સહુ જોઇ-અનુભવી રહ્યા છીએ. આપણા ધર્મ - સંસ્કાર અને સંસ્કૃતિનું જે ધોવાણ થયું એ કલ્પનાતીત છે. આ પાછળનું એક માત્ર કારણ આપણા જીવનમાં **સમાન ધર્મ મૈત્રી**ના કર્તવ્યનો અભાવ. આપણા મિત્રો બીજા ધર્મના... આપણા ધંધાના સંબંધો અન્ય ધર્મીઓ સાથેના... આપણા સ્કુલ-કોલેજના મિત્રો બીજા ધર્મના... આજે તો પરિસ્થિતિ ત્યાં આવીને ઉભી છે કે ઘર-ઘરમાં અન્ય ધર્મની કન્યાઓ, પુત્રવધૂ રૂપે આવી ગઇ છે. શું કરીશું ?

जत्थ साहम्मिया बहवे, सीलवंता बहुस्सुया ।
चरित्तायार संपन्ना, आययणं तं वियाणाहि ।।

ओघ निर्युक्ति - ७८३

જ્યાં ઘણા સહ ધર્મિક (સાધર્મિક), શીલવંત, બહુશ્રુત, ચારિત્ર સંપન્ન. ભેગા મળતા હોય તે આયતન કહેવાય છે.

સમાન ધર્મીઓની સાથે મૈત્રી અંતર્ગત આવાજ જીવો સાથે પરિચય અને મૈત્રી કેળવવાની વાત જણાવી છે. એમની મૈત્રીથી શું થાય તે જણાવે છે.

आययण सेवणाओ दोसा झिज्झंति वड्ढइ गुणोहो ।
परगिह गमणं पि कलंकपंकमूलं सुसीलाणं ।।

धर्मरत्न प्रकरण – ३९

સમાન ધર્મી સમકિતી, શીલવંત અને બહુશ્રુતોની મૈત્રીથી દોષો નાશ પામે છે અને ગુણોની વૃદ્ધિ થાય છે. સુશીલવંતોને પારકા ઘરે જવું કલંકકારી બને છે.

ભીલોની વસ્તી હોય, ચોરોની પલ્લી હોય... હિંસક ક્રુર લોકો વસતા હોય... સાધુ-ધર્મી અને સજ્જનોની જ્યાં નિંદા થતી હોય એવા સ્થાને જવું આવવું પણ અયોગ્ય છે તો એવા સ્થાનોમાં વાસ તો અત્યંત હાનિકારક ફળ આપનાર બને છે. કુમતિદાયી... કદાગ્રહી... કુશીલ વ્યક્તિઓની મૈત્રીથી ધર્મીજનને પણ હાનિ થાય છે. ધર્મ સંસ્કારો નાશ પામીને મિથ્યાત્વાદિ દોષો જીવનમાં પ્રવેશે છે.

સમાન ધર્મી જનની મૈત્રીથી દોષો નાશ પામે છે... મિથ્યાત્વ દૂર થઇ સમ્યક્ત્વની પ્રાપ્તિ અને નિર્મળતા થાય છે. મોહ ઘટે છે અને ગુણોની વૃદ્ધિ થાય છે.

સુલસ અને આદ્રકુમાર સમ્યક્ત્વ પામી આત્મકલ્યાણના પંથના પથિક બન્યા એના મૂળમાં શું હતું ? સ્વીકારવું જ પડશે એમની અભયકુમાર સાથેની મૈત્રી. જો આ મૈત્રીના સંબંધ ન બંધાયા હોત તો કાલસૌરિક કસાઇનો દિકરો સુલસ અનાર્ય કુળમાં જન્મી ધર્મ માર્ગ પામી શક્યો હોત ખરો ? અનાર્ય દેશમાં જન્મેલો આદ્રકુમાર પ્રભુ મહાવીરની શરણાગતિ સુધી પહોંચ્યો એની પાછળ પણ અભયકુમાર સાથેની મૈત્રી જ હતીને ?

જંબૂકુમારને ત્યાં ચોરી કરવા આવેલા પ્રભવાદિ પાંચસો ચોરોએ ધર્મી જંબુકુમારની પોતાની પત્નીઓ સાથેની ધર્મચર્ચા સાંભળી અને એ પાંચસો ચોર જંબૂકુમાર સાથે સંયમના પંથે સંચર્યા. આ છે ધર્મી જનોની સાથેની મૈત્રીનો અદ્‌ભૂત પ્રભાવ.

સ્થુલીભદ્ર ગુરુ આજ્ઞા લઇ બાર-બાર વરસ રંગરાગમાં વીતાવ્યા હતા એ જ સ્થાને એ જ કોશાથી અલિપ્ત રહી શુદ્ધ બ્રહ્મચર્યનું પાલન કરી કોશાને બારવ્રતધારી શ્રાવિકા બનાવી. આ છે ધર્મીના સંગે જીવન પરિવર્તન.

આપણને પુણ્યના ઢગલાને ઢગલા ભેગા થયા ત્યાં અમુલ્ય માનવભવ અને જિનશાસનની પ્રાપ્તિ થઇ છે. હવે મળેલી આ દુર્લભ ક્ષણોને વ્યર્થ ગુમાવવી ન હોય તો આપણાથી હિનનો ક્યારેય સંગ કરશો નહીં. સદા ઉચ્ચ ધાર્મિક વૃત્તિવાળા ગુણિયલ સજ્જનોનો જ સંગ કરજો. એમના ગુણોને આપણા જીવનમાં વિકસાવવા પ્રયત્ન કરશો.

સહધર્મીઓના સંગમાં રહેવાથી આત્મ કલ્યાણ કરનારી અને સન્માર્ગે અનુમોદનીય આરાધનાના પ્રસંગો જાણવા મળે છે.

સહધર્મીઓના સંગથી સારા-ધાર્મિક વ્યક્તિઓનો પરિચય થાય છે. એમના જીવનમાં થતી આરાધનાને જાણીને આપણને એ આરાધનાના માર્ગે આગળ વધવાની પ્રેરણા અને બળ મળે છે. મનમાં શુભ કાર્યો કરવાના મનોરથો જાગે છે. પેલા ગરૂડ જટાયુને રામચંદ્રજીનો પરિચય થયો અને એ સ્વયં ધર્માત્મા બની ગયું.

પ્રભુ મહાવીરના પરિચયમાં અને સત્સંગમાં આવવાથી જ ઇન્દ્રભૂતિનું અભિમાન ટળ્યું અને એને સાચા ધર્મની પ્રાપ્તિ થઇ. ચંડકૌશિક જેવાનો ક્રોધ પણ પ્રભુના સાનિધ્ય અને સત્સંગથી શાંત થયો.

આપણે પણ આપણા જીવનને ઉર્ધ્વગામી બનાવવું હોય તો સારા વ્યક્તિઓનો પરિચય કેળવવો જોઇએ. જેની સાથે રહિએ તેના જેવા થઇએ. 'વાસ વસિએ તેવી બુદ્ધિ આવે' આ બધી વાતો એમ ને એમ નથી કહેવાઇ. સર્વ ધર્મોમાં પ્રધાન એવા જિનધર્મને પામીને જે જીવ નીચ જાતિના વ્યક્તિઓનો સંગ કરે છે તે મહાન જીવન પામીને પણ હારી જાય છે. આત્મોન્નત્તિના સોપાન ચઢવાને બદલે નીચે ઘસરી જાય છે. અનાદિના પતન-ઉત્થાનની રમતને સમેટીને એકાંતે આત્મકલ્યાણ સાધવું હોય તો સત્સંગ અનિવાર્ય છે.

નિશાળમાં બે બાળકો સાથે ટિફીન ખોલી ખાવા બેઠા. બન્ને એક બીજાને પોતાનું ટિફિન બતાવે છે. એક મિત્ર બીજા મિત્રના ટિફીનને જોઇને પૂછે છે - ''અરે ! તું આ શું લઇ આવ્યો ?''

પહેલો મિત્ર કહે છે - ''તને ખબર નથી પડતી આ બટાટાની વેફર છે... ખાવામાં સારી લાગે, ચાખી જો.''

બીજો મિત્ર કહે છે - ''ના...ના... અમે જૈન છીએ. અમે બટાટા ના ખાઇએ... બટાટા ખાઇએ તો ઘણા જીવ મરે અને આપણને નરકમાં જવું પડે. ત્યાં ઘણા દુઃખી થઇએ.''

પેલો મિત્ર કહે છે - ''અમે પણ જૈન છીએ, પણ મને તો આવું કાંઇ ખબર નથી, અમે તો

બટાટા ખાઇએ છીએ.''

મિત્ર કહે છે – ''ના... ના... તમે જૈન નથી. જૈન બટાટા ખાય જ નહીં.''

પેલો મિત્ર ઘેર જઇને મમ્મીને પૂછે છે ''મમ્મી આપણે જૈન નથી.''

બા કહે છે – ''બેટા! આપણે જૈન જ છીએ. કેમ એમ પૂછે છે ?''

''મમ્મી ! મારા મિત્રે કહ્યું તમે જૈન નથી. જૈન બટાટા ન ખાય. બટાટા ખાવાથી ઘણું પાપ લાગે... નરકમાં જવું પડે... દુઃખી થવું પડે. મમ્મી આ વાત સાચી છે ?''

મમ્મી શું જવાબ આપે ? મમ્મીએ દિકરાને કહ્યું ''બેટા ! આજથી આપણે સાચા જૈન બનીશું.''

અને એ પરિવાર સદાને માટે સાચો જૈન પરિવાર બની ગયો. નાના બાળકો માટે પણ સહધર્મીનો સંગ કેટલો આવશ્યક છે તે તમને સમજાઇ જશે.

પાઠશાળા, પૂજા, તપસ્યા, શિબિર આદિના બાળકોમાં સંસ્કાર પણ સહધર્મીના સંગથી જ આવશે. આવો ! આપણે સાચી દિશામાં સાચો પુરૂષાર્થ આદરીએ. આપણા મહામુલા સંસ્કારોનું જતન કરીને આત્મકલ્યાણના માર્ગે આગળ વધીએ.



૨૩

# શાસન પ્રભાવના

## ‘‘ભાવના એક ને તારે પ્રભાવના અનેકો ને તારે.’’

સ્વ કલ્યાણ માટે ભાવનાનું મહત્વ છે તો સર્વ કલ્યાણ માટે પ્રભાવના અતિ આવશ્યક છે. મને તીર્થંકર પરમાત્માનું તારક શાસન મળ્યું... ગમ્યું અને અંતરમાં વસ્યું તેથી મારું આત્મ કલ્યાણ થયું; એવી જ રીતે દુર્લભ પ્રભુ શાસન સહુને મળે... સહુને ગમે... સહુના હૃદયમાં વસે અને સહુ જીવો આત્મ કલ્યાણ સાધે એ અપૂર્વ ભાવનાથી પ્રભુના શાસનનો મહિમા ગાવો. શાસન સહુના હૈયામાં વસે એ માટે શાસન પ્રભાવનાના કાર્યો અવશ્ય કરવા જોઇએ.

એક ભિખારીનો જીવ... પેટની આગને... ક્ષુધાવેદનીયને શાંત કરવા પ્રભુ મહાવીરના સંયમ માર્ગનો સ્વીકાર કરે છે. પરંતુ સાંજે જ સ્વાસ્થ્ય બગડ્યું અને ગામમાં સમાચાર ફેલાતા શ્રી સંઘ...શેઠ-સાવકાર નૂતન મુનિની સેવામાં હાજર થાય છે. એમની સેવા ભક્તિની મનમાં અનુમોદના કરતાં આયુષ્ય પૂર્ણ કરી ‘‘સંપ્રતિ’’નામે રાજા બન્યા. જાતિ સ્મરણ જ્ઞાનથી પોતાનો પૂર્વ ભવ જાણી, ગુરુચરણે રાજ્ય સમર્પિત કર્યું. પ્રભુ શાસનના નિસ્પૃહ અને નિષ્પરિગ્રહી ગુરુએ રાજ્યનો અસ્વીકાર કરી બોધ આપ્યો. તારા અંતરમાં જેમ જિનશાસન વસ્યું છે તેમ વધુને વધુ જીવોના અંતરમાં શાસન વસે એ માટે શાસન પ્રભાવનાના કાર્યોમાં લાગી જા. ગુરુનો બોલ ઝીલીને સંપ્રતિ રાજાએ સંપૂર્ણ જીવન શાસન પ્રભાવનાના કાર્યોમાં સમર્પિત કરી દિધું.

સવા લાખ નૂતન જિનાલયો બંધાવ્યા.. સવા કરોડ જિન પ્રતિમાઓ ભરાવી... છત્રીસ હજાર જિનાલયોનો જિર્ણોદ્ધાર કરાવ્યો... જિન શાસનના જાણકાર શ્રાવકોને તૈયાર કરી અનાર્ય ક્ષેત્રોમાં મોકલી જિનશાસનની આચાર મર્યાદાનો પ્રચાર કરાવી, સાધુ - વિચરણ યોગ્ય ક્ષેત્રો તૈયાર કર્યા.

પ્રભુ મહાવીર સ્વામિનું શાસન અખંડ પણે (૨૧૦૦૦) એકવીસ હજાર વરસ સુધી ચાલવાનું છે તે આવા શાસન પ્રભાવકોના આધારે ચાલવાનું છે. શાસ્ત્રોએ પણ આઠ પ્રકારના મુખ્ય શાસન પ્રભાવકો કહ્યા છે.

**૧. પ્રવચન પ્રભાવક** - સાધુ ભગવંતોને વાચના દ્વારા અને શ્રાવક શ્રાવિકાઓને વ્યાખ્યાન દ્વારા પ્રભુ શાસનનું તત્વજ્ઞાન પીરસીને એમના હૃદયમાં પ્રભુ શાસન વસાવવાની

સાથે એ માટેનું બહુમાન નિર્માણ કરવાનું કાર્ય કરનાર આચાર્ય ભગવંત પ્રવચન પ્રભાવક કહેવાય છે. પ્રવચન પ્રભાવક તરીકે શાસ્ત્રોમાં વજસ્વામિનું નામ પ્રસિદ્ધ છે. આજના કાળે જે શ્રુત છે એના અર્થને જાણનારા સમજાવનારા પ્રવચન પ્રભાવકોની મુડી જિનશાસન પાસે સારી સંખ્યામાં છે તે શાસનનું સદ્ભાગ્ય છે.

**૨. ધર્મકથી પ્રભાવક –** ધર્મકથા તો સદા દુર્લભ જ રહી છે પરંતુ પ્રભુ શાસનના રત્ન નંદિષેણ મુનિ, સાધુ વેશ છોડીને વેશ્યાના ઘરમાં રહ્યા. પરંતુ પરમાત્માના શાસનનો રાગ એવો મજબૂત હતો કે વેશ્યાના ઘરમાં રહીને પણ રોજ દસ જણાને પ્રતિબોધ પમાડે પછી જ ભોજન કરે એવો નિયમ કર્યો હતો. આ નિયમના પ્રભાવે એમણે બાર વરસમાં ૪૩,૨૦૦ માણસોને પ્રતિબોધ આપી સંયમ માટે પ્રભુ પાસે મોકલાવેલ. કેવી અપૂર્વ હશે ધર્મકથાની શક્તિ?

**૩. વાદી પ્રભાવક –** વાદ કરવો એ પણ એક શક્તિ છે. પોતાની પાસે જ્ઞાનની વિશાળતા હોય, તર્ક શક્તિ વિકાસ પામેલી હોય, સ્યાદવાદનો જ્ઞાતા હોય, નિશ્ચય-વ્યવહારમાં નિપુણ હોય તે જ વાદ કરી શકે. ષટ્દર્શનને ઉંડાણથી જાણતો હોય સાથે ગુરુકૃપા હોય તે જ વાદી અજેય બની શાસન પ્રભાવના કરી શકે છે. શાસ્ત્રકાર મહર્ષિઓ મલ્લવાદી દેવસૂરિના વાદશક્તિની પ્રશંસા કરીને એમણે રાજ્યસભામાં પણ અનેક વાદોમાં વિજય મેળવી જિનશાસનનો જયજયકાર કર્યો છે. આજે પણ તર્કશાસ્ત્ર નિપુણ અનેક જ્ઞાની મહાત્માઓ જિનશાસનની પ્રભાવના કરી રહ્યા છે.

**૪. નિમિત્ત વેત્તા પ્રભાવક –** નિમિત્ત શાસ્ત્ર એક શાસ્ત્ર છે જે નિમિત્તના આધારે ભવિષ્ય જણાવે છે. આ શાસ્ત્રથી પણ અન્ય મતની ખોટી વાતોને ખોટી સાબિત કરી શકાય છે. શ્રુતકેવલી ભદ્રબાહુસ્વામીએ નિમિત્ત શાસ્ત્રના આધારે જ વરાહમિહિરની રાજાના પુત્રના આયુષ્ય સંબંધી અને મત્સ્યના પડવાની સત્ય વાત જણાવી એના મતને પરાજય આપી જિનશાસનની વિજય પતાકા લહેરાવી હતી. આજના સમયમાં આવા પ્રભાવકો શાસનમાં અલ્પ દેખાય છે.

જામનગરથી તિર્થાધિરાજ શત્રુંજયનો છ'રિ પાલિત સંઘ ગામોગામ મુકામ કરતા શત્રુંજય તીર્થ તરફ આગળ વધી રહ્યો હતો. એક દિવસ સવારના ઉઠી પ્રતિક્રમણ કરતાં આચાર્ય ભગવંતના કાને ભૈરવનો અવાજ આવ્યો. તંબુમાંથી બહાર આવી આચાર્ય ભગવંતે ચારે બાજુ નજર કરી ભૈરવ બરાબર સંઘપતિના તંબુ ઉપર બેસીને બોલતી હતી. આચાર્ય

ભગવંતે પ્રતિક્રમણ - પડિલેહણાદિ ક્રિયા પૂર્ણ થતાં એક મુનિરાજને સંઘપતિ બંધુ બેલડીને બોલાવવા મોકલ્યા. તરત સંઘપતિ બંધુ વર્ધમાન શ્રેષ્ઠિ તથા પદમશી શ્રેષ્ઠિ હાજર થયા. ગુરુવંદન કરી આજ્ઞા ફરમાવવા કહ્યું. ગુરૂદેવે કહ્યું આજે આપને સંઘમાં હાથી ઉપર બેસી નથી ચાલવાનું... પૌષધ લઇને અમારી સાથે વિહાર કરવાનો છે. ગુરુ વચન તહત્તિ કરી બન્ને બંધુઓ તરત પૌષધના ઉપકરણ લઇ હાજર થયા. પૌષધ લઇ ગુરૂદેવ સાથે પગે ચાલવા માંડ્યા. હાથીનો મહાવત વિચાર કરવા લાગ્યો. ''આ કેવા ગુરુ ? શેઠને હાથી ઉપર બેસાડવાને બદલે પગે ચલાવે છે અને આ શેઠીયાઓ પણ એમની વાત માને છે.'' ગુરૂતત્વને સમજવાની મહાવતની શક્તિ કેટલી ? હજી તો થોડું ચાલ્યા અને હાથી ગાંડો થઇ ગયો... મહાવતના અંકુશને ગણકાર્યા વગર જ્યાં ત્યાં દોડવા લાગ્યો. સંઘના માણસો ગભરાઇ ગયા. ગુરૂદેવની વાતનું રહસ્ય બન્ને સંઘપતિ બધું સમજી ગયા આજે જો હાથી ઉપર બેઠા હોત તો શું થઇ જાત ? એની કલ્પના પણ કરવી મુશ્કેલ હતી. નિમિત્તને ઓળખીને પરિસ્થિતિનું માપ કાઢનાર આવા મહાત્માના માર્ગદર્શનથી શ્રી સંઘ અને સંઘપતિની રક્ષા થઇ શાસનનો જયજયકાર થયો. આ આચાર્ય ભગવંત હતા યુગપ્રધાન અચલગચ્છાધિપતિ પ. પૂ. આ. ભ. શ્રી **કલ્યાણસાગરસૂરીશ્વરજી મહારાજા.** વંદન હો આવા શાસન પ્રભાવક આચાર્યશ્રીના ચરણોમાં.

**૫. તપસ્વી પ્રભાવક** - પ્રભુ મહાવીરસ્વામિએ સ્થાપેલા ચાર પ્રકારના ધર્મમાં દાન અને શીલ પછી તપ ધર્મ આવે છે. પરમાત્માની આજ્ઞા પાલન પૂર્વક તપ કરવું... આશ્રવને દૂર કરી આત્માને સંવર અને નિર્જરામાં સ્થાપન કરી કર્મોને તપાવી આત્માથી અલગ કરવા... ખપાવવા તે તપ અતિ દુષ્કર છે. પરંતુ સાધકાત્મા માટે એ જ આદરણીય છે. ઉગ્ર તપસ્વીઓ શાસનની પ્રભાવના કરનારા બને છે.

- સુંદરીએ સાઇઠ હજાર વર્ષ સુધી આયંબીલ કર્યા હતા.
- ગૌતમ સ્વામિએ ત્રીસ વર્ષ સુધી છઠ્ઠના પારણે છઠ્ઠ કરી હતી.
- ધન્ના કાકંદીએ જીવન પર્યંત છઠ્ઠના પારણે આયંબિલ કર્યા હતા.
- જંબૂસ્વામીએ સાડા બાર વરસ સુધી છઠ્ઠના પારણે આયંબિલ કરેલ.
- જગત્ચંદ્રસૂરિએ સાડા બાર વરસ સુધી આયંબિલ કરેલ.
- ચંપા શ્રાવિકાએ છ મહિનાના ઉપવાસ કર્યા હતા.

આવા અનેકાનેક તપસ્વીઓએ જિનશાસનની પ્રભાવના કરી છે.

હાલમાં જિનશાસનના વરિષ્ઠ આચાર્ય...સંઘ શિરછત્ર... અચલગચ્છાધિપતિ તપસ્વીરત્ન પ.પૂ.આ.ભ. **શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.**નો સુવર્ણ વરસીતપ મહોત્સવ ઉજવાઇ રહ્યો છે. શ્રી સંઘની સર્વ જવાબદારીઓને સંભાળવા સાથે છેલ્લા ૫૦-૫૦ વરસથી વરસીતપની આરાધના સાથે વિશિષ્ટ કોટિનો ત્યાગ જીવનમાં ચાલુ છે. આ પાંચમા આરામાં પણ તીર્થંકરની ઝાંખી કરાવતા સૂરિવર અત્યંત પ્રભાવશાળી વ્યક્તિત્વ ધરાવે છે. જેમના સુવર્ણ વરસીતપ અનુમોદનાર્થે સાધિક ત્રણ હજાર (૩૦૦૦) સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકા વરસીતપમાં જોડાયા છે. આવા તપપ્રભાવક સૂરિવરને કોટિ કોટિ વંદના.

આજના કાળમાં પણ વર્ધમાન તપની સો સો ઓળીઓ ચતુર્વિધ શ્રી સંઘમાં ઉજવાઇ રહી છે અને એનાથી શાસન પ્રભાવના થઇ રહી છે.

**૬. વિદ્યા પ્રભાવક -** સમયે સમયે શાસનમાં અનેક મંત્ર વિદ્યાના આરાધકો પણ થયા છે અને એમણે મંત્રના પ્રભાવે શાસનની અદ્‌ભૂત પ્રભાવના કરી છે. શાસ્ત્રોમાં વજસ્વામીનું નામ વિદ્યા પ્રભાવક તરીકે પ્રસિદ્ધ છે. એમની પાછળ પણ આ પરંપરા અખંડ પણે ચાલુ છે.

એકદા શિષ્ય પરિવાર સાથે વિહાર કરતા એક આચાર્ય ભગવંત વડનગર નામના ગામમાં પધાર્યા... તળાવના કિનારે પરિવાર સહિત નિવાસ કર્યો... તે ગામમાં નાગર બ્રાહ્મણોના ત્રણસો ઘરો હતા. ગુરુ આજ્ઞાથી શિષ્યો ગામમાં ગોચરી ગયા... પરંતુ આહાર-પાણી ન મળતાં એમ જ પાછા ફર્યા.

ગુરૂ ભગવંતે શિષ્યોને કહ્યું - 'હે મહાનુભાવો ! **સાધુને ગોચરી મળે તો સંયમ વૃદ્ધિ અને ન મળે તો તપવૃદ્ધિ. એથી આજે આપણને તપવૃદ્ધિ થઇ છે.'**

બધા મુનિરાજો સ્વાધ્યાયમાં જોડાઇ ગયા.

એવામાં કોલાહલ થયો. નગરશેઠના પુત્રને સર્પે દંશ કર્યો અને પુત્ર મૂર્ચ્છા પામ્યો. તેના સગા સંબંધિઓ પુત્રને મૃત્યુ પામેલો જાણી વિલાપ કરવા લાગ્યા. વિલાપનો કોલાહલ સાંભળી ગુરુદેવના આદેશથી એમના શિષ્યો તે મૂર્ચ્છા પામેલા નગરશેઠના પુત્રને તેના સગા સંબંધિઓ સહિત ગુરુ મહારાજ પાસે લઇ આવ્યા. ત્યારે જિનશાસનની પ્રભાવનાનો અવસર જાણી ગુરુ મહારાજાએ **'ૐ નમો દેવદેવાય'** સ્તોત્રનો પાઠ કરીને તથા ગારૂડી મંત્રથી તે સર્પને ત્યાં બોલાવ્યો. તે જ સમયે તે સર્પે પણ ત્યાં આવીને તેના શરીરમાંથી પોતાનું વિષ ચુસીને પાછું ખેંચી લીધું. તે જ સમયે તે નગરશેઠનો પુત્ર સચેતન થઇને બેઠો થયો.

એવા પ્રકારનો જૈન સાધુઓનો પ્રભાવ જાણીને તે બધા જ નાગર બ્રાહ્મણોએ જૈન ધર્મનો સ્વીકાર કર્યો. પછી નાગર બ્રાહ્મણોએ ગુરુ મહારાજનો નગર પ્રવેશ મહોત્સવ કર્યો. ગુરૂદેવ પણ નગરજનોના અતિ આગ્રહથી ત્યાં જ ચાતુર્માસ રહ્યા. ગુરુ મહારાજના ઉપદેશથી નાગરવણિકોએ ત્યાં એક જિન પ્રાસાદ અને ઉપાશ્રય બનાવ્યો. જિન શાસનની અદ્‌ભૂત પ્રભાવના સાથે જયજયકાર થયો.

આવા છે વિદ્યા પ્રભાવક ગોડીપાર્શ્વનાથના પુનઃ સ્થાપક અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રીમદ્ મેરૂતુંગસૂરીશ્વરજી મહારાજા. **'ૐ નમો દેવદેવાય'** સ્તોત્રના રચયિતા **વિદ્યા પ્રભાવક** સૂરિવરને કોટિ કોટિ વંદના.

**૭. સિદ્ધ પ્રભાવક –** જિનશાસનનો આરાધક વર્ગ લબ્ધિ અને સિદ્ધિઓથી દીપી ઉઠે છે. અનેકાનેક મહાત્માઓ પાસે અનેક સિદ્ધિઓ હતી. સાચા સાધકો ક્યારે પણ આ લબ્ધિ કે સિદ્ધિઓનો ઉપયોગ પોતાની નામના – યશ-કિર્તિ માટે કરતા નથી. પરંતુ સંઘ રક્ષા અને શાસન પ્રભાવના માટે કર્યા વગર પણ રહેતા નથી.

જેઓ આરાધના કરે છે એમને સિદ્ધિઓ સ્વયંમેવ પ્રાપ્ત થાય છે. એ માટે એમને કોઇ વિશેષ પુરૂષાર્થ કરવો પડતો નથી. સનત્કુમાર ચક્રવર્તીની થુંકમાં શરીરને સુવર્ણકાંતિ યુક્ત બનાવવાની સિદ્ધિ હતી. યોગીરાજ આનંદઘનજી મહારાજાના શરીરના અણુ-અણુમાં સિદ્ધિઓ ધરબાયેલી હતી. શીલા ઉપર પેશાબ કરીને એમણે શીલાને સોનાની બનાવી દેખાડી આ સિદ્ધિને મૂલ્યહીન ગણાવી હતી.

**૮. કવિ પ્રભાવક –** અલૌકિક કાવ્યરચના દ્વારા ચમત્કારોની પરંપરા ઉભી થાય છે. અદ્‌ભૂત કાવ્ય રચનાઓ રાજદરબારમાં પણ સન્માનનીય સ્થાન પ્રાપ્ત કરે છે. શ્રુતકેવલી શ્રી ભદ્રબાહુસ્વામી એ 'ઉપસર્ગહર સ્તોત્ર'ની રચના કરીને શ્રી સંઘ ઉપરના મારી મરકીના ઉપદ્રવને દૂર કર્યો હતો. અશાંતિના પટકાયેલા સંઘને ઉગારવા પૂ. માનદેવસૂરિએ 'લઘુ શાંતિ'ની રચના કરી મહાન ઉપકાર કર્યો હતો. સિદ્ધસેન દિવાકરે શ્રી કલ્યાણ મંદિરની રચના દ્વારા શ્રી અવંતી પાર્શ્વનાથને શિવલિંગમાંથી પ્રગટ કરીને વિક્રમ રાજાને પ્રતિબોધ્યા હતા. આજે પણ એ કાવ્યો એ જ શ્રદ્ધા અને ભાવથી બોલાય છે. આવી રચનાઓ યુગોયુગો સુધી અમર બનીને શાસન પ્રભાવના કરતી રહે છે.

આજના જ આ કાળમાં મહાન શીઘ્રકવિ, કચ્છ કેશરી, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મહારાજા થઇ ગયા. છેલ્લા સો વરસમાં એમના

જેટલી કાવ્ય રચનાઓ ભાગ્યે જ કોઇએ કરી હશે. એમણે જિનશાસનનું એક પણ ક્ષેત્ર છોડ્યું નથી બધા જ વિષયો ઉપર લોકભોગ્ય ભાષાઓમાં રચના કરીને શાસન ઉપર અપૂર્વ ઉપકાર કર્યો છે. સહજતાથી સમજાઇ શકાય એવી રચનાઓ કરીને શાસન પ્રભાવનાનું અવર્ણનીય કાર્ય કર્યું છે. એમના કાવ્ય રચનાનો સવિસ્તાર ઉલ્લેખ કરતાં અનેક ગ્રંથો નિર્માણ પામી જાય એમ છે.

આવા આવા પ્રભાવકો શાસનની સર્વ પ્રકારે પ્રભાવના કરી રહ્યા છે. એટલું જ નહિં શાસ્ત્રકારો કહે છે કે જ્યારે આવા વિશિષ્ટ કોટિના પ્રભાવક ન હોય ત્યારે જિનાલયોનું નિર્માણ, છ'રિ પાલિત સંઘ, નવ્વાણુ યાત્રાઓ, ચાતુર્માસાદિના આયોજનો દ્વારા શ્રી સંઘોને ધર્મ આરાધનામાં જોડે... વિવિધ અનુષ્ઠાનો - પૂજાઓ દ્વારા જિન ભક્તિના સંગે સહુને રંગે તે પણ શાસન પ્રભાવના છે.

ચાલો ! આપણને શાસન પ્રભાવના માટેની મળેલી તકને સફળ બનાવીએ. સહુને શાસન સાથે જોડી આપણું શાસન સાથેનું જોડાણ મજબૂત અને કાયમી બનાવીએ.

## નવ ક્ષેત્ર

ગૃહસ્થ જીવનની સફળતાની ચાવીરૂપ એક પછી એક કર્તવ્યનો પરિચય કરાવતાં પૂજ્યપાદ મહેન્દ્રસૂરિ મહારાજા આપણને ચોવીસથી બત્રીસ ગુણોનો એક સાથે પરિચય કરાવતાં કહે છે ધનને વાવવા માટેના નવક્ષેત્ર છે. એમાં શ્રાવકે ધન વાવવું એટલું જ વાપરવું જોઇએ. આપણે પ્રથમ ક્ષેત્ર એટલે શું ? એનો વિચાર કરીએ.

દાનના સાત ક્ષેત્ર પણ જણાવ્યા છે. સહજ મનમાં પ્રશ્ન ઉઠે ક્ષેત્ર એટલે શું ? એનું સમાધાન કરતાં કહે છે ''જેમ યોગ્ય ક્ષેત્રમાં એક દાણો પણ વાવવામાં આવે તો એના અનેક દાણા મળે છે... ફળે છે તેવી જ રીતે સુયોગ્ય સ્થાનમાં જો દાનનું બીજ વાવવામાં આવે તો એનો અનેક ગણો લાભ દાતાને પ્રાપ્ત થાય છે.'' આવા સાત ક્ષેત્ર શાસ્ત્રકારોએ જણાવ્યા છે-

૧. જિન પ્રતિમા, ૨. જિનાલય, ૩. જ્ઞાન, ૪. સાધુ, ૫. સાધ્વી, ૬. શ્રાવક તથા ૭. શ્રાવિકા.

આ સાત ક્ષેત્ર ઉત્કૃષ્ટ છે એમાં વાપરેલી સંપત્તિ સદા સફળ થાય છે. જે ક્ષેત્ર જે કાળે સિદાતું હોય એ ક્ષેત્રને પ્રાધાન્ય આપવાની વાત મહાપુરૂષો જણાવે છે. આપણે સંપત્તિ વાપરતી વખતે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ વગેરેનો વિવેક પૂર્વકનો વિચાર કરવો અત્યંત આવશ્યક છે. આવી સમજણ આપીને પૂર્વાચાર્યોએ આપણા ઉપર મહાન ઉપકાર કરેલ છે. જો

આવી સમજણ આપણને ન મળી હોત તો આપણે આ કાળમાં ક્યાંક અથડાઇ પડ્યા હોત. માર્ગ ચૂકી ગયા હોત. દાન આપીને પણ ફળ હારી ગયા હોત.

અહીં એમાં જીવદયા અને અનુકંપાનો કઉમેરો કરીને નવ ક્ષેત્ર કહેવામાં આવ્યા છે. આપણે આ નવ ક્ષેત્રોનો સંક્ષિપ્તથી વિચાર કરીને આપણા જીવનમાં યથાશક્તિ સ્થાન આપી આત્મ કલ્યાણના સાધક બનીએ.



કેશવજી નાયકે ૭૦૦૦ પ્રતિમા ભરાવી.

# ૨૪ જિન પ્રતિમા ૨૫ જિનાલય

જીતે તે જિન છે... આઠ કર્મને જીતે તે જિન... પાંચ ઈન્દ્રિય અને છઠ્ઠા મનને જીતે તે જિન છે... આવા જિનને અનુસરે... જિને બતાવેલા માર્ગ ઉપર ચાલે તે જૈન છે.

જૈન જિનનો ઉપાસક... આરાધક છે. જિન એના આરાધ્ય દેવ છે. જિનના દર્શન-પૂજા-ભક્તિ અને ધ્યાન એના જીવનનો પાયો છે. આવા જિન ઉપાસક માટે જિનનો વિરહ ઘણો આકરો અને અસહ્ય હોય છે. આ વિરહ વેદનાને કાંઇક હળવી કરવા જિનના વિરહમાં એ જિન પ્રતિમાનો સહારો લે છે. જિન પ્રતિમાને એ પ્રતિમારૂપે નહીં પણ સાક્ષાત્ જિનેશ્વર સમાન જ માને છે. એના માટે જિન અને જિન પ્રતિમામાં કોઇ જ ભેદ નથી.

જિન પ્રતિમા એ અપૂર્વ શક્તિનો ભંડાર છે. વીતરાગ દશાની પ્રતીતી કરાવનાર છે. જિન પ્રતિમા માટે યોગીરાજ આનંદઘનજી મહારાજા કહે છે –

**અમિય ભરી મૂરતિ રચી રે, ઉપમા ન ઘટે કોય;**
**શાંત સુધારસ ઝીલતી રે ; નિરખત તૃપ્તિ ન હોય...**

નથી રાગની મલિનતા નથી દ્વેષની કાલિમા આવા અમૃત રસમાં... શાંત રસમાં ઝીલતા પ્રભુ પ્રતિમાના દર્શન કરતાં અદ્ભૂત શાંતરસની અનુભૂતિ થાય છે. પરમાત્માના દર્શનથી તૃપ્તિ જ થતી નથી. આંખ પ્રભુને નિરખતા એવી ઠરે છે કે ક્ષણવાર પણ ત્યાંથી હઠવાનું નામ જ લેતી નથી.

દેવાધિદેવ ભવોદધિ તારક... અંતર બાહ્ય શત્રુઓને જીતનાર અરિહંતના – જિનેશ્વરના દર્શન થાય અને જીવન સફળ બની જાય. ભવોભવમાં કરેલી ક્રિયા આરાધના પ્રભુ દર્શનથી સફળ બને છે.

વૈદ્ય મળે ને રોગ ભાગે... પાણી મળે ને તૃષા છીપે...
ભોજન મળે ને ભુખ ભાંગે... સુખ મળે તો દુઃખ ટળે..
સૂર્ય ઉગે ને અંધકાર દૂર થાય... **તેમ પ્રભુ મળે તો ભવ ટળે...**

તેમ આ સંસારમાં અથડાતા-કુટાતા જીવોને જો જિનેશ્વર પરમાત્માના... જિન પ્રતિમાના પણ દર્શન થાય તો એનો સંસાર ટકી જ ન શકે... એનો જન્મ-મરણનો રોગ કેમ રહે ? જિનેશ્વર જેવા નાથ મળે એનો સંસાર સીમીત બની જાય. એનું જીવન શાંત બની જાય...

નિર્વિકારતાની પ્રાપ્તિ થાય છે... એના જીવનમાંથી રાગ અને દ્વેષ વિદાય લે છે.... પરમ વીતરાગ ભાવની પ્રાપ્તિ થાય છે.

આવી છે આ જિન પ્રતિમા...

જેના જોવા માત્રથી આદ્રકુમારને જાતિસ્મરણ જ્ઞાનની પ્રાપ્તિ થઇ...

જેના આકૃતિવાળા મત્સ્યને જોવા માત્રથી શ્રેષ્ઠિ પુત્ર મત્સ્યને જાતિ સ્મરણ જ્ઞાન થયું... શ્રાવકના વ્રતો પાળવાનું સદ્ભાગ્ય તિર્યંચગતિમાં પ્રાપ્ત થયું...

જેના દર્શનથી અનેક આત્માઓ આત્મનિર્મળતાના સ્વામી બન્યા...

આવી અદ્ભૂત પ્રતિમાઓથી વિભુષિત અનેક જિનાલય આ પૃથ્વીતલ ઉપર મંડાયેલા છે. આપણા પૂર્વજોએ જિનાલયોનો અજોડ વારસો આપણા માટે જાળવી રાખ્યો છે. આજે પણ અનેક નુતન જિનાલયો એવં જિર્ણોદ્ધાર દ્વારા આ વારસો સચવાઇ રહ્યો છે... એમાં વૃદ્ધિ પણ થઇ રહી છે. પરમાત્મા પ્રત્યે કેવી અનોખી શ્રદ્ધા હશે ? પરમાત્માની કેવી અપૂર્વ ભક્તિ અંતરમાં ઉલ્લસી હશે કે પ્રભુ ભક્તોએ લાખો કે કરોડો નહિં પણ અબજોની સંપત્તિ એ જિનાલયો માટે સમર્પિત કરી દિધી છે. આપણા પૂર્વજોએ કેવા અપ્રતિમ જિનાલયોના નિર્માણ કર્યા છે...

આબુના પર્વતે શોભતા વિશ્વ વિખ્યાત દેલવાડાના જિનાલયો... પર્વતોની વચ્ચે જંગલમાં મંગલમય વાતાવરણનું નિર્માણ કરનાર રાણકપુરનું અદ્ભૂત જિનાલય... ઉંચા આભની સાથે વાતો કરતા તારંગાના જિનાલય... શત્રુંજયના ગિરિરાજ ઉપર ડોલતા - જૈન શાસનના ગૌરવવંતા ભૂતકાળનું દર્શન કરાવતા અનેક જિનાલયો... કેટલા નામ લઇએ ?

પરમાત્મ જિનાલયના વ્યસની સંપ્રતિ મહારાજા જેમણે સવા લાખ જિનાલયો અને સવા કરોડ જિનપ્રતિમાઓનું નિર્માણ કર્યું... છત્રીસ હજાર જિનાલયોનો જિર્ણોદ્ધાર કરાવ્યો...

જિનભક્તિના રસિયા કુમારપાળ રાજાએ ચૌદસો ચુમ્માલીસ નૂતન જિનાલયો બંધાવ્યા... તેરસો જિનાલયોનો જિર્ણોદ્ધાર કરાવ્યો... હજારો જિન પ્રતિમાઓ ભરાવી.

પ્રભુ ભક્તિની મસ્તીમાં લયલીન બનેલી વસ્તુપાલ-તેજપાલની બંધુ બેલડીએ હજારો જિનાલયો બનાવી... હજારો જિનપ્રતિમાઓ ભરાવી...

ફક્ત બસો વરસ પહેલા થઇ ગયેલા શેઠ શ્રી કેશવજી નાયક જેમની પિતા-પુત્રના નામે બે - બે ટુંકો આજે ગિરિરાજ ઉપર શોભી રહી છે... જેમણે એક સાથે સાધિક સાત હજાર જિન પ્રતિમાઓની અંજન શલાકા કરાવી. જેમના ભરાવેલ પ્રતિમાજી આજે પણ ઠેર ઠેર મળી આવે છે...

કચ્છની ધરતિ ઉપર એક એક વ્યક્તિએ જિનાલયોનું નિર્માણ કર્યું છે. પ્રભુ જિનાલય બનાવવાની સ્પર્ધા થતી. ક્યારેય જિનાલય માટે ફંડફાળા કરવામાં ન આવતા.

આવા જિનાલયો અને જિન પ્રતિમાઓના નિર્માણમાં વપરાતું દ્રવ્ય અક્ષય બની જાય છે. અનેકોને તારનાર – ઉગારનાર અને સંસારના તાપ–સંતાપ હરનાર બને છે.

## જિન ભક્ત સિતારા

✻ કલકત્તામાં જ્યારે ઈસ્ટ ઈન્ડિયા કંપનીનું રાજ હતું ત્યારે એક ભાઇ અંગ્રેજની દુકાને પહોંચ્યા... બધી વસ્તુઓનો ભાવ પૂછ્યો... અંગ્રેજે કહ્યું ભાવ શું પૂછો છો લેવું હોય તો લો નહીં તો ચાલ્યા જાવ. ભાઇએ કહ્યું – ''આખી દુકાનનો બધો માલ લેવો હોય તો શું ભાવ થશે ?'' અંગ્રેજે ગુસ્સામાં કહી દિધું એક લાખ રૂપિયા. તે વખતે લેનાર ભાઇએ રૂા. ૧ લાખનો ચેક લખી આપ્યો.

ખરેખર તો દુકાનમાં ૨૦ લાખનો માલ હતો પરંતુ દુકાનવાળો બોલ્યા પછી ફર્યો નહીં. આ કાંચની દુકાનનો બધો જ માલ અજીમગંજ પહોંચાડી કાટગોલમાં કાંચના જિનાલયમાં ૨૦ લાખનો માલ લગાડી દિધો. આજેય ત્યાં જાદુભર્યા કાંચના દરવાજાઓ છે. ક્યાંક કાચમાં વરસાદ વરસતો દેખાય તો ક્યાંક કાંચમાં બરફ પડતો દેખાય છે.

✻ ધીમે ધીમે કામ કરતા કારીગરોની ગતિ વધારવા અનુપમા દેવીએ કહ્યું – ''આ આબુના જિનાલયનું આરસ ઘડતાં જેટલો ભૂક્કો પડશે તેના ભારોભાર તમને સોનું આપવામાં આવશે.'' કારીગરોએ બેનમુન કારિગીરીથી ભવ્ય જિનાલયનું નિર્માણ કર્યું . જે વિશ્વખ્યાતિ પામ્યા.

✻ માંડવગઢના જાવડ શાહે (લઘુ શાલીભદ્ર) પાંચ જિનાલય બનાવ્યા તેમાં ૧૧ શેર સોનાની, ૨૨ શેર ચાંદિની એમ બે પ્રતિમા બનાવેલ. પ્રતિષ્ઠામાં રૂા. ૧૧ લાખ દ્રવ્ય વાપરેલ.

✻ થરાદના આભૂ સંઘવીએ ૧૫૧૦ નવી પ્રતિમાઓ ભરાવી હતી.

✻ સંઘવી દયાલશાહે એક કરોડ રૂપિયા ખર્ચીને નવમાળનું જિનાલય બંધાવ્યું જે આજે દયાલશા કિલ્લા તરીકે પ્રસિદ્ધ છે.

✻ માંડવગઢના પેથડમંત્રીને ચિત્રાવલી પ્રાપ્ત થઇ જેથી શત્રુંજયનો સંઘ કાઢ્યો તથા ૮૪ જિન પ્રાસાદ બનાવ્યા.

✻ ફલોધિના પાર્શ્વ ગરૂડ નામના શેઠને સુવર્ણ સિદ્ધિ પ્રાપ્ત થઇ તેથી તેમણે ફલવૃદ્ધિ પાર્શ્વનાથના ભવ્ય જિનાલયનું નિર્માણ કર્યું.

✻ જગડુશાહે ૧૦૮ જિનાલયો બંધાવ્યા હતા. શ્રી ભદ્રેશ્વર તીર્થનો જિર્ણોદ્ધાર કર્યો હતો.

✻ સાત વાહન રાજાએ આભ ઉંચા ત્રણસો જિનાલય બંધાવ્યા હતા.

## ૨૬ સમ્યગ્ જ્ઞાન

આત્મા તો અનંત ગુણોનો સ્વામી છે...
પણ એ સર્વ ગુણોમાં જ્ઞાન ગુણ મુખ્ય છે...
જ્યાં આત્મા છે... ત્યાં અવશ્ય જ્ઞાન છે...
જ્યાં જ્ઞાન છે... ત્યાં અવશ્ય આત્મા છે...
નિર્વાણની પ્રાપ્તિ સંપૂર્ણ જ્ઞાન દ્વારા જ થાય છે...
એથી જ તો મહા પુરુષોએ આપણને જ્ઞાનની આરાધના કરવા માટે... અને જ્ઞાનની વિરાધના ટાળવા માટે સતત સાવધાન – જાગૃત રહેવા ભલામણ કરી છે.

ज्ञानस्याराधने यत्नो – ऽध्ययनश्रवणादिभि: ।।
भव्यैर्विधेय: सततं – निर्वाण पदमिच्छुभि: ।।१।।

નિર્વાણ પદની અભિલાષા – ઈચ્છા રાખનારા ભવ્યાત્માઓએ પઠન અને શ્રવણ દ્વારા જ્ઞાનપદની આરાધનામાં નિરંતર પ્રયત્ન કરવો જોઇએ.

જ્ઞાનપદની આરાધના એ ભવ્યાત્માનું અવશ્ય કર્તવ્ય છે. પણ આરાધનાને સફળ બનાવવા વિરાધનાથી અટકવું પણ એટલું જ જરૂરી છે. વિરાધનાથી અટક્યા વિના કરાતી આરાધના સાચી સફળતા આપી શકતી નથી. આરાધના આગળ વધારે એના કરતાં વિરાધના વધારે નીચે પટકે છે.

विराधयन्ति ये ज्ञानं मनसा ते भवान्तरे । नरा: स्यु: शुन्यमनसो, विवेकपरिवर्जिता ।।
विराधयन्ति ये ज्ञानं वचसाऽपि हि दुर्धिय: । मूकत्वमुखरोगित्व – दोषास्तेषामसंशयम् ।।
विराधयन्ति ये ज्ञानं कायेनाऽयत्नवर्तिना । दुष्टकुष्टादिरोगा: स्यु–स्तेषां देहे विगर्हिते ।।

વિવેકહિન પ્રાણી જે મનથી જ્ઞાન કે જ્ઞાનીની વિરાધના કરે છે તે ભવાંતરમાં શુન્ય હૃદયવાળો થાય છે... જે દુર્મતિ વચનથી જ્ઞાન કે જ્ઞાનીની વિરાધના કરે છે તે ભવાંતરમાં નિસંશય ગૂંગો–તોતડો–બોબડો અને મુખરોગી થાય છે... યત્નહીન દેહધારી જે કાયાથી જ્ઞાન કે જ્ઞાનીની વિરાધના કરે છે એને દુષ્ટકુષ્ટ આદિ રોગ ઉત્પન્ન થાય છે.

આજે દિવસે દિવસે દુનિયામાં રોગો વધતા જાય છે... દવાઓના ઢગલાઓ બજારમાં ઠલવાઇ રહ્યા છે... ગલીઓ ડૉક્ટરોથી ઉભરાઇ રહી છે છતાં પણ જીવોને ક્યાંય શાંતિ નથી... શાતા નથી... કારમી અશાતા વેદનીયનો ભોગ આજનો માનવી બન્યો છે. આવું બધું

હોવા છતાં... જોવા છતાં... અને અનુભવવા છતાં આજનો માનવી ઉભી થયેલી પરિસ્થિતિનું યોગ્ય દિશામાં ચિંતન - મનન કરવામાં નિષ્ફળ ગયો છે.

કારણ વિના ક્યારેય કાર્ય ન હોય...

કાર્ય નજરની સામે આવવા છતાં આપણે જ્યારે એના સાચા કારણને શોધવામાં નિષ્ફળ જઇએ છીએ ત્યારે પરિસ્થિતિ વધારે દયનીય બની જાય છે. આપણે ફક્ત કારણ શોધવામાં જ નિષ્ફળ છીએ એમ નથી આપણે તો સામે આવી ઉભેલી પરિસ્થિતિનો સહજ સ્વીકાર કરવા પણ રાજી નથી. આપણે એને પણ છુપાવવા માગીએ છીએ.

એક હતું નગર...

નગરમાં વસે અતિશ્રીમંત નગરશેઠ...

નગર શેઠ યૌવનવયમાં હતા ત્યારે માતા-પિતાએ લગ્ન ગોઠવ્યા... લગ્ન પછી ખબર પડી કે પત્ની તો તોતડી છે... હવે શું કરવું?... એ સમયમાં વધારે પત્નીઓ કરવાનો રીવાજ હતો... શેઠ બીજી સ્ત્રી પરણ્યા... પરંતુ એ પણ તોતડી નિકળી... ત્રીજી સ્ત્રી પરણ્યા... એ પણ તોતડી નીકળી... સંતોષ માનવાને બદલે હજી એકવાર નસીબ અજમાવવું યોગ્ય લાગ્યુ. ચોથી સ્ત્રી પરણ્યા... પરંતુ એ સ્ત્રી પણ તોતડી નિકળી.. હવે શેઠ કર્મસત્તા સામે ઝુકી ગયા.. જે કુદરતને ગમ્યું તે ખરું માની સંતોષ માન્યો.

નગરશેઠના ઘરે ચાર સુંદર સ્ત્રીઓ છે એ બધાને ખબર હતી. પરંતુ ચારે શેઠાણીઓ તોતડી છે એની ખાસ કોઇને ખબર ન હતી. એક દિવસ નગરશેઠના વાળંદને આ વાતની ખબર પડી. એ વાતને પેટમાં જીરવી ન શક્યો. મનમાં ચટપટી જાગી ક્યારે રાજા પાસે જાઉં અને રાજાને વાત કરું. ગંભીરતાના ગુણ વિના નાની પણ વાત પચાવવી મુશ્કેલ છે.

રાજાની પાસે ગયેલા વાળંદે એકદા રાજા પાસે વાત કરી - ''રાજાજી ! આપણું ગામનું એક આશ્ચર્ય આપને ખબર છે ?''

''રાજાજી કશું જ ના સમજ્યા એમણે કહ્યું - ''આપણા ગામનું આશ્ચર્ય ? ના... ના... મને કાંઇ જ ખબર નથી.''

વાળંદે કહ્યું - ''રાજાજી ! આપણા નગરશેઠને ત્યાં ચાર-ચાર સ્ત્રીઓ છે... પણ આ ચારે શેઠાણી તોતડી છે.''

રાજાજી વાત સાંભળી આશ્ચર્ય પામ્યા... મનમાં વિચાર આવ્યો - ''આ તો મારે નગરશેઠના ઘરે જઇ આ ચારેને જોવી જ જોઇએ.''

પણ કોઇ વિશેષ કારણ વિના રાજા... નગરશેઠના ઘરે કેમ જઇ શકે ? રાજા વિસામણમાં પડ્યા. ત્યાં તો પ્રધાન આવી પહોંચ્યા. રાજાજીને વિચાર મગ્ન જોઇને કારણ પૂછ્યું – ''બોલો રાજાજી ! શેની વિચારણા ચાલે છે'' રાજાજીએ મનની વાત પ્રધાનજી સમક્ષ સ્પષ્ટ કરી.

પ્રધાનજીએ રાજાજીને સલાહ આપતાં કહ્યું – ''રાજાજી તમે નગરશેઠને મળવા બોલાવો... અથવા તમને મળવા આવે ત્યારે ચોપાટ રમવાનું આમંત્રણ આપો... ચોપાટ રમતી વખતે એવી શરત રાખો જે જીતે એના ઘરે જે હારે તે જમવા જાય.. પછી તમે જાણી જોઇને હારી જજો... એટલે તમને નગરશેઠના ઘરે જવાની અને જમવાની તક મળી જશે... શેઠાણીઓને જોવાનો – વાત કરવાનો અવસર મળી જશે.''

રાજાજીને પ્રધાનજીની સલાહ ગમી ગઇ. જલ્દી જ એનો અમલ કરવાનું મનમાં નક્કી કરી લીધું.

એકદા રાજસભામાં આવેલા નગરશેઠને ચોપાટ રમવા માટે આમંત્રિત કર્યા... પ્રધાનજીની સલાહ પ્રમાણે બધું કર્યું... શરત રાખી સ્વયં હારી ગયા...

હવે રાજાજીએ નગરશેઠને ત્યાં જમવા જવાનું નક્કી થયું. શેઠ રાજાજીની બાજી સમજી ગયા... પ્રથમ થોડા અસ્વસ્થ થયા પણ જલ્દીથી સ્વસ્થતા મેળવી લીધી...

થોડી આડી અવળી વાતો કરી ફરી એકવાર રાજાને જમવાનું આમંત્રણ આપી નગરશેઠ ઘરે આવ્યા.

ઘેર આવીને પોતાની ચારેય પત્નીને બોલાવી વાત કરી – ''આવતી કાલે આપણે ત્યાં રાજાજી જમવા માટે પધારવાના છે... ઘરને સાફ કરાવી... સારી રીતે સજાવજો... સુંદર રસવતીઓ બનાવજો... તમે બધા પણ સારા વસ્ત્ર અને આભુષણો પહેરજો... રાજાજીને ભાવથી પીરસજો... પરંતુ તમે એક પણ અક્ષર બોલશો નહીં... જે બોલશે એને હું પિયર મોકલી દઇશ.''

શેઠની વાત ચારે સ્ત્રીઓએ માન્ય રાખી.

બીજા દિવસની પ્રભાત થઇ.. નગરશેઠની ચારે શેઠાણીઓ કામમાં લાગી છે... સેવકો પાસેથી કામ કરાવે છે. બધી તૈયારીઓ થઇ ગઇ છે. રાજાજીના આગમનની રાહ જોવાય છે.

રાજાજી આવ્યા... સાથે પ્રધાનજીને લાવ્યા... નગરશેઠે રાજાજી એવં પ્રધાનજીનું સુંદર સ્વાગત કર્યું. થોડીવાર બેસીને વાતો કરી પછી બધા જમવા બેઠા... શેઠાણીઓ આવે છે પીરસે

છે પણ કોઇ કાંઇ બોલતી નથી... જો શેઠાણીઓ બોલે તો જ એ તોતડી છે એની ખબર પડે. રાજાજી મુંઝાયા હવે શું કરવું ? એમણે જમતાં જમતાં પ્રધાનજીને ઇશારો કર્યો...

ત્યાં એક શેઠાણી સરસ મજાના ગરમ-ગરમ વડા પીરસવા લાગ્યા... પ્રધાનજીએ વડા જોયા અને કહ્યું - ''વાહ ! આ વડા કેવા સુંદર બનાવ્યા છે... નથી કાચા... નથી બળેલા સરસ ગુલાબી - ગુલાબી વડા બનાવનાર ઘણો જ કુશળ હોવો જોઇએ... આવા મજાના વડા બનાવનારને તો શાબાશી આપવી જોઇશે...''

વડાની પ્રશંસા... બનાવનારની પ્રશંસા...

બધું સહેલું છે... પણ પોતાની પ્રશંસા પચાવવી ઘણી અઘરી છે... એમાં સ્ત્રીને પોતાની પ્રશંસા ઘણી જ પ્રિય હોય છે.

વડાની -વડા બનાવનારની પ્રધાનજી દ્વારા થયેલી પ્રશંસા સાંભળતાં જ પહેલા નગર શેઠાણી બોલી ઉઠ્યા - **''આ વૈચા તો મે તૈચા !''** ( આ વડા તો મેં તળ્યા છે.)

ત્યાં તો બીજા શેઠાણી બોલ્યા - ''બોવાનું ના કહ્યું ને કેમ બોયા ?'' (બોલવાનું ના કહ્યું તો કેમ બોલ્યા ?)

ત્યાં ત્રીજા શેઠાણી બોલી ઉઠ્યા - ''એ બોઇ તો બોઇ તું કેમ બોઇ ?'' (એ બોલી તો બોલી તું શું કામ બોલી ?)

ત્યાં ચોથા શેઠાણી બોલ્યા - ''હું તો માએ બોઇ નહીં ચાઇ નહીં'' (હું તો કાંઇ બોલી નહીં અને ચાલી નહીં.)

શેઠ બિચારા શરમાઇ ગયા.

ચતુર પ્રધાનજીએ ચારે શેઠાણીને બોલતી કરી દીધી.

આવા ઘણા પ્રસંગો વિશ્વના ચોગાનમાં જોવા મળે છે. નગરશેઠની ચારે પત્નીઓ તોતડી છે એની પાછળ ક્યાંક ને ક્યાંક... ક્યારેક ને ક્યારેક... કોક ને કોક... જ્ઞાન કે જ્ઞાનીની એમણે કરેલી વચન દ્વારાની વિરાધના છે... એમણે સ્વયં કરી છે એટલે એમને તોતડાપણું મળ્યું છે. નગરશેઠે પૂર્વમાં જ્ઞાન કે જ્ઞાનીની વિરાધના કરતાં એમને સાથ આપ્યો છે જેનું પરિણામ એમને પણ ભોગવવાનું છે.

આવો ! આપણા જીવનનું નિરીક્ષણ કરીએ... આપણે તો ક્યાંક આવી વિરાધનાઓથી આપણા જીવનને કલંકિત કરતા નથીને? આવી વિરાધનાઓ દેહમાં વ્યાધિ... વચનમાં વિકૃતિ... અને મનમાં સંતાપ... બુદ્ધિમાં મંદતા લાવ્યા વિના રહેતી નથી. આપણે સાવધાન

બનીએ તો આપણા ભાવિને અજવાળી શકીએ છીએ.

**જ્ઞાનની વિરાધનાથી અટકવા આટલું કરીએ -**

* જ્ઞાની ગુરુ ભગવંતોની ક્યારેય મજાક-મશ્કરી ન કરીએ.
* જ્ઞાની ગુરુ ભગવંતોના અવર્ણવાદ ન બોલીએ... નિંદા ન કરીએ.
* જ્ઞાની ગુરુ ભગવંતોના આસન-ઉપકરણોને ક્યાંય પગ ન લાગે તેની સાવધાની રાખીએ.
* જ્ઞાનના ઉપકરણ પાટી, પોથી, સાપળો, કાગળ, પુસ્તક, પેન, પેન્સિલ વગેરેને રખડતાં ન મુકીએ... એની આશાતના ન કરીએ.
* કાગળને થુંક ન લગાડીએ... અક્ષરને થુંક ન લગાડીએ.
* અક્ષરવાળા કપડા વિગેરે ન પહેરીએ.
* અક્ષરવાળા બિસ્કીટ -ચોકલેટ - કેક વિગેરે ન ખાઈએ.
* કાગળને બાળવાથી... કાગળ ઉપર બેસવાથી... કાગળમાં ખાવાથી પણ જ્ઞાનની આશાતના થાય છે.
* અક્ષરવાળા પગલુંછણા વિગેરે વાપરવાથી જ્ઞાનની આશાતના થાય છે.
* ફટાકડા ફોડવાથી જ્ઞાન બળે છે તેથી જ્ઞાનની આશાતના થાય છે.
* ખાતાં ખાતાં બોલવાથી - વાંચવાથી જ્ઞાનની આશાતના થાય છે.
* જ્ઞાનની યોગ્ય પ્રકારે સારસંભાળ ન કરવાથી આશાતના થાય છે.
* જ્ઞાનથી ઉંચા આસને બેસવાથી - જ્ઞાનને પૂંઠ આપીને બેસવાથી જ્ઞાનની આશાતના થાય છે.
* તોતડા - બોબડાની મશ્કરી કરવાથી જ્ઞાનની આશાતના થાય છે.
* M.C. માં પુસ્તક - છાપા - ચોપાનિયા વાંચવાથી જ્ઞાનની આશાતના થાય છે.
* ધાર્મિક પુસ્તકો પસ્તીમાં વેચવાથી જ્ઞાનની આશાતના થાય છે.
* ચિત્ર અને અક્ષરવાળા બુટ - ચંપલ પહેરવાથી જ્ઞાનની આશાતના થાય છે.

જીવનમાં જ્ઞાન વિરાધના ટાળીને, જ્ઞાનની સવિશેષ આરાધના માટે પણ આગળ વધવાનું છે. ટીપે ટીપે સરોવર ભરાય એમ થોડી થોડી આરાધના કરતાં જ આગળ વધી શકાય છે. જ્ઞાન આરાધનામાં આગળ વધવા નીચેના નિયમો આપણને સહાયક બનશે...

* જ્ઞાન આરાધના માટે દરરોજ જ્ઞાનના પુસ્તકો રાખી અને પાંચ ખમાસણા આપવા.

* જ્ઞાન આરાધના કરવા માટે દરરોજ પાંચ લોગસ્સનો કાઉસ્સગ્ગ કરવો.
* "ૐ ર્હીં નમો નાણસ્સ" પદની રોજ એક માળા ગણવી.
* અનુકુળતા મુજબ વ્યાખ્યાન અવશ્ય સાંભળવા.
* દરરોજ ઓછામાં ઓછી એક ગાથા અવશ્ય ગોખવી.
* જ્ઞાન પાંચમની આરાધના કરવી.
* રોજ અડધો કલાક પણ ધાર્મિક વાંચન કરવું.
* ધાર્મિક પાઠશાળા - શિબિર વિગેરેને પ્રોત્સાહન આપવું.
* પાઠશાળાના / શિબિરના બાળકોને પુસ્તક, પેન, પેન્સિલ, નોટબુક, સાપળો વગેરેની પ્રભાવના કરવી.

જ્ઞાનભંડારો વસાવી એમને સાચવવા.

* સાધુ-સાધ્વીજી ભગવંતને ભણાવતા પંડિતજીના બહુમાનનો લાભ લેવો.
* શાસન - સમાજના ઉત્થાન માટે આવશ્યક પુસ્તકો છપાવી - વિનામુલ્યે એમનું વિતરણ કરવું.

જેમ જેમ વાંચન અને વ્યાખ્યાન શ્રવણ થતું જશે તેમ તેમ જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ થતાં પરમાત્માનું સાચું અને સૂક્ષ્મ તત્વજ્ઞાન આત્માને અજવાળતું જશે. અજ્ઞાન તિમિર દૂર થશે... આત્મજ્ઞાનનો દીપક ઝળહળશે... એ જ આપણી સાચી દિવાળી હશે.

**ટાળી દઈએ જ્ઞાન વિરાધના... લાગી જઈએ આરાધનામાં...**

**મેળવી લઈએ સમ્યગ્ જ્ઞાન... પ્રાપ્ત થશે શ્રુતજ્ઞાન...**

**મેળવી આપશે કેવલજ્ઞાન...**

સમ્યગ્ - જ્ઞાનના મહિમાને અને એની વિરાધનાના ફળોને જાણ્યા પછી વિરાધનાથી બચવા માટેના તમામ પ્રયત્ન કરવા સાથે સમ્યગ્ જ્ઞાનના ક્ષેત્રને ધમધમતું બનાવવાની જવાબદારી આપણી છે. જ્ઞાનની ભક્તિ આત્મામાં સમ્યગ્ જ્ઞાનનો દીવડો પ્રગટાવી જીવનને અજવાળે છે.

પરમાત્માના મુખમાંથી પ્રગટેલા ચાર શબ્દો बुझ... बुझ... चंडाकौशिक... बुझ...। દૃષ્ટિ વિષ એવા સર્પને પણ ઉપશાંત... શાંત બનાવી અંતે પ્રભુ ચરણોમાં અણસણ આદરી આઠમા દેવલોકમાં પહોંચાડે છે. આપણી પાસે તો પ્રભુ મુખમાંથી વહેલી જ્ઞાનગંગોત્રી રૂપ

પિસ્તાલીસ આગમનો ખજાનો છે એમાંથી ખોબો ભરીને પણ જ્ઞાનને ઘર ઘરમાં પહોંચાડવાનો જો આપણે પ્રયત્ન કરીશું તો ઘર ઘરમાં પહોંચેલું જ્ઞાન ઘટ-ઘટમાં ફેલાતું જશે. એકના અંતરમાં જ્ઞાનનો દીવો જો પ્રગટશે તો એ અનેકોના જીવનમાં પ્રકાશ પાથરશે. સ્વ સાથે પરકલ્યાણ સાધ્યા વગર નહીં રહે. એ માટે આપણી લક્ષ્મીનો સદુપયોગ ઘટ-ઘટમાં વીરવાણી પહોંચે એ માટે કરવાનો છે. મહાપુરુષોએ સમ્યગ્જ્ઞાન ભક્તિનો કેવો મજાનો લાભ લીધો છે તે જાણીને આપણે આપણા જીવનમાં પણ એવી જ્ઞાન ભક્તિ પ્રગટાવવા માટે પુરુષાર્થ કરીએ.

❋ મંત્રીશ્વર વસ્તુપાળ-તેજપાળે સાત કરોડ સોનામહોરોનો વ્યય કરીને સાત મહા જ્ઞાનભંડાર બનાવ્યા હતા.

❋ પેથડ શાહે અનેક જ્ઞાન ભંડારોનું નિર્માણ કર્યું હતું.

❋ ભરત ચક્રીએ નીલ-મણિ રત્નથી જડીત ઘણી પાઠશાળાઓ બનાવી. પછી પોતે અટ્ઠમ કરી સરસ્વતીની આરાધના કરી બધી પાઠશાળાઓને પુસ્તકોથી ભરી હતી.

❋ ભૈસા શેઠે ભીનમાલમાં સવા લાખ ખર્ચી આગમ મહોત્સવ કરાવ્યો.

❋ મથુરા નગરીના પદ્માશાહે સવા લાખ સોનૈયા ખર્ચી ભગવતી સૂત્રનો મહા મહોત્સવ કરાવ્યો.

❋ પેથડ મંત્રીએ ભગવતી સૂત્રમાં જ્યાં જ્યાં 'ગોયમ' શબ્દ આવે ત્યાં એક એક સોનામહોરથી પૂજા કરી ''જ્ઞાનભક્તિ''નો લાભ લીધો.

❋ આગ્રાના વિજયલક્ષ્મીસૂરિના જ્ઞાનમંદિરમાં ૨૨,૦૦૦ પુસ્તકો અને ૮૦૦૦ જેટલી હસ્તલિખીત પ્રતો છે.

❋ પાલીતાણામાં શેઠ શ્રી કેશવજી નાયકના ધર્મપત્ની વીરબાઇ શ્રાવિકાએ અપૂર્વ જ્ઞાન ભક્તિથી વીરબાઇ પાઠશાળાનું નિર્માણ કરેલ. જેમાં સાધુ-સાધ્વીજી એવં શ્રાવક-શ્રાવિકા સમ્યગ્જ્ઞાન મેળવી શકે એવી રહેવાની તથા ભણવાની વ્યવસ્થા હતી. આ પાઠશાળામાં વિદ્વાન પંડીતો દ્વારા જિન શાસનના તત્વજ્ઞાનનો અભ્યાસ કરાવવામાં આવતો. વીરબાઇ પાઠશાળાનો પોતાનો વિશાળ જ્ઞાન ભંડાર છે જેમાં હજારો પ્રતો અને પુસ્તકો છે. આજે પાલીતાણા ગામ તરફથી વસ્તી તલાટિ પાસે જતાં આ પાઠશાળાનો ઉપયોગ પાઠશાળા તરીકે ઘટી ગયો પરંતુ ત્યાંનો વિશાળ જ્ઞાન ભંડાર આજે પણ સુરક્ષિત છે.

શ્રાવિકા વીરબાઇએ અનેક હસ્તલિખીત પ્રતો સ્વયં લખાવી છે. અને પોતાના સ્નેહી

શ્રાવિકાઓને પ્રેરણા કરી એમની પાસેથી પણ લખાવી છે.

પંચમ વિષમ કાળમાં જ્યારે જીવને તરવા માટે જિનપ્રતિમા ને જિન આગમ બે જ આધાર છે ત્યારે કચ્છના એ પરિવાર માટે ગર્વ થાય છે. જેમાં શેઠે ૭૦૦૦ જિન પ્રતિમાઓની અંજન શલાકા કરાવી તો શેઠાણીએ સાધિક સાત હજાર પુસ્તકોથી શોભતા જ્ઞાન ભંડારોનું નિર્માણ કર્યું. ભાવિ શ્રાવક શ્રાવિકાઓને અપૂર્વ વારસો આપી આત્મકલ્યાણનો માર્ગ સરળ બનાવ્યો છે.

કચ્છ સુથરી સુપુત શેઠ શ્રી ખેતશી ખીંયશી (સં.૧૯૫૬) પં. માલવિઆજીએ સ્થાપેલ બનારસ હિન્દુ વિશ્વ વિદ્યાલયમાં રૂા. એક લાખનો ઉદાર સહકાર આપ્યો તથા ''જૈનચેર'' માટે રૂા. ૪૦,૦૦૦ અર્પણ કર્યા. પૂનાના ભાંડારકર ઓરીએન્ટલ રીસર્ચ ઈન્સ્ટીટ્યુટના લાયબ્રેરીને રૂા. ૫૦,૦૦૦ ભેટ ધર્યા. જૈનોના હસ્તલિખીત ગ્રંથો માટે રૂમ બંધાવી આપેલ જેના ઉપર એમના નામની આરસની તક્તી છે. અનેક જૈન ગ્રંથો લખાવ્યા. અનેક ગામોમાં ધાર્મિક પાઠશાળાઓ ખોલાવી.

આવા સમ્યગ્ જ્ઞાનના શાસન કાર્યોની અનુમોદના કરતાં આપણા જીવનમાં પણ આવી જ્ઞાનભક્તિ ઉદયમાં આવે એ માટે પુરૂષાર્થ આદરીએ.

## શ્રી આગમ દરબાર



# ૨૭-૨૮
# સાધુ-સાધ્વીજી ભક્તિ

કેવળજ્ઞાનની પ્રાપ્તિ પછી તીર્થંકર પરમાત્મા પ્રથમ કાર્ય કરે છે **તીર્થ સ્થાપના !**

ગણધર ભગવંતોને દીક્ષા આપે...

ગણધર ભગવંતને ત્રિપદિ આપે...

ગણધર ભગવંતો દ્વાદશાંગિ[3] ની રચના કરે...

પછી પ્રભુ અન્ય જીવોને પ્રતિબોધી એમને યા તો પાંચ મહાવ્રત આપી સાધુ[4]-સાધ્વીજી[5] પદે સ્થાપન કરે અથવા સમ્યગ્ દર્શન સહિત અણુવ્રતો આદિ આપીને શ્રાવક[6]-શ્રાવિકા[7] પદે સ્થાપે છે.

આ થઇ ગયો પ્રભુનો શ્રી સંઘ... જેના ચાર પાયા છે સાધુ-સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા. શ્રી સંઘની... તીર્થની મુડી છે. પ્રભુજીના મુખમાંથી જ્ઞાન ગંગા વહે છે. જ્ઞાન દ્વારા જ તીર્થનો વ્યવહાર ચાલે છે. શ્રી તીર્થના પ્રાણ છે પ્રભુ પોતે અને પ્રભુના વિરહમાં શાસનના પ્રાણ બને છે - જિનાલય[1] અને જિન પ્રતિમા[2].

આ છે તીર્થના મુખ્ય સાત ક્ષેત્ર. આ સાત ક્ષેત્રમાંથી પ્રથમ ત્રણનો આપણે કાંઇક વિચાર કર્યા હવે આગળ વધીએ. આગળના બે મુખ્ય ક્ષેત્ર છે **સાધુ-સાધ્વીજી ભગવંત.**

જિનશાસન દ્વારા સત્યનું જ્ઞાન થાય... સંસારનું સ્વરૂપ સમજાય... વૈરાગ્ય ભાવ જાગે અને સંયમની ઉત્કૃષ્ટ ભાવના ભાવતો જીવ જ્યારે પોતાનું જીવન જિનેશ્વર પરમાત્માના ચરણોમાં સમર્પિત કરે છે ત્યારે એ સાધુ-સાધ્વીજી બની શ્રી સંઘમાં પ્રવેશ કરે છે. હવે આવા સાધુ-સાધ્વીજી ભગવંત જે સંસાર... સ્નેહી સ્વજન... સંપત્તિ આદિ છોડીને આવ્યા છે એમના જીવનની સંપૂર્ણ જવાબદારી શ્રી સંઘની હોય છે.

આહાર હોય કે વિહાર... ઉપકરણ હોય કે ઉપાશ્રય...

અભ્યાસ હોય કે આરોગ્ય... આરાધના હોય કે ઉપાસના...

બધી ચિંતા... બધી વ્યવસ્થા શ્રી સંઘે કરવાની છે. આપણે આપણી જાતને પૂછીએ ''આમાંથી હું શું કરું છું ? હું મારી ફરજ કેટલી બજાવું છું ? મારા ગામમાં બિરાજમાન મહાત્માઓની હું કેટલી ચિંતા કરું છું ?''

જેમ જેમ ચિંતન કરીશું તેમ તેમ સત્યના દર્શન થયા વગર નહીં રહે... હું મારી ફરજમાં કેટલો નબળો છું એનો ખ્યાલ આવ્યા વિના નહીં રહે.

પોતાની અને પોતાના પરિવારની ચિંતા તો પશુ પંખી પણ કરે છે. આપણે પણ એમાં જ આપણી જીંદગી પૂરી કરીશું તો આપણામાં અને પશુઓમાં ક્યાં કોઇ ફરક છે ? આપણે કેવળ માનવ નથી જાજરમાન જિનશાસનના ઝળહળતા સિતારા સમાન શ્રાવક-શ્રાવિકા છીએ. પ્રભુ મહાવીર પ્રસ્થાપિત તીર્થના... જવાબદાર સદસ્ય છીએ.

સાગરમાં ભળેલ બિંદુ અક્ષય બની જાય છે. સાગરથી અલગ રહેવા ઈચ્છતો બિંદુ પોતાનું અસ્તિત્વ ગુમાવી બેસે છે. ઘણી વ્યક્તિઓ કહે છે - ''સાહેબ ! આપને કાંઇ કામ હોય તો જણાવશો... થઇ જશે. બાકી આપણને સંઘ સાથે કોઇ લેવા દેવા નથી.'' **યાદ રાખજો શ્રી સંઘ છે તો તમારું અસ્તિત્વ છે તમે જો સંઘથી અળગા રહેશો તો તમારું અસ્તિત્વ ખતમ થઇ જશે.** શ્રી સંઘમાં તમારી સલામતી છે શ્રી સંઘની બહાર તમે અસલામત છો... તમારું અસ્તિત્વ જોખમમાં છે. ફક્ત શ્રાવકને માટે જ નહીં સાધુને માટે પણ આજ વાત છે. તમે તમારા ગચ્છમાં... સંપ્રદાયમાં... ગુરુકુલવાસમાં છો તો તમારી કિંમત લાખની છે એમાંથી બહાર નિકળ્યા તો તમારી કિંમત રાખ છે. **સાધુ હોય કે સાધ્વી જો ગચ્છ અને ગુરુ આજ્ઞામાં છે તો એમના જીવનની કિંમત છે પરંતુ જો ગચ્છ અને ગુરુની મર્યાદા લોપે તો ગમે તેટલા તપસ્વી હોય... જ્ઞાની હોય... આરાધક હોય એમની કિંમત જ્ઞાનીઓની દૃષ્ટિમાં કોડીની પણ નથી.** આપણે જે કરવાનું છે આપણા ગચ્છ, ગુરુ અને શ્રી સંઘની મર્યાદામાં રહીને કરવાનું છે. ગચ્છ અને ગુરુની આજ્ઞામાં રહીને આરાધના કરતા સાધુ-સાધ્વીજી ભગવંતની સર્વ રીતે ભક્તિ કરવાનું આપણું લક્ષ્ય હોવું જ જોઇએ. સર્વ સાધુ-સાધ્વી પૂજનીક, વંદનિક, આરાધક છે. બધાની ભક્તિ નિર્દોષ ભાવથી કરવામાં આપણને લાભ જ છે. પરંતુ આપણે બધે પહોંચી ન શકીએ ત્યારે ગામમાં બધાની ભક્તિ અને વિશેષમાં આપણા ગચ્છના સાધુ-સાધ્વીજી ભગવંતોની સર્વ પ્રકારે સુવિધા સાચવવાની છે. અભ્યાસ કરતા સાધુ-સાધ્વીજી ભગવંત માટે પંડિત આદિની વ્યવસ્થા. જ્યાં સારો અભ્યાસ થઇ શકે એવા ક્ષેત્રમાં એમની રહેવાની આદિ વ્યવસ્થા શ્રી સંઘે કરવાની છે. અભ્યાસ માટે જોઇતા પુસ્તકો વિગેરેની વ્યવસ્થા કરવાની છે.

આજના સમયમાં પણ અમદાવાદ અચલગચ્છ જૈન સંઘ દર વરસે શેષકાળમાં અભ્યાસ માટે અમદાવાદ પધારવા સર્વ સાધુ-સાધ્વીજી ભગવંતને લેખિત વિનંતિ મોકલે છે. અભ્યાસ કરતા સર્વ સાધુ-સાધ્વીજીની સુંદર વ્યવસ્થા સાચવે છે. આવા અનુમોદનીય કાર્યો

આપણા જીવનમાં પણ થવા જોઇએ.

રાજગૃહિ નગરીમાં પાંચસો સાધુઓ સ્થિરતા કરતા સર્વની વ્યવસ્થા સહજભાવે થતી હતી. સાધુને સર્વ વ્યવસ્થા સુઝતી પ્રાપ્ત થતી હતી. મુંબઇમાં પણ આવી વ્યવસ્થા હોવી જ જોઇએ. કચ્છમાં બહુંતેર જિનાલયે આવી સર્વ ગોઠવણ કરવામાં આવી છે.

સાધુ-સાધ્વીજી ભગવંતની સર્વ પ્રકારે ભક્તિ કરનાર એકાંતે સુખને જ પામે છે... પરંપરાએ મુક્તિમાં વાસ કરે છે.

✻ માંડવગઢના સંગ્રામ સોનીએ પૂ. જ્ઞાનસાગરસૂરિના પ્રવેશ મહોત્સવમાં ૭૨ લાખ દ્રવ્ય વાપર્યું.

✻ પાલીતાણાના એક માણસે દીવગામ જઇ સમાચાર આપ્યા કે આ.હીરસૂરિજી પધારે છે ત્યાંના સંઘે ૪ તોલા સોનાની જીભ અને વસ્ત્રોથી એને સન્માનિત કર્યા.

✻ પૂર્વભવમાં બે સાધુઓને જીર્ણવસ્ત્ર વહોરાવવાથી શ્રીધર નામે રાજા બન્યો. ગુરુ પાસેથી પૂર્વભવ સાંભળી સાધુઓની દાન દ્વારા ભક્તિ કરી દેવલોકમાં ગયો. ત્યાંથી ચ્યવી રાજા બની મોક્ષમાં જશે.


✻ વસ્તુપાલ - તેજપાલ રસોડે ૧૮૦૦ સાધુ-સાધ્વીજી ભગવંતને સુઝતો આહાર મળતો.

✻ પૂર્વભવમાં વસ્ત્ર-પાત્ર વિ. સાધુઓની ભકિત કરતાં પછીના ભવમાં ચરિત્ર શેઠ બન્યા. તેઓ ૪૦ કરોડ ગામો, ૪૦ લાખ હાથી અને ૪૦ કરોડ સૈનિકોની સંપત્તિ પામ્યા હતા. તે છોડીને સંયમ સ્વીકાર કરી દેવલોકમાં ગયા. મહાવિદેહમાં મોક્ષે જશે.

✻ માસ ક્ષમણના પારણે મુનિને ખીર વહોરાવવાથી શાલીભદ્ર મહાઋદ્ધિને પામ્યા.

✻ મુનિદાન અને ભક્તિથી નયસારના ભવમાં પ્રભુ મહાવીર સમ્યગ્દર્શન પામ્યા.

આવી બધી વાતો જાણી સમજી આપણા જીવનને પૂ. સાધુ-સાધ્વીજી ભગવંતની ભક્તિથી શ્રૃંગારીત કરવા પુરુષાર્થ આદરીએ.



# ૨૯-૩૦ શ્રાવક શ્રાવિકા

પ્રભુ મહાવીરસ્વામિએ સ્થાપેલા શ્રી સંઘના ચાર ઘટકમાં જેમ સાધુ-સાધ્વીજી ભગવંતનું સ્થાન મહત્વનું છે, તેવી જ રીતે શ્રાવક-શ્રાવિકાનું સ્થાન પણ ગૌરવપ્રદ છે. પલંગના ચાર પાયામાં કોનું મહત્વ વધારે એમ જો પુછવામાં આવે તો આપણો જવાબ શું હોઇ શકે ? પલંગના ચારે - ચાર પાયા પોતપોતાના સ્થાને મહત્વ ધરાવે છે. એક પણ પાયો નબળો કે તુટેલો હોય તો પલંગ નકામો બની જાય છે. તેવી જ રીતે શાસનનો કોઇ પણ પાયો નબળો ન જ હોવો જોઇએ. બધા જ ચારે ચાર અંગ મજબૂત જ હોવા જોઇએ. શાસન કે શ્રીસંઘ જો પ્રભાવક જોઇએ તો દરેકે દરેક અંગ પ્રભાવક હોવા જ જોઇએ. એ દૃષ્ટિએ પણ શ્રાવક-શ્રાવિકાનું સ્થાન ઘણું અગત્યનું છે. અપેક્ષાએ સાતક્ષેત્રને સાચવવાની જવાબદારી શ્રાવક શ્રાવિકાની છે. શ્રાવક શ્રાવિકા ધર્મી-આરાધક અને જાગૃત હોય તો સંઘ વિકાસના પંથે સડસડાટ આગળ વધે છે. શ્રી સંઘની ઉન્નતિ માટે શ્રાવક-શ્રાવિકા ક્ષેત્રને સંસ્કાર અને ધર્મમાં આગળ વધારવું આવશ્યક છે. ધર્મના ચારે પ્રકારમાં દાન, શીલ, તપ અને ભાવમાં સતત વૃદ્ધિ કેમ થાય ? એ લક્ષ્ય રાખવું અતિ આવશ્યક છે. શ્રાવક આગળ વધે એમાં પણ પાછળ શ્રાવિકાનો હાથ અને સાથ હોય છે.

વસ્તુપાલ - તેજપાલની સફળતામાં અનુપમાદેવીનું નોંધનીય યોગદાન હતું... ધર્મક્ષેત્ર શ્રેણિક મહારાજાને વાળવામાં મહારાણી ચેલણાનો સફળ પુરૂષાર્થ હતો... શ્રીપાળને ગૌરવવંતુ સ્થાન અપાવવામાં મયણાનો પરિશ્રમ હતો.. વધારે શું કહીએ તીર્થંકર... ગણધર અને આચાર્યાદિ પદે પહોંચતા મહાત્માઓને જન્મ અને સંસ્કાર આપનાર પણ શ્રાવિકારત્નો જ હતા ને ?

આવા શ્રાવક-શ્રાવિકાઓ ધર્મ ક્ષેત્રે જ્ઞાન - ધ્યાન આરાધનામાં આગળ વધે. પૂજ્ય સાધુ-સાધ્વીજી ભગવંતોની આરાધનામાં સહાયક બને... શાસનના જિનાલયો - ઉપાશ્રયો - જિન પ્રતિમાઓ - જ્ઞાનભંડારો આદિને સાચવનારા એમાં વૃદ્ધિ કરાવનારા બને તો શાસન દિપી ઉઠે છે. જિનશાસનના શ્રાવક-શ્રાવિકાઓએ શાસન પ્રભાવનાના અદ્‌ભૂત કાર્યો કરીને શાસનને જયવંતુ બનાવ્યું છે. પચ્ચીસસો વરસ પછી પણ આજે પરમાત્માના શાસનનો જે જયજયકાર દેખાય છે તેની પાછળ સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકાઓના અગણિત શાસન

પ્રભાવનાના કાર્યો અને એમની પાછળ એમનો સમય-શક્તિનો ભોગ અવર્ણનીય છે.

આવા પણ શ્રાવક-શ્રાવિકા ક્યારેક કોઇ કર્મના ઉદયે કદાચ વિપત્તિમાં આવી જાય... વેપાર ધંધામાં તકલીફમાં આવી પડે તો એમને સાચવી લેવાની જવાબદારી પણ શાસનના અન્ય શ્રાવક શ્રાવિકાઓની છે અને એટલે જ જિનશાસનમાં સાધર્મિક ભક્તિનું અદ્ભૂત સ્થાન છે. સમયે સમયે શ્રાવક શ્રાવિકાઓએ શાસન પ્રભાવનાના કર્તવ્ય સાથે સાધર્મિક ભક્તિના કર્તવ્યને પણ અંતરના ઉલ્લાસભાવે વધાવીને અનેકોના જીવનોદ્ધારમાં પોતાનો અપૂર્વ ફાળો નોંધાવ્યો છે.

ભગવાન મહાવીરસ્વામિના શાસનનો એક સ્મરણીય... વિચારણીય... ચિંતનીય અને જીવનમાં આદરવા અને આચરવા યોગ્ય એક અદ્ભૂત પ્રસંગ છે.

સાન્તનુ શ્રાવક... કુંજીદેવી શ્રાવિકા...

મહાપુણ્યનો ઉદય હતો... સોનાના થાળીમાં જમવાનું અને સોનાના હિંડોળે હિંચવાનું... આવી અપૂર્વ સંપત્તિના સ્વામી હતા.

પુણ્ય પણ શાશ્વત નથી... પાપ પણ શાશ્વત નથી.. બન્નેની છુપાછુપી જીવનમાં ચાલતી હોય છે. કર્મોએ પાસું ફેરવ્યું. પુણ્ય પરવર્યું... પાપનો ઉદય આવી ઉભો રહ્યો. સંપત્તિ ઘટતી ગઇ... વિપત્તિ વધતી ગઇ... ધીમે ધીમે હતું તે બધું વપરાઇ ગયું...

નથી ધંધા માટે મૂડી... નથી ખાવા માટે અનાજ... નથી પૂરા વસ્ત્રો... છે તે પણ જીર્ણ - શીર્ણ... બાપદાદાનું મકાન પણ પડું... પડું થવા લાગ્યું શું કરવું ? ક્યાં જવું ? વિકરાળ પ્રશ્ન ઉભો થયો. કોઇ ઉપાય ન દેખાતા ચોરીનો વિચાર આવ્યો.

ધર્મપત્ની પતિને સાંત્વન આપે છે. હવે અન્ય કોઇ ઉપાય નથી. ચોરી મહાપાપ છે... સાત વ્યસનમાંથી એક છે... નરકનું દ્વાર છે. એક ભવના અલ્પ સુખો માટે આવું કરવાનું ?''

સાન્તનુ કહે છે - ''તારી વાત સાચી પણ મને વ્યાપાર સિવાય કશું આવડતું નથી...માગવું અને મરવું સમાન છે... હું માંગી શકતો નથી. સાચો શ્રાવક સ્વપ્નમાં પણ ચોરીનો વિચાર ન જ કરે. મને આવ્યો એ મારું દુર્ભાગ્ય છે. અન્ય કોઇ માર્ગ નથી તેથી ચોરીનો વિચાર કર્યો.''

ધર્મપત્ની કુંજીદેવી કહે છે - ''ચોરી કરો સાધર્મિકની કરજો વિધર્મીની નહીં. વિધર્મીની ચોરી કરતાં ધર્મ નિંદાય છે.''

પત્નીની વાત સ્વીકારી સાંજે પ્રતિક્રમણ કરવા ગયેલા સાન્તનુ શેઠે... અંધકાર અને ઘણા જણા હોવાથી અવસરનો લાભ લઇ જિનદાસ શેઠે ઉતારીને બાજુમાં રાખેલો હાર દુભાતા હૈયે લઇ લીધો.

જિનદાસ શ્રેષ્ઠિએ પ્રતિક્રમણ પછી પોતાના વસ્ત્રોનું પરિવર્તન કર્યું.. હાર ન મળ્યો... એમના મનને આંચકો લાગ્યો... એમને ખ્યાલ આવી ગયો કે હાર સાન્તનુ શેઠે લીધો છે... મારા સાધર્મિકની ચોરી કરવા સુધીની દયનીય પરિસ્થિતિ ઉભી થઇ ત્યાં સુધી હું ઉંઘતો રહ્યો ? મારી સાથે નિત્ય આરાધના કરનારા મારા સાધર્મિકની... ધર્મી સુશ્રાવકની મેં સંભાળ ન લીધી... સહાયતા ન કરી... મારી ભૂલને કારણે મારા ધર્મી સાધર્મિકને ચોરી જેવા મહાપાપનું સેવન કરવું પડ્યું... અંતરમાં લાગેલો ડંખ એમને રાતે ઉંઘવા દેતો નથી. સતત પોતાના જાતની નિંદા કરી રહ્યા છે... પશ્ચાતાપ કરી રહ્યા છે.

આવી જ કાંઇક પરિસ્થિતિ છે સાન્તનુની ! હાર ચોરવામાં સફળતા ભલે મળી પરંતુ નથી એનો આનંદ... નથી એની અનુમોદના... અંતરમાં તો પાપની-ચોરીની વેદના છે... પશ્ચાતાપ છે. ઘરે આવીને પત્નીને હાર બતાવી વાત કરી. પત્ની કહે છે આવતી કાલે એ જ જિનદાસ શ્રેષ્ઠિ પાસે જઇ હાર ગિરવી મુકી મુડી લઇ આવજો. એનાથી ફરી વેપાર કરજો. પુણ્યશાળી અને ધર્મીનું ધન આપણા પુણ્યને પણ ખેંચી લાવે છે.

પતિ સાંભળી રહ્યા છે. જેની ચોરી કરી એની જ પાસે ગિરવી રાખવાનો... શું એ પોતાનો હાર નહીં ઓળખી લે ? મુદ્દામાલ સાથે ચોર મળી જાય તો એને કોણ મુર્ખ છોડી દે ?

સ્વામિનાથના મનમાં ચાલતી ગડમથલને સમજી જઇને કુંજીદેવીએ કહ્યું - ''સ્વામિનાથ ! તમે કોઇ ચિંતા ન કરો... જિનદાસ શ્રેષ્ઠિ ધર્મી છે... સાધર્મિકની ભક્તિ એમના અંતરમાં વસેલી છે. તેઓ તમને અવશ્ય સહાયતા કરશે.'

પત્નીની વાતથી હિંમત પામેલા સાન્તનુ, જિનદાસ શ્રેષ્ઠિની દુકાને ગયા. હાર આપી પૈસા માંગ્યા... શેઠે એકે શબ્દ બોલ્યા વગર પૈસા ગણી આપ્યા... શાન્તનુ એ પૈસાથી વેપાર કરે છે... પાપના દહાડા પૂરા થયા... પુણ્યોદય જાગૃત થયો. ફરી સંપત્તિ વધવા લાગી... વ્યાજ સહિત પૈસા લઇને સાન્તનુ જ શેઠ જિનદાસ શ્રેષ્ઠિની દુકાને આવ્યા. પૈસા શેઠને આપ્યા શેઠે પૈસા લઇ લીધા હાર પાછો આપ્યો. હાર લેવા સાન્તનુ શેઠ હાથ આગળ ન કરી શક્યા... ચોધાર આંસુએ રડી પડ્યા... સાન્તનુએ પોતાની ભૂલ કબૂલ કરી માફી માંગી... ઘણો જ પશ્ચાતાપ કરવા લાગ્યા.

સાન્તનુનો પશ્ચાતાપ જોઇ જિનદાસ શ્રેષ્ઠિની આંખો પણ ભીની થઇ ગઇ. જિનદાસ આ ભૂલ તારી નહીં પણ મારી છે. મેં મારા સાધર્મિકની તપાસ રાખી હોત... સાધર્મિક તરીકેની સંભાળ લીધી હોત તો તમને આવું ન કરવું પડ્યું હોત. તમે મને મારા કર્તવ્ય માટે જાગૃત કર્યા છે... બન્ને શ્રેષ્ઠિઓ પોતાની ભુલ સમજ્યા... બન્ને એક બીજાને ભેટીને પરસ્પર ક્ષમા માંગી. શ્રાવક ભક્તિ માટે સાવધાન બન્યા.

આપણા જીવનમાં જિન શાસનના શ્રાવક-શ્રાવિકાઓ માટે આવી ઉચ્ચ ભાવના ખરીને ?

શાસનના કાર્યોમાં જોડાયેલા ભરત ચક્રવર્તી... સંપ્રતિરાજા... કુમારપાળ રાજા... વિમલ મંત્રીશ્વર... વસ્તુપાલ તેજપાલ... પેથડશાહ આદિના જીવન કાર્યોને તો જાણીએ જ છીએ. આપણા જીવનમાં આંશિક પણ શાસન પ્રભાવનાના કાર્યો કરી શાસનને અને મળેલા માનવ ભવને અજવાળવા ઉદ્યમવંત બનીશું.








૩૧

# જીવદયા

જીવતત્વથી અમુલ્ય આ વિશ્વમાં કશું જ નથી... જીવતત્વના મુલ્ય જેને સમજાય તેને જ જીવદયાના મુલ્ય સમજાય. જીવને જ શિવની પ્રાપ્તિ થાય છે. જીવ જ શિવ બને છે. એથી જ જીવનું મહત્વ છે. આવા જીવતત્વ પ્રત્યે અંતરમાં દયા – કરૂણાની ભાવના એ જ જીવદયા છે.

માનવને જોઈતી વસ્તુ ના મળે તો યાચના કરશે... પ્રયત્ન કરશે ક્યાંકથી એને મળી જશે. પરંતુ મુંગા પ્રાણીઓ ભુખ્યા હશે... તરસ્યા બનશે... ક્યાંક વેદના હશે... કોને કહેશે ? કેવી રીતે કહેશે ? આ મુંગા પ્રાણીઓમાં મારા જેવો જ આત્મા છે... એને પણ મારી જેમ જ સુખ – દુઃખની લાગણી થાય છે. સુખ એને પણ ગમે છે... દુઃખ એને પણ અકળાવે છે. એ જીવો દુઃખ મુક્તિ ઈચ્છે છે. આવા જીવોને દુઃખ મુક્ત કરી સુખી કરવા. એમને અભયદાન મળે એમ કરવું... એમને ઘાસ–ચારો...ચણ...પાણી વિગેરે સુલભતાથી પ્રાપ્ત થાય એવા પ્રયત્ન કરવા.

કચ્છમાં આપણા જિનાલયો જ તીર્થ સ્વરૂપ બન્યા છે એમ નથી, પરંતુ આપણી પાંજરાપોળો પણ શતાબ્દિ પાર કરી ગઈ છે. આજે આપણું સદ્ભાગ્ય છે કે આપણા વડિલોએ ઠેર–ઠેર ગામડે ગામડે પાંજરાપોળ અને ગૌશાળાઓ બનાવી છે. આપણા વડિલોનો આપણને મળેલો અમુલ્ય જીવદયાનો વારસો છે. એને આપણે સુંદર રીતે જાળવવાનો છે. દુષ્કાળાદિમાં પણ એમના માટે ક્યાંય કમી નથી જોવા મળતી. ગામોગામ તમને કબુતરો માટે ચબૂતરા જોવા મળશે... બારે માસ પંખીઓ માટે ઝાડ ઉપર પાણીના પાત્ર ઝુલતા દેખાશે... ગાયને ઘાસ અને કુતરાને રોટલો આપવામાં આવે છે. પાણી માટે અવાડો બનાવવામાં આવે છે. આ નાના દેખાતા સુકૃતો આ જીવોની આંતરડીને ઠારે છે. કુદરતનો નિયમ છે ઠારશું તો ઠરશું અને બાળશું તો બળશું. જીવદયાના કાર્યો જેમ જેમ જીવનમાં વધતા... વિકાસ પામતા જશે તેમ તેમ જીવનમાં પરમ શાંતિની અનુભૂતિ થશે.

જીવદયાના કાર્યો કઠોરમાં કઠોર હૃદયને પણ દયા અને કરૂણાથી પરિપૂર્ણ બનાવે છે. આજે કેટલીક ગૌશાળામાં માનવીને ન મળે એવી અદ્ભૂત શાતા અને સુવિધા પશુઓ માટે ગોઠવવામાં આવી છે. ગૌશાળામાં રોજ બિમાર પશુઓની તપાસ માટે ડૉક્ટર હોય છે.. તરત સારવાર મળે છે. દરરોજ સવારના ભગવાન ફોટોના દર્શન કરાવવામાં આવે છે... એમના

માટે નવકારશી અને ચોવિહારની વ્યવસ્થા જળવાય છે... સતત નવકાર મંત્રનો જાપ ચાલુ હોય છે. વધારે બિમાર પશુઓને ત્રણ ટાઇમ પંડિત દ્વારા ધર્મ સંભળાવવામાં આવે છે. ક્યારેક વિચાર થાય છે શું માનવભવ અને જિનશાસન પામીને જે પામવા જેવું છે તે આપણે પામી નથી શકતા તે સદ્ભાગ્ય આ પશુઓને પ્રાપ્ત થયું છે. તિર્યંચગતિમાં પણ કેવો પ્રચંડ પુણ્યોદય એમનો જાગૃત થયો છે. આપણે પણ જીવનમાં સર્વ જીવો પ્રત્યે દયા ચિંતવવાની છે. એમના માટે જીવનમાં કાંઇ કરી છૂટવા જાતને તૈયાર કરવાની છે.

**અશાતામય જીવનમાં શાતા પામવાનો એક માત્ર ઉપાય છે જીવદયા.** જીવદયામાં વાપરેલી મૂડી ક્યારેય નિષ્ફળ જતી નથી. જીવદયાનું પાલન કરવાથી સ્વાસ્થ્ય સારું મળે છે. કાયા રોગરહિત બને છે. દિર્ઘ આયુષ્યની પ્રાપ્તિ થાય છે. જીવનમાં સુખ-શાંતિ રહે છે.

આજે દુનિયામાં વધતા રોગો આપણા જીવનમાં જીવદયાની ખામી સૂચવે છે. નિરોગી કાયા જોઇતી હોય તો જીવદયાનું પાલન અતિ આવશ્યક છે.

तं दाणं तं च वयं, तं च तवो सा य देवगुरुपूया । जीवाणं जत्थ दया, अन्नहा तं विणा सव्वं ।।

તેજ દાન, તેજ વ્રત, તેજ તપ અને તે જ દેવગુરુની પૂજા સફળ છે, જ્યાં જીવોની દયા છે અન્યથા એટલે જીવદયા વિના બધું જ નિષ્ફળ છે. જીવદયા એ તો તીર્થંકર પ્રાપ્તિનું પણ મૂળ છે. જે હૃદયમાં જીવદયા નથી તે હૃદયમાં ધર્મ સ્થાન પામી શકતું નથી. જીવદયા ધર્મનું મૂળ છે. જીવદયા વિનાનો ધર્મ ક્યારે પણ શોભા પામતો નથી. જીવદયાની પ્રવૃત્તિ જીવનમાં વણાયેલી હોય તો જીવનમાં ધર્મ સ્વયંમેવ આનંદદાયી બને છે.

રાજગૃહિ નગરી... ધર્મી નગરી... દેવ-ગુરુ ધર્મશ્રદ્ધાળુ પ્રજા...

ત્યાં વસતા હતા એક શ્રમણોપાસક... નામ હતું એમનું રતીસાર શ્રેષ્ઠિ...

ધર્મપત્નીનું નામ હતું રંભા... એકનો એક દિકરો આરક્ષકુમાર...

શેઠ અત્યંત દયાળુ અને ધર્મી... એકદા એમના દયાધર્મનો ડંકો દેવલોકમાં વાગ્યો... શકેન્દ્રે એમના દયાધર્મની પ્રશંસા દેવલોકમાં કરી - ‘‘શ્રી તીર્થંકર પ્રરૂપિત દયાધર્મમાં રતીસાર શ્રાવક મેરુ સમાન અચલ છે... એના દયાધર્મમાંથી એને ચલિત કરવાની કોઇની શક્તિ નથી.’’

એક દેવને અતિશયોક્તિ લાગી.... માનવી ચલાયમાન ન થાય ? ‘‘હું હમણાં જાઉં છું

અને રતીસાર શ્રાવકને દયાધર્મથી વિમુખ કરું છું.'' એવી વાત કરી દેવલોકમાંથી નીચે આવ્યો.

રતીસારના ઘરમાં સર્પ રૂપે પ્રવેશી એકના એક યુવાન પુત્રને ડંખ આપ્યો... શરીરમાં ઝેર વ્યાપ્યું... યુવાન દિકરો બેહોશ થઇને પડ્યો... હાહાકાર મચી ગયો... ઝેર દૂર કરવાના ઘણા પ્રયત્નો કર્યા... બધા નિષ્ફળ ગયા.

ત્યાં દેવ વૈદ્યનું રૂપ લઇને આવ્યો... રતીસારને કહ્યું – ''ચપટી વગાડતાં દિકરાને ઉભો કરું... પરંતુ દવાની સાથે પિતાએ ભાવના ભાવવી પડે ''મારો દિકરો જીવે અને દંશ આપનાર સર્પ મરી જાય.''

રતીસાર કહે છે – ''ના... ના... આવું તો ન બની શકે... હું તો એમ કહીશ... ''મારો દિકરો જીવે અને એ સર્પ પણ જીવે.''

વૈદ્યરાજ ચાલ્યા ગયા. બધા નિરાશ થઇ ગયા.

હવે દેવ માંત્રિકનું રૂપ લઇને આવ્યા...

ફરી બધાને આશા બંધાણી...

મંત્ર બળથી હમણાં હું એને ઉભો કરું, પણ એના માટે રતીસાર શ્રાવકે સર્પને મારી નાંખવા તૈયારી બતાવવી પડે...

રતીસાર શ્રાવકે એ વાતનો સ્પષ્ટ ઇન્કાર કર્યો...

માંત્રિક ચાલ્યો ગયો... સર્વત્ર નિરાશા વ્યાપી ગઇ...

દેવ ફરીને યોગી બનીને આવ્યો...

હું આ યુવાનને ક્ષણવારમાં ઝેર મુક્ત કરું પરંતુ એના માટે એના પિતાએ 'સર્પ મરી જાય' એવો જાપ કરવો પડે.

રતીસાર શ્રાવકે કહ્યું – **''યોગીરાજ ! યુવાન ઝેર મુક્ત બની જશે પરંતુ મારું મન... મારો આત્મા ઝેરીલો બની જાય એનું શું ? બહારનું ઝેર તો એક વખત મારે પણ અંતરમાં પેસી ગયેલું ઝેર તો ભવોભવમાં મારે એનું શું ?''**

ક્ષણવાર અટકીને કહ્યું – ''ના... મારે આવું કશું જ કરવું નથી... જે જન્મ્યો એનું મૃત્યુ નિશ્ચિત છે. આયુષ્ય બળવાન હશે તો મારો દિકરો બચી જશે... આયુષ્યની દોરી જ જો ટુંકી હશે તો લાખ પ્રયત્નોથી નહીં બચે. **પરંતુ મારે એના માટે મારા દિલની અમીરી છોડવી**

**નથી... મારા દયામય ધર્મને છોડવો નથી... મારા હૈયામાં ખળખળ વહેતા મૈત્રી...પ્રેમ અને કરુણાના ઝરણાને સુકાવી નાંખવો નથી... આપ ભલે પધારો.''**

યોગીરાજ રતીસાર શ્રાવકની વાત સાંભળીને સ્તબ્ધ બની ગયો.

શ્રાવકની જીત થઇ... દેવ હારી ગયો...

દેવ પ્રગટ થઇને ક્ષમા માગે છે. પુત્રને જીવિત કરી. દયા ધર્મની પ્રશંસા કરી સ્વસ્થાને જાય છે.

આપણને સહુને પણ દેવાધિદેવ તીર્થંકર પરમાત્મા દ્વારા સ્થાપિત જૈન ધર્મ મળ્યો છે... દયાનો વારસો મળ્યો છે... શું આપણું જીવન પણ આવી જ દયા ભાવનાથી છલકાઇ રહ્યું છે. તપાસ કરીએ... સત્ય સમજાઇ જશે. મને સુખ પ્રિય છે તેમ વિશ્વના સર્વ જીવોને સુખ પ્રિય છે... મને જેમ મારું જીવન પ્રિય છે તેમ વિશ્વના નાના-મોટા તમામે તમામ જીવોને પોતાનું જીવન વહાલું છે... એમના પ્રાણ લેવાનો મને કોઇ અધિકાર નથી. **'જીવો અને જીવવા દો.'** એ પ્રભુ મહાવીરનો સંદેશ છે. કોઇ પણ જીવને માટે કોઇ અશુભ ભાવના કે વિચારણા પણ મારા આત્માનું અહિત કરનારી છે. આ સત્ય આપણે સારી રીતે સમજવાનું છે. આ સત્ય આત્મસાત્ થશે ત્યારે આપણે પણ અદ્ભૂત દયા ધર્મના સ્વામી બની જઇશું.



## ૩૨

# અનુકંપા

આત્મા અમર છે... અનંત સુખનો સ્વામી છે...

અનંત સુખ અને અમરત્વની સાધના કરવા આત્માને મૈત્રી આદિ ચાર ભાવનાથી ભાવિત કરવાનો છે. આ ચાર ભાવના છે. (૧) મૈત્રી (૨) કરૂણા (૩) પ્રમોદ અને (૪) માધ્યસ્થ.

અનંતની સાધનાએ નિકળેલા સાધકના હૃદયમાં મૈત્રી ભાવનાનું ઝરણું ખળખળ વહેતું હોય છે. વિશ્વના તમામે તમામ જીવો સાથે પ્રેમ અને મૈત્રી ભરેલા સંબંધો હોય. ક્યાંય કોઇ પણ જીવ માટે ક્યાંય કડવાશ ન હોય. સંપૂર્ણ વિશ્વના શુભ-મંગલની કામના હૃદયને પાવન પવિત્ર બનાવે છે.

વિશ્વના કોઇ પણ જીવને દુઃખી જોઇને પોતે એ દુઃખને પોતાના જીવનમાં અનુભવે. એનું દુઃખ દૂર થાય તો જ એ જીવને શાંતિ થાય. બીજાના દુઃખને પોતાના અંતરમાં અનુભવી એને દૂર કરવાની ભાવના તે જ કરૂણા ભાવના છે.

બીજાના સુખ - ગુણો અને યશકિર્તિ જોઇ અને સાંભળીને સુખી થવું. અંતરમાં ક્યાંય ઈર્ષ્યાની ભાવનાને ઉઠવા ન દેવી તે પ્રમોદ ભાવના છે.

સાચો... સુખનો... આત્મકલ્યાણનો માર્ગ જણાવ્યા છતાં એ માર્ગનો સ્વીકાર ન કરનાર... હિતશિક્ષા ન સાંભળનાર કે એની અવગણના કરનાર પ્રત્યે પણ દ્વેષને ધારણ કર્યા વગર સ્થિરતા સમતા ધારણ કરવી તે માધ્યસ્થ ભાવના છે.

આપણે અહીં કરૂણા ભાવની વિચારણા કરવાની છે. કારણ કરૂણા અને અનુકંપા એક જ સિક્કાની બે બાજુ છે. કરૂણા વિના અનુકંપા ન જ સંભવે.

કોઇને ખાવા નથી... કોઇ પાસે વસ્ત્ર નથી... કોઇની પાસે ઘર નથી.. કોઇની પાસે દવા નથી... આવા દીન-દુઃખી જીવોને જોઇને એમના દુઃખોને દૂર કરવા માટેની ઈચ્છા તે કરૂણા છે. તો એમને દુઃખ મુક્ત કરવા કે સુખી કરવા પોતાનાથી બની શકે તે પ્રયત્ન કરવા... પોતાની સંપત્તિ એ કાર્યમાં લગાડવી તે અનુકંપા અને અનુકંપા દાન છે.

પરદુઃખ ભંજક મહારાજા વિક્રમ...

દુઃખીયાઓને દુઃખ મુક્ત કરવા - સુખી કરવા એ એમના જીવનનો મુદ્રાલેખ હતો. એ માટે ગમે તેવા દુઃખ ભોગવવા પડે તો તે

ભોગવવા સદૈવ તૈયાર હતા. દુઃખિયાઓના દુઃખ દૂર કરવા મહેલના સુખોને છોડી જંગલમાં ગયા.

માર્ગમાં એક નાનકડું સાપનું બચ્ચુ મળ્યું. વિક્રમ રાજાને જોતાં જ એણે પ્રાર્થના કરી ''તું મને બચાવ... મને દાહજ્વર થયો છે... સૂર્યનો તાપ સહન થતો નથી... મને તારા પેટમાં રાખ... મને ઠંડક મળશે... સાંજે સૂર્ય આથમશે એટલે હું બહાર નિકળી જઇશ.''

વિક્રમ રાજાએ પ્રાર્થના સ્વીકારી... મોઢું ખોલ્યું... સાપનું બચ્ચું અંદર પેસી ગયું... પણ હવે આ સાપનું બચ્ચું બહાર નિકળવાનું નામ જ લેતું નથી. રાજા જમે છે... ખાય છે... પીએ છે... પણ બધું જ અંદર બેઠેલો સાપ ખાઇ જાય છે. ધીમે ધીમે રાજાના હાથ-પગ સુકાવા લાગ્યા... પેટ વધવા લાગ્યું... ઘણી જ નબળાઇ સતાવવા લાગી... રાજા મૂર્ચ્છા ખાઇને નીચે પડવા લાગ્યો... પરંતુ છતાં અંતરમાં ક્યાંય આ સર્પને હેરાન કરીને પોતાની જાતને સુખી કરવાના ભાવ નથી. આપણને દુઃખ થાય તો સહન કરી લેવું જોઇએ... સમય આવે પ્રાણ આપી દેવા જોઇએ પણ બીજાને દુઃખ ન થાય એનું ધ્યાન રાખવું જોઇએ. **સહુના સુખમાં મારું સુખ સમાયેલું છે.** આ વાક્યને જીવન મંત્ર બનાવવો જોઇએ.

આવી બીજાના સુખની ભાવના છે એ માટે પોતાની પાસે જે હોય એને ત્યાગી દેવાની ભાવના હોય તે જ **અનુકંપા છે. અનુકંપા એ સમ્યક્ત્વનું લક્ષણ છે.**

મારા સુખનો જ વિચાર તે સ્વાર્થ છે... ફક્ત હું અને મારો પરિવાર એના સુખનો વિચાર તે પણ સ્વાર્થ છે... મારા ના મમત્વ ભાવમાંથી જે બહાર નિકળે તે જ બીજાના સુખનો વિચાર કરી શકે. તે જ સ્વાર્થ ત્યાગીને પરમાર્થ સાધી શકે. પરકલ્યાણની... પરના સુખની ભાવનાનો ઉદય એ જ ધર્મ તરફનું પ્રથમ પગલું છે... પ્રથમ સોપાન છે. અનાદિથી સ્વમાં અટવાયેલા આપણે 'સ્વ'ની સંકુચિતતામાંથી બહાર નિકળવાનું છે. હૃદયને વિશાળ બનાવવાનું છે. માનવ માત્રના સુખની મંગળ ભાવના ભાવવાની છે. જીવન ટૂંકું છે કાર્યો ઘણા કરવાના છે. શુભ કાર્યમાં વિલંબ કર્યા વગર સાધી લેવાનું છે.

આજે 'માનવ સેવા એ જ પ્રભુસેવા' જે કહેવાય છે તે જ અનુકંપા છે. અનુકંપા દાન એક મહત્વપૂર્ણ દાન છે. એની આજના કાળમાં આવશ્યક્તા છે. પરંતુ અનુકંપા દાન એ મર્યાદિત સમય માટેની રાહત છે... કાયમી સુખ નથી. અનુકંપા દાન એ દાનનો પ્રારંભ છે. જે આગળ ધર્મદાનમાં પરિણમે... જીવ ધર્મ દ્વારા પુણ્ય કમાવે અને પુણ્ય દ્વારા એને જે મળે તે એનું પોતાનું છે... વધારે સમય સુધી એને સુખ-શાંતિ આપશે... પરંતુ એ પણ કાયમી સુખનો

માર્ગ નથી. કાયમી સુખ તો આત્માના પરિચય દ્વારા... કર્મમુક્તિથી પ્રાપ્ત થાય છે. **શ્રેષ્ઠ તો કર્મમુક્તિનું સુખ છે... મધ્યમ સ્વ પુણ્ય દ્વારા પ્રાપ્ત થતું સુખ છે જ્યારે જઘન્ય બીજા પાસેથી મેળવેલું સુખ છે.**

પરંતુ જે સાધક છે એના અંતરમાં તો વિશ્વના સર્વ જીવોને સુખી કરવાના ભાવ અને પ્રયત્ન હોવા જ જોઇએ. એ વિના જીવ ધર્મ ન જ પામી શકે અને સમ્યગ્દર્શન પણ ન પામી શકે. એથી અનુકંપાનું મહત્વ સમજવાનું છે. તેથી જ જિનશાસનનો પ્રત્યેક પ્રસંગ જેમ સાતક્ષેત્રને આવરી લે છે તેવી જ રીતે જીવદયા અને અનુકંપાને પણ સ્થાન આપે જ છે.

ધરતિકંપ હોય કે ચક્રવાત હોય... દુષ્કાળ હોય કે રોગ ફાટી નિકળ્યો હોય, પ્રાણીમાત્ર ઉપર આવી પડેલા દુઃખમાંથી એમને ઉગારવાનો... તાત્કાલિક રાહત-સહાયતા આપવાનું કાર્ય થવું જ જોઇએ તે અનુકંપા છે.

છપ્પનિયા દુષ્કાળ વખતે કચ્છ-ગુજરાતમાં સર્જાયેલી વિકટ પરિસ્થિતિમાં દેવદૂત બનીને કચ્છ સુથરીના શેઠ શ્રી ખેતશી ખીંયશીએ જે અનુમોદનીય કાર્ય કર્યું એની ભુરી ભુરી પ્રશંસા કરવા જેવી છે. પોતાના વતન અને સાધર્મિકોનું ઋણ ચુકવવા કટિબદ્ધ શેઠે જાતે કચ્છમાં અનાજ-કપડાથી સહુની ભક્તિ કરી હતી. સુથરીમાં અન્નક્ષેત્ર ખોલ્યું... એ જ સમયે હાલારમાં છ મહિના ચાલે એટલા અનાજ અને કપડાનું વીતરણ કર્યું. હાલારના મહાજન ઠરાવમાં એમને ''જગડુશા'' કહ્યા છે. સુથરીમાં હોસ્પીટલનું મકાન બનાવી આપ્યું તથા પ્રતિવર્ષ રૂા. ૨૫૦૦૦ ખર્ચી દવાખાનું ચલાવતા.

આવા વિશ્વમાં ચાલતા અનુકંપાના કાર્યોમાં મારો પણ હાથ અને સાથ હોય એ જ મારા માનવભવની સફળતા છે.







૩૩

# પુસ્તક લખાવવા

''પ્રવચન'' એટલે જ સાધક જીવનને સફળ બનાવવાનો રાજમાર્ગ. ''પ્રવચન''નું જ અન્ય નામ ''આગમ'' છે.

આગમ એટલે શું ?

આપ્તજનોએ એટલે અરિહંતોએ કહેલા...

ગણધર ભગવંતોએ સુત્રરૂપે ગુંથેલા...

મહા કલ્યાણકારી મુનિઓએ જીવનમાં સ્વીકારેલા...

સૂત્રો અને સિદ્ધાંતોનો **સમૂહ/સંગ્રહ** અરિહંત શાસનમાં ''આગમ''નું આગવું મહત્વ છે. આગમનો સાર ''અષ્ટ પ્રવચન માતા'' છે જેમાં પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિનો સમાવેશ થાય છે. માતાના ખોળામાં જેમ બાળક નિર્ભય છે તેમ પ્રવચન માતાના ખોળે સાધુ પણ નિર્ભય છે... નિશ્ચિંત છે... સલામત છે.

સાધનાના પગથારે આગળ વધતા સાધકના મનમાં અનેક મુંઝવણો આવે એ સંભવિત છે... સાધના માર્ગમાં અનેક પ્રશ્નો ઉદ્દભવે એ પણ સંભવિત છે. આવા સર્વ શંકાઓ અને મુંઝવણોનો સચોટ ઉકેલ સાધકને 'પ્રવચન'માંથી પ્રાપ્ત થાય છે.

પ્રવચનનું અજ્ઞાન સાધક માટે બાધક બને છે.

પ્રવચન પ્રત્યેની અશ્રદ્ધા સાધકને ભવમાં ભટકાવનારી સાબિત થાય છે.

સાધક હૃદયમાં ક્યાંય પણ 'પ્રવચન'માં શંકા હોય કે એ બાબતનું અજ્ઞાન હોય તો એ દૂર કરવાની તાતી આવશ્યક્તા છે. એ માટે 'પ્રવચન'ના પ્રભાવને સમજાવનારા ચૌદ ચૌદ વિશેષણોની વિચારણા કરવી જોઇએ. આ વિચારણા જેટલી ઊંડી હશે... પ્રવચન પ્રત્યેની શ્રદ્ધા અને સન્માન-બહુમાન પણ એટલા જ ઊંચા હશે.

સાધક હૃદયમાં ''પ્રવચન'' પ્રત્યેના જાગેલા પ્રેમ - બહુમાનને હજી ઊંચા બનાવવા... સ્થિર કરવા પ્રવચનથી પ્રાપ્ત થતા લાભને જણાવવાનો અહીં સુંદર પ્રયાસ કરવામાં આવ્યો છે. સાધક પોતાની દૈનિક ક્રિયાઓ પણ અર્થની વિચારણા પૂર્વક કરે તો દિવસે-દિવસે એના જીવનમાં નવો પ્રકાશ પથરાયા વિના ન રહે.

પ્રવચન સાધકના પ્રાણ છે.

એ વિના સાધક નિષ્પ્રાણ છે.

એવા પ્રવચનની મહાનતાને જાણ્યા પછી આવો આજે આપણે આ પ્રવચનમાં કેવી

અજબ ગજબની તાકાત છે એને સમજવા આગળ વધીએ.

આ પ્રવચન ચિંતામણી રત્ન સમાન વાંછિતને આપનાર છે. સાધકની ઈચ્છા શું હોય ? એ પ્રવચનની આરાધના કરે તો એને શું મળે ? એ વાતનો સરસ ચિતાર સાધુના 'પગામ સજ્ઝાય'ની અંદર આપેલો છે.

'અત્ર સ્થિતા જીવા' જે નિર્ગ્રંથો પ્રવચનમાં રહેલા છે... એની આરાધનામાં લયલીન બનેલા તે શું મેળવે છે ? એ જણાવતાં કહે છે.

૧. सिद्धयन्ति – અણિમા વિગેરે લબ્ધિઓ રૂપ ફળની સિદ્ધિને પ્રાપ્ત કરે છે.

૨. बुध्यन्ति – બોધને પામે છે તેથી કેવળજ્ઞાન અને કેવળદર્શનને પ્રાપ્ત કરે છે.

૩. मुच्यन्ते – ભવોપગ્રાહી એવા અઘાતી કર્મોથી પણ મુક્ત થાય છે.

૪. परिनिर्वान्ति – સર્વ રીતે નિર્વાણ (શાન્તિને) પામે છે.

૫. सर्वदु:खानामन्तं कुर्वन्ति – શરીર અને મન સબંધી સર્વ દુઃખોનો વિનાશ કરે છે.

આપણા સહુનો કેવો અપૂર્વ પુણ્યોદય જાગ્યો છે ?

આપણે સહુ કેવા ભાગ્યશાળી છીએ ?

અપરંપાર જેનો મહિમા છે એવા પ્રવચનની આપણને પ્રાપ્તિ થઇ માછલીનું જીવન પાણી વિના સંભવી ન શકે.

સાધુનું જીવન પ્રવચન વિના સંભવી ન શકે.

ભવોભવમાં આપણને ઘણું ઘણું મળ્યું હશે પણ સર્વ સિદ્ધિ પ્રદાયક... સર્વ દુઃખોનો અંત કરનાર પ્રવચનની પ્રાપ્તિ નહીં જ થઇ હોય નહીં તો આપણું ભવભ્રમણ ક્યાંથી હોત ?

ના... ના... હવે મારે ભમવું નથી... ભટકવું નથી... હવે તો મારે આ પ્રવચનની બીનશરતી શરણાગતિ જ સ્વીકારવી છે.

પ્રવચનના આવા અણમોલ, મહિમાને સાંભળીને ક્યો સાધક એના તરફ ન આકર્ષાય. અર્થાત્ સાચો સાધક એ તરફ આકર્ષાય છે. અને એના મોઢામાંથી શબ્દો સરી પડે છે... तं धर्मं श्रद्द्धे...प्रत्येमि... रोचयामि... स्पृशामि... पालयामि... अनुपालयामि...।

પ્રવચન પ્રત્યેની હૃદયમાં પ્રગટેલી પરમ શ્રદ્ધાનાં અહિં દર્શન થાય છે.

નિર્ગ્રંથ પ્રવચનનું જે વર્ણન કરવામાં આવ્યું છે તે હું સ્વીકારું છું. તેના ઉપર શ્રદ્ધા કરું છું... વિશ્વાસ રાખું છું.

વળી એ પ્રવચનમાં હું વિશેષ શ્રદ્ધા... દૃઢ શ્રદ્ધા ધારણ કરું છું. એના ઉપર પ્રીતિ કરવા

રૂપે એનો સ્વીકાર કરે છે.

એવા પ્રવચનની શ્રદ્ધા કરવાથી સાધક અટકતો નથી પણ એની વધારે સેવા કરવાની ભાવના પૂર્વક સેવાની રૂચિ-અભિલાષા ધારણ કરે છે.

પ્રવચનની સેવા પછી આસેવના (પાલન) કરવા રૂપે સ્પર્શન કરવા સાધક આગળ વધે છે.

પ્રવચન ધર્મની સેવના... આસેવનાથી આગળ વધી એના પાલન દ્વારા દોષોથી વિરાધનાથી પોતાના આત્માની રક્ષા કરે છે.

ફરી ફરી રક્ષા કરે છે.

આવી રીતે જાગૃત બનેલો સાધક આગળ પોતાની સાધનાનો પરિચય આપતા કહે છે -

तं धर्म श्रद्दधान: प्रतीयन... रोचयन्... स्पृशन्... पालयन् अनुपालयन्... तस्य धर्मस्य केवलिप्रज्ञप्तस्य अभ्युत्थितोऽस्मि आराधनायां विरतोऽस्मि विराधनायाम् ।

એવી રીતે ધર્મની શ્રદ્ધા... પ્રતીતિ... રૂચિ... સ્પર્શના... પાલન અને અનુપાલન કરતો હું તે કેવલિ કથિત ધર્મની આરાધના કરવા ઉદ્યત થયો છું. અને વિરાધનામાંથી નિવૃત્ત થયો છું... અટક્યો છું.

આ આરાધના કેવી ? અને વિરાધના કેવી ? એની વાત પ્રવચન દ્વારા જ જાણી... વિચારી... શકીએ. આગમ ન હોત તો આપણું શું થાત ? કર્યો છે કોઇ દિવસ વિચાર !!!

* * * * * * * * *

આજે આપણને સહજતાથી મળી ગયેલા આગમ જ્ઞાનનું મહત્વ નથી પરંતુ જેમણે એનો મહિમા જાણ્યો છે એ ૧૪૪૪ ગ્રંથના રચયિતા જેવા મહાપુરુષોએ કહ્યું છે - ''हा ! हा ! अणाहा कहं हुंता ? जई न हुंतो जिणागमो ।''

**''હા ! હા ! જો આ જિનાગમ ન હોત તો અનાથ એવા અમારૂં શું થાત ?''**

શ્રુતજ્ઞાનથી જ જિન શાસન ચાલે છે. જ્યાં સુધી શ્રુત જ્ઞાન હશે ત્યાં સુધી જ જિનશાસન ટકશે. આવા શ્રુતજ્ઞાનને લખાવ્યા વગર ટકશે કેમ ? સમયે સમયે એની જે હાનિ થઇ એના પ્રમાણમાં શ્રુત લેખન થયું નથી... થતું પણ નથી... પણ થવું જોઇએ.

મોગલોના આક્રમણો દરમ્યાન મહિનાઓ સુધી હજારો ધર્મગ્રંથો બાળવામાં આવ્યા... અંગ્રેજો હજારો ધર્મગ્રંથો લુંટીને લઇ ગયા... ધરતિકંપાદિ કુદરતી આફતોમાં ઘણા જ્ઞાનભંડારો વિનાશ પામ્યા... ઉધઇ આદિ લાગવાથી અનેક ગ્રંથો આપણે ગુમાવ્યા છે. પરંતુ

જે છે એને સારી રીતે સાચવવાની અને લાંબા સમય સુધી ટકે એવું બનાવવા આપણે પ્રયત્ન કરવાનો છે.

* રાજા કુમારપાળે ૫૦૦ લહિયા બેસાડીને હજારો ધર્મગ્રંથો લખાવ્યા હતા.
* ૪૫ આગમની એક એક નકલ સોનાની શાહિથી લખાવી.
* જાવડશાહે ૩૬,૦૦૦ સોના મહોર ખર્ચી સોનેરી શ્યાહીથી ગ્રંથો લખાવ્યા.
* દેવર્ધિગણિ ક્ષમાશ્રમણાદિ પાંચસો સાધુઓએ એક કરોડ ગ્રંથો લખ્યા હતા.
* થરાદના આભૂ સંઘવીએ એક કરોડ સોના મહોર ખર્ચીને ૬,૩૯,૦૦૦ શ્લોક પ્રમાણ ગ્રંથોની રચના કરી પ્રતો બનાવી.
* વસ્તુપાલ મંત્રીએ સાત કરોડ દ્રવ્ય ખર્ચી જ્ઞાન ભંડાર બનાવ્યો. સર્વ આગમોની એક એક નકલ સોનાની શાહીથી લખાવી બાકીના પ્રતો તાડપત્રી પર, કાગળો પર લખી.
* આજે જેસલમેરના જ્ઞાન ભંડારમાં તાડપત્ર ઉપર રૂપેરી અક્ષરવાળા ૨૬૮૩ ગ્રંથો વિદ્યમાન છે જે આપણા પૂર્વજોએ લખાવ્યા છે.
* આજના કાળમાં પણ તાડપત્ર ઉપર જિનાગમો લખાવાય છે. સોનાની શાહીથી જિનાગમો લખાય છે.

## ધન્ય છે.... આગમ લખનાર

लेखयन्ति नरा धन्याः, ये जैनागमपुस्तकान् ।
ते सर्ववाङ्मयं ज्ञात्वा, सिद्धिं यान्ति न संशयः ।।

સંસારના ચોપડા ભવોભવમાં ઘણા લખ્યા. પરમાત્માના મુખમાંથી નિકળેલી પાંત્રીસ ગુણોથી યુક્ત - નય નિક્ષેપ સહિત જિન પ્રવચનને લખવાનું સદ્‌ભાગ્ય તો કોક વિરલ વ્યક્તિઓના જ લલાટે લખાયેલું હોય છે. જેને આવું સદ્‌ભાગ્ય સાંપડે છે તે ખરેખર ધન્ય - કૃતપુણ્ય પુરુષો છે. આવા પુરુષો જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી સકલ વાઙમય પારગામી બને છે. આગમોના રહસ્યોને પાર પામી સકલ સિદ્ધિને પામે છે.

આગમ એ જ તો જિન શાસનની સાચી મૂડી છે. આગમ ના આધારે જ જિનશાસન ચાલે છે. આગમ નથી તો જિનશાસન ટકવું સંભવિત નથી. જિનશાસનના સર્વ સુકૃતો... સાધનાઓ... લબ્ધિ અને સિદ્ધિનો આધાર જિનાગમ છે. જિનાલય છે તો એનો જીર્ણોદ્ધાર છે પરંતુ આગમ નથી તો ભવ્ય જીવોનો ઉદ્ધાર પણ નથી. આવા જિનાગમોને સર્વ પ્રકારે ટકાવવા... એમને સુરક્ષિત કરવા... એમનું સર્વ પ્રકારે રક્ષણ કરવું એ આપણા સહુની અતિ

મોટી જવાબદારી છે. એ માટે આગમ લખાવવા એ મહાપુણ્યનું કાર્ય છે. જે શાસનના અમુલ્ય ગ્રંથોને આપણા પૂર્વજોએ પચ્ચીસસો - પચ્ચીસસો વરસ પછી પણ રત્નની જેમ સાચવી રાખ્યા છે એ આગમ રત્નોને જાળવવા આપણે પણ સહાયક બનવાનું છે. વીરના આ જ્ઞાન વારસાને આગળ અઢાર હજારથી વધારે સમય સુધી સુરક્ષિત બને એમ કરવાનું છે. જે કાર્યના મહા ગુણોના સરવાળા કરવાની કોઇની શક્તિ તાકાત નથી એવું શાસન પ્રભાવના - શાનસ સ્થિરતા અને આગમના અજવાળાને આપણે યુગો યુગો સુધી ઝળહળતા રાખવાના છે.

**કરી શકે ના કોઈ એના ગુણોના સરવાળા,**

**યુગો સુધી ઝળહળતા રહેશે આગમના અજવાળા**

આગમના અજવાળા આપણા અંતરને અજવાળશે.. મોહ તિમિરને દૂર કરીને જ્ઞાનામૃતના પાનથી આત્માને તૃપ્ત કરશે.

न ते नरा दुर्गतिमाप्नुवन्ति, न मूकतां नैव जडस्वभावम् ।

नैवाऽन्धतां बुद्धिविहीनतां च, ले लेखयन्ति आगमपुस्तकानि ।।

પુસ્તકો લખવા - લખાવવા એ શ્રાવકનું એક વિશેષ કર્તવ્ય છે. આગમ પરમાત્માની વાણી છે. જિનવાણીનું લખાણ આત્મકલ્યાણને માટે થાય છે. પરંતુ અહીં આગમ લેખનથી જે જ્ઞાનાવરણીય કર્મનો અપૂર્વ ક્ષયોપશમ થાય છે એના પરિણામ જણાવ્યા છે. જે આગમ લખે એના માટેના ફળ જણાવતાં કહે છે -

## તે માનવી દુર્ગતિ ન પામે

દુર્ગતિ કોણ પામે ? જે જીવ અજ્ઞાની છે... જેની પાસે જિનાગમનું જ્ઞાન નથી... જે જીવ-અજીવાદિ નવતત્વને જાણતો નથી... જેને જિન વચન ઉપર શ્રદ્ધા નથી... જે હિંસામાં માનનારો છે અને ભોગ વિલાસમાં લીન છે તે જ દુર્ગતિ પામે. પરંતુ જે માનવ તત્વ - અતત્વને જાણે છે.. જિન વાણી - જિનાગમ સાંભળે છે... જેને જિનવચન ઉપર શ્રદ્ધા છે તે માનવી જ જિનાગમ લખે - લખાવે છે. તેના અંતરમાં જિનવચન પ્રત્યે અદ્‌ભૂત બહુમાન છે એની સદ્‌ગતિ નિશ્ચિત છે. તેથી તે જિનાગમ લખાવનાર ક્યારે પણ દુર્ગતિ પામતો નથી.

## મૂંગા પણું ન પામે

મૂંગાપણું... મૂકતા ક્યાંથી આવે ?

જ્ઞાન અને જ્ઞાનીની આશાતના અવહેલના કરવાથી... જ્ઞાનીઓની નિંદા કરવાથી... જિનાગમના અવર્ણવાદ બોલવાથી... ઉત્સૂત્ર પ્રરૂપણાદિ કરવાથી... જીવ મહા

જ્ઞાનાવરણીય કર્મ ઉપાર્જન કરીને ગુણમંજરીની જેમ મૂંગાપણું પામે છે. પરંતુ જે જિનાગમ લખાવે છે તે જિન વચનને શ્રદ્ધે છે... સ્વીકારે છે એનું બહુમાન કરે છે. સત્ય જિન વાણીનો પ્રચાર અને પ્રસાર કરે છે તેથી તે જ્ઞાનાવરણીય કર્મ બાંધતો નથી પરંતુ તોડે છે... નિર્જરે છે. તેથી જિનાગમ લખાવનાર ક્યારે પણ મૂંગા કે બહેરાપણું પામતા નથી.

## જડ સ્વભાવને પામતા નથી

જ્ઞાન એ તો આત્મનો મુખ્ય ગુણ છે. જ્ઞાન ગુણના અભાવમાં જડ સ્વભાવની પ્રાપ્તિ થાય છે. આગમ લખનાર લખાવનાર તો જ્ઞાનનો આરાધક છે. એમાં જ્ઞાન ગુણની વૃદ્ધિ થાય છે. તેથી જડ સ્વભાવને પામવાનો પ્રશ્ન જ ઉઠતો નથી. જ્ઞાન ગુણ ચૈતન્યનો દ્યોતક છે જડતાનો નહીં. જડ સ્વભાવ જીવનો નહીં અજીવનો છે. અજીવ જડ છે. જીવ તો જ્ઞાનાનંદિ ચૈતન્યમય છે. તેથી આગમ લખનાર-લખાવનાર જડ સ્વભાવને પામતો નથી.

## અંધતાને પામતા નથી

અંધતા એ ચક્ષુદર્શનાવરણીય કર્મના કારણે છે. જીવ જ્યારે મળેલા ચક્ષુરિન્દ્રિયનો દુરુપયોગ કરે છે ત્યારે ચક્ષુદર્શનાવરણીય કર્મ ઉપાર્જન કરે છે. પરંતુ આગમ લખવા અને એ માટે આગમ વાંચવા એ તો ચક્ષુરિન્દ્રિયનો સદુપયોગ છે. આગમ લખવા અને વાંચવામાં ચક્ષુરિન્દ્રિયની ધન્યતા અને સફળતા છે. તેથી ચક્ષુદર્શનાવરણીય કર્મનો ક્ષય અને ઉપશમ એટલે જ ક્ષયોપશમ થાય છે જેથી ચક્ષુ વધારે તેજ બને છે. એટલે અંધાપો આવવાની કોઇ શક્યતા હોતી નથી. તેથી આગમ લખનાર - લખાવનાર અંધતાને પામતા નથી.

## બુદ્ધિ રહિતતા અથવા મંદબુદ્ધિને પામતા નથી

આગમ લખવું - લખાવવું એ જ્ઞાનારાધના, જ્ઞાન બહુમાન અને જ્ઞાન ભક્તિનું કાર્ય છે. તેથી જ્ઞાનાવરણીય કર્મ ક્ષય થાય છે. તેથી બુદ્ધિની સૂક્ષ્મતા અને શુદ્ધિમાં વૃદ્ધિ થાય છે. તેથી વ્યક્તિ તીવ્ર બુદ્ધિવાળો, મેધાવી થાય છે. આગમના અનેક રહસ્યોને એ સમજી અને સમજાવી શકે. એટલે એના માટે મંદબુદ્ધિની કે બુદ્ધિ રહિતતાની કલ્પના કે સંભાવના જ અસ્થાને છે.

આવા અનેકાનેક લાભ આગમ લખાવનાર પોતાના જીવનમાં પ્રાપ્ત કરે છે. પોતાના આગામી ભવોને જ્ઞાન ભરપુર બનાવી પરંપરાએ સિદ્ધગતિને નિશ્ચિત કરે છે. મળી જાય આગમ લખાવવાની કોઇ તક તો શક્તિ પ્રમાણે ભક્તિ કરીને તકમાંથી તકદિર બનાવી લેજો.

लिखित्वाप्यागमशास्त्राणि, यो गुणीजनं प्रयच्छति ।

तन्मात्रा क्षरसंख्यानि, वर्षाणि त्रिदशो भवेत् ।।

જે પુણ્યાત્મા આગમ શાસ્ત્રોને લખીને ગુણીજનોને આપે છે તે પુણ્યાત્મા એમાં જેટલા અક્ષર છે એટલા અક્ષર પ્રમાણ વર્ષ દેવલોકમાં દેવ બને છે.

આજે પણ જિનશાસનમાં ઘણા અપ્રગટ ગ્રંથો પડ્યા છે. આપણું કર્તવ્ય છે આ ગ્રંથોને સાચવવા, સુરક્ષિત કરવા અપ્રગટ ગ્રંથોને પ્રગટ કરી વધુ ને વધુ જ્ઞાનનો પ્રસાર અને પ્રચાર કરવાનો છે. જિનવાણીને વિશ્વના જીવો સુધી પહોંચાડવાનું ભગીરથ કાર્ય કરી શ્રાવક જીવનને સફળ બનાવવાનું છે.







શ્રીમતિ વીરબાઈ કેશવજી નાયક
કચ્છ (કોઠારા)



# ભાગ-૫

परिगहमाणा[३४]ऽभिग्गह[३५],

इक्कारसड्ढपडिमफासणया[३६] ।

सव्वविरईमणोरह[३७],

एमाई सड्ढकिच्चाइं ।।७१।।

(૩૪) પરિગ્રહનું પ્રમાણ કરવું

(૩૫) અભિગ્રહ ધારણ કરવા

(૩૬) શ્રાવકની અગ્યાર પ્રતિમાઓને વહન કરવું.

(૩૭) સર્વ વિરતિ મનોરથ વિગેરે શ્રાવકના કર્તવ્ય જાણવા.

# ૩૪ પરિગ્રહ પ્રમાણ

કોઇને શનિનો ગ્રહ નડે છે... કોઇને મંગળનો ગ્રહ હેરાન કરે છે...

કોઇને રાહુ પીડે છે. તો કોઇને સૂર્ય સંતાપ પમાડે છે.

વિશ્વના જીવોને કોઇને કોઇ ગ્રહ હેરાન-પરેશાન કરે છે. પરંતુ અહીં આ નવે નવ ગ્રહને ટપી જાય એવા આ એક મહાગ્રહની વાત જણાવી છે.

ગૃહસ્થને સદ્ગૃહસ્થ ન બનવા દે...

શ્રાવકને વ્રતધારી ન બનવા દે...

સાધકને સાધના માર્ગે આગળ ન વધવા દે...

સાધુને પણ પતન તરફ ખેંચી જાય છે...

**આ ગ્રહ છે પરિગ્રહ !**

અનાદિ કાળથી સંસારમાં પરિભ્રમણ કરતાં જીવને પોતાના પુણ્ય અનુસાર ભોગ સામગ્રી મળે છે. પરંતુ આ જીવને ગમે તેટલું મળે સંતોષ આવતો નથી. જ્યાં સંતોષ નથી ત્યાં સંગ્રહ છે. આવતી કાલે નહીં મળે તો કામ આવશે. એમ વિચારી પરિગ્રહના ઢગલા ને ઢગલા જીવ ખડકી નાંખે છે. આ બધી વસ્તુઓ પર છે... આત્માની નથી એ વાત ભુલાઇ જાય છે. આ જ અજ્ઞાનના કારણે ભવોભવમાં ભટક્યો છું એનું આ જીવને ભાન રહેતું નથી. આત્માના ગુણોનું વિસ્મરણ ઘાતક બને છે. એ તો સામગ્રીને મેળવવામાં... ટકાવવામાં અને એના રક્ષણમાં જ માનવ ભવનો અમુલ્ય સમય વેડફી નાંખે છે.

જ્યાં પરિગ્રહ છે... ત્યાં મારાપણું છે.

જ્યાં મારાપણું છે... ત્યાં મમતા-આસક્તિ છે.

જ્યાં મમતા છે... ત્યાં મરણ છે... જન્મ છે સંસાર છે.

સમસ્ત સંસાર પરિભ્રમણનું મૂળ પરિગ્રહ છે.

હું આત્મા છું... હું એકલો છું... એકલો આવ્યો છું... એકલો જવાનો છું... આ પરિગ્રહના ઢગલામાંથી મારી સાથે કશું જ ચાલવાનું નથી... એ મારું નથી... હું આ બધાનો નથી... આવી એકત્વ અને અન્યત્વ ભાવના જ્યાં સુધી સ્થિર થતી નથી ત્યાં સુધી સંસારની રખડપટ્ટીનો અંત સંભવીત નથી.

જે છે એમાંથી ધીરે ધીરે મારાપણાનો ત્યાગ કરતો જા... પરિગ્રહનું પ્રમાણ કરતો જા...

કરેલા પ્રમાણમાં પણ આસક્તિ રાખીશ નહીં.

દ્રવ્ય પરિગ્રહની મર્યાદા થાય તો મમત્વ ઘટતું જાય છે એ માટે એનું પ્રમાણ કરવાની વાત કરી છે. પરિગ્રહ ઓછો તો મનની ચંચળતા પણ ઓછી. સાધના આરાધનામાં સ્થિરતા વધારવા પરિગ્રહને ઘટાડવો આવશ્યક છે.

દ્રવ્ય પરિગ્રહના નવ પ્રકાર કહ્યા છે – (૧) ક્ષેત્ર (૨) ઘર (૩) દુકાન (૪) વાડી (૫) કુપ્ય (૬) ધન (૭) ધાન્ય (૮) હિરણ્ય અને (૯) સુવર્ણ.

આ પરિગ્રહ જેટલો ઓછો એટલી સુખ શાંતિ વધારે. પરિગ્રહ જેટલો વધારે એટલી અશાંતિ – ક્લેશ – દુઃખ વધારે.

પ્રભુ મહાવીરના દસે – દસ શ્રાવક પુણ્યના ઉદયે ઉચ્ચ સામગ્રીને પામેલા હતા કરોડો સોનામહોરોને હજારો – લાખો ગમે ગોધન હતું પરંતુ એ પરિગ્રહમાં પણ સંતોષ અને પ્રમાણ હતું. એમની સરખામણીમાં તો આપણી પાસે કશું જ નથી. છતાં પણ એના પ્રત્યેનો મોહ છુટતો નથી... સંતોષ આવતો નથી... તેથી જ પરિગ્રહનું પ્રમાણ – મર્યાદા થતી નથી.

દ્રવ્ય પરિગ્રહ ભાવ પરિગ્રહને ખેંચી લાવે અને ભાવ પરિગ્રહ આપણી સુખ–શાંતિનું હરણ કરીને આપણને સંસાર સાગરમાં... ચાર ગતિમાં ભમાવે છે.

જ્ઞાનીઓ સાદ પાડીને આપણને સમજાવી રહ્યા છે. અજ્ઞાન ભરેલી બાળ ચેષ્ટાઓ છોડી મર્યાદામાં આવી સમતાની સાધના માટે પુરૂષાર્થ કરવા પ્રેરી રહ્યા છે. આવો જ્ઞાન–અજ્ઞાનને સમજીને આપણા જીવનને જ્ઞાનથી અજવાળી અપરિગ્રહી અને સંતોષી બનવા ઉદ્યમવંત બનીએ.

**સંસાર માંહે એક સાર, જાણી કંચન કામિની રે,**
**ન ગણી જપમાળા એક, નાથ નિરંજન નામની રે ;**
**ભાગ્યે મળીયા ભગવંત, અવસર પામી વ્રત આદરું રે,**
**ગયો નરકે મમ્મણ શેઠ, સાંભળી લોભથી ઓસરું રે.**

સંસારમાં સાર શું ?

આપણી સમક્ષ આ પ્રશ્ન આવે તો આપણો જવાબ શું હોય ?

કામ કે નામ ?

જ્યાં અજ્ઞાન છે ત્યાં સંસારનો સાર કંચન અને કામિની મનાય છે. પણ જ્યાં અજ્ઞાન દૂર થાય છે... જ્ઞાન આવે છે ત્યારે કંચન અને કામિનીનો મોહ દૂર થઇ જાય છે... ત્યાં તો પ્રભુ

નામની લગની લાગે છે.

અજ્ઞાન હોય ત્યારે કંચન-કામિનીમાંથી પ્રભુ નામ સ્મરણ માટે સમય જ મળતો નથી. જ્ઞાન આવે ત્યારે આ બધી બાલિશ ચેષ્ટાઓનો ત્યાગ થાય છે. ભાગ્યથી ભગવાન મળ્યા છે એમ માનીને જીવ વ્રત આદરવા માટે આગળ આવે છે.

લોભ એ સર્વ પાપનો બાપ છે એની એને જ્ઞાનથી સમજણ આવે છે. મમ્મણ શેઠની પાસે ઉત્કૃષ્ટ રત્નોનો ભંડાર હતો. જેવા રત્નો મગધાધિપતિ પાસે ન હતા એવા રત્નો મમ્મણ શેઠ પાસે હતા. પરંતુ લોભના કારણે મમ્મણશેઠનો જીવ નરકમાં ચાલ્યો ગયો. સંપત્તિને પામ્યા છતાં જો આપણી પાસે સંતોષ ન હોય તો આપણી સંપત્તિનો સદુપયોગ શક્ય ન બને અને સદ્‌ગતિની તકો વિરલ બની જાય છે.

લોભથી છૂટવું હોય... સંતોષને જો પામવું હોય...

તો એક જ માર્ગ છે પરિગ્રહનું પ્રમાણ કરીએ...

પુણ્યના ઉદયે મળેલી સમૃદ્ધિ અને સામગ્રીમાં પણ આસક્તિ અને મુર્ચ્છા ન રહે એની તકેદારી રાખવાની છે. પુણ્ય ઉદયથી મળેલી સામગ્રી તે દ્રવ્ય પરિગ્રહ છે... દ્રવ્ય પરિગ્રહની મમતા – મારા પણું તે ભાવ પરિગ્રહ છે.

દ્રવ્ય પરિગ્રહ કરતાં ભાવ પરિગ્રહ દુઃખદાયી છે. સંસારમાં ભમાડનાર ભાવ પરિગ્રહ છે. કદાચિત અવિરતિનો તીવ્ર ઉદય હોય તો દ્રવ્ય પરિગ્રહ છૂટે એમ બની શકે. પણ જીવનમાં સમજણ આવે. તો ભાવ પરિગ્રહ અવશ્ય છૂટી શકે છે. એ માટે જ્ઞાની ભગવંતોએ મૂર્ચ્છાને જ પરિગ્રહ કહ્યો છે.

**મુચ્છા વુત્તો પરિગ્ગહો।**

**મુર્ચ્છા એ જ પરિગ્રહ છે.**

યુગાદિદેવ આદિનાથ ભગવાનના સમયની વાત છે...

દેવાધિદેવ સમવસરણમાં બિરાજમાન હતા...

બાર પર્ષદાને મીઠી મધુર દેશના સંભળાવતા હતા... આજે પ્રભુ પરિગ્રહની વાત સમજાવી રહ્યા હતા... દેશના દરમ્યાન એમણે કહ્યું – ''જે વ્યક્તિ પરિગ્રહ રાખે અને અમર્યાદિત પાપો કરે એને મોક્ષની પ્રાપ્તિ ન થાય.''

પર્ષદામાં બેઠેલા એક ભોળા માણસને ભગવાનના વચનો ઉપર વિશ્વાસ ન બેઠો. વિચારવા લાગ્યો... ''આ તો ભગવાન એમ બતાવે છે પણ એમના દિકરા ભરતને જ કેટલો

પરિગ્રહ છે ? કેટલા યુદ્ધો કર્યા છે હજી પણ કરે છે એનું શું થશે ?''

રે માનવી ! કેવું વિચિત્ર છે તારું મન ? પોતાનું શું થશે ? એની એને ચિંતા નથી પણ બીજાની ચિંતા સતાવે છે.

અંતે પોતાના મનનું સમાધાન કરવા ભગવાનને જ પ્રશ્ન પૂછ્યો – ''ભગવાન ! આપ કહો છો તે સાચું પણ આપના દિકરા ભરતના પરિગ્રહનો પાર નથી... યુદ્ધો કેટલાય કર્યા... આ બધા પાપોથી એનો તો મોક્ષ ક્યારેય ન થઇ શકે ? એ મોક્ષમાં જશે ? જશે તો કેટલા ભવ સંસારમાં ભટકીને જશે ?

ભગવાન આદિનાથે કહ્યું – ''હે પુણ્યવંત ! ભરત તો આ ભવમાં જ મોક્ષમાં જશે.''

બિચારો ભોળો માણસ મુંઝાઇ ગયો... 'બીજા પાપ કરે તો મોક્ષમાં ન જાય અને ભગવાનનો દિકરો આટલા પાપો કરીને પરિગ્રહ રાખીને પણ આ જ ભવમાં મોક્ષે જશે.'' પોતે જ મનનું સમાધાન કર્યું – ''હા ! જેના પિતા ભગવાન હોય એ પોતાના દિકરાને જ મોક્ષમાં ન મોકલે તો કોને મોકલશે ?'' તે ચુપ થઇ ગયો.

ભરત મહારાજાને આ સમાચાર મળ્યા...

બીજા જ દિવસે આ ભાઇને પોતાની પાસે તેડાવ્યા...

ભરત મહારાજાએ આવેલા એ ભાઇને પૂછ્યું – ''શું ગઇ કાલે તેં મારા વિષે ભગવાનને પ્રશ્ન પૂછ્યો હતો ?''

ભાઇએ જવાબ આપતાં કહ્યું – ''હા મહારાજ''

ભરત મહારાજા – ''ભગવાને શું કહ્યું ?''

ભાઇ – ''ભગવાને કહ્યું કે આપ આ જ ભવમાં મોક્ષમાં જશો.''

ભરત મહારાજા – ''ભગવાનના જવાબથી તને સંતોષ થયો ?''

ભાઇ – ''સંતોષ તો ન થયો પણ મનને મનાવી લીધું કે જેના પિતા ભગવાન હોય તે પુત્રને મોક્ષમાં મોકલે જ ને... મને થોડો જ મોકલે ?''

ભરત મહારાજાએ સેવકોને બોલાવ્યા... બીજા વગાડનારાઓને બોલાવવાનો તથા એક થાળી – વાટકો – અને તેલનો ડબો લાવવાનો આદેશ આપ્યો.

થાળીમાં વાટકો રાખી તેલથી એ વાટકો છલોછલ ભર્યો અને પેલા ભાઇને કહ્યું – ''મિત્ર ! આજે મારા સેવકો તને આખી અયોધ્યા નગરી વાજતે – ગાજતે ફેરવશે – બતાવશે. સાંજ સુધીમાં અયોધ્યા નગરીમાં શું શું જોયું તે આવીને મને કહી બતાવવું પડશે. હા, અને

ધ્યાન રાખજે કે આ વાટકામાંથી એક ટીપું તેલ પણ નીચે પડવું ન જોઇએ. જો એક ટીપું પણ તેલ છલકાશે તો મારા સેવકો તારું મસ્તક ધડથી જૂદું કરી નાંખશે.

પેલાભાઇ તો ઘબરાઇ ગયા... ધીરે ધીરે સ્વસ્થતા પ્રાપ્ત કરી હાથમાં થાળી વાટકો લીધો... ધીરે ધીરે ચાલવા લાગ્યો... આ તો જાણે વરઘોડો નીકળ્યો... આગળ વાજા... પાછળ હાથમાં થાળી - વાટકો લઇને પેલાભાઇ ચાલે છે... બન્ને બાજુ ખુલ્લી તલવાર સાથે સેવકો ચાલે છે... રાજમહેલની આજુબાજુ ઉભેલા માણસો પણ એમાં સામેલ થયા... ઠંડીના દિવસો હોવા છતાં પેલા ભાઇ પાણી પાણી થઇ ગયા... આખો દિવસ અયોધ્યામાં ફરીને સાંજે ભરત મહારાજાના મહેલે બધા પાછા ફર્યા...

ભરત મહારાજાએ પૂછ્યું - ''મિત્ર, ચાલ હવે અયોધ્યામાં શું શું જોયું તેનું વર્ણન કર.''

પેલા ભાઇ કહે છે - ''પહેલા આ થાળી વાટકો મારી પાસેથી લેવડાવી લો પછી શાંતિથી વાત કરું.''

એના હાથમાંથી વાટકો લેવડાવી લેતાં એણે હાશકારો અનુભવ્યો.

પછી ભરત મહારાજાને કહ્યું - ''મહારાજ ! મારી સામે મોત ભમતું હતું... મેં તો અયોધ્યામાં કાંઇ જ જોયું નથી... વાટકામાંથી તેલ ઢોળાય તો હું મરી જાઉં તેથી મારી નજર તો તેલના વાટકા ઉપરથી હટી જ નથી.''

ભરત મહારાજે કહ્યું - ''હવે તો તને જ્ઞાન થયું ?''

ભાઇ કહે છે - ''ના...ના...મને તો કાંઇ જ સમજાયું નથી.''

''મિત્ર ! તને તો વાટકો હાથમાં હતો ત્યાં સુધી જ મોત દેખાતું હતું. પણ મને તો ક્ષણે ક્ષણે મરણ સામે દેખાય છે. જેમ મરણ સામે દેખાતું હતું તો તે અયોધ્યામાં ઘણું જ હોવા છતાં કાંઇ જ ન જોયું... તેમ મારી સામે જ મોત દેખાતું હોવાથી ઘણો જ પરિગ્રહ હોવા છતાં મારું મન ક્યાંય ચોંટતું નથી અટકતું નથી. એ તો સદા સર્વદા પ્રભુના ચરણોમાં જ લીન હોય છે. તેથી મૃત્યુ સમયે ચિત્ત પરમાત્મામાં લીન હોવાથી મોક્ષના દ્વાર ઉઘડી જ જવાના છે.''

ભાઇ કહે છે - ''હવે મને બધું જ સમજાયું છે. મારી અજ્ઞાનતા માટે મને ક્ષમા કરજો.''એમ કહી ક્ષમાપના માંગી સ્વસ્થાને ગયો.

દ્રવ્ય પરિગ્રહ અને ભાવ પરિગ્રહ એમ પરિગ્રહના બે પ્રકાર છે. દ્રવ્ય પરિગ્રહ એટલે રાજ્ય, મહેલ, સત્તા, સ્ત્રી, પરિવાર, સોનું, રૂપું, હિરા, મોતી, એવં વિવિધ ભોગ સામગ્રી. અને ભાવ પરિગ્રહ એટલે આપણી પાસે રહેલી અથવા ન રહેલી વસ્તુઓ - વ્યક્તિઓ

પ્રત્યેની આસક્તિ - મમતા અને મારાપણું. ઘણી વાર આપણી પાસે કાંઇ જ ન હોવા છતાં આપણે શેખચલીના વિચારોમાં અટવાયેલા રહીએ છીએ. એથી આસક્તિ-મુર્ચ્છા વધતાં જીવની કર્મ બંધનની પરંપરા વધતી જાય છે. બાહ્ય પરિગ્રહ વધારે હોય તો તેની સાર-સંભાળ આળપંપાળમાં સમય અને શક્તિનો વ્યય થઇ જાય છે.

પરંતુ કેવળ પુણ્યના ઉદયથી સત્તા, સંપત્તિ અને સામગ્રી મળે પરંતુ જો એમાં મોહ કે આસક્તિ ન હોય તો પૂર્વના પુણ્ય કર્મ ક્ષય થાય છે. પરંતુ નવા કોઇ કર્મ બંધન થતાં નથી. કર્મ બંધનમાં મૂળમાં સામગ્રી નથી પરંતુ સામગ્રી પ્રત્યેની મમતા - મૂર્ચ્છા અને આસક્તિ છે. એ જ ભાવ પરિગ્રહ છે. સત્તા પ્રત્યેની આસક્તિ કેવા યુદ્ધ કરાવે છે. કેવા માયા-કપટના રાજકારણ રમાડે છે ? સંપત્તિ પ્રત્યેની આસક્તિ હિંસા પણ કરાવે... અસત્ય પણ બોલાવે... ચોરી પણ કરાવે... આવા આવા ખેલ અનંતા ભવોમાં કરીને આવ્યા છીએ. ત્યાં આપણી પાસે ધર્મ ન હતો... જિનવાણીની સમજણ ન હતી...

પરંતુ આજે આપણા પુણ્ય જાગ્યા છે... ધર્મ અને કર્મની વાતો આપણને હવે સમજાય છે. ભવભવમાં ભેગું કરીને મુકી આવ્યા... ફરી એ જ ભેગું કરવાનું... ક્યાં સુધી ચાલશે આવી બાલિશ ચેષ્ટાઓ ?

**પરિગ્રહની મમતા કરીજી રે, ભવભવ મેલી રે આથ ;**
**જે જિહાનું તે તિહાં રહ્યુજી, કોઇ ન આવે સાથ રે જિનજી...**
**મુજ પાપીને તાર...**

ના... ના... હવે ભવભવની ભૂલોનું પુનરાવર્તન નથી કરવું...આ ભવ તો ભૂલોનો ભાગાકાર કરવા માટે મળ્યો છે... **દ્રવ્ય પરિગ્રહ પુણ્યને આધીન છે ભાવ પરિગ્રહ અજ્ઞાનતાને આધીન છે.** અજ્ઞાનતા ટળી જાય તો ભાવ પરિગ્રહ સ્વયંમેવ નાશ પામી જાય છે. સાચી દિશામાં જો સાચો પુરૂષાર્થ થાય તો ભાવ પરિગ્રહથી આપણે ધીરે ધીરે મુક્ત થતા જઇએ.

ભરત મહારાજાને આરીસા ભુવનમાં થયેલી કૈવલ્યની પ્રાપ્તિએ ભાવ પરિગ્રહ સ્વરૂપ આસક્તિ અને મમતામાંથી મુક્તિની નિશાની છે.

ચાલો ! પુરુષાર્થ કરીએ.. મમતા ત્યાગીએ.. સમતાને સાધીએ માનવભવને સફળ કરીએ.

૩૫

# અભિગ્રહ

**પરિગ્રહ સંસારમાં ભમાડે છે તો અભિગ્રહ સંસારને ભગાડે છે.**

અનાદિ કાળથી સંસારમાં પરિભ્રમણ કરતાં જીવ એમ જ માને છે કે જે મળે જેટલું મળે એને ભોગવી લેવા જેવું છે. મહાપુરુષોના અને આપણા જીવનમાં આજ મોટો તફાવત છે. મહાપુરુષો સહજતાથી જે મળે એને પણ ત્યાગીને નિયમ અને મર્યાદામાં જીવન જીવવામાં માને છે. જ્યારે આપણે વધુને વધુ મેળવવામાં અને વધુ ને વધુ ભોગવવામાં માનીએ છીએ. પાંચ ઈન્દ્રિયના ત્રેવીસ વિષયોને પામવા અને ભોગવવાની ઈચ્છામાં રાચતો જીવ વિચારોને વિચારોમાં ઘણા બધા કર્મો બાંધી લે છે. જેના અશુભ ફળો જીવને ભોગવવા પડે છે.

**અભિગ્રહ એટલે નિયમ - પચ્ચક્ખાણ - પ્રતિજ્ઞા.**

પાપથી ભરેલા સંસારમાં, પાપથી આંશિક પણ પોતાની જાતને બચાવવા, પાપમાર્ગે પ્રયાણ કરતા પોતાના આત્માને અટકાવવા શાસ્ત્રારોએ મહાપ્રભાવી પચ્ચક્ખાણ નામનું અનુષ્ઠાન બતાવ્યું છે.

નાનું એવું પણ પચ્ચક્ખાણ દુર્ગતિને દૂર કરે છે અને સદ્ગતિની પરંપરા દ્વારા સિદ્ધિની નજીક આપણને લઇ જાય છે.

પચ્ચક્ખાણ જીવનમાંથી પાપની બાદબાકી કરી આપણને શુદ્ધ અને પવિત્ર જીવનના સ્વામી બનાવે છે. દુર્ગતિ તરફ ઢસડાતા આપણા આત્માને અટકાવે છે. મહાપાપથી આપણું રક્ષણ કરે છે. અનંતવીર્ય કેવળજ્ઞાની પાસેથી પરસ્ત્રીના નિમિત્તથી પોતાનું મોત થશે એવું જાણીને મહાપાપથી અટકવા રાવણે એ કેવળી ભગવંત પાસે પચ્ચક્ખાણ કર્યું - ‘‘જ્યાં સુધી પરસ્ત્રી મને રજા ન આપે ત્યાં સુધી એને સ્પર્શ પણ કરીશ નહીં.’’ રાવણ રાજાએ પ્રાણાન્તે પણ આ પ્રતિજ્ઞાનું પાલન કર્યું. આ પ્રતિજ્ઞા પાલનથી જ રાવણ રાજા પાપથી બચી શકયા અને ઠેઠ તીર્થંકર પદ સુધી પહોંચી શકશે.

પચ્ચક્ખાણમાં આપણા મનોબળને વૃદ્ધિંગત કરવાની ગજબની શક્તિ છે. પચ્ચક્ખાણનું પાલન આપણા અંતરમાં રહેલી સહનશક્તિને જાગૃત કરે છે. સહનશીલતા વધતા જીવ ગમે તેવી કસોટીમાંથી પાર પામી જાય છે.

વંકચૂલ જેવો ચોર સામાન્ય ચાર પચ્ચક્ખાણના શ્રદ્ધા પૂર્વકના પાલનથી માનવભવને સફળ બનાવે છે. સર્વ પ્રકારની કસોટીમાંથી પાર ઉતરે છે વંકચૂલના જ કોક પુણ્યબળે પલ્લિમાં ચાતુર્માસ વીતાવવાની રજા લેવા આવનાર સાધુને વંકચૂલે શરતી રજા આપી હતી. વંકચૂલની

શરત હતી તમારે ક્યારેય ચોરી ન કરવાનો કે ધર્મનો ઉપદેશ ન આપવો. આવો પણ ચોર પચ્ચક્ખાણના પ્રભાવે શાસ્ત્રના પાને અમર બની ગયો.

નાના દેખાતા... સામાન્ય જણાતા આ પચ્ચક્ખાણનો કેવો અજોડ પ્રભાવ છે ! આવા પચ્ચક્ખાણોની સાધના આપણા જીવનમાં હોવી જ જોઇએ. જિનશાસનમાં પચ્ચક્ખાણનું આવું મહત્વ શા માટે ?

પ્રભુ મહાવીરસ્વામીની પ્રથમ દેશના નિષ્ફળ ગઇ એમ કહેવાય છે કારણ ? પ્રભુ વાણી સાંભળીને કોઇએ અભિગ્રહ ન લીધો એટલે.

ધર્મ સાંભળ્યાથી જ કલ્યાણ નથી થતું. સાંભળ્યા પછી પાપ-પુણ્યની સમજણ આવે, જીવ અને જડના ભેદ સમજાય, નિત્ય અનિત્યનું ભાન થાય. આ બધું સમજ્યા પછી પાપથી પાછા હટવું જોઇએ... પુણ્ય તરફ આગળ વધવું જોઇએ. જીવ સાથે મૈત્રી ભાવ વધવો જોઇએ... જડની આસક્તિ ઘટવી જોઇએ. નિત્યને પામવા અનિત્યનો ત્યાગ કરવો જોઇએ. જ્યારે તત્વના આ રહસ્યો સમજાય ત્યારે સ્વયંમેવ જીવનમાં પચ્ચક્ખાણનો પ્રેમ જાગે છે.

જો ઘણો પણ ધર્મ સાંભળ્યા પછી થોડો પણ ત્યાગ જીવનમાં ન આવે તો તે સાંભળેલો ધર્મ નિષ્ફળ બને છે. ત્યાગને જીવનમાં ટકાવી રાખવા જ તો પ્રભુએ અભિગ્રહનો માર્ગ બતાવ્યો છે.

આવું અભિગ્રહ પાલન કોણ કરી શકે ?

નરકના જીવો તો ન કરી શકે પણ દેવલોકના દેવો પણ ન કરી શકે.

તિર્યંચગતિના વિરલા જ આચરી શકે છે આ પચ્ચક્ખાણને ! હા, એક માત્ર માનવી માટે આ પચ્ચક્ખાણની સાધના સરળ છે, સહજ છે, અતિ મહાન ફળ આપનાર છે.

હે માનવી ! કેવી અનોખી શક્તિ મળી છે તને અભિગ્રહને સ્વીકારવાની ? જો જે, ક્યાંક મળેલી અદ્ભૂત તક ચૂકી ન જવાય. દેવો અને દેવેન્દ્રો આ અભિગ્રહની સાધના માટે જ તો આ માનવ ભવને ઝંખે છે. આપણને મળી ગયો છે માનવનો ભવ તો કરી લઇએ અભિગ્રહની સાધના.

નાનું એવું નવકારશીનું સ્વેચ્છા પૂર્વક કરેલું પચ્ચક્ખાણ સો વરસ સુધી નરકમાં ભોગવવા પડતા દુઃખોથી આત્માને મુક્ત કરે છે. એક સામાન્ય પોરસિનું સ્વેચ્છાએ કરેલું પચ્ચક્ખાણ હજાર વરસ સુધી નરકમાં ભોગવવા પડતા દુઃખોથી આત્માને મુક્ત કરે છે.

નાના પચ્ચક્ખાણમાં આવું અપૂર્વ બળ ક્યાંથી આવે છે ?

હે માનવી ! આત્મામાં અનંત વીર્ય છે. તું કાયર બનીશ નહિં. તારા વીર્યને ફોરવ... તારા માટે કશું જ અસાધ્ય કે અપ્રાપ્ય નથી. પચ્ચક્ખાણના પ્રભાવે નાના અને સામાન્ય દેખાતા

માનવીઓએ કેવી અદ્ભૂત મહાનતા પ્રાપ્ત કરી છે ? રખે તું રહી જતો.

પચ્ચક્ખાણના શરણે જે પણ ગયા છે એ સંસાર સાગરને તરી ગયા છે. આ ભવ તરવા માટે છે. ડૂબવા અને ડૂબાડવા માટે બીજા ઘણા ભવો છે. આ ભવ હરગીજ નહીં.

એક હતો ભિખારી... પ્રવરદેવ એનું નામ...

આખો દિવસ ભીખ માંગવાની... જ્યારે જે મળે તે ખાતા રહેવાનું... આ તો એનો નિત્યક્રમ. આખો દિવસ ખા ખા કરવાથી એના શરીરમાં કોઢ રોગ થયો. નગરના લોકો એનાથી દૂર ભાગવા લાગ્યા. કેટલાક નગરવાસીઓ એનો તિરસ્કાર કરવા લાગ્યા. નગરવાસીઓનો તિરસ્કાર પ્રવરદેવને અકળાવવા લાગ્યો. એ માટે કાંઇક માર્ગ કાઢવા વિચારી રહ્યો હતો ત્યાં એની મુલાકાત એક મુનિરાજ સાથે થઇ. પોતાના મનની વાત મુનિરાજને જણાવતાં એણે કહ્યું - ''મુનિરાજ ! આ કોઢરોગ મને કેમ થયો ? આ કોઢરોગને ટાળવાનો કોઇ ઉપાય બતાવો.''

મુનિરાજે કહ્યું - ''હે પ્રવર, **અવિરતિનું પાપ બધા રોગોનું ઘર છે.** જો તારે રોગમાંથી મુક્ત થવું હોય તો અવિરતિના પાપનો ત્યાગ કરીને તું અભિગ્રહના શરણનો સ્વીકાર કર. અભિગ્રહ એ જ સર્વ પાપથી અને દુઃખથી બચવાનો અમોઘ ઉપાય છે.''

મુનિની વાત પ્રવરના મગજમાં બરાબર વસી ગઇ. એને તો ગમે તે રીતે રોગ મુક્તિ જોઇતી હતી. પ્રવરદેવે પુરુષાર્થ આદર્યો અને ગુરુ ભગવંત પાસે અભિગ્રહ લેવા તૈયાર થયો. ગુરુભગવંતે અભિગ્રહનું મહત્વાદિ સમજાવી પ્રતિજ્ઞા આપી. ''મારે એક જ ધાન... એક જ વિગઇ... એક જ શાક અને અચિત્ત (ઉકાળેલું જ) પાણી વાપરવાનું બાકી બધાનો ત્યાગ.'' અપૂર્વ વીર્ય સ્ફુરાયમાન થયું હશે જેથી આવા અભિગ્રહની સાધનાનો ઉદય થયો.

અભિગ્રહની સાધના આગળ વધવા લાગી. પાપના અને સાથે દુઃખના વાદળો વિખરાવા લાગ્યા. પુણ્યોદય જાગ્યો. ગામના લોકોમાં ગૌરવની ભાવના જાગી. તિરસ્કાર દૂર થયો. બધા પ્રેમથી બોલાવવા લાગ્યા. સહુની સહાયતાથી નાનો ધંધો ચાલુ કર્યો... ભાગ્યે સાથ આપ્યો અને ભિખારી પ્રવરદેવ કરોડપતિ બની ગયો. અભિગ્રહનો પ્રભાવ જ અનેરો છે. સંપત્તિ વધી પણ સાથે સંતોષ વૃત્તિ પણ વધી. ભોગોમાં પણ ત્યાગ ચમકી રહ્યો છે. ભોગો હાજર હોવા છતાં મનમાં ક્યાંય તૃષ્ણા નથી. અભિગ્રહનું અખંડપણે પાલન ચાલુ છે.

ત્યાં દુષ્કાળ આવ્યો. અનાજ વિના માનવીઓ ટળવળવા લાગ્યા. આવા અવસરે પ્રવરદેવ એક લાખ મુનિઓને ભિક્ષા વહોરાવે છે અને એક લાખ સાધર્મિકોનો ઉદ્ધાર કરે છે. પુણ્યની લખલુટ કમાણી કરી પ્રવરદેવનો આત્મા સૌધર્મેન્દ્ર સામાનિક દેવ બન્યો.

ત્યાંથી આયુષ્ય પૂર્ણ કરી કમલપુર નગરના શુદ્ધ બોધ શેઠની વ્યોમાલા પત્નીની

કુક્ષીએ અવતર્યો. ત્યાં એક ચમત્કાર સર્જાયો.

કમલપુર નગરીના રાજા પાસે નિમિત્તીઆએ આવીને ભવિષ્ય ભાખ્યું - ''રાજન્ ! તમારા માટે કપરો કાળ આવી રહ્યો છે. રાજ્યમાં દુષ્કાળ પડશે... બાર - બાર વરસ સુધી પ્રજા અનાજ પાણી વિના ટળવળશે અને હજારો માણસો મરણને શરણ થશે.''

પણ નિમિત્તિયાની આ ભવિષ્યવાણી ખોટી ઠરી. આષાઢ મહિનામાં જ વરસાદ સારા પ્રમાણમાં વરસ્યો. રાજાને આશ્ચર્ય થયું. રાજાએ નિમિત્તિયાને બોલાવી કારણ પૂછ્યું એણે કહ્યું - ''રાજન્ ! શું થયું તે હું જાણતો નથી. પણ મારી ભવિષ્યવાણી ક્યારેય ખોટી પડે નહીં.''

ત્યાં કમલપુરમાં યુગમંધર નામે જ્ઞાની ગુરુ ભગવંત પધાર્યા. રાજા દર્શન વંદન કરવા ગયા અને પછી નિમિત્તિયાની ભવિષ્યવાણી વિષે પૂછ્યું, ત્યારે ગુરુ ભગવંતે કહ્યું - ''રાજન્ ગ્રહોની સ્થિતિ એવી જ છે કે બાર વરસ વરસાદ ન થાય પણ તારી નગરીમાં એક મહાપુણ્યવાન આત્માનો જન્મ થયો છે. એના પૂર્વભવના પ્રચંડ અભિગ્રહ પ્રભાવથી દુષ્કાળ સુકાળમાં ફેરવાઇ ગયો છે.''

જ્ઞાની ગુરુ ભગવંતે પ્રવરદેવના પૂર્વભવનો વૃતાંત કહ્યો તે સાંભળી અનેક જીવો અભિગ્રહના મહત્વને સમજ્યા. સહુએ નાના-મોટા અભિગ્રહ સ્વીકાર કરી માનવ ભવ સફળ કર્યો.

દેહનું દમન.. વાસનાનું વમન... કષાયોનું શમન આ બધામાં તપ અતિ સહાયક બને છે. પૂર્વ મહાત્માઓ તપની સાથે અતિ આશ્ચર્યકારી અભિગ્રહ લઇને પણ આત્માની વિશેષ શુદ્ધિ કરતાં.

ખેમર્ષિ મહાત્મા મહાન તપસ્વી હતા સાથે વિચિત્ર અભિગ્રહધારી પણ હતા. વિચિત્ર અભિગ્રહ પૂર્ણ થતાં સમય લાગતો છતાં એમની સ્થિરતા - મક્કમતા અપૂર્વ હતી. એમાના કેટલાક અભિગ્રહો વિચારવા જેવા હતા.

(૧) ધારાપતિ મુંજનો નાનો ભાઇ સિંધૂલ એની પાસે રહેતો રાવકૃષ્ણ જ્યારે સ્નાન કરીને આવ્યો હોય... વાળ છૂટા હોય... ઉદ્વિગ્ન મનવાળો હોય... એવી સ્થિતિમાં મને ૨૧ પુડલા વહોરાવે તો જ મારે ઉપવાસનું પારણું કરવું અન્યથા નહિં. ત્રણ મહિના અને આઠ દિવસના ઉપવાસ થયા.

(૨) સિંધુલનો હાથી મદમાં આવીને મને પાંચ લાડુ વહોરાવે ત્યારે જ મને પારણું કરવું. પાંચ મહિના અને અઢાર દિવસના ઉપવાસ થયા.

(૩) સાસુની સાથે ઝગડો કર્યો હોય એવી વિધવા બ્રાહ્મણી બે ગામની વચ્ચે ઉભી રહીને વેડમી વહોરાવે ત્યારે પારણું કરવું. ઘણા અઠવાડીયા પછી પારણું થયું.

આવા વિવિધ અભિગ્રહધારીઓ પણ વિશિષ્ટ તપના સ્વામી બને છે.

વૃત્તિ સંક્ષેપ તપ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ એમ ચાર પ્રકારે વિવિધ અભિગ્રહો ધારણ કરવાથી થાય છે.

**દ્રવ્યથી વૃત્તિ સંક્ષેપ તપ -** સંપૂર્ણ દિવસમાં ૫-૭ કે ૧૦ જ દ્રવ્ય વાપરીશ. જમવા બેસીશ તો દસથી વધારે દ્રવ્ય નહીં વાપરૂં, વગેરે પ્રકારે દ્રવ્યથી મર્યાદા કરવી તે દ્રવ્યથી વૃત્તિસંક્ષેપ તપ છે.

**ક્ષેત્રથી વૃત્તિસંક્ષેપ તપ -** પાંચ ઘરમાં કે સાત ઘરમાં જે શુદ્ધ આહાર મળશે એનાથી જ નિર્વાહ કરીશ આવી સાધુની મર્યાદા છે પોતાના ઘર સિવાયના અન્ય ઘરનું અન્ય ચુલાનો ત્યાગ, બહારના ખાદ્ય પદાર્થોનો ત્યાગ વિગેરે અભિગ્રહ શ્રાવક માટેની મર્યાદા છે. તે ક્ષેત્રથી વૃત્તિ સંક્ષેપ તપ છે.

**કાળથી વૃત્તિસંક્ષેપ તપ -** ચાતુર્માસમાં લીલોતરીનો ત્યાગ, મગ સિવાયના આખા કઠોળનો ત્યાગ, શિયાળા પછી તમામ પાલેભાજી અને ડ્રાયફ્રુટનો ત્યાગ, દિવસમાં એક જ વખત મધ્યાહ્ન સિવાય ગોચરી જવાનો ત્યાગ વિગેરે કાળથી વૃત્તિસંક્ષેપ તપ છે.

**ભાવથી વૃત્તિસંક્ષેપ તપ -** જે ઘરમાં ક્લેશ-કંકાસ થતો હોય એના આહાર-પાણીનો ત્યાગ, જેના આંખમાં હર્ષના આંસુ હોય એના હાથે જ આહાર લેવો વિગેરે ભાવથી વૃત્તિસંક્ષેપ તપના અભિગ્રહો છે.

દેવાધિદેવ મહાવીરસ્વામિએ લીધેલા ચારે પ્રકારના અભિગ્રહોનું પારણું પાંચ માસને પચ્ચીસ દિવસે ચંદનબાળાના હાથે થયું હતું. પ્રભુ મહાવીરસ્વામીએ ૧૩ બોલથી અભિગ્રહ લીધો હતો. આપણા જીવનમાં પણ આપણે આવા નાના-મોટા અભિગ્રહો સ્વીકારીને આહાર સંજ્ઞા પર વિજય મેળવવા પુરૂષાર્થ કરવો જોઇએ.

અભિગ્રહથી શું ન મળે ? અર્થાત્ બધું જ મળે. અભિગ્રહથી પુણ્ય મળે... અભિગ્રહથી દુઃખ ટળે... અભિગ્રહથી સુખ મળે... અભિગ્રહથી સંપત્તિ મળે... અભિગ્રહથી સામગ્રી મળે... અભિગ્રહથી સદ્બુદ્ધિ મળે... અભિગ્રહથી સદ્ગતિ મળે... અભિગ્રહથી શુદ્ધિ થાય... અભિગ્રહથી જીવન પવિત્ર બને... અભિગ્રહથી જ સર્વ સિદ્ધિ મળે.

આવા અભિગ્રહના સ્વીકારથી માનવ ભવ સફળ કરીએ. ભવસાગર તરી જઇએ. કલ્યાણની કેડી કંડારીએ.

## ૩૬

# પ્રતિમા વહન

મનુષ્ય ભવ... જિનશાસન...
પુણ્યના ઉદયથી મળી ગયા...
શ્રાવક જીવનના બાર વ્રતોનો સ્વીકાર પણ કરી લીધો...

સાધુપણાના ભાવ હજી મજબૂત નથી... સંયમ માટેનું સત્વ હજી પ્રગટ્યું નથી તો આવા શ્રાવકોએ આરાધનાને પૂર્ણ વિરામ આપવો ? બાર વ્રતોના પાલનમાં સંતોષ માની લેવાનો ? ના... ના... આવું નથી. બાર વ્રતોથી આગળ વધતા શ્રાવક અગિયાર પ્રતિમાઓને ભાવી... વહન કરી... પોતાના ભવિષ્યમાં સાધુતાના ગુણોને પ્રગટાવવા રૂપ સત્વને વિકસિત કરે છે. આનંદાદિ શ્રાવકોએ આ પ્રતિમાઓ વહન કરી હતી. આપણે શ્રાવકના કર્તવ્યરૂપ અગિયાર પ્રતિમાઓનો પરિચય કરીશું.

**''પ્રતિમા એટલે અભિગ્રહ''** અથવા **''પ્રતિમા એટલે મૂર્તિ''**

મૂર્તિ નિશ્ચલ હોય છે એ ક્યારેય ચલાયમાન ન થાય. એવી રીતે જે અભિગ્રહ પાલનમાં જીવ ચલાયમાન નથી થતો મૂર્તિની જેમ નિશ્ચલ - સ્થિર હોય છે તે **પ્રતિમા** કહેવાય છે. સામાન્ય અભિગ્રહોમાં અપવાદ માર્ગે છૂટછાટ હોય છે. પરંતુ આ પ્રતિમા પાલનમાં ક્યાંય કોઇ અપવાદ ન હોય. પ્રતિમાનું આરાધન શ્રાવક માટે પરંપરાએ મોક્ષનું સુખ આપનાર બને છે. આ અગિયાર પ્રતિમા આ પ્રમાણે છે -

दंसण[१] - वय[२] - सामाइय[३] - पोसह[४] - पडिमा[५] - अबंभ[६] - सच्चित्ते[७] ।
आरंभ[८] - पेस[९] - उद्दिट्ठ[१०] - वज्जए समणभूए[११] य ।।

પ્રતિમાઓના નામ જણાવે છે -

(૧) દર્શન પ્રતિમા (૨) વ્રત પ્રતિમા (૩) સામાયિક પ્રતિમા (૪) પૌષધ પ્રતિમા (૫) પ્રતિમા પ્રતિમા (૬) બ્રહ્મચર્ય પ્રતિમા (૭) સચિત્ત ત્યાગ પ્રતિમા (૮) આરંભ વર્જન પ્રતિમા (૯) પ્રેષણ વર્જન પ્રતિમા (૧૦) ઉદ્દિષ્ટ વર્જન પ્રતિમા અને (૧૧) શ્રમણભૂત પ્રતિમા.

હવે આપણે આ પ્રતિમાઓને સંક્ષેપથી જાણીશું.

**(૧) દર્શન પ્રતિમા -** દર્શન એટલે સમ્યગ્દર્શન કોઇ પણ આગાર એટલે છૂટછાટ વગર સમ્યગ્દર્શનનો સ્વીકાર કરે. સુદેવ-સુગુરુ-સુધર્મ આદરું અને કુદેવ - કુગુરુ - કુધર્મ

પરિહરું આવું તો સદા બોલતા આવ્યા છીએ એને કોઇ પણ અપવાદ વગર જીવનમાં ઉતારવાનો આ અવસર છે. આ પ્રતિમામાં સુદેવ-સુગુરુ-સુધર્મ સિવાય, વ્યવહારીક કાર્ય નિમિત્તે રાજા આદિને પણ નમસ્કાર ન કરે. શમ - સંવેગાદિ સમ્યક્ત્વના પાંચ લક્ષણો સુંદર રીતે વિકસાવે. શંકા - કાંક્ષાદિ કોઇ અતિચાર ન લગાડે. અપવાદ અને અતિચાર વિનાનું શુદ્ધ સમકિતએક મહિના માટે પચ્ચક્ખાણ સહિત સ્વીકારે તે પ્રથમ દર્શન પ્રતિમા છે. દેવાદિના ઉપસર્ગમાં પણ ચલાયમાન ન થાય એવી સત્વશાળી વ્યક્તિ જ આ અને આગળ જણાવેલી પ્રતિમા વહન કરી શકે.

**(૨) વ્રત પ્રતિમા** - વ્રત પ્રતિમામાં શ્રાવકના બારે બાર વ્રત સ્વીકારવાના હોય છે. તથા એ વ્રતોમાં ક્યાંય કોઇ છૂટ ન હોય. એમાં ક્યાંય અપવાદ માર્ગનું સેવન પણ ન થાય અને કોઇ વ્રતમાં અતિચાર પણ ન લાગવો જોઇએ. આવી રીતે પ્રથમ દર્શન પ્રતિમા સહિત વ્રત પ્રતિમાનું પાલન બે મહિના માટે કરવાનું હોય છે.

**(૩) સામાયિક પ્રતિમા** - સામાયિક પ્રતિમામાં કોઇ પણ અપવાદ અને અતિચાર વિના સવારના એક અને સાંજે એક એમ બે સામાયિક કરવાના હોય છે. પ્રથમ બે સમ્યક્ત્વ અને વ્રત પ્રતિમા સહિત આ સામાયિક પ્રતિમાનું પાલન ત્રણ મહિના સુધી કરવાનું છે.

**(૪) પૌષધ પ્રતિમા** - આઠમ, પક્ખી (પુનમ-અમાસ) વિગેરે તિથિઓમાં અપવાદ અને અતિચાર રહિત શુદ્ધ પૌષધવ્રતની આરાધના કરે. આ પૌષધ રાત-દિવસનો હોય છે. સંપૂર્ણ શુદ્ધ પૌષધ અને પ્રથમની ત્રણ પ્રતિમાઓ એનું પાલન અખંડપણે ચાર મહિના સુધી કરે.

**(૫) કાયોત્સર્ગ પ્રતિમા** - પ્રતિમાકલ્પ એટલે પ્રતિમાની વિધિ અને આચારને જાણનારો શ્રાવક પર્વતિથિએ પૌષધ કરે. રાતના ગામ બહાર સ્મશાનાદિ સ્થાને અથવા ખંડેર એવા ઘરોમાં રાતે કાયોત્સર્ગ ધ્યાને રહે. આવા સ્થાનોમાં નિર્ભય બનીને રહે. રાતે ભૂતાદિ વ્યંતરાદિનો ઉપસર્ગ થાય તો પણ કાયોત્સર્ગમાંથી ચલાયમાન ન થાય. સર્વ પ્રકારના ઉપસર્ગોને સમતા પૂર્વક સહન કરે. આમાં ક્યાંય અપવાદ કે અતિચારનું સેવન ન કરે. આવા કાયોત્સર્ગ પ્રતિમા સહિત પૂર્વની ચાર પ્રતિમાઓનું પાંચ મહિના માટે પાલન કરે તે કાયોત્સર્ગ પ્રતિમા છે.

**(૬) બ્રહ્મચર્ય પ્રતિમા** - વ્રત પ્રતિમામાં શ્રાવક દિવસે બ્રહ્મચર્યનું પચ્ચક્ખાણ કરે છે. પરંતુ ત્યાં રાત્રે અમુક નિયમથી અબ્રહ્મચર્ય હતું. (સ્વદારા સંતોષાદિ રૂપ) પરંતુ શ્રાવક જ્યારે

આ બ્રહ્મચર્ય પ્રતિમાને વહન કરે છે ત્યારે દિવસ-રાતના સંપૂર્ણ બ્રહ્મચર્ય વ્રત કોઇ પણ અપવાદ કે અતિચાર વિના સંપૂર્ણ શુદ્ધિ પૂર્વક પાળે છે. આવા શુદ્ધ - સંપૂર્ણ બ્રહ્મચર્ય સાથે ઉપરોક્ત પાંચ પ્રતિમા છ મહિના સુધી વહન કરે છે.

**(૭) સચિત્ત ત્યાગ પ્રતિમા -** વ્રત પ્રતિમામાં સચિત્તની મર્યાદા કરવામાં આવે છે જ્યારે આ પ્રતિમામાં સચિત્તનો સર્વથા ત્યાગ હોય છે. અન્ય પણ સાવદ્યાહારનો અહીં ત્યાગ કરવામાં આવે છે. અપવાદ - અતિચાર વિના પૂર્વોક્ત છ પ્રતિમા સાથે સચિત્ત - સાવદ્ય આહારનો સર્વથા ત્યાગ તે સચિત્ત ત્યાગ પ્રતિમા છે.

**(૮) આરંભકરણ ત્યાગ પ્રતિમા -** આરંભ એટલે જે કાર્ય કરતાં ઘણી હિંસા - જીવ વિરાધના થાય એવા કાર્ય. અહીં આરાધનામાં આગળ વધતો શ્રાવક પાપ ભીરુતાના કારણે આરંભથી પાછો વળે છે. છતાં આ પ્રતિમામાં આરંભ સ્વયં ન કરે પરંતુ એ કાર્ય બીજા પાસેથી કરાવવાની છૂટ છે, ત્યાં નિયમ નથી, જે કરતો નથી એને બીજા પાસેથી ન છૂટકે કરાવવું પડે તો પણ એના અંતરમાં વેદના છે. તેથી તેને અલ્પ દોષ લાગે છે. પરંતુ જો સ્વયં કરે તો નિર્ધ્વંસ પરિણામવાળો થાય છે. આ પ્રતિમા પણ ઉપરોક્ત સાત પ્રતિમાઓની સાથે આઠ મહિના સુધી અપવાદ-અતિચાર વિના વહન કરવાની છે.

**(૯) આરંભ કરાવણ ત્યાગ પ્રતિમા -** આઠમી પ્રતિમામાં ફક્ત આરંભ કરવાનો ત્યાગ હતો પરંતુ કરાવવાનો આગાર હતો. પરંતુ અહીં નવમી પ્રતિમા પ્રથમની આઠ પ્રતિમા સાથે નવ મહિના સુધી વહન કરવાની છે. અપવાદ - અતિચાર રહિત આરંભ કરવા તથા કરાવવાનો એમાં ત્યાગ હોય છે. આવા શ્રાવક ઘરના સર્વ કાર્યો માંથી મુક્ત થાય છે. ઘર - સંસારની જવાબદારી પુત્રને સોંપીને પોતે આરંભ કરવા અને કરાવવાનો ત્યાગ કરે છે.

**(૧૦) ઉદ્દિષ્ટ વર્જક પ્રતિમા -** ઉદ્દિષ્ટ એટલે ઉદ્દેશથી. સાધુને જેમ સાધુના નિમિત્તથી થયેલા આહારાદિ ન કલ્પે તેમ અહીં પણ આ પ્રતિમાધારીને એના ઉદ્દેશથી થયેલી કે પુત્રાદિએ કરેલી વસ્તુ કલ્પે નહીં. આ પ્રતિમાધારી શ્રાવક પણ સાધુની જેમ ઘર-ઘરથી આહારાદિ વહોરીને વાપરે. પરંતુ સ્વનિમિત્તનું કશું જ ઉપયોગમાં ન લે. મસ્તકે મુંડન કરાવે અથવા એક માત્ર શિખા રાખે. આ પ્રતિમા સાથે ઉપરોક્ત નવ પ્રતિમાઓને દસ મહિના સુધી વહન કરે.

**(૧૧) શ્રમણભૂત પ્રતિમા -** સાધુ જીવનનો જ સ્વીકાર કરાવતી આ પ્રતિમા છે. અહીં પ્રતિમા વહન કરનાર શ્રાવક સાધુ જેવું જ આચરણ કરે છે.

* મસ્તકે મુંડન કરાવે અથવા સાધુની જેમ લોચ કરે.
* રજોહરણ - પાત્રા વિગેરે રાખી સાધુની જેમ વિચરે.
* સાધુ સમાન ક્રિયા - અનુષ્ઠાન કરે.
* પાંચ સમિતિ ત્રણ ગુપ્તિનું સુંદર પાલન કરે.
* ગોચરી માટે સાધુની જેમ ઘેર ઘેર જાય અને ''प्रतिमाप्रतिपन्न श्रमणोपासकाय भिक्षां देहि'' એ પ્રમાણે કહીને ભિક્ષા માગે.
* કોઇ પૂછે તો એને પોતાનો પરિચય **પ્રતિમાપ્રતિપન્ન શ્રમણોપાસક** તરીકે આપે.
* એવી રીતે અગિયાર મહિના સુધી ગામ-નગર આદિમાં વિહાર કરતો વિચરે.
* વિહાર પણ માસકલ્પ અનુસાર કરે.
* સર્વ અગિયાર પ્રતિમાઓ અગિયાર મહિના સુધી વહન કરે.

એવી રીતે અગિયાર પ્રતિમાઓ ઉત્કૃષ્ટતાથી વહન કરતાં છાંસઠ મહિના થાય એટલે પાંચ વરસ અને છ મહિના થાય.

પ્રથમ પ્રતિમાને એક માસ, પહેલી-બીજીને બે માસ, આ જે કાળ કહ્યો છે તે ઉત્કૃષ્ટ જાણવો. જઘન્યથી તો દરેક પ્રતિમા અંતર્મુહૂર્ત પ્રમાણ જાણવી. તે મરણ નજીક હોય ત્યારે સમજવી.

શ્રાવક જેમ જેમ પ્રતિમા વહન કરે છે તેમ-તેમ એનો આત્મ-વિશ્વાસ વધતો જાય છે. મમત્વભાવે ઘટીને સહન કરવાની શક્તિમાં વૃદ્ધિ થાય છે. સમતાની વૃદ્ધિ કર્મ નિર્જરા કરાવે છે અને આવતા કર્મોને અટકાવી સંવર ભાવમાં સ્થિરતા અપાવે છે.

પ્રતિમા વહન કરતો શ્રાવક શ્રમણોપાસકમાંથી શ્રમણ બને છે... અથવા ફરી સંસારમાં શુદ્ધ દેશવિરતિ શ્રાવક તરીકે સ્થિર થાય છે. આ અગિયાર પ્રતિમાઓ શ્રાવકને મોક્ષસુખ આપનારી છે.

પ્રભુ મહાવીરના આનંદાદિ દસેદસ શ્રાવકોએ આત્મશુદ્ધિ માટે આ પ્રતિમાઓ વહન કરી હતી એ વાત ઉપાસક દશાંગમાં જણાવવામાં આવી છે. આપણે પણ યથાશક્તિ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવાનુસાર પ્રતિમા વહન કરીને સંવર અને નિર્જરાની સાધના કરવા યોગ્ય પુરૂષાર્થ આદરવા જેવો છે.

## ૩૭
# સર્વ વિરતી મનોરથ

દુર્લભ માનવ દેહ મળ્યો...

ઉત્તમ આર્ય ક્ષેત્રની પ્રાપ્તિ થઇ...

ઉત્કૃષ્ટ એવું શ્રાવક કુળ મળી ગયું...

શ્રાવક બનવાનું સૌભાગ્ય લાધ્યું...

હવે આવી ઉત્તોત્તમ સામગ્રી પામનાર શ્રાવકના મનોરથ કેવા હોય ? એવો પ્રશ્ન આવીને ઉભો રહે છે...

તમારા સહુના મનમાં શેના મનોરથ જાગ્યા છે ?

કરોડપતિ બનવાના ? અબજો રૂપિયા કમાવવાના ?

ભારતના વડાપ્રધાન બનવાના ?

ચુંટણી જીતવાના ? મીનીસ્ટર બનવાના ?

મહેલમાં રહેવાના ? ગાડીમાં ફરવાના ?

ધંધાને વિકસાવવાના ? માન-સન્માન મેળવવાના ?

આવા અનેક મનોરથ માનવ જીવન પામ્યા પછી ઘણા જીવો સેવતા હોય છે. પણ શ્રાવક કુળમાં જન્મ પામેલા નબીરાઓ પાસે આવા નબળા મનોરથની અપેક્ષા મહાપુરુષોએ નથી રાખી... એમના આભ ઉંચા અભરખા છે.

મનોરથ એટલે મનની ભૂમિમાં સવિશેષ સંસ્કારી બીજોનું વાવેતર. આ બીજને વાવ્યા પછી યોગ્ય માવજત કરવામાં આવે તો એ યોગ્ય કાળે ફળ આપ્યા વગર ન રહે. ખેડૂત ખેતરમાં યોગ્ય બીજનું વાવેતર કરે... એની યોગ્ય માવજત કરે તો યોગ્ય કાળે એનું યોગ્ય ફળ પામ્યા વિના ન રહે.

શ્રાવકની મનોભૂમિમાં કેવા મનોરથના બીજોનું વાવેતર સાચો શ્રાવક કરે એની સુંદર ઓળખાણ અહીં કરાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. આપણે આપણી પ્રથમ ભૂમિ શુદ્ધિ કરી પછી એમાં નીચે જણાવેલા મનોરથોનું વાવેતર કરીએ. મનને એ જ ભાવનાઓમાં રમતું રાખીએ. એની માવજત કરતા રહીએ તો આપણે ત્યાગ-વૈરાગ્યમાંથી આગળ વધતા પ્રથમ સંયમને પામીએ... પછી અપ્રમત્ત દશાને પામીએ... આગળ ક્ષપકશ્રેણી ઉપર આરૂઢ થઇ... ક્ષીણ મોહ કરી મોહવિજેતા બની કૈવલ્યના શિખરને સર કરવામાં સફળતા પામતા જઇએ. ક્યાં છે આવા અનોખા શ્રાવકના મનોરથ ? આવો જાણવા પ્રયત્ન કરીએ.

## ૧. સંયમ કબહી મિલે :

**કઈઆ સંવિગ્ગાણં, ગીઅત્થાણં ગુરુણ પય-મૂલે।**

**સયણાઈ સંગ રહિઓ, પવ્વજ્જં સંપવજ્જિસ્સં ? ॥**

હું સ્વજનાદિકનો સંગ મૂકીને ક્યારે ગીતાર્થ ગુરુના ચરણ કમલ પાસે પ્રવજ્યા કરીશ ?

## શ્રાવક એટલે ?

શ્રદ્ધાવાન... વિવેકવાન... તથા ક્રિયાવાન... આ થઇ શ્રાવક શબ્દની અર્થયાત્રા. પણ આવા શ્રાવકને શ્રદ્ધા અને વિવેકથી ક્રિયા કરતા કરતા પણ અંતરમાં એક જ ઝંખના હોય છે...

વીતરાગની વાણી સાંભળીને સંસારના બળતા એવા દાહક સ્વરૂપને જાણીને હવે પળવાર પણ ત્યાં રહેવા ઝંખતો નથી...

સંસારની વિટંબના... ઉપાધિ એના હૃદયમાં આકુળતા... વ્યાકુળતા નિર્માળ કરે છે... આ બધામાંથી નિવૃત્ત થવા એનું હૃદય તલસે છે...

પૂર્વ કર્મે જન્મ... ચિત્ર-વિચિત્ર કર્મોદયથી ઉભા થતા વિવિધ પ્રકારના અનૂકુળ - પ્રતિકુળ જીવન પ્રસંગો... એમાંથી ફરી બંધાતા શુભ-અશુભ કર્મો... અંતે હાથમાં આવેલા અણમોલ જીવનને હારીને મૃત્યુ મુખમાં જઇ ચઢતો જીવ... આવી જીવનયાત્રાથી એ કંટાળી જાય છે... ભવનિર્વેદ ઉત્પન્ન થવાથી આ બધામાંથી છુટવાની તાલાવેલી જાગે છે...

આ બધી બાબતોનો વિચાર કરતાં એની નજર સામે આવે છે એક જ વાત.

**સાધુ તો સુખીયો ભલો, નહિં દુઃખનો લવલેશ ;**

**સર્વ કર્મને જીતવા, પહેરો સાધુનો વેશ.**

સર્વ દુખોનો અંત લાવવા માટેનો એક જ રામબાણ ઉપાય છે - ''ગીતાર્થ ગુરુ ભગવંતના ચરણોમાં પ્રવજ્યાનો સ્વીકાર।''

ના, હવે એને પુત્રનો મોહ નથી... હવે એને પત્નીની પ્રીત સતાવતી નથી...

પૈસા ઉપરનું મમત્વ એને મુંઝાવતું નથી... સંસારની માયામાંથી એ પોતાની જાતને મુક્ત કરે છે...

એનું અંતર તો પુકારે છે -

**શીતળ નહિ છાયા રે, આ સંસારની, કૂડી છે માયા રે, આ સંસારની ;**

**કાચની કાયા રે, છેવટે છારની, સાચી એક માયા રે, જિન અણગારની...**

## ૨. સંયમ સાથે બાહ્યાભ્યંતર તપ સાધના :

**ભય ભેરવ નિક્કંપો, સુસાણમાઈસુ વિહિઅઉસ્સગ્ગો।**

**તવ તણુ અંગો કઈઆ, ઉત્તમ ચરિઅં ચરિસ્સામિ॥**

હું તપસ્યાથી દુર્બલ શરીરવાળો થઈને ક્યારે ભયથી અથવા ઘોર ઉપસર્ગથી ન ડરતાં સ્મશાન વગેરેને વિષે કાયોત્સર્ગ કરી ઉત્તમ પુરૂષોની કરણી કરીશ ?

અનાદિ કાળથી જીવ જ્યાં ગયો ત્યાં એણે શરીરને પોષવાનું જ કાર્ય કર્યું છે. સારું - સારું ખવડાવવું એની સાર સંભાળ કરવી. આવું તો આપણે ભવોભવથી કરતા જ આવ્યા છીએ. પણ શ્રાવક કુળમાં આવેલા જીવ ઉપર પરમાત્મ વાણીની અસર રગેરગમાં વ્યાપેલી હોય છે... એના જીવનમાં **તપસા નિર્જરાશ્ચ** આ સૂત્ર આચરણમાં આવેલું હોય છે. એને એક જ લગની લાગેલી હોય છે તપ કરીને કર્મ ખપાવી જલ્દી મોક્ષમાં પહોંચી જાઉં એ માટે એ બન્ને પ્રકારના તપમાં જોડાઇ જાય છે. એના જીવનમાં ભોગ નહીં ત્યાગની જ મહત્તા હોય છે. એના મનમાં... અંતરમાં એક જ અરમાન હોય છે - ''કાયાની માયા ભુલીને... તપ ત્યાગમાં એવો આગળ વધું કે તપથી મારી કાયા દુર્બળ બની જાય... હાડપિંજર જેવી બની જાય. અને સર્વ પ્રકારના ભય અને ઉપસર્ગથી કોઇ પ્રકારની અસ્વસ્થતા કે અસમાધિ પામ્યા વગર આ જીવ રણ-વનમાં કાયોત્સર્ગ ક્યારે કરશે ?'' પૂર્વ મહામુનિઓ.. મહાપુરુષો જે માર્ગે સંચર્યા છે એ માર્ગનો હું ક્યારે આરાધક બનીશ.'' આવા પ્રકારના જ સપનાઓ શ્રાવક સજાવતો હોય છે.

## ૩. સંયમમાં પણ ભવોભવ તુમ ચરણની સેવા :

**જિન ધર્મ વિનિર્મુક્તો, માભૂવં ચક્રવર્ત્યપિ।**

**સ્યાં ચટોપિ દરિદ્રોપિ, જિનધર્માધિમાસિતઃ॥**

જૈન ધર્મથી રહિત થઇ ચક્રવર્તી પણ હું ન થાઉં પણ જૈન ધર્મથી વાસિત દાસ કે દરિદ્રી થાઉં તો તે પણ મને સંમત છે.

પ્રભુ ! જ્યાં સુધી સિદ્ધગતિની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી મારે સંસારમાં પરિભ્રમણ કરવાનું છે.. ચાર ગતિઓમાં ભટકવાનું છે. પણ આ સંસારમાં જન્મ લેવો પડે તો હવે ભવોભવ મને તારું જ શરણ મળે. તમારો ભાખેલો જિનધર્મ મળે... ના... જિનધર્મ વિનાનું

રાજા... મહારાજા... કે ચક્રવર્તીનું પદ મારે નથી જોઇતું. જિનેશ્વર પરમાત્માના ધર્મ સહિતનો દાસ કે રંક બનવા પણ તૈયાર છું. પણ હવે ધર્મ સાથે જોડાયેલી પ્રીત અખંડ રહે એ જ અભિલાષા છે.

કદાચ દુર્ગતિના ઉદયે મારે ઉંદર કે બિલાડીના ભવમાં જવું પડે... ગાય કે બળદ બનવું પડે... કૂતરા કે કાગડાના ભવમાં જન્મ લેવો પડે તો પણ શ્રાવકના ઘરમાં જ સ્થાન મળે. કારણ ?

ત્યાં મને નવકાર મંત્ર સાંભળવા મળશે..

ત્યાં મને ભગવંતના દર્શનનો યોગ મળશે...

સુપાત્રદાનની અનુમોદના કરવાની તક મળશે...

પ્રતિક્રમણ... સામાયિકના સૂત્રો જાણવા મળશે...

ધાર્મિક ચર્ચા સાંભળવા દ્વારા તત્વ પામવાની સંભાવના ઉભી થશે...

તપ... જપ... સ્વાધ્યાયાદિની અનુમોદના અવસર પ્રાપ્ત થશે...

**''મિચ્છામિ દુક્કડં''** જેવા શબ્દો સાંભળી જાતિ સ્મરણાદિ જ્ઞાન થઇ શકશે...

મરણ સમયે નવકાર અને ચાર શરણા શક્ય બનશે...

એક શ્રાવક કુળની પ્રાપ્તિ ઘણી ઘણી પુણ્યવંતી ક્ષણો અને તકોથી જીવન ભરી દેશે... એટલે જ મારે હવે જ્યાં જિનેશ્વર ભાષિત ધર્મ હોય ત્યાં જ જન્મ મરણ કરવા છે... બધા પ્રકારની પ્રતિકુળતા હસતા મોઢે સહન કરવા તૈયાર છું બસ પ્રભુ ! મને આટલું જોઇએ છે-

**જ્યાં લગી જન્મ મરણ છે મારા, ત્યાં લગી દેજો સેવ રે...**

### ૪. સંયમનો સાર ભવ અંતની ઉપાસના

ત્યજન્ દુઃશીલ સંસર્ગ ગુરુપાદરજઃ સ્પૃશન્ ।
કદાહં યોગમભ્યસ્યન્ પ્રભવેયં ભવચ્છિદે ॥

દુઃશીલોની સોબતનો ત્યાગ કરી, ગુરુ મહારાજની પાદરજનો સ્પર્શ કરતો, યોગનો અભ્યાસ કરી આ ભવોનો નાશ કરવાને હું ક્યારે સમર્થ થઇશ ?

વિષય અને કષાયની ગલીઓમાં ખેંચી જઇને ભવભ્રમણ વધારનારાઓના સંગની ક્યારેય આ જીવને ખોટ નથી પડી. પણ બધા જ ભવોમાં આવા સંગની જ એને પ્રાપ્તિ થઇ છે અને આ જીવ એ જ વાટે સંચર્યો છે. તેથી જ હજી સંસારમાં ભટકી રહ્યો છે. પરંતુ જ્યારે સાચા

ધર્મની સાચી સમજણ જીવને મળે છે ત્યારે જીવને પોતાના સ્વયંના જીવન પદ્ધતિ પ્રત્યે નફરત જાગે છે. હવે સંસારના રંગરાગમાં ડૂબવાના નહીં પણ એમાંથી બહાર નિકળીને ભોગમાંથી યોગ તરફ વળવાના મનોરથ જાગે છે. ભોગ ક્યાં નથી ભોગવ્યા? ભોગની ભૂતાવળ નરકમાં પણ છે... દેવલોકમાં પણ છે... તિર્યંચગતિમાં પણ છે... અને અજ્ઞાન દશાથી ભરેલા માનવ ભવમાં પણ છે – હા! એક માત્ર જ્ઞાન દશા જાગે તો ભોગની ભૂતાવળ ભાગે.

શ્રાવક કુળમાં જન્મી સમ્યગ્ દર્શનને પામ્યા પછી જેમ જેમ સમ્યગ્ દર્શનની નિર્મળતા થાય છે. તેમ તેમ મનોરથોના આકાશમાં શ્રાવક ઉંચે ને ઉંચે ઉડવા માંડે છે. કુશીલના સંગમાંથી જાતને મુક્ત કરવા જાગૃત બને છે.. સદ્ગુરુની ચરણ રજ પામીને યોગ સાધના દ્વારા ભવ – અટવીના ભ્રમણને નાશ કરવા ઉદ્યમવંત બને છે... એ ભલે સંસારમાં હોય પણ એનું મન ગુરુચરણોમાં હોય છે. એ ભલે દેહથી સંસારમાં હોય પણ એનો આત્મા યોગસાધનામાં અવિરત આગળ ને આગળ વધતો હોય છે... સંયમના અપૂર્વ અવસરનું એ ચિંતન કરે છે.

## ૫. સંયમમાં રણે-વને કાયોત્સર્ગ ક્યારે ?

**મહાનિશાયાં પ્રકૃતે કાયોત્સર્ગે પુરાદ્બહિઃ।**
**સ્તંભવત્સ્કંધકર્ષણં વૃષાઃ કુર્યુઃ કદામયિ ॥**

મધ્યરાત્રીએ શહેરની બહાર કાયોત્સર્ગ મુદ્રાએ ધ્યાનમાં રહેલા મને સ્થંભની માફક સ્થિર રહેલાને સ્થંભ જાણીને બળદો પોતાના સ્કંધનું ક્યારે ઘર્ષણ કરશે ?

રાતના સંસારી જ્યારે નિદ્રાધીન બને છે સાધક ત્યારે ધ્યાનમાં લયલીન બને છે. ધીમે ધીમે ધ્યાનની સ્થિરતા વધતી જાય છે. શ્રાવક એવા ધ્યાનમાં પ્રવેશ કરીને આ ધ્યાન દશા આગળ ને આગળ વધારવા પ્રયાસ કરે છે પણ એના મનોરથ તો આકાશની જેમ ઉચ્ચને ઉચ્ચ લક્ષ્યને પામવાના હોય છે...

પ્રમાદ દશાને ટાળી નિદ્રા ઉપર વિજય મેળવી... સાધક બની સાધ્યને આંબવા પ્રયત્નશીલ બનતો શ્રાવક ભાવના ભાવે છે કે ‘‘ધ્યાનમાં એવી અદ્ભૂત સ્થિરતા પ્રાપ્ત થાય કે પશુ–પંખીઓને પણ એ સ્થિરતા – અડોલતાના કારણે મારો દેહ થાંભલાની જેમ ભાસવા માંડે... અડોલ શ્રાવકને જોઇ પશુઓને સ્થિર થાંભલાનો ભાસ થાય... અને તેથી બળદો ત્યાં નિશંકપણે પોતાના સ્કંધનું ઘર્ષણ કરે. આવી અપૂર્વ... અદ્ભૂત સ્થિરતાનો સ્વામિ ક્યારે બનીશ ?’’

વિષયોથી વિરામ પામી... કષાયોને મંદ કરી... પ્રથમ કાયાના આસનને સ્થિર કરે...

પછી વચનથી મૌનને ધારણ કરે... પછી પ્રથમ આત્માના ઉપયોગને શુભ ભાવનાથી ભાવીત કરી... ધીરે ધીરે શુભમાં સ્થિરતાં કરતાં શુદ્ધ પ્રવેશ કરે છે... આવી સ્થિતિને, ક્રમે કરી સાધક આજના કાળમાં પણ પ્રાપ્ત કરી શકે છે... ક્યારે મળશે આપણને આવી સિદ્ધિ ? જ્યારે રોમ-રોમમાં આ ઈચ્છા વ્યાપ્ત બની જશે ત્યારે !

## ૬. પદ્માસનમાં અડોલ આસન સિદ્ધિ :

**વને પદ્‌માસનાસીનં ક્રોડસ્થિતમૃગાર્ભકં ।**

**કદાઘ્રાસ્યંતિ વક્ત્રે માં જરંતો મૃગયૂથપા ॥**

વનની અંદર પદ્માસનમાં બેઠેલાં અને ખોળામાં મૃગનાં બચ્ચાઓ રહેલા મને મોઢા ઉપર વૃદ્ધ મૃગયૂથપતિઓ (અચેતન વસ્તુ જાણી) ક્યારે સુંઘશે ?

શ્રાવક જીવનમાં રહેવા છતાં મનના મનોરથની દુનિયામાં શ્રાવક કેટલો ઉંચો હોય છે ? એ સંસારમાં દેહથી રમતો હોય પણ મનમાં સંસારને નથી રમાડતો મનથી સંસારને હેય જ માને છે. ત્યાગવા યોગ્ય જ માને છે. સંસારને છોડી સંયમના સ્વપ્ન નિહાળતો શ્રાવક અલૌકિક વિશ્વમાં પ્રવેશ કરે છે... એના ભાવ કેવી અદ્‌ભૂત દશાને પામે છે ? કે એ વિચારે છે એ ધન્ય ઘડી... ધન્ય પળ મારા જીવનમાં ક્યારે આવશે જ્યારે હું રણ... વનમાં પદ્માસન લગાડી બેસી રહીશ. આસનમાં કાયા સ્થિર બની જશે... કાયાની માયા વિસરાઇ જશે... કેવી અનોખી હશે એ સ્થિરતા અને મનની નિર્મળતા ? બધા જ પ્રકારના જંગલી પશુ-પંખીઓ મારી પાસે શાંત બની જશે. એમની હિંસક પ્રવૃત્તિઓ અટકી જશે. એમને મારાથી કોઇ ભય નહીં લાગે. મારી આસપાસ તેઓ નિર્ભય બનીને વિહરશે. મૃગના હરણના બચ્ચાઓ મારા ખોળામાં આવી બેસી જશે... મારા હ્રદયમાંથી આ બધા જ જીવો પ્રત્યે વાત્સલ્ય અને કરૂણાનો ધોધ નિરંતર વહેતો રહેશે. ત્યાં રમતા બચ્ચાઓને જોઇને કોઇ જડ - અચેતન વસ્તુની કલ્પના કરીને વૃદ્ધ... અનુભવી હરણોના ટોળાના નાયક મૃગયૂથપતિ મારા મોઢાને સૂંઘશે ! જ્યારે આવી ધ્યાનની સ્થિરતા આવશે ત્યારે જ વિશ્વ વિસરાશે... આત્મ કલ્યાણનો માર્ગ મોકળો બનશે.

જે મહાપુણ્યશાળી માનવીના મનમાં આવા ઉચ્ચ મનોરથ હોય એનું જીવન સ્વયંમેવ ઉચ્ચ કોટિનું બની જાય છે. વિષય-કષાયથી વિરક્ત અને આત્મ રમણતામાં સવિશેષ પ્રવૃત્તિ થતી જાય છે. પરિગ્રહાદિની મમતા ઘટતી જાય છે. આત્મ વિશુદ્ધિ વધતી જાય છે.

જીવનને સુંદર બનાવવા સુંદર મનોરથ કરવા અત્યંત આવશ્યક બની જાય છે.

## ૭. સમભાવની અપૂર્વ સિદ્ધિ :

**શત્રૌ મિત્રે તૃણે સ્ત્રૈણે સ્વર્ણેશ્મનિ મણૌમૃદિ ।**
**મોક્ષે ભવે ભવિષ્યામિ નિર્વિશેષમતિ કદાઃ ॥**

શત્રુ અને મિત્ર ઉપર તૃણ અને સ્ત્રી સમુદાય ઉપર સુવર્ણ અને પત્થર ઉપર મણિ અને માટી ઉપર મોક્ષ અને સંસાર ઉપર સમભાવવાળો (રાગ-દ્વેષ વિનાનો) હું ક્યારે થઈશ ?

વિષય પ્રત્યેની નિવૃત્તિ જીવનમાં ઉદાસીનતા લાવે છે... જીવ મંદ કષાયી બને છે. રાગ-દ્વેષની પ્રવૃત્તિ મંદ પડવાથી જીવ સમતા ભાવને પામે છે... તેથી અનુકુળ વસ્તુ કે વાતાવરણ પ્રત્યે તીવ્ર રાગદશા નથી... પ્રતિકુળ વસ્તુ કે વાતાવરણ તરફ અરૂચિ કે તીવ્ર દ્વેષભાવ નથી. શ્રાવક આવી સ્થિતિને પામવાના સતત મનોરથ સેવે છે.

તે પુણ્યશાળી પળ મારા જીવનમાં ક્યારે આવશે જ્યારે એક આંખ સમક્ષ મારનાર હશે... શત્રુ હશે અને બીજી આંખ સમક્ષ તારનાર હશે... મિત્ર હશે... પણ મારા અંતરમાં મારનાર પ્રત્યે દ્વેષભાવ નહિં ઉઠે, તારનાર પ્રત્યે રાગભાવ નહીં ઉઠે. મારા અંતરમાંથી નિરંતર સમતાભાવ જ વરસતો હશે... તૃણ હોય કે સ્ત્રી હોય... સૂવર્ણ હોય કે પત્થર હોય... મણિ હોય કે માટી હોય... મોક્ષ હોય કે સંસાર હોય ક્યાંય આ જીવ મોહ નહીં પામે. ન ક્યાંય રાગ જાગે... ન ક્યાંય દ્વેષ જાગે. આવી અનુપમ દશાનો સ્વામિ હું ક્યારે બનીશ ? નિરંતર મારા હૃદયમાં આવા પ્રકારની જ વિચારધારા ચાલુ હશે. આ અપૂર્વ મનોરથને પામવા મારો આત્મા સતત પ્રયત્ન કરશે... પુરૂષાર્થ કરશે. આવા સ્થાનને પામેલા મહાપુરૂષોના જીવન આદર્શ રૂપે મારી નજર સમક્ષ હશે. પતનથી જાગૃત બનીને... સતત ઉત્થાનના પગથારે જીવ આગળ વધતાં મારા કાનોમાં એક જ મંત્ર ગુંજતો હશે... એક જ ધ્વનિ કર્ણપટલ ઉપર અથડાતો હશે... એક જ ભાવ આત્મામાં જાગૃત થશે... એ હશે સમતા રસ !

## ૮. મોક્ષ મહેલની નિસરણી

**અધિરોઢું ગુણશ્રેણિં નિશ્રેણી મુક્તિવેશ્મનઃ ।**
**પરાનંદલતા કંદાન કુર્યાદિતિ મનોરથાન ॥**

આ પ્રમાણે મોક્ષ ઉપર ચઢવા માટે શ્રેણિરૂપ નિસરણી સમાન તથા પરમ આનંદરૂપ લતાના કંદ સરખા મનોરથ શ્રાવકોએ કરવા.

સાત મજલાનો મહેલ હોય... ઉપર ચઢવું હોય તો નિસરણી જોઈએ જ તેવી જ રીતે

મોક્ષનો મહેલ આપણા તિર્ચ્છાલોકથી સાત રાજલોક ઉંચો છે એના ઉપર ચઢવા નિસરણી તો જોઈએ જ. આ નિસરણી એટલે જ ક્ષપક શ્રેણી. હૃદયના ઉચ્ચ ભાવોની નિસરણી જોઈએ. એના માટે પરમ આનંદ રૂપ લતાના કંદ સમાન એવા મનોરથ શ્રાવકોને કલ્યાણ કરનારા હોવાથી અવશ્ય કરવા જોઈએ.

આપણા હૃદયનું તટસ્થ ભાવે અવલોકન કરીશું તો આપણે ક્યાં છીએ ? આપણને ક્યાં પહોંચવું છે ? એનો સ્પષ્ટ ખ્યાલ આપણને આવી જશે. જેવી ઈચ્છા, આકાંક્ષા, અરમાન હશે એવો જ માર્ગ આપણને જડશે. ઉંચે ચઢવાના મનોરથ ઉચ્ચ માર્ગે લઈ જશે. હલકા મનોરથો આપણને નીચ માર્ગે લઈ જશે. જેમણે ઉંચે ચઢવાનો સંકલ્પ કર્યો છે તેઓ ઉચ્ચ માર્ગને પામી સાધના કરી ઉચ્ચ સ્થાનને પદને પામ્યા છે... પામે છે અને પામશે. આપણો માર્ગ આપણે નક્કી કરવાનો છે. માનવ ભવના સુંદર અવસરને પામીને... પરમ કલ્યાણકારી પરમાત્માના શાસનને પામીને જો આપણને હારવું નથી... ગુમાવવું નથી તો નીચું નિશાન... નીચું લક્ષ ક્યારેય નહીં હોય. શ્રાવક તો આરાધનાના અનંત આકાશમાં ઉચ્ચ લક્ષને નજરમાં રાખીને જ આગળ ને આગળ વધતો હોય છે.   રાત – દિવસ સંસારના પાંજરામાં... કેદમાં પુરાયેલો એનો આત્મા એક જ ઝંખના પૂર્ણ કરવા તલસે છે... એની ઝંખના હોય છે –

**સંસારના સંકટ થકી, છૂટીશ જિનવચન અવધારજી,**
**ધન ધન સમયસુંદર તે ઘડી, તો હું પામીશ ભવનો પારો જી... ધન.**

